**પી.પી. સવાણી ગ્રુપ**

"દીકરીઓના
વહાલ અને વેદનાના
પત્રો"

**મોવલીયા પરીવાર**



# લાડકડી


4th Floor, Mitul Square, B/h Rahul Raj Mall,
Vesu, Surat.- 395 007.
Mobile : 9909374550

groupofppsavani@gmail.com
mitulgroup9999@gmail.com
Buy online, www.ppsavanigroup.org

**For Home Delivery : Mobile : +91-95867 49999**



## કાનાણી કિરણ વિરજીભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૬/૧૯૮૭
પિતાની પુણ્યતિથિઃ- ૧૦/૦૯/૨૦૧૭

**મારા પપ્પા**

**જય રામાપીર સાથે જણાવવાનું કે**

મારે આજે પિતા વિશે તમને કંઈક જણાવવાનું છે તો હું વિચારું છું કે પપ્પા વિશે કોઈને કહેવાની જરૂર પડે ખરી જેમણે આંગળી પકડીને ચાલતાં શીખવ્યું તે સાથ છોડીને ચાલ્યા ગયા, આશાનો દીપક દિલમાં બુઝાવી ચાલ્યા ગયા મારા પપ્પાની મને યાદ ભુલાતી જ નથી મારા પપ્પા એકદમ શાંત સ્વભાવ ના અને ખુબ જ લાગણીશીલ હતા મારા પપ્પાને એના જીવનમાં કોઈ દિવસ બીમારી ન હતી અને બે દિવસનો તાવ પણ એમને ક્યારેય નોતો આવ્યો. ૮/૭/૨૦૧૭ નો દિવસ હતો તે દિવસથી મારા પપ્પા ને ક્યારેક ક્યારેક ચક્કર આવવા લાગ્યા એટલે મારા પપ્પા એ રીપોર્ટ કરાવ્યા એટલે મારા પપ્પા ને બી.પી. આવી ત્યારથી જ મારા પપ્પાની તબીયત સારી ન રહેતી, ૧૦/૦૯/૨૦૧૭ નો દિવસ હતો અને મારા પપ્પા ને જોરદાર ચક્કર આવ્યા અને ચક્કર આવતાની સાથે જ મારા પપ્પાના મગજ ની નસ ફાટી ગઈ અને મારા પપ્પા ૨ મહિના ની ટૂંકી માંદગીમાં અમારો સાથ છોડી ને ચાલ્યા ગયા,અમે નિરાધાર થઇ ગયા, એટલે કે મમ્મી તો છે પણ મમ્મી સીડી એથી પડી ગયા હોવાથી મારા મમ્મીના મણકા તુટી ગયા એટલે મારા મમ્મીના બંને પગ સાવ ખોટા થઇ ગયા તો મારા મમ્મી સાવ પથારી વશ છે,મારા મમ્મી તો ચાલતા ન હતા તેમાં પપ્પા પણ અમને સાવ એકલા છોડીને ચાલ્યા ગયા એટલે અમને દુઃખ લાગતું કે આપણી માથે આભ ફાટ્યું છે ,મારા પપ્પા ગયા એ વખતે સગાઈ તો કરતા ગયા હતા પણ હવે મારા લગ્નનું શું થશે તેની મને ચિંતા બહુજ રહેતી પણ મેં મારા કોઈ સબંધી પાસેથી સાંભળેલું કે મહેશપપ્પા ડર વર્ષે પિતા વિહોણી દીકરીઓના લગન કરાવે છે, એટલે મેં મારા મોટાભાઈ ને કહ્યું કે મારે પણ તેમાં ફોર્મ ભરવું છે,અને મારાભાઈ એ લાડકડી માં ફોર્મ ભર્યું અને મહેશપપ્પા એ મારું ફોર્મ સિલેક્ટ કર્યું અને જયારે મહેશપપ્પા એ મને દિકા કહીને બોલાવી એટલે મારી બધી જ ચિંતા ત્યાંજ છૂટી ગઈ અને મહેશપપ્પા ત્યારથી જ મને ખુબ જ પ્રેમ આપે છે, જેટલો



મારા સગા પપ્પા આપતા એટલો મહેશપપ્પા પણ આપતા મને કોઈ દિવસ મેસેજ કરવાનું નથી ભુલતા, રોજ સવારે ગુડ મોર્નિંગ અને રોજ સાંજે ગુડ નાઈટ નો મેસેજ કરે છે મહેશપપ્પા મને ખુબ જ લાગણી અને પ્રેમ આપે છે.

આજે મારા હાથ લખવાનું બંધ જ નથી થતા કેમકે આજે એક દીકરીને એના દિલની વાત કહેવાનો મોકો મળ્યો છે, તો હું મારા મહેશપપ્પા વિશે એટલું કહીશ કે “ધન્ય છે ધન્ય છે ધન્ય છે.”

મારા મહેશપપ્પા ના માતાપિતા કે જેમણે મહેશપપ્પા જેવા સત્પુરુષને સારા સત્કર્મો કરવાના સંસ્કાર આપ્યા અને સારા સંસ્કાર આપીને તેમનું સિંચન કર્યું છે, એવા માતા-પિતાને અને સવાણી પરિવારને કોટી-કોટી પ્રણામ ને કોટી-કોટી વંદન છે અને મને મહેશપપ્પા મળ્યા એનો મને ખુબ આનંદ છે.

મહેશપપ્પા તમારી દિકા તમારાં ચરણોમાં દિલથી તમને વંદનને પ્રણામ કરે છે,એ સ્વીકારજો અને મારા પત્ર લખવામાં કઈં ભૂલચૂક થઇ હોય તો તમારી વ્હાલી દિકા ને માફ કરજો. છેલ્લે એટલુ જ કહીશ કે “સંપત્તિ તો ઘણા પાસે હોઈ છે, પણ તેને બીજાની ખુશી માટે વાપરવી એવા દિલવાળા મહેશપપ્પા જેવા કોઈક વ્યક્તિ પાસે જ હોઈ છે.

જય રામાપીર મારા મહેશપપ્પાને ખુબ લાંબુ આયુષ્ય આપે, સારું આરોગ્ય આપે અને સુખી રાખે અને સત્કર્મો,સત્કાર્યો કરતા રહે એવી ઈશ્વર પાસે અભિ-અર્ચના સાથે વાત પૂરી કરું છું.

**લિ. તમારી વ્હાલી દિકા**
**કિરણ કાનાણી.**
**જય રામાપીર.**





# કાનાણી ગુલાબ વિરજીભાઈ

જન્મતારીખઃ- ૦૬/૦૧/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૧૦/૦૯/૨૦૧૭

**જય રામાપીર,**

મારા વ્હાલા પપ્પા દરેક દીકરી માટે એના પપ્પા ખુબ જ ખાસ હોય છે, આ દુનિયામાં એ જ્યારે પણ બોલે કે મારા પપ્પા છે, મારા પપ્પા આમ છે, ત્યારે એને અંદરથી જ સલામતી લાગે છે, પોતે પણ ખુબ ખુશ થાય છે, પપ્પા ગમે તેવા હોય દીકરી તેના વિશે પણ ખોટો શબ્દ સાંભળતી નથી. દીકરી ગમે તેટલી મોટી થય જાય પપ્પા માટે હંમેશાં નાની જ હોઈ છે, દીકરીને પપ્પા પાસે લાડ લડવાનું મન થાય છે, મારા પપ્પા ને હું સમજતી ત્યારથી જ મેં કોઈ દિવસ એમને બીમાર જોયા ન હતા અને પપ્પા ને અચાનક ચક્કર આવે માથું દુખે એવી બીમારી થવા લાગી, તેમાંથી મારા પપ્પાને ધીરે ધીરે બી.પી.ની અસર થઇ ગઈ, ૧૦/૯/૨૦૧૭ નો દિવસ હતો અને મારા પપ્પાને અચાનક જોરદાર ચક્કર આવવા લાગ્યા અને શ્વાસ ઘૂંટાવા લાગ્યો અને ૧૦ મિનિટની વારમાં મારા પપ્પાએ અમારો સાથ છોડી દીધો.

હું આજે એક વાત કહીશ દરેક પિતા માટે એની દીકરીએ "કાળજાનો કટકો" હોઈ છે, અને દીકરીનું કન્યાદાન કરીને વિદાય આપવી એ દરેક પિતાનું સ્વપ્ન હોય છે, પણ એક પિતાને કન્યાદાન કરતી વખતે દુઃખ પણ હોય છે, અને એક પિતા સિવાય બીજું કોઈન સમજી શકે આપણે તો વિચારી પણ ના શકીએ પણ મારા મહેશપપ્પા એ તો સાચું કરીને બતાવ્યું છે, સુખ અને દુઃખ સાથે રાખીને કેટલીયે દીકરીઓના કન્યાદાન કરીને વિદાય આપી પણ આપી છે, ક્યારેય હિંમત હારી નથી, આટલી બધી દીકરીઓનું કન્યાદાન કરીને વિદાય આપવી કોઈ સામાન્ય પિતાના હાથની વાત નથી, એના માટે ઈશ્વર નો આશીર્વાદ હોવો જોઈએ અને એ સત્પુરુષ જ કરી શકે અને એ મારા મહેશપપ્પાની સાથે તો ઈશ્વરના આશીર્વાદ છે, અને એ ઘણા બધા માણસોની દુઆ પણ છે, કે આટલી બધી દીકરીઓની વિદાય કરી શકે છે. એક પિતા માટે એની દીકરીના લગ્ન કરાવીને જવાબદારી પૂરી નથી થતી, પરંતુ એની દીકરી સાસરે સુખી તો છે ને એ બધી ચિંતા એક પિતાની હોય છે અને



મારા મહેશપપ્પા એ જવાબદારી ખુબ સારી રીતે નિભાવે છે,હું એક જ વાત કહીશ કે જેવી રીતે મારા લગ્ન ધામધૂમથી કરાવ્યા એવી જ રીતે મહેશપપ્પા જેમના માથે પિતાનો હાથ નથી એવી બધી દીકરીઓના દુઃખ દૂર કરીને એમના લગ્ન પણ ધામધુમ થી કરાવે એવી ભગવાનને પ્રાર્થના કરું છું.

મેં ક્યારે પણ વિચાર્યું અને ન હતું કે મારું સપનું સાચું પડશે, હું ખુબ ખુશ છું કે તમે મારા જીવનમાં આવીને પપ્પાનું સ્થાન પૂરું કર્યું, હવે શું લખું? લખતા-લખતા શબ્દો પણ ઓછા પડે છે, પપ્પા તમે મને ક્યારેય મેસેજ કરવાનું પણ ભુલતા નથી, તમારા મેસેજ થી સવાર શરૂ થાય છે અને રાત પૂરી થાય છે.

**લિ. તમારી લાડકડી દિકા**
**ગુલાબ.**





## સલાટ કાજલ કાંતિભાઈ

જન્મતારીખ:- ૦૯/૦૮/૧૯૯૮
પિતાની પુણ્યતિથિ:- ૨૭/૧૦/૨૦૦૧

**My Dear Mahesh papa,**
**I Love You So Much Papa.**

સૌ પ્રથમ તો જય રામાપીર મહેશ પપ્પા. મારા મનમાં પપ્પા વિશે જે પ્રેમ છે, જે લાગણી છે તે વ્યકત કરવા માટે કદાચ આ બુકના પાનાં પણ ઓછાં પડશે. છતાં હું મારી લાગણીને ટૂંકમાં વ્યકત કરવાની કોશિશ કરું છું.

દુનિયામાં ઘણા બધા સંબંધો જોવા મળે છે તેમાથી શ્રેષ્ઠ સંબંધ છે...

**"પિતા અને પુત્રી"**

મહેશ પપ્પા,

તમે અમારા ઉપર તમારો હાથ મૂક્યો એના થકી પહેલાં તો તમને અમારા સાદર પ્રણામ.

મારું નામ સલાટ કાજલ છે. મારા પપ્પાનું નામ સલાટ કાંતિભાઈ છે. મારી માતાનું નામ બેબીબેન સલાટ છે. અમારા કુટુંબમાં માત્ર ૩ જ સભ્ય છે, મારા કોઈ ભાઈ કે બહેન નથી. મારું કુટુંબ બહુ નાનું છે, ભગવાનથી હું બહુ જ નાખુશ હતી, કે ભગવાનથી અમારા આટલા નાના કુટુંબ ની ખુશી પણ જોઈ શકાઈ નહિ કે તેમણે મારા પિતા ને અમારા બંને થી અલગ કરી દીધા. મેં મારા પિતા ની છત્રછાયા આમ તો ૩ વર્ષ ની હતી ત્યારની જ ગુમાવી દીધી છે. પરંતુ અમે પિતાની છત્રછાયાનું સુખ ક્યારેય પામ્યા નથી. મારા પિતાનું શ્વાસની બીમારી ના કારણે મૃત્યુ થયું છે. પિતા વગર અમારું નાનું ઘર જાણે અંધકારમય બની ગયું હતું.આ સમય અમારા માટે બહુ જ કઠિન બની ગયો હતો. પાપા વિનાનું ઘર સાવ સુનુંસૂનું થઇ ગયું. મારા નાનકડા ઘરમાં હું અને મારા મમ્મી બે જ જણા,એટલે મમ્મી એ ઘરકામ કરીને મને મોટી કરી.મમ્મી એ ઘરકામ અને ખુબ જ તનતોડ મહેનત કરીને મને ધોરણ ૧૦ સુધી ભણાવી છે. ને આજે પણ હું ને મારી મમ્મી બહુ જ મહેનત કરી ને અમારા ઘર નું ગુજરાન ચલાવીએ છીએ,મારા મમ્મી બિચારા ખુબ જ મહેનત કરી ને મારા બધા જ શોખ

પૂરા કરે છે, હું પણ મારાં મમ્મી ને ઘણી જ મદદ કરું છું. કામમાં ને બીજી રીતે પણ.અમારું કુટુંબ કે સમાજ ક્યારેય અમને મદદ કરવા કે પુછવા પણ આવ્યા નથી. બસ મમ્મી ને હું અમે બંને એકબીજા ની ઢાલ બનીએ છીએ, હું જયારે પહેલા ના બધા વિચારો કરું તો મને મારા પપ્પા ની બહુ જ યાદ આવતી હતી, આંખ માંથી આંસુ નો જાણે દરિયો વહે એવું લાગતું હતું.

પણ લગ્ન એક મોટી જવાબદારી છે, મારા મમ્મી ને મારી બહુજ ચિંતા સતાવતી હતી કે અમે બહુ જ ગરીબ લોકો છીએ, અમે અંકલેશ્વર માં કોંઢ નામ ના ગામમાં ૧ સિંગલ ભાડાની રૂમ માં હજુ પણ રહીએ છીએ, પણ મારા પપ્પા નથી ને મને મારા ઘરની બધીજ ખરાબ પરિસ્થિતિ ખબર છે કે મારા મમ્મી બિચારા કઈ રીતે મને મોટી કરી છે, આવા વિચારો આવે તો મારી આંખો માંથી આંસુ વહેવા માંડે છે, મારો કોઈ સગો ભાઈ કે બહેન પણ નથી કે જેની જોડે હું મારા દિલ ની આ બધી વાતો સંભળાવી સકું, ને મારા મમ્મી ને પણ હું ટેન્શન આપી ની શકું, હું અંદરો-અંદર આ જ બળ્યા કરતી હતી.

જયારે મારી જીંદગીમાં મહેશપપ્પા નું આગમન થયું ત્યારે મારી આંખ માં આંસુ વહેવા લાગ્યા,ને હું ખરેખર આજે ભગવાન ને ખુબ જ સાચા દિલ થી યાદ કરું છું કે જેમણે મારા સગા પપ્પા ની કમી પુરી કરવા માટે મારા બીજા સગા મહેશપપ્પા ને મારી જીંદગી માં લાવી મારી જીંદગી માં નવા રંગો ઉમેરી દીધા છે.

Thanks a lot my dear Mahesh papa,
for coming in my life.

મને જયારે મારી પ્યારી નણંદની નણંદે એ એકવાર કીધું ને સલાહ આપી છે કે દુનિયામાં એક બહુ જ સારા person છે. જે ઘણી બધી બાપ વગરની દીકરીઓનો બોજ હાથમાં લ્યે છે અને ઘણી બધી દીકરીઓના લગ્ન ખુબ જ ધામધૂમથી કરીને એમને એક નવું વરદાન આપે છે, તો મહેશ પપ્પા દ્વારા તમે તમારા જીવન ની ઈચ્છાઓ પણ પુરી કરી શકો છો, આ વાત સાંભળી ને સાચે હું બહુજ ખુશ થઇ ગઈ ને મને લાગ્યું કે મારા જીવન માં મારા પપ્પા ખરેખર પાછા આવી ગયા. ભગવાન સ્વરૂપે મને મહેશ પપ્પા મળ્યા, હું આજે ભગવાન નો ઘણો આભાર માનું છું કે મહેશ પપ્પા ને તમે આ જગત માં જન્મ આપીને ઘણીબધી બાપ વગર ની દીકરીઓની મન ની ઈચ્છાઓ પૂરી કરી છે.

મારા પિતા ના મૃત્યુ પછી મને એમ જ હતું કે મને ક્યારેય "પાપા" શબ્દ બોલવા પણ નય મળે પણ જયારે પહેલીવાર મહેશપપ્પા  એ દિકા કરી ને બોલાવી ત્યારે બહું જ ખુશ થઈ ગઈ, ખરેખર ઘણી બધી દીકરીઓ એવી હશે કે જેને પપ્પાનું સુખ નથી મળ્યું, પણ હું નસીબદાર છું કે મને પિયર માં ૨-૨ પપ્પા નું સુખ મળ્યું છે.

"કહેવાય છે કે પપ્પા એ પ્રેમનો દરિયો છે, પપ્પા તમારા સામે તો



આ વિશાલ દરિયો પણ નાનો લાગે છે”

I Love you so much.

I Miss you so much my dear Mahesh papa.

ભગવાન કરતાં મા-બાપ મોટા હોઈ છે. કારણ કે ભગવાન સુખ અને દુ:ખ બંને આપે છે, પણ મહેશ પપ્પા તો ફક્ત સુખ જ આપે છે.

હવે મને મારી જીંદગી જીવવા જેવી લાગે છે, આજથી માયુસીવાળી જીંદગી છોડી બસ હંમેશા ખુશ રહેવાનું અને ત્યારથી જ મારી અને મમ્મીની ચિંતાઓ અને દુખ બધું જ ગાયબ થવા લાગ્યું.

આનાથી વધારે કોઈ શબ્દો નથી મારી પાસે હું માનું છું કે આવતા જન્મમાં મહેશપપ્પા મારા પપ્પા બને, આ જન્મમાં તો હું એમનું ઋણ ચૂકવી ન શકું, આજે હું  એટલી બધી નસીબદાર છું કે મહેશપપ્પા તમે મને ભગવાન સ્વરૂપે મળ્યા, ભગવાન તમને લાંબું આયુષ્ય અને સરસ તંદુરસ્ત જીવન આપે,આ જીવન તમે આવા સત્કર્મ કરતા રહો, ભગવાન ના ચરણ માં કોટિકોટી વંદન,પ્રણામ પપ્પા અમે આ ઋણ ક્યારેય અદા નહિ કરી શકીએ ,હું મહેશપપ્પા નો જીવનભર નો આભાર માનીશ.

I love my dada & dadi ,  
I love my Mahesh papa & mom very much.  
I love my mitul bro  
Once again thank you so much  
my sweet,lovely,helpful my dear Mahesh papa

**Thanks, Your loving dika,**  
**Salat kajal.**



## કથીરિયા હિરલ જયંતીભાઈ

જન્મતારીખઃ- ૨૧/૧૧/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૧૧/૨૦૦૪



Dear papa,

જય રામાપીર

હું જ્યારે ૧૫ વર્ષની હતી ત્યારે મારા પપ્પા ૭/૧૧/૨૦૧૪ ના રોજ અવસાન પામ્યા હતા. અમે ૩ ભાઈ-બહેન હું મોટી  અને મારાથી નાના બે ભાઈ છે. પિતાના અવસાન વખતે મારી અને મારા ભાઈઓની ઉમર પિતાની લાગણી, પિતાનો પ્રેમ , પિતાનો સ્નેહ અનુભવવાની હતી. પરંતુ ભગવાન એમ નહિ ઈચ્છાતા હોય કે અમને પિતાનો પ્રેમ મળે.

મારા પપ્પાના અવસાન પછી હું મારા મમ્મી જોડે ગામડે જતી રહી હતી અને ત્યાં હું ૧૦ ધોરણ સુધી ભણી અને પછી સુરત આવ્યા અને ભાઈને ભણાવવા માટે મેં ભણવાનું મુકી દીધું અને હું job કરવા લાગી માંડ માંડ ઘર ચાલતું મારું. ક્યારેક ક્યારેક મને મારા પપ્પાની કમી બહુ જ મહેસૂસ થતી ત્યારે હું એકલી મમ્મીને ખબર ન પડે એવી રીતે ખુબ જ રડતી કે ભગવાન મારા સાથે આવું કેમ કર્યું પછી મારા લગ્નની વાત આવી ત્યારે મારા ફઈ સીમાબેન હીરપરા તેમના લગ્ન "દીકરી દિલનો દીવો" એમાં થયેલા હતા એટલે તેને મને કહ્યું કે મહેશપપ્પા લગ્ન કરાવે છે. ત્યાર પછી હુ મહેશપપ્પા ને મળી. અને પહેલીવાર પપ્પા સાથેની મિટીંગમાં ખુબ જ મજા આવી ત્યારે મને એમ થયું કે મને ભગવાને એક પાપાની કમી પૂરી કરી દીધી . પાપા સાથે વાત કરવાની, મસ્તી કરવાની ખુબ જ મજા આવે છે મને અને Thank you So Much papa તમારી દિકરી બનાવવા.

મને લાગે છે કે આનાથી આગળ હું મારી લાગણી વ્યક્ત નહિ કરી શકું કેમ કે મારા પાપા દુનિયાના બેસ્ટ પપ્પા છે જેના ઉલ્લેખ કાગળ કે પેનથી નહિ થાય. એ તો મારું દિલ જ જાને પપ્પા વિશેનો પ્રેમ.

**" માં ઘરનું ગૌરવ તો, પિતા ઘરનું અસ્તિત્વ હોય છે ,**
**માં પાસે અશ્રુની ધારા તો, પિતા પાસે સંયમ હોય છે.**



બે સમયની ભોજન માં બનાવે અને જીવનભરના ભોજનની વ્યવસ્થા પિતા કરે.

" છેલ્લે બસ એટલું જ કહીશ કે " બંગડી અને ઝાંઝરનો રણકાર એના ઘરમાં જ ગુંજે જેના નસીબમાં દીકરી હોય" અને પપ્પા તમે ભાગ્યશાળી છો કે આટલી બધી દિકરીઓના બંગડી અને ઝાંઝરનો રણકાર તમારા ભાગ્યમાં છે. દરેક દીકરીને તમારા જેવા પપ્પા મળે.

Thank You Papa..
I Love You Papa

કિસીને પૂછા વો કૌન સિ જગહ હૈ, જહાં હર કર્મ ઔર હર ગુનાહ માફ હોતે હૈ" મેને મુસ્કુરાતે હુયે કહા મેરે પાપા કા દિલ".

**લિ.**
**તમારી લાડકડી દિકા**
**હિરલ કથીરિયા.**



## ક્રિષ્ના છગનભાઈ કોશિયા

જન્મતારીખઃ- ૨૩/૧૧/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ૧૦/૦૪/૨૦૦૭



**મારા વ્હાલા પપ્પા ,**
**જય રામાપીર ,**

તમારી વ્હાલી dika krishna તમને આ ખાસ letter લખું છું .દરેક દીકરીને તેમના પપ્પા પ્રત્યે ખુબ માન અને ગર્વ હોય છે . મને પણ મારા પપ્પા માટે ખુબ જ માં અને ગર્વ હતો કે “નહિ, મારા પપ્પા છે ને ?” પછી કોઈ ચિંતા નથી .

મારા પપ્પાએ અમને ખુબ જ લાડકોડ અને પ્રેમથી રાખ્યા હતા. અમે તેમની રાજકુમારી છીએ. અમને તેઓ રાજકુમારી કહીને જ બોલાવતા. ક્રિષ્ના કહીને કોઈ દિવસ બોલાવી જ નથી.તેઓ હંમેશા કહેતા કે તમે મારી રાજકુમારી છો. મારે કોઈ દિવસ મારા પપ્પાને કહેવાની જરૂર નથી પડી કે મારે શું problem છે. મારી આંખોમાં જોઈને પપ્પાને ખબર પડી જતી કે મારી દીકરી આજે ઢીલી કેમ છે?

મને બોલવાનો ખુબ જ શોખ હતો. બીજા લોકો મારી વાત સાંભળે કે ન સાંભળે પણ મારા પપ્પા મારી બધી જ વાત સાંભળતા હતા.

હું પપ્પાની ખુબ જ લાડકી હતી. નાની-નાની વાત પર રિસાઈ જવાનું...પછી પપ્પાનું મનાવવું . હું જાણી જોઇને વગર કારણે પપ્પાથી નારાજ થઇ જાવ પછી પપ્પા મને મનાવતા હતા. જે મને બહુ જ ગમે. મારી કેટલી પણ ભૂલ કેમ ન હોય તે છતાં પણ પપ્પા ક્યારેય મારા પર ગુસ્સે જ ન થાય .

મારા પપ્પાનું અવસાન એક રોડ એકસીડન્ટમાં થયું હતું. તેઓ વહેલી સવારના 7:00 વાગ્યે ઘરેથી ઓફિસ જવા નીકાળેલા અચાનક જ તેમની ગાડી સ્લીપ થઇ ગઈ અને હોસ્પિટલ પહોંચતાં પહેલાં જ તેમનું અવસાન થઇ ગયું. પપ્પા દરરોજ મને ઉઠાડી ને જ જતા હતા. પરંતુ તે દિવસે જ એમણે મમ્મીને કહ્યું કે મારી રાજકુમારી સુતી હોય ત્યારે કેટલી સરસ લાગે છે. એમને મને ઉઠાડવાનું મન ના થયું અને સુવા દીધી . તે દિવસે તો મારા પપ્પાને મેં જોયા પણ નહિ . જ્યારે અમને ખબર પડી ત્યારે અમને ખુબજ આઘાત લાગ્યો. અને મારા મમ્મી ના દુઃખ ની તો કોઈ સીમા જ ના રહી અમે સાવ તૂટી ગયા હતા.



આપણા જીવનમાંથી કોઈ જતું રહે,તો કોઈના સહારે ગમે તે રીતે જીવન જીવી જઈએ છીએ. પરંતુ જ્યારે કોઈ સ્ત્રીના જીવનમાંથી એમના જીવનસાથી જ જતા રહે ત્યારે તે કેવી રીતે અને કેવી પરીસ્થિતિમાં જીવે છે. અને કેવા સંકટો નો સામનો કરે છે એ મેં મારી નજર સામે જોયું છે. એટલે દિલથી વંદન કરું છું. એ બધી જ સ્ત્રીઓનો જે પોતાના સંતાનો ને એકલા હાથે ભણાવી ગણાવી ને પગભર બનાવે છે અને ઘર ચલાવે છે.

મારા મમ્મીએ અમને કોઈ પણ વાતની ખોટ નથી લાવવા દીધી કોઈ પણ તહેવાર હોય ત્યારે પપ્પા ખુબ જ યાદ આવતા. પરંતુ મમ્મી હંમેશા પોતાનું દુ:ખ છુપાવીને અમારી ઈચ્છા પુરી કરતા. મમ્મી હું દિલથી તમારો આભાર માનું છું . મમ્મી તમે મને જીવનની બધી જ કપરી પરીસ્થિતિમાં સાથ આપ્યો છે અને એ પણ કોઈપણ પ્રકારના સ્વાર્થ વગર.

**લોહીના સંબંધ પણ ફિક્કા લાગે છે.**
**જ્યારે હૃદયના સંબંધો જોડીઓ છીએ.**
**જે સંબંધોને સાચવવા પડે તે સંબંધ**
**ક્યારેય સાચા હોતા નથી**
**જે સંબંધો પ્રેમથી જોડીએ અને વિશ્વાસથી**
**બાંધીએ એ ક્યારેય વિખરાતા નથી.**

મારા પપ્પા ગયા પછી મને આશા જ નહતી કે આ શબ્દ હું ફરી બોલીશ. હું ખુબ જ ખુશ છું કે મને પપ્પા મળ્યા. જો મહિનામાં અને તેમને મળવા ગયા ત્યારે મહેશપપ્પા સાથેથી એ પહેલી મુલાકાત હતી. પહેલી મુલાકાત વખતે જ પપ્પાએ કહ્યું કે ,' દિકા , તું મારો દીકો છે. હવે તારે મને પપ્પા જ કહેવાનું. પપ્પા કહેવાની જે આદત છૂટી ગઈ હતી એ સંબોધન ફરીથી બોલવા મળ્યું. ત્યારે મને બહુ જ આનંદ એ વાતનો હતો કે કોઈ મને 'દીકરા' કહેવાવાળું પણ છે. અમારી કોઈ ચિંતા કરે છે. મમ્મી હંમેશાં કહેતા કે ' તારા પપ્પા હોત તો મારે કઈ ચિંતા ન હોત '. ત્યારે મને ખુબ જ પપ્પા યાદ આવતા અને રડાઈ જતું . પરંતુ હવે મને એ વાતનો સંતોષ પણ છે કે મારા લગ્નમાં મારા મહેશપપ્પા એ બધી જ જવાબદારીઓ ઉપાડી લીધી છે. પપ્પાએ પહેલી મિટિંગ માં જ બધા જ મમ્મીઓને કહી દીધું છે કે " તમારે હવે તમારી દીકરીઓની ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી . તમારી દીકરી હવે મારી થઇ. તમે ચિંતા છોડી દો. એમની બધી જજવાબદારી હવે મારી છે."

પપ્પા , મારે તમને કંઈક કહેવું છે. તમે જેટલું મારા માટે અને બીજા માટે કરો છો એટલું કોઈ જ ના કરે ,આજે સમાજ ને દીકરી બોજ લાગે છે, કારણ કે તેને સાચવવી પડે છે. પરંતુ તમે ક્યારેય એવો ભેદભાવ કર્યો નથી. તમે મારા જીવનમાં પપ્પાની કમી પુરી કરીને મારા જીવનમાં નવા રંગ પુરી આપ્યા છે. મારી ઈચ્છા હતી કે મારા લગ્નમાં



મારા પપ્પા હોય . તમે આ ઈરછા પુરી કરી છે. આવું કામ એ જ વ્યકિત કરી શકે જેમના હદયમાં ઈશ્વર સ્વયં વસતા હોય .

પપ્પા , હું તમારા વિશે લહુ એટલું ઓછું છે, કેમ કે પ્રેમ કદી પૂરો નથી થતો કે કોઈ દિવસ કોઈ બીજાને પુરેપુરો પ્રેમ આપી પણ નથી શકતો . એક પિતા તેમની દીકરીને ગમે તેટલો પ્રેમ કરે એ ઓછો જ છે. એ જ રીતે પ્રેમ અને વ્હાલના અઢી અક્ષર અધુરા છે. અને હજુ પણ ઘણું લખવું છે. પણ પ્રેમથી લખવામાં તો આખી બુક ભરાઈ જાય પણ આટલું લખીને વિરામ મુકું છું

**લિ. તમારી વ્હાલી દીકરી**
**ક્રિષ્ના.**





## પટેલ રેખાબેન શંકરભાઈ

જન્મતારીખઃ- ૮/૭/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૨૯/૦૪/૨૦૦૨

## I LOVE YOU PAPA

**દુનિયાના બેસ્ટ મહેશપાપા**

હેલો પપ્પા, હું આજે એટલી બધી ખુશ નસીબ છું કે મારા જીવનમાં એક ભગવાન રૂપે વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ નું આગમન થયું ત્યારે મને ખુબ જ આનંદ થાય છે કોઈ પણ સ્ત્રીને લગ્ન કરીને બીજા ઘરે જવાનું હોઈ છે. અને આજે મારે પણ એક એવો જ સમય આવી ગયો છે અને મારા પરિવારને મારા લગ્નની ચિંતા થતી હતી કે લગ્નનો ખર્ચ કેવી રીતે ઉઠાવીશું અને કેવી રીતે લગ્નનું આયોજન કરીશું કારણ કે મારા પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી મારા લગ્નની ચિંતા સતાવતી હતી. ત્યારે મારા લગ્ન સમયે મારા પપ્પા બનીને આવ્યા અને લાડકડી સમુહ લગ્ન કાર્યક્રમ નું આયોજન કર્યું તેમાં મારા પણ લગ્ન નક્કી થયા. જે મારા લગ્નની મારી જે પણ ઈચ્છા હતી તે બધી જ ઈચ્છા પપ્પા એ પૂર્ણ કરી અને જે લગ્નમાં થતો લાખો રૂપિયાનો ખર્ચ પપ્પા એ ઉઠાવી અને મને લગ્નની તમામ વસ્તુઓ કપડાથી માંડી બધી જ વસ્તુઓ મને આપી છે. જેથી હું મહેશપપ્પા નો ખુબ-ખુબ આભાર માનું છું.

ભગવાન એમણે આનાથી પણ વધારે શક્તિ આપે. જેથી તેઓ મારા જેવી હજારો દીકરીઓના સહારો બની રહે અને એમને આ દુનિયામાં પપ્પાની કમી મહેસુસ ન થવા દેશે અને બીજું પપ્પાની સાથે મને મારા ભાઈઓ અને બહેનો પણ મળી ગયા એનાથી વધારે બીજું શું જોઈએ.

મહેશપપ્પા જો કઇ મારાથી લખવામાં ભૂલ થઇ ગઈ હોઈ તો મને તમારી દીકરી સમજીને માફ કરજો.

**I LOVE YOU PAPA**
**લિ. તમારી વ્હાલી દિકા**
**રેખા.**



# ડોબરીયા જીજ્ઞા બાલાભાઈ

જન્મતારીખઃ- ૧૪/૦૩/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ૧૩/૦૮/૨૦૧૨



**મારા પ્રિય આદરણીય પિતાશ્રી, જય રામાપીર.**

અમે જેટલી વાર થેંક યુ કહીએ એટલી વાર ઓછું છે. તમે અમને બધી જ ખુશી આપી છે,તમારા જેવા આદર્શ પિતા મળ્યા છે,આજે મારા જેવી કેટલીય છોકરીઓના એક પિતા સમાન છો,પિતા વગરની જીંદગી શું કહેવાય એ અમને પિતાના અવસાન પછી ખબર પડી મારા પિતાના અવસાન બાદ મારી સગાઇ નક્કી કરી અને મને સારું ઘર મળ્યું અને એ પરિવારમાં જેની હું શોધ કરતી હતી તેવા પિતા સમાન સસરા મળ્યા તેને હું મારા પિતાજ માનું છું અને તેનામાં મારા પિતાની છાયા જોવ છું . મારા ઘરમાં બધાને જ મારા લગ્નની ચિંતા રહેતી હતી. તેટલામાં અમને પિતાની છત્રછાયા મળી. એટલે કે અમને વાત મળી કે દિકરીના પિતાના હોય તેમના લગ્ન કરાવી આપે છે. અને એ નામ હતું. મહેશભાઈ સવાણી જે પિતા વગરની દિકરીને લગ્ન કરી આપે છે. અને તેમજ બધી જ જવાબદારી લે છે. ત્યાર પછી અમે ઓફિસે મળવા ગયા અને અમારી સાથે વાત કરી અને બધી જ દીકરીઓને દિકા કહી સંબોધે છે. તે એમને બહુ ગમે છે અને મારા જેવી ઘણી જ છોકરીઓના લગ્ન તેમણે કરાવ્યા છે. અને તે આવ્યા પછી અમારી જિંદગી ખુશખુશાલ થઇ ગઈ.ત્યારબાદ અમારા લગ્નની તારીખ આવતા અમારા લગ્નની ખરીદી ચાલુ થઇ અને ખરીદીના સમયે અમારી પસંદગીની બધી જ વસ્તુઓ લીધી સાડી, ડ્રેસ, તેમજ બાકીની વસ્તુઓ અને ખરીદીમાં અમારી સાથે સ્ટાફની દીદીઓ આવતા અને અમારી સાથે સારી રીતે વાત કરતા હતા. અને મારા પપ્પા કહેતા હતા.

**દિકરી એટલે એ સાહેબ**
**જેના પગની પાયલ ના અવાજ સામે**
**મંદિરની આરતી નો અવાજ**
**ફીકો પડી જાય........**

આ બધી દીદીઓને અમારી બધી જ દીદી તરફ થી દિલથી થેન્કયુ અને પપ્પાને અમે જેટલીવાર થેન્ક યુ કહીએ એટલી વાર



ઓછું છે. પપ્પા એ અમને બધી જ ખુશી આપી છે અને અમારું ખુબ જ ધ્યાન રાખો છો.

I Love You

**My Dear papa........**

જેવો દિવસ ઊગે છે. એમ એક ગુલાબ ખીલે છે.
એ ગુલાબમાં મને મારા મહેશપપ્પા દેખાય છે.
વાદળમાં અનેક તારા ચમકાય છે.
એમાં મારા મહેશપપ્પા હંમેશા ચમકાતા રહેશે .

અપેક્ષા કરું છું કે મારી બધી બહેનો ઉપર હાથ તમારો રહે.
તમારો ખુબ ખુબ આભાર ..........................

I Love You Papa...

પપ્પા તમારે એટલી બધી દિકરી છતાં પણ તમે બધાને સરખો પ્રેમ આપો છો. કોઈને ભૂલતા નથી તમારા જેવા પાપા તો નસીબવાલાને જ મળે તેથી પપ્પા હું તમારો ખુબ આભાર માનું છું કે તમે મને પોતાની દીકરી સ્વરૂપે સ્વીકારી .

**આજ હો કલ જૈસા**
**કલ હો ગુલાબ જૈસા**
**મહેંક હો તાજ જૈસા .....ઔર**
**જિંદગી કે હર જન્મ મેં**
**પપ્પા હો તો આપ જૈસે..................**

I Love You Papa, I Miss You Papa
Thank You So Much Papa...

**લિ. તમારી લાડકી દિકા**
**જીજ્ઞા.**

જેવો દિવસ ઉગે છે એમ એક ગુલાબ ખીલે છે. એ ગુલાબ માં મને મારા મહેશપપ્પા દેખાય છે. વાદળમાં અનેક તારા ચમકાય છે. એમાં મારા મહેશપપ્પા હંમેશાં ચમકાતા રહેશે.
અપેક્ષા કરું છું કે મારી બધી બહેનો ઉપર હાથ તમારો રહે. તમારો ખુબ ખુબ આભાર ....

**I Love You Papa**



## ગેડિયા ધારા મુકુંદભાઈ

જન્મતારીખઃ- ૨૯/૦૩/૧૯૯૫

પિતાની પુણ્યતિથિઃ- ૧૭/૦૬/૨૦૧૭



**મારા વ્હાલા પપ્પા ............**
**તમારી દીકાના કોટિ કોટિ પ્રણામ.**

**જય રામાપીર**

**"સૂર્યને જેમ તેના કિરણ વગર નથી ચાલતું**
**તેમ મને પણ મારા પપ્પા વગર નથી ચાલતું."**

પપ્પા તમે મારી લાઈફમાં આવ્યા પછી મારી લાઈફ એક જ ઝટકામાં પલટાઈ ગઈ. પહેલા મારા ઘણી પરિસ્થિતિ જોઈને એવું લાગતું હતું કે આ બધી દીકરીઓની જેમ હું મારા ઘરના આંગણે થી વિદાય નહિ લઇ શકું . મારા સપના પુરા નહિ થાય . મેં જેવું વિચાર્યું છે એ રીતે હું મારા મેરેજ એન્જોય નહિ કરી શકું પણ ભગવાન ની કૃપાથી પપ્પા તમે મને મળ્યા . મેં ગયા જન્મમાં કેટલાય પુણ્ય કર્યા હશે ત્યારે તમે મને મળ્યા . મેં જે સપનાઓ જોયાં હતા તે કદાચ પૂરાં જ ન થાત જો તમે ન હોત તો અને હવે તમે મારી લાઈફમાં આવ્યા પછી જે હું સપનામાં પણ ન હોતી વિચારી શકતી એવું મને મળી રહ્યું છે . તમારા જેવું દિલ પપ્પા ભગવાનને કદાચ કોઈને નહિ આપ્યું હશે કે તમે બધાની આટલી હેલ્પ કરો છો .તમે મારા ભગવાન છો. હું તમારી દીકરી છું અને હું મારા ઘરના આંગણેથી જ વિદાય લઉ છું. એનો મને આનંદ થાય છે. અને હવે કદાચ જીવનમાં ગમે તેટલા દુ:ખો આવે પણ તમે અમારી સાથે છો તો આ બધા દુ:ખો હસતાં હસતાં ટળી જશે. તમારા જેવું મહાન વ્યકતિત્વ ધરાવતા મારા ભગવાન સમાન મહેશપપ્પા તમે છો . પપ્પા દુનિયાના બધા પિતાઓ તમારા જેવું વિચાર શેને ત્યારે કોઈ દીકરી પિતા માટે ભારે નહિ પડે .

આજે હું બહુ ખુશ છું. કેમ કે આજે મને બધું જ મળી ગયું છે. મને આજે એક સાથે બે પિતાના પ્રેમ મળે છે. એક તો મહેશપપ્પા અને બીજા સસરારૂપી પિતા મળ્યા છે. તો પછી મને શાનું દુ:ખ હોય,બંનેના હાથ મારા માથા પાર છે.

મહેશપપ્પા તમારી દિકા તમારા ચરણોમાં દિલથી તમને વંદન ને પ્રણામ કરે છે . એ સ્વીકારજો  અને મારાથી પત્ર લખવામાં કઈંક ભુલ થઈ હોઈ તો માફ કરજો .

“સંપતિ તો ઘણા પાસે હોઈ છે પણ તેને બીજાની ખુશી માટે વાપરવી એવી દિલ મહેશપપ્પા જેવા કોઈ વ્યક્તિ પાસે જ હોય છે.”

મારા મહેશપપ્પા ને ભવન ખુબ જ લાંબુ આયુષ્ય, સારું આરોગ્ય અને સુખી રાખે એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું.

**I Love You Papa...**
**લિ. તમારી વહાલી દીકરી**
**ધારા**



## ઘેવરીયા કીર્તિ ઓધવજીભાઈ

જન્મતારીખઃ- ૧૨/૭/૧૯૯૯
પિતાની પુણ્યતિથિઃ- ૧૧/૧૧/૨૦૦૬



**Dear papa,**

આજે મહેશપપ્પા ને મળ્યા પછી મને મારા પપ્પાનો પ્રેમ મળ્યો.

તમારા માટે શું લખું તે મને સમજાતું નથી. તમારા માટે જે પણ લખું તેના માટે શબ્દો ખૂટે છે. તમે કરેલા ઉપકાર માટે શબ્દો પણ જડતા નથી. જો કે તમારો આભાર તો હું ક્યાં શબ્દોમાં કહું એ મને પણ ખબર નથી.

પપ્પા તમે મારા જીવનમાં ભગવાન બનીને આવ્યા છો. નાનપણમાં જ મેં મારા પિતાની છત્રછાયા ગુમાવી છે. આજ દિન સુધીની જીંદગી મેં,અને મારા પરિવારે ઘણી બધી મુશ્કેલી સહન કરી છે. પણ હવે થી મારી જીંદગીમાં આવ્યા એટલે મારી જીંદગીમાં મુશ્કેલી નામ જ નીકળી ગયું છે,જયારે હું ધોરણ ૫ માં ભણતી ત્યારે મારા પિતાનું અવસાન થયું હતું, મારા પિતાનું અવસાન એક બીમારીના કારણે થયું હતું. મારા પાપા ના ગયા પછી જાણે મારી આખી જીંદગી જ પુરી થઇ ગઈ હોઈ આવું લાગતું હતું. અમારા ઘરના ભરણપોષણ અને ભણવાની ફી પણ ન હતી. ત્યારબાદ ધીમે ધીમે હું મોટી થઇ, જયારે હું મારી સહેલી કે આજુબાજુમાં રહેતા લોકોના પપ્પા અની લાડકીને લાડ લડાવતા હોઈ ત્યારે મને ઘણું દુઃખ થતું કે કદાચ મારા પપ્પા હોત તો મને પણ આવી જ રીતે લાડ લડાવત પણ મારું એ સ્વપ્નું સ્વપ્ન જ બની રહ્યું અને હું વિચારતી કે કદાચ મારું આ સપનું પુરું થઇ શકતે.

અચાનક મારી જીંદગીમાં ખુશીનું વિતરણ આવ્યું. અને મારી જીંદગીમાં મારા પપ્પા આવ્યા એ છે મહેશપપ્પા. મહેશપપ્પાએ મારા લગ્નની તમામ જવાબદારી ઉપાડી હતી ત્યારબાદ મહેશપપ્પા અમને દિકા કહીને સંબોધે છે અને તે અમને બહુ ગમે છે, ત્યારબાદ પહેલીવાર મહેશપપ્પા સાથે મિટિંગ થઇ અને પપ્પાને મળ્યા પછી મને મારા પાપા જ મળી ગયા હોઈ તેવું લાગતું હતું. હવે જેમજેમ સમય વીતવા લાગ્યો એમ અમને બહુ લાડ લડાવતા,ત્યારબાદ

લગ્નની તારીખ નજીક આવતા અમને લગ્નની ખરીદી પણ કરાવી  અમે વિચાર્યું નહોતું અમારા લગ્નની ખરીદી આવી રીતે થઇ શકેત. મારા સ્વપ્નમાં પણ વિચાર્યું નહોતું કે મારા લગ્ન એટલી સારી રીતે થાય. મહેશપપ્પા આવવાથી મારી બધી ઈચ્છાઓ પૂરી થઇ ગઈ છે.

પાપા તમે બધી જ દીકરીઓને એક સરખી રીતે જુઓ છો, બધાને સરખો વ્હાલ પ્રેમ કરો છો, તે અહેસાસ મને ઘણો આનંદ આપે છે.

પપ્પા
જે
તણખલા વીણી-વીણી
એક મજાનો માળો બાંધે
સંબંધોની સોડમ સાંધે
શમણાઓના ટુકડા સાંધે.

I love you papa, thank you papa

**લિ.તમારી વ્હાલી દિકા**
**કીર્તિ.**



## પાટીલ ભારતી રાજેશભાઈ

જન્મતારીખઃ- ૨૯/૦૭/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૧૫/૦૩/૨૦૦૫



**JAY RAMAPIR PAPA,**
**“MY PAPA IS BEST IN THE WORLD”**
**LOVE YOU SO MUCH**
**PAPA...**

**“मंजिल दूर है और सफर बहुत है,**
**छोटी सी जिंदगी की फिकर बहुत है,**
**मार डालती ये दुनियाँ कब की हमे,**
**लेकीन पापा की दुआओं मे असर बहुत है...”**

મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૮ વર્ષની હતી. મારા કરતા નાના મારા બે ભાઈ-બહેન છે. એક ભાઈ અને એક બહેન છે. મારા પપ્પાનું અવસાન ૧૫/૦૩/૨૦૦૫માં થયું. ત્યારે અમારા ઘરમાં અંધકાર વાતાવરણ ફેલાઈ ગયું. મમ્મી મારા બિચારા એકલા પડી ગયા . કોઈનો કોઈ પ્રકારનો સહારો ન હતો. મારા મમ્મી એ બહુજ મેહનત કરતા. મારી બહેન ત્યારે જુનિયર કે.જી.માં હતી અને ભાઈ દોઢ વર્ષનો હતો. મારા પપ્પા બીમાર હતા એ પણ બસ બે જ મહિના બીમાર પડેલા અને થોડા દિવસમાં પપ્પાનું દુખદ અવસાન થઈ ગયું. પપ્પાનું અવસાન થયા પછી અમે એકદમ એકલા થઇ ગયા. કાકા હતા પણ એમનો કોઈ પ્રકાર નો સહારો ન હતો. મમ્મી અમારા માટે રાત-દિવસ મહેનત કરતાં સાથે સાથે હું પણ મમ્મી ને હેલ્પ કરતી કામમાં. મમ્મી મારા આખી રાત જાગીને મશીન પાર સદીને લેસ લગાવતા તેમજ પુઠાનું કામ કરતા અમે લોકો રાત્રે ત્રણ-ચાર વાગ્યા સુધી જાગીને પણ મમ્મીનું એક જ ધ્યેય હતું અમને ભણાવવાનું તે એમને અમને ભણાવ્યું અને બહુ જ સારા સંસ્કાર આપ્યા છે. મારા પપ્પાની હું બહુ જ વ્હાલી દીકરી હતી. મારા પપ્પાનો સ્વભાવ બહુજ મસ્ત હતો. ક્યારેક કોઈને દુઃખી ન કરતા તેમજ ગમે તે વ્યક્તિ ને ગમે ત્યારે મદદ માટે તાત્કાલિક

હાજર રહેતા પણ હવે કુદરતનો નિયમ છે જે સારા વ્યક્તિ હોય એમને જલદી જ બોલાવી લે. પણ હવે એના સામે આપણે પણ કંઈ ન કરી શકે. પછી અમારા મમ્મી એ બહુ જ મહેનત તેમજ દોડધામ કરીને અમારું પાલન-પોષણ કર્યું અને જેમ-જેમ દિવસ પસાર થતા ગયા તેમ તેમ અમે લોકો મોટા થતા ગયા મમ્મી એ મારા માટે તેમજ મને ભણાવવા  માટે ખુબ જ મહેનત કરી છે.  મારા મમ્મી એ અમારા માટે એક શીખવાનું પાત્ર છે. પછી આજે તો બહુ મોટા થઈ ગયા ત્યારે હવે શીખ્યા. પપ્પા, મેં ૧૨ પછી NURSING નો  COURSE કર્યો છે. પણ એક વર્ષ પછી એ લોકો એ મારા DOCUMENTS અટકાવી લીધેલા હતા. મારી પાસે પૈસા નો PROBLEM હોવાના કારણે એમને DOCUMENT નહિ આપેલા હતા પછી  હવે ૨ MONTH પહેલાં એ લોકોએ મને મારા DOCUMENTS પાછા RETURN આપ્યા અને હું મારી જાતે જ JOB કરું છું. પપ્પા અમે મારા માટે બહુ જ લક્કી છો તમે આવ્યા પછી મારી લાઈફ બહુ જ મસ્ત થઈ ગઈ અને તમે જે મદદ કરેલી છે અને જે માર્ગદર્શન આપ્યું છે એ આજ સુધી કોઈએ નથી આપ્યું.

बेमतलब सी इस दुनिया में वो ही हमारी शान है,
किसी शख्स के वजूद की 'पिता' ही पहली पहचान है।

હું મારી જિંદગી માં ૧૩ વર્ષ પછી આજે કોઈને પપ્પા કહીને બોલાવ્યું અને એ છે મારા મહેશપપ્પા એ મારા માટે બહુ જ ખાસ છે. મારા મહેશપપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. એ આ દુનિયામાં બહુ જ સારું કાર્ય કરતા છે. પપ્પાને જોઈને એક અલગ જ આશા પ્રેરિત થઈ જય. પપ્પા તમે હંમેશા એમ કાર્ય કરતા રે જો . પપ્પા તમને જોઈને હંમેશા કઈક ને કઈ નવું શીખવા મળે અને એક વાત છે પપ્પા વિનાની જિંદગી કેવી હોય એ મને બહુ સારી રીતે ખબર છે. અચાનક જ કોઈ હાથ માથે મુકવા મળી જાય તો એની ખુશી બહુ જ અલગ હોય છે. પપ્પા મારા જીવનમાં તમારુ સ્થાન ભગવાન કરતા પણ પહેલા છે. તમારા આશીર્વાદને કારણે આજે મને બહુ જ સારી POST પાર JOB મળી છે. તમે મારા માટે બહુ જ LUCKY છો.  .

वडील म्हणजे एक अशी व्यक्ती...
जी तुम्हाला जवळ घेते जेव्हा तुम्ही रडता,
तुम्हाला ओरडते जेव्हा तुम्ही एखादी चूक करता,
तुमच्या यशाचा आनंद साजरा करते जेव्हा तुम्ही जिंकता,
आणि तरीही तुमच्यावर विश्वास ठेवते जेव्हा तुम्ही हरता...

તમને પપ્પા હું જ્યારે મળવા આવેલીને ત્યારે જ હું આ વાત કરવાની હતી JOBની પણ કેટ બીક લાગતી હતા એટલે હું આમાં લખી દીધું છે. પપ્પા તમારા માટે જેટલું લખીએ એટલી ઓછું છે. પપ્પા તમારા જેવા પપ્પા બધાને જ મળે. હું આટલી જ પ્રાથના ભગવાન પાસે કરું છું. મારા મમ્મીને મારા લગ્ન નું બહુ TENSION



હતું પણ એ પણ તમે બધું તમારા પર લઈ લીધું . તમે મારા માટે જેટલું કર્યું છે એ આજ સુધી કોઈએ નથી કર્યું . તમે તો આ દુનિયા માટે બહુ જ શીખવા માટે એકદમ RIGHT પાત્ર છો. પપ્પા તમે જ્યારે પહેલી વાર મને દિકા કહીને બોલાવ્યું ને એ દિવસે મને મારા પપ્પાની યાદ આવી અને આંખમાંથી પાણી આવેલું . તમે પપ્પા બહુ બહુજ BEST પપ્પા છો. હું જ્યારે પણ તમને જોઉ એટલે કઈને કઈક નવું જ શીખવા મળે. તમે મારા માટે જે કર્યું છે એના માટે તમને આખી જિંદગીભર પણ આભાર કહુ એટલું ઓછું . તમારા માટે જેટલું લખીએ એટલું ઓછું છે.

આ પત્ર લખતા પણ આંસુ આવે છે.<br>
કે મારા પપ્પાથી  કોઈ ને પણ ક્યારેય અલગ ન કરે ...,<br>
બસ પપ્પા હવે તમારા વિશે આ શબ્દોમાં<br>
વર્ણવું મુશ્કેલ છે.................<br>
જેટલું લખીશ એટલું ઓછું છે...........<br>
આલતુ લખીને મારી પેનને હું વિરામ આપું છું.................

**LOVE U SO MUCH PAPA...**

**લિ. તમારી લાડકી દિકા**<br>
**ભારતી.**





## ગૌસ્વામી દયા રાજુગીરી

જન્મતારીખઃ- ૧૮/૦૮/૧૯૯૯
પિતાની પુણ્યતિથિઃ- ૨૬/૦૩/૨૦૧૭

**જય રામાપીર**
**વ્હાલા પપ્પા,**

પપ્પા આજે હું તમને મારા દિલની વાત કહેવા માંગુ છું હું અમરેલી જિલ્લાના લાઠી ગામમાં રહેતી હતી .

મારા ઘરમાં મમ્મી-પપ્પા અને ચાર બહેનો આટલા જ હતા. ભાઈ પણ ન હતો અને પપ્પાને આંખે ઓછું દેખાતું તેથી તે કામ ન કરી શકતા એટલા માટે ઘરની પરિસ્થિતિ ખરાબ હતી. એટલે બે મોટી બહેન કામ કરતી હતી અને અમને ભણાવતી અને ઘર ચલાવતી હતી અને ખુબ ધ્યાન રાખતી હતી.

થોડા સમય પછી તેમના લગ્ન થઇ ગયા ને બંને સાસરે ચાલી ગઈ અને અમે ભણવાનું બંધ કરી કામ પાર લાગી ગઈ . મને ભણવાની તો ખુબ જ ઈચ્છા હતી અને હું અને મારા મમ્મી-પપ્પા સુખેથી લાઈફ પસાર કરતા હતા .

ત્યાં અચાનક મમ્મીની તબિયત ખરાબ થવાથી મમ્મીનું અવસાન થયું અને પપ્પા ને મનમાં વિચાર આવ્યા કરતા હતા કે આ બે દીકરીઓ ને હું મમ્મી નો પ્રેમ કેવી રીતે આપું અને મમ્મી-પપ્પા નો પ્રેમ સાથે આપી ને સાસરે મોકલીશ તે તેવું વિચારતા હતા.

પછી થોડા સમયમાં પપ્પા દીદી ના લગ્ન નક્કી કર્યા અને દીદીને સાસરે વળાવી અને પછી હું ને પપ્પા સુખે દુઃખે જિંદગી વિતાવતા હતા અને ભગવાને નકરવું કે થોડા સમય માં પપ્પાની તબિયત ખરાબ થઇ ને પપ્પાનું પણ અવસાન થયું.

**"પપ્પા અમારા હતા મનના મોતી, ગગનમાંથી લાવો કોઈ ગોતી**
**આંખો અમારી હિબકે રોતી, પપ્પાને મળવાની વાટલડી જોતી "**

પપ્પાના અવસાન પછી હું સાવ નોધારી થાય ગય અને મારો સાથ આપનાર કોઈ ન હતું પણ મારી દીદી મને એટલો પ્રેમ કરતી હતી અને એમને થયુ કે મારી નાની બહેન સાવ એકલી થઈ ગઈ છે. તેમણે મને ફોબ કર્યો ને મને કીધું કે બહેન તું મારા ઘરે રહેવા આવી જા પછી હું દીદીના ઘરે જ રહેતી હતી કેમ કે દીદીની સાથે

સાથે જીજાજી નો અને દીદીના સાસુ સસરાનો પ્રેમ પણ ખુબ મળતો હતો તે માટે મારું મન ત્યાં રહેવા ઈચ્છતું હતું.

પછી થોડા સમયમાં મારા લગ્ન નક્કી થયા પણ મને વિચાર આવ્યો કે મારા મમ્મી-પપ્પા તો નથી મારા લગ્ન કેવી રીતે થશે પણ પછી મેં વાત સાંભળી કે સુરત માં મહેશપપ્પા માતા-પિતા  વગરની દીકરીઓના ખુબ સારી રીતે લગ્ન કરે છે અને દીકરીઓની બધી જવાબદારી લે છે. એટલે મેં તેમના લગ્ન કરવાનું નક્કી કર્યું પછી મારા જીજાજી લાડકડી નું ફોર્મ લઈ આવ્યા અને મારું ફોર્મ સિલેક્ટ  થયું ને મને ખુબ જ ખુશી થય કે મને મહેશપપ્પા એ મને મિટિંગમાં બોલાવી અને હું ત્યાં ગઈ અને મેં પપ્પા ને જોયા તેની સામે જોતાં જ મહેશપપ્પાએ મને દિકા કહીને બોલાવી ત્યાં મારી આંખોમાંથી હરખના આંસુ વહેવા લાગ્યા અને મને થયું કે મારી લાઈફ માં પપ્પા આવી ગયા બધા તો એમ કહે છે કે ભગવાન પાસે ગયેલા વ્યક્તિ પાછા આવતા નથી પણ મને મહેશપપ્પા મળ્યા ને મને થયું મારે ભાઈ પણ ન હતો એટલે મહેશપપ્પાની સાથે મિતુલભાઇ જેવા ભાઈ પણ મળ્યા અને આ દુનિયામાં સારા લોકો તો ઘણા છે પણ મહેશપપ્પા જેવા વ્યક્તિ  તો ખુશ નશીબ ને જ મળે ને મને ખુશી થાય છે કે એ ખુશ નસીબ માં હું પણ છું કે મહેશપપ્પા મારી લાઈફ માં આવ્યા  માટે વગર માંગે ઈશ્વરે બધું આપી દીધું નીચે વિશાળ ધરતી ઉપર આકાશ આપી દીધું જયારે મેં પૂછ્યું હું જીવીજ કોના આધારે ત્યારે મને મહેશપપ્પા જેવા પપ્પાનો સાથ આપી દીધો .

**THANK YOU GOD.**
**LOVE YOU PAPA...**
**જય રામાપીર...**
**લિ. તમારી વ્હાલી દીકરી**
**ગૌસ્વામી દયા રાજુગીરી**



## **રેશ્મા અલખભાઈ શાહ**

જન્મતારીખ:- ૧૪/૦૭/૧૯૯૫
પિતાની પુણ્યતિથિ:- ૧૭/૧૨/૨૦૧૩



**DEAR PAPA,**

જ્યારે પહેલીવાર મહેશાપપ્પાને
મળવા ગઈ ત્યારે તેમને અમને
બેસાડીને કહ્યું, હવે દિકા તારે
કોઈ ચિંતા કરવાની જરૂર નથી.
ત્યારે હું બહુ ખુશ થઈને મારી
આંખમાં ખુશીના આંસુ આવી ગયા.

**જય રામાપીર પપ્પા**

કહેવાય છે ને કે જિંદગી ઘણું બધું શીખવી દે છે. જેમ દુ:ખ આવે પછી સુખ આવે છે. પણ પપ્પા અમારી જિંદગીમાં પહેલા બો દુ:ખ હતું, મારા મમ્મી પપ્પાના લાઈફમાં ઘણી એવી સમસ્યા હતી. એમાં અમે ચાર બહેન હતી. એમાંથી મને શ્વાસની બીમારી હતી. પણ ત્યારે મારા પપ્પાની હાલત ખરાબ હતી ત્યારે તે મારી બીમારીનો ઈલાજ કરાવી શકયા નહિ. હું બહુ જ બીમાર રહેતી હતી મારા મમ્મી બીજાના ઘરનું કામ કરતા અને મારા પપ્પા રિક્ષા ચલાવતા હતા.આ રીતે મારા મમ્મી પપ્પા અમારું ધ્યાન રાખતા. મારી બહેન વધારે ભણી શકી નહિ. તેઓએ એમની નાની ઉમરમાં નોકરી ચાલુ કરી લીધેલી હતી. તેમના કારણે અમે બે નાની બહેનને ભણવામાં મદદરૂપ બન્યા. પણ પપ્પા મારી બીમારીના કારણે હું વધારે ભણી શકી નહિ. પછી હું ચોથું ધોરણ ભણીને નોકરી કરવા લાગી ગઈ . હું જ્યારે ૧૨ વર્ષની હતી ત્યારેથી હું નોકરી કરવા લાગી. એવી જ રીતે મારી મોટી બહેન પણ ૧૨ વર્ષની ઉમરમાં નોકરી કરીને અમારું ધ્યાન રાખતાં પછી મારી બે બહેનનાં લગ્ન થયાં પછી આખા ઘરની જિમ્મેદારી મારા પાર આવી ગઈ હતી એ સમયના અંતમાં મારી બહેનના લગ્નના ૧૦ મહિના થયા હતા. ત્યારે મારા પપ્પા નોકરીએ જાઉ છું એવું કહીને નીકળ્યા પણ એ પાછા ઘરે આવ્યા નહિ અમે પપ્પાને બહુ જ શોધ્યા પણ પપ્પાનો કોઈ પત્તો મળ્યો નહિ . પછીના સમયમાં થોડા સમયમાં મારી મમ્મીની તબિયત ખરાબ રહેતી હતી એટલે એમને નોકરી છોડાવી દીધી. પછી હું ત્યારથી મારા આખા ઘરની જિમ્મેદારી મારા પર આવી ગઈ હતી ત્યારે મારા માટે ઘર ચલાવવું બહુ અઘરું કામ હતું પણ હું હિંમત હારી નહિ

પપ્પા. ત્યારે એવું થતું હતું કે હવે શું થશે .

તેમજ જ્યારે હું તમને મળી પપ્પા ત્યારે મારું બધું ટેન્શન દૂર થઇ ગયું. કહેવાય છે ને કે જિંદગીમાં ઘણું બધું શીખવી દે છે. જેમ દુઃખ આવે પછી સુખ આવે છે. તેમજ જ્યારે મેં અને મારા પરિવાર અચાનક પિતાની છત્રછાયા ગુમાવી ત્યારે એકજ વિચાર આવતો કે હવે પછીની જિંદગીનું શું?

શું હવે આગળ ભણતર કરી શકશું કે આગળ જતા લગ્ન પણ કરી શકીશું કે ભવિષ્યમાં કઈંક સારું થશે પણ ખરું? આવી જ માત્ર વિચારોમાં દિવસો વીતી રહ્યા હતા તેવામાં જેમ ભગવાન પોતે પૃથ્વી પર ન આવી શકે એમ હોય ત્યારે તેઓ પોતાના ખાસ દૂતને મોકલે છે. તેમ તેમનાં અનુયાયી બનીને તમે મારી અને મારા જેવી ઘણી છોકરીઓનાં પિતા બનીને આ પાવન ધરતી પર અવતાર લીધો. તમે જે પિતા વગરની છોકરીઓ માટે કરી રહ્યો છો અને તેમની જિંદગીમાં ખુશીઓ ભરી રહ્યા છો. તેમના વિશે જેટલાં  તમે સતર્ક અને જવાબદારી ભર્યા છો તેવું તો એક સગા પિતા જ પોતાની દિકરી માટે કરી શકે પપ્પા...

પપ્પા હું તમારી અને ભગવાન ની બેવની આભારી છું. ભગવાન પાસે મેં પપ્પા માંગ્યા હતા. તેમણે મને તે આપ્યા અને તમે મને તમારી દિકરીના રૂપમાં સ્વીકાર કરી અને બાપની વિશેષ પ્રેમ આપ્યો. પપ્પા તમારે મારા જેવી કેટલીય દિકરીઓ હોવા છતાં તમારા પ્રેમમાં ક્યારેય ઉણપ આવતી નથી..પપ્પા...

મહેશપપ્પા મારી જિંદગીમાં આવ્યા પછી મને કઈપણ તકલીફ પડી નથી અને મારી જિંદગી ખુશહાલ બની ગઈ છે.

હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ મારા પપ્પાનું આયુષ્ય ખુબ જ લાંબુ કરે અને તેમને હંમેશા સ્વસ્થ અને ખુશ રાખે જેથી તેમનો હાથ હંમેશા અમારા પાર બન્યો રહે.

**THANK YOU MY LOVELY PAPA.**

હું મારા વ્હાલા પપ્પા વિશે લખું એટલું ઓછું છે. હજી લખવા ઈચ્છું છું. લખવા બેસું તો આખે આખી બુક ભરાઈ જાય બસ આટલું લખીને હું મારી કલમને વિરામ આપુ છું.

**લખવામાં કાંઈ ભુલ થઈ હોય તો માફ કરજો પપ્પા.....**

LOVE YOU SO MUCH PAPA

**જય રામાપીર**

**તમારી લાડકી દિકરી**

**રેશ્મા.**





# સોની શ્વેતા મનોજભાઈ

જન્મતારીખઃ- ૧૩/૦૫/૨૦૦૦
પિતાની પુણ્યતિથિઃ- ૦૯/૦૫/૨૦૧૬

મારા વ્હાલા પપ્પા જય રામાપીર પપ્પા. તમારા વિશે શું લખું કાય સમજાતું નથી કારણકે ભગવાન વિશે લખીએ એટલું ઓછું....

મારા જીવન ની આ ઘટના મારા પપ્પાની હું વ્હાલી દીકરી હતી. મારા પપ્પા મને ખુબ પ્રેમ કરતા હતા. મને કોઈ વાતની ખોટ નથી આવા દીધી મારા પપ્પા ૯-૫-૨૦૧૬ ના રોજ અવસાન પામ્યા હતા. ત્યારે હું ફકત ૧૬ વર્ષ ની હતી. મારી બર્થ ડે ની ૩ દિવસની વાર હતી. ૩ દિવસ પહેલા મારા પપ્પા અવસાન પામ્યા હતા. ત્યારે હું થોડુક સમજતી હતી પણ મારા ભાઈ- બહેન નાના હતા. કોઈ ને કહી ન શકાય એવુ દુઃખ હતું. મારા પપ્પા અવસાન પામ્યા ત્યારે મને વિશ્વાસ જ ન થતો હતો, મારી આંખ માંથી આંસુ પણની પડતા હતા. મનમાં ને મન માં જ રડતી. મારા પપ્પા વગર મને જરા પણ ગમતું ન હતું. મારી મમ્મીએ જોબ કરીને અમને મોટા કર્યા અને અમને ભણાવ્યા .

પણ ભગવાને મારા જીવનમાં  મારા પપ્પા થી પણ વધારે પ્રેમ આપે તેવા મહેશપપ્પાને મોકલી દીધા. મારા મહેશપપ્પા વિશે હું જેટલા શબ્દ લખું એટલા ઓછા પડે. હું પહેલા મનમાં બોવજ દુઃખી થતી હતી પણ મહેશપપ્પાના આવથી મારા મનમાં ખુબ ખુશી થઇ. અમારી તમામ આશા પૂરી કરે એવા મારા પપ્પા થી પણ વધારે.

મારા મહેશપપ્પા જેવા કોઈના પપ્પા નથી.

**I LOVE PAPA...**

પપ્પા તમારી શોપિંગ પણ મને ખુબ જ ગમી  અને બધી દીદીઓ સાથે ખુબ મજા આવે. બધી દીદીઓ પણ બોવ મસ્ત સ્વભાવના છે. પપ્પા આમને આમ મારા જેવી બધી દીકરીઓના જીવનમાં ખુશી લાવે...

**I MISS U PAPA...**



# કળસરીયા વનિતા કનુભાઈ

જન્મતારીખ:- ૦૫/૦૧/૧૯૯૬
પિતાની પુણ્યતિથિ:- ૨૩/૧૨/૨૦૦૫



**તમારી લાડકડી દિકા**
**જય રામાપીર**

"પપ્પા" આજે તમારી દિકાને તમારા વિશે લખવાનો અવસર મળ્યો છે.

પપ્પા તમારા માટે હું શું લખું એ મને સમજાતું નથી. મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી શરૂઆત કરું? દરેકના LIFEમાં પપ્પાનું સ્થાન સૌથી ઉપર હોય છે.

તા. ૨૩/૧૨/૨૦૦૫ એ દિવસ મને ક્યારેય ભુલાશે નહિ તે દિવસે મારા પપ્પા દુનિયા છોડી ને ભગવાન પાસા ચાલ્યા ગયા હતા અને તે જ તારીખે ૨૩/૧૨/૨૦૧૮ના દિવસે મારા મેરેજ છે. મારા પપ્પા મૃત્યુ પામ્યા ત્યારે અમે ગામડે રહેતા હતા . અમે ખેતી કામ કરતા હતા મારો ભાઈ નાનો હતો. ઘરમાં કોઈ કામ કરે એવું ન હતું. ત્યારે મારો ભાઈ સુરત આવ્યો. તે ડાયમંડનું શીખ્યો મારી એક બેનના મેરેજ થઇ ગયા હતા. એક બેન અને હું ભણતા હતા. પપ્પા ના ગયા પછી અમારે ભણવાનું છોડી દેવું પડ્યું. ખેતી કામ કરીને ઘર ચલાવતા હતા.

અમે સુરત આવ્યા એને ત્રણ વર્ષ થયા ત્યારે મારી સગાઈની વાત આવી અને મારી સગાઇ થઈ ત્યાર પછી અમને અમારા ઓળખતા એ કીધું કે મહેશભાઈ સવાણી પિતાવિહોણી દીકરીઓના લગ્ન કરાવી આપે છે, ત્યારે અમારી ખુશી નો પાર ન રહ્યો અને તેમાં ફોર્મ ભર્યું અને અમારું ફોર્મ સિલેક્ટ થઇ ગયું. પછી મહેશપપ્પા સાથે અમારી પહેલી મિટિંગ થઇ ત્યારે પપ્પાને જોતાજ એમ થયું કે જે પ્રેમ અમને અત્યાર સુધી નથી મળ્યો એ પ્રેમ મહેશપપ્પા તરફથી જરૂર મળશે .

પિતાની હાજરી સૂરજ જેવી હોય છે. સૂરજ ગરમ જરૂર થાય છે પણ ના હોય તો અંધારું છવાઈ જાય છે.



મહેશપપ્પા તમે અમને મળ્યા તો જાને આખી જિંદગી જ બદલાય ગઈ. તમે પપ્પા તરીકે મળ્યા ત્યારે તે દુ:ખ જાણે અમારા

સુખમાં બદલાઈ ગયું. પપ્પાને મળવા ગઈ ત્યારે પપ્પાએ દિકા કહી ને બોલાવી ત્યારે હું બોવ જ ખુશ થઇ ગઈ . મારી બધી ચિંતા દુર થઇ ગઈ .પપ્પા તમે એટલી ખુશી આપી છે કે હવે જિંદગી પાસેથી કંઈ જ લેવાનું બાકી રહ્યું નથી . પપ્પા તમે મારી જિંદગીમાં ભગવાન બની ને આવ્યા છો. હું આટલી બધી ભાગ્યશાળી છું કે મહેશપપ્પા મળી ગયા છે.

**I LOVE YOU PAPA..**
**I MISS YOU PAPA..**

પત્ર લખવામાં મારી પાસે શબ્દ ની કઈ ભૂલ થઇ
હોયતો તમારી દિકા સમજીને માફ કરજો.

**જય રામાપીર**
**લિ. તમારી વહાલી લાડકડી**
**વનિતા.**



## હરસોરા માધુરી મનસુખભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૬/૨૦૦૧
પિતાની પુણ્યતિથિઃ- 03/૦૭/૨૦૦3



MY DEAR PAPA,

**"પપ્પા કે બીના જિંદગી વિરાન હોતી હે ,**
**તન્હા સફર મેં હર રાહ સુનસાન હોતી હે,**
**જિંદગી મેં પિતા ક હોના જરૂરી હે,**
**પિતા કે સાથ સે હર રાહ આસન હોતા હૈ."**

**હ્રદયમાં રહેલી લાગણીની અભિવ્યક્તિ શબ્દો દ્વારા કહેવી બહુ મુશ્કેલ છે.**

પપ્પા તમારા વિશે જેટલું લખું તેટલું ઓછું છે. ૩/૭/૨૦૦૩ ના રોજ મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ખુબ નાની હતી. અમે ત્રણ બહેનો અને એક ભાઈ. પપ્પા વિના અમારી જીંદગીમાં ઘોર અંધકાર છવાઈ ગયો. ધંધા માટે મોટા ભાઈ અમદાવાદ SHIFT થઈ ગયા. પપ્પાની ખામી ખુબ જ વર્તાતી. મારા મમ્મીએ મહેનત મજુરી કરી અમે ત્રણ બહેનોને ભણાવી ગણાવી  મોટા કર્યા . મોટા બે બહેનોના લગ્ન કર્યા. બહેનો ના લગ્ન માં પણ પપ્પાની ખામી ખુબ જ લાગી . અમે ત્રણ બહેનો પણ મજૂરી કરી મમ્મીને આર્થિક મદદરૂપ થતા. મારી સગાઇ સુરત થઇ હું ખુબ જ ભાગ્યશાળી હતી કે મારી મેરેજફોર્મ પી.પી.સવાણીમાં SELECT થયું. અને ભગવાને મને મહેશપપ્પા સાથે ભેટો કરાવ્યો.

જ્યારે હું પહેલી મિટિંગમાં મહેશપપ્પાને મળી ત્યારે મને થયું કે ભગવાને  મને મારા પપ્પા પાછા આપી દીધા.

જ્યારે મહેશપપ્પા એ મને “દિકા” કહીને બોલાવી ત્યારે આંખમાંથી આંસુ છલકાય ગયા મને લાગ્યું કે મારા પપ્પા મારાથી કયાંય દુર ગયા નથી. હું ખુદને ખુબજ LUCKY માનું છું કારણકે ઈશ્વરે ઓચિંતા જ મને બે બે પપ્પાનો પ્યાર આપ્યો એક મહેશપપ્પાનો પ્યાર અને બીજો પિતા સમાન સસરાનો પ્યાર .

મહેશપપ્પા એમની હરેક "દિકા"ઓનું ધ્યાન ખુબ જ રાખે છે. એમની દીકરીઓ સાથે લોહીના સંબંધ ન હોવા છતાં પણ પોતાનું જ લોહી હોય તેમ દીકરીઓને પોતાની "દિકા"

ઓના સુખની જિમ્મેદારી તે પોતાના ઉપર લે છે. એક પિતા તરીકેની દરેક જવાબદારી મહેશપપ્પા પૂરી કરે છે. મારા જીવનમાં પપ્પાના આવવાથી જાણે દુનિયાના બધા જ સુખ મળી ગયા હોય તેવો અનેરો આંનદ થાય છે .

" ખુશીયોં સે ભરા હર પલ હોતા હૈ,
જિંદગી મેં સુનહરા હર કાલ હોતા હૈ,
મિલતી હૈ કામયાબી ઉન કો,
જિનકે સર પર પિતા કા હાથ હોતા હૈ "

**THANKS FOR COMMINIG MY LIFE PAPA...................................**

મહેશપપ્પા મળવાથી મને એક બીજો પણ પરિવાર મળ્યો છે. " સવાણી પરિવાર" અને આ સાથે અનેક બહેનોનો પ્યાર અને સાથ પણ મળ્યા. THANK YOU GOD........

મહેશપપ્પા હું તમારી ખુબ જ આભારી રહીશ. THANK YOU SO MUCH મહેશપપ્પા....

LOVE U PAPA...

પપ્પા ઈશ્વર તમને હંમેશાં ખુશ રાખે તમારા દરેક કાર્યમાં સફળતા મળતી રહે એવી દુવા છે. તમારી આ "દીકાની".

મેરી પહેચાન આપ સે હૈ પાપા....
ક્યાં કહુ આપ મેરે લિયે ક્યા હો...
રહેને કો હૈ પૈરો કે નીચે જમીન...
પર મેરે લિયે આપ આસમાન હો...
આપ સદા ખુશ રહે પાપા...

**લિ. તમારી વ્હાલી "દિકા"**
**હરસોરા માધુરી.**
**જય રામાપીર**



## રાણા રોશની જયેશભાઈ

જન્મતારીખઃ- ૨૫/૦૭/૧૯૯૬

પિતાની પુણ્યતિથિઃ- ૩૧/૦૭/૨૦૧૧



**જય શ્રી કૃષ્ણ**

**"સૂર્યને જેમ તેના કિરણ વગર નથી ચાલતું**
**તેમ મને પણ મારા પપ્પા વગર નથી ચાલતું."**

આજે મારે પણ પપ્પા વિશે કઈંક જણાવવું છે. હું તો વિચારું છું કે દુનિયામાં પપ્પા વિશે કઈ કહેવાની જરૂર પડે, એ તો સૌ જાણતા જ હોય છે. "મા" વિશે તો દુનિયામાં ઘણાં લેખો અને સુવિચાર છે. પરંતુ એક પિતા વિશે કંઈક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ કવિઓ કે લેખકો પણ પાછા પડી જાય છે. કેમ કે પિતા વિશે તો એક દીકરી જ લખી શકે છે. એક દીકરી માટે તો તેના પિતા વર્લ્ડના બેસ્ટ પિતા જ હોય છે. હું પણ આજે મારા પપ્પા માટે કંઈક કહેવા જઈ રહી છું.

મારા પપ્પા મારા વર્લ્ડ ના બેસ્ટ પપ્પા હતા. મારા પરિવારમાં મારા મમ્મી પપ્પા અને બે બહેન છે. મારા મમ્મી-પપ્પા અમને બે બહેન ને પ્રેમથી પ્યાર અને વ્હાલ કરતા હતા . કોઈ પણ વાતની કમી ન હતી . અમારું સુખી કુટુંબ હતું. મારા પપ્પા બહારગામ ગયા હતા. તે મારા મમ્મી ને પપ્પા એ જાણ ન કરી હતી. રાતે ૮:00 વાગે પપ્પા એ મમ્મી ને ફોન કરિયો કે હું બહારગામ છું. હું હવે સુરત આવું છું. મમ્મી એ કીધું સારું સાચવીને આવજો . પછી રાતે ૧:00 વાગે પપ્પાનો મમ્મી પાર ફોન આવીયો પણ મારા મમ્મી ફોન રીસિવ કરી ન શક્યા હતા. મારા પપ્પા એ મારા ફોઈને ફોન કર્યો ફોઈને પપ્પા એ જાણ કર્યું કે મારું ACCIDENT થયું છે. તો તમે સ્ટેશન આવો હું ત્યાંજ છું. મારા ઘરેથી બધા સ્ટેશન ગયા, ઘણા કલાકો સુધી રાહ જોઈ પણ પપ્પા આવ્યા જ નહિ. ઘણા કોલ કર્યા પણ ફોન નહિ લાગ્યો. બીજા દિવસે રવિવાર હતો મમ્મી અને મારા ફોઈ આંખો દિવસ મારા પપ્પાને શોધ્યા પણ પપ્પા મળ્યા નહીં પછી સોમવારે સવારે મેં મારા મમ્મી ને કીધું કે મમ્મી આજે મારા પપ્પા ને કશેથી પણ લઇ આવજો . મમ્મી એ કીધું કે 'હા' બેટા આજે હું પપ્પા ને લઇ નેજ આવું. મારા મમ્મી બહારગામ ગયા પપ્પા ને શોધવા ગયા. ઘણી હોસ્પિટલ ગયા પણ બધા ના જ પાડે.



પછી નવસારીની સિવિલ હોસ્પિટલ ગયા ત્યાંથી મારા પપ્પા હવે નથી રહ્યા એવી ડોકટરે મને જાણ કરી. સ્ટેશન પાસે ACCIDENT થવાથી તેમનું અવસાન થયું.

મેં જ્યારે મારા પપ્પાના દુ:ખદ સમાચાર સાંભળ્યા ત્યારે મારા હૃદયની ધરતી ધ્રુજી જાય એવો પ્રચંડ ભૂકંપ નો આંચકો આવ્યો. અમારા પરિવારનું શિર છત્ર છિનવાઈ ગયું હતું, હવે અમારી સંભાળ કોણ લેશે?

જેમને હું સૌથી વધારે પ્રેમ કરતી હતી જેની સાથે મારા દિલની બધી વાત કહી શકતી હતી. જે મારા માથા પાર હાથ મૂકીને પુછતા દીકરી તને કંઈ પ્રોબ્લેમ તો નથી ને જેને કહું. અમને દુ:ખ શબ્દનો અહેસાસ પણ થવા નથી દીધો. એ હાથ આજે મારા મમ્મીની ચિંતામાં અને જવાબદારીમાં ઘણો વધારો થઇ ગયો હતો .કેમકે પપ્પા હતા તો અમને ક્યારે ચિંતા ન થવા દેતા પરંતુ અચાનક જ એ બધું મારી મમ્મી પર આવી ગયું હતું . હું ત્યારે ૯ ધોરણમાં ભણતી હતી ત્યાર પછી હું ધોરણ ૧૦ માં ભણીને સ્કુલ છોડી દીધી કેમ કે અમારી એટલી પરીસ્થિતિ ન હતી કે હું ભણી શકું મારી એક બહેન નાની હતી. તેને ભણાવવાની હતી એટલે હું નોકરી પર લાગી ગઈ. હું ૧૬ વર્ષની હતી ત્યાર થી જ નોકરી પાર લાગી ગઈ અને હું જ નોકરી કરી ને મારી બહેન ને ભણાવું છું . મારા પપ્પાના અવસાન પછી તો અમારી જિંદગી જ બદલાઈ ગઈ. ખુશી શબ્દ જ અમારા જીવનમાંથી ચાલ્યો ગયો હતો. મારા મમ્મીની ચિંતા અને જવાબદારી દિવસે ને દિવસે વધતી જતી હતી. મારી મમ્મી રોજ ચિંતા કરતા કે મારી દીકરીના લગ્ન અને તેમની જવાબદારી કેમ પૂરી કરીશું.????

મારા પપ્પાનું અવસાન થયું ને આજે ૮ વર્ષ પૂરાં થયાં છે. પણ મારો એ પણ દિવસ એવો નથી કે જે દિવસે મને મારા પપ્પા યાદ આવ્યા  હોય. કેમ કે જ્યારે પણ ફ્રેન્ડ કે કોઈ પણ વ્યકિત પપ્પા શબ્દ બોલે એટલે પપ્પા યાદ આવી જ જાય.  આજે ૮ વર્ષ થી હું મારા પપ્પાના પ્રેમ,વ્હાલ માટે રડતી હતી. મને પણ મનમાં થતું કે હું પણ મારા પપ્પા  સાથે વાતો કરુ પણ એ તો હવે એક સ્વરૂપનું જ બની ગયું હતું.

પછી એ મારું સ્વરૂપનું સાચું થયું. મારા લગ્ન નક્કી થયાં ત્યારે પછી જાણવા મળ્યું કે મહેશપપ્પા પિતા વગરની દીકરીઓને લગ્ન કરાવે છે. પછી અમે ઓફીસ જયને ફોર્મ સબમીટ કર્યું પછી અમે પહેલીવાર મહેશપપ્પાને મળ્યા ત્યારે મને થયું કે મારા પપ્પા મને પાછા મળી ગયા . મહેશપપ્પા એમને જ્યારે દિકા કહીને બોલાવી અને કહું કે આજથી હું જ તારા પપ્પા છું ત્યારે મને થયું કે ભગવાને અને મારા સ્વર્ગવાસી પિતા એ મારી પ્રાર્થના સાંભળીને મને મહેશપપ્પાને મલાવી દીધા. કેમ કે મારી પાસે બધું હતું પરંતુ એક પિતા ન હતા.

જે મારા માથા પર હાથ મૂકીને કહું કે આજથી તું મારી દિકા છે. તારી બધી



જવાબદારી મારી છે. ત્યારે મારી આંખોમાંથી આંસુ સરી પડ્યા કેમ કે ૮ વર્ષથી હું જે પિતાના વ્હાલ અને પ્રેમ માટે તડપતી હતી. એ પપ્પાનો પ્રેમ અને વ્હાલ મને મને મળી ગયો છો. એ પછી તો મારી મમ્મી ની જવાબદારી અને ચિંતાઓ દૂર થઇ ગઈ કેમ કે બધી જવાબદારી તો મહેશપપ્પા એ ઉપાડી લીધી હતી.

મારા મહેશપપ્પાએ મારાં લગ્ન એવી જ રીતે કરાવ્યાં  છે જેવી રીતે મારા પપ્પાનું સ્વપ્નું હતું. એ  સપનું મહેશપપ્પા એ પૂરું કર્યું છે. આપણે તો વિચારી પણ ના શકીએ પણ મારા મહેશપપ્પા એ તો સાચું કરીને બતાવ્યું છે. સુખ અને દુઃખ સાથે રાખીને કેટલીય દીકરીઓના કન્યાદાન કર્યા કરીને વિદાય પણ આપી છે. પણ ક્યારેય એમને હિંમત હારી નથી. આટલી બધી દીકરીઓનું કન્યાદાન કરીને વિદાય આપવીએ કોઈ સામાન્ય પિતાની હાથની વાત નથી. એના માટે ઈશ્વરનો આશીર્વાદ હોવા જોઈએ અને એ સત્યપુરુષ જ કરી શકે અને મારા મહેશપપ્પાની સાથે તો ઈશ્વર નો આશીર્વાદ છે. અને ઘણા બધા માણસોની દુઆ પણ છે કે આટલી બધી દીકરીઓની વિદાય કરી શકે છે. એક પિતા માટે એના દિકરીના લગ્ન કરાવવાથી જવાબદારી પૂરી નથી થતી પરંતુ જવાબદારી ચાલુ થાય છે. એની દીકરી સાસરે સુખી તો છે. એ બધી ચિંતા એક પિતાની હોય છે. અને મારા મહેશપપ્પા એ બધી ચિંતા એક પિતાની હોય છે. અને મારા મહેશપપ્પા એ બધી જવાબદારી ખુબ જ સારી રીતે નિભાવે છે.

**મારા માટે તો મારા મહેશપપ્પા એક ભગવાનનું સ્વરૂપ જ છે.**

## ખુશ્બુ કિશોરભાઈ પ્રજાપતિ

જન્મતારીખઃ- ૨૮/૧૦/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૨૬/૦૮/૨૦૧૬



પપ્પા હું શું કહું મારી પાસે તમને કહેવા માટે શબ્દ નથી હું મારી મનની એક વાત તમને કહેવા માંગું છું કોઈ ને કહેવાની મારામાં હિંમત નથી. હું દસમું ભણીને ઉભી થય ગઈ હતી. મારે આગળ ભણવું હતું પણ મારા પપ્પા ને પેરેલીસિસની બીમારી લાગી ગઈ અને તેનું કામ કરતા પણ બંધ થય ગયા. અમે ત્રણ બહેનો અને એક ભાઈ છીએ. સૌથી નાની હું છું પપ્પાની લાડકી દીકરીએ મને બહુ જ પ્રેમ કરતા હતા. હું જીન્માસ્ટીક માટે જતી હતી અને મને જ્યારે જીન્માસ્ટીક માટે બહાર જવાનું હોય ત્યારે મને મોકલતા હતા. ત્યારે મારા પપ્પા મારા માટે બહુ સારો નાસ્તો લઈને મને સ્ટેશન પર પણ મુકવા આવતા હતા. જ્યાં સુધી મારી ગાડી શરૂ નહી થાય ત્યાં સુધી મારા પપ્પા મારી સામે જોઈ રહેતા હતા અને રડી પડતા . મારા પપ્પા ગાડી શરૂ પછી મારી જિંદગી સાવ વિરાન બની ગઈ હતી. પછી મારી સગાઈની વાત આવી ત્યારે મારા મમ્મી ને હું વિચારતા હતા કે તારા લગ્ન કેવી રીતે થશે. કારણકે આપણા ઘરે કોઈ કામ કરવા વાળું નથી. ત્યારે અમે તમારી વાત સાંભળી અને અમે તેમાં ફોર્મ ભર્યું અને અમારું નામ તેમાં આવી ગયું. અને જ્યારે પહેલી મિટિંગ માં આવ્યા ત્યારે મને દિલમાં અહેસાસ  થયો કે હું મારા પપ્પાની યાદમાં બહુ રડતી હતી પણ અત્યારે તમે મને પપ્પાની કમી પૂરી કરી દીધી અને મને અહેસાસ થઇ ગયો કે મારા પપ્પા હતે તો પણ આટલા સારા લગ્ન કરી ન શકતે. તમે મને સાડીની ખરીદી પણ બહુ સારી કરાવી . અત્યારે હું મારા દિલથી તમને એ જ કહું છું કે દુનિયા ના બેસ્ટ પપ્પા હોય તો મારા મહેશપપ્પા જ છે. તમે ભગવાનના રૂપમાં મને મળ્યા છો.

**I LOVE U PAPA.......**



# કામળીયા મીના જેન્તીભાઈ

જન્મતારીખઃ- ૧૨/૦૭/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૨૪/૦૧/૨૦૧૧



પરમ પૂજય શ્રી આપને જણાવવાનું કે મારા મમ્મી-પપ્પા બંને હયાત નથી. હું મારા મોટા પપ્પા સાથે રહું છું અમે ૩-બહેન અને ૧-ભાઈ છીએ, અમને અમારા મોટા પપ્પા પોતાની દીકરી ની જેમ જ રાખે છે. તો પણ મનમાં ક્યારેક વિચાર આવે કે મારા પપ્પા હોત તો કેટલું સારું પણ જયારે તમે મળ્યા ત્યારે એવું લાગ્યું કે સાથે જ ભગવાને મારું સાંભળ્યું મને મારા પપ્પા પાછા મળી ગયા .

જીવીશ ત્યાં સુધી મોટા બાપા અને મારા મહેશપપ્પા ને ક્યારેય ભુલીશ નહિ તેમજ મારા આત્મા ની અંદર થી એવો વિચાર આવ્યો કે પપ્પા ગણું કે ભગવાન ગણું મારે માટે તો તમો ભગવાન અને મમ્મી-પપ્પા છો. અને જો હું દેશમાં રહી હોય તો તમો મને મળ્યા જ ન હોત એટલા માટે મારા મોટા બાપા મને સુરત લાવ્યા એટલે મને જિંદગીમાં ક્યારે ન મળ્યું હોય એવું જ મને કેટલું મળ્યું તેમનું તો હું સરવાળો પણ નહિ કરી શકુ અને મારા માટે તો સારા સંસ્કાર અને ભાવ મારા મોટા બાપા પાસેથી મળ્યા.

જન્મ દેનાર મારા મમ્મી-પપ્પા કરતા વિશેષ મને મારા મહેશપપ્પા જેટલું લખું એટલું ઓછુ મારા માટે .......

**લિ.**
**તમારી વ્હાલી લાડકી**
**મીના.**





# ચાવડા જ્યોતિ દિપકભાઈ

જન્મતારીખ:- ૧૮/૦૫/૧૯૯૮
પિતાની પુણ્યતિથિ:- ૨૧/૦૫/૨૦૦૬

પ્રિય પપ્પા,

સાદર પ્રણામ, ભગવાને મને મારા પપ્પા પાછા આપ્યા, તેથી તેનો ખુબ ખુબ આભાર.

પપ્પા એ એક એવી વ્યક્તિ છે,જે બહારથી કઠોર અને અંદરથી એકદમ કોમળ હ્રદયના હોય છે.તે પોતાનું દુ:ખ કોઈને બતાવ્યા વગર બસ પરિવારની ખુશી માટે હંમેશા મહેનત કર્યા કરે છે. અને દીકરી એ પપ્પાનું બહાર હરતું-ફરતું હ્રદય હોય છે.

અમારા પરિવારમાં મારા મમ્મી-પપ્પા, મોટી બેન અને નાનો ભાઈ એમ કુલ પાંચ સભ્ય ખુબ જ પ્રેમથી રહેતા હતા,મારા પપ્પાની હું વ્હાલી દીકરી હતી . મારા પપ્પા મારી બધી જ ઈચ્છાઓ પુરી કરતા હતા . પરંતુ હું હજુ છ વર્ષની હતી ત્યારે મારા મમ્મી બીમારીના કારણે મૃત્યુ પામ્યા તેનો આઘાત સહન ન થવાથી પપ્પાની તબિયત ખુબ જ ખરાબ થવા લાગી અને બે વર્ષ બાદ મારા પપ્પા પણ અમને છોડીને ચાલ્યા ગયા મને ખુબ જ દુ:ખ થયું . અમે ત્રણેય ભાઈ-બેન મારા દાદા-દાદી જોડે રહેવા લાગ્યા. હું મારા મમ્મી - પપ્પાને ખુબ જ MISS કરતી હતી. મારા દાદાએ મને ૧૦ ધોરણ સુધી ભણાવી . મારા દાદા અમારું ખુબ જ ધ્યાન રાખતા હતા. પરંતુ મારા દાદા પણ બે વર્ષ પહેલા ભગવાનને પ્યારા થઇ ગયા . જાણે અમારા પાર દુ:ખના પહાડ પડ્યા હોય તેવું લાગ્યું. પરંતુ ભગવાને થોડા સમય બાદ મને મારા પપ્પા મહેશપપ્પાના રૂપમાં પાછા આપી દીધા . મને પિતાની છત્રછાયા પાછી મળી ગઈ તેથી હું ખુબ ખુશ છું. ભગવાનનો ખુબ ખુબ આભાર ,

મેં ક્યારેય વિચાર્યું પણ નોતું કે મને ફરી પપ્પાનો પ્રેમ મળશે. હું જ્યારે પણ મારા પપ્પા વિશે વિચારું તો હવે મને મહેશપપ્પાની યાદ આવે છે. જ્યારે મહેશપપ્પા ને મળી ત્યારે મને એવુજ લાગ્યું કે મારા પપ્પા ને મળી.

પપ્પાની આંખોમાં પ્રેમ અને લાગણી જોઇને મારી આંખોમાં આંસુ આવી ગયા.

જીવનમાં બધું જ મળે છે. પણ મા-બાપ ન મળે એ વાતને મહેશપપ્પા એ ખોટી સાબિત કરી.કેમ કે મને મારા પપ્પા ફરી પાછા મળી ગયા છે, એવું લાગે છે જાણે ભગવાને કળિયુગમાં મહેશપપ્પા ના રૂપમાં અવતાર ધારણ કર્યો છે.

મને સમજાતું નથી કે હું મારી લાગણીઓને શબ્દોમાં કઈ રીતે ઉતારું . બસ ભગવાન મારા મહેશપપ્પાને સદા સુખી રાખે તેવી પ્રાર્થના કરું છું.

**I LOVE YOU DEAR PAPA..**
**THANK YOU SO MUCH..**

**લિ. તમારી વ્હાલી દીકરી**
**જ્યોતિ.**





## ટાપણીયા સરોજ જીવરાજભાઈ

જન્મતારીખ:- ૧૧/૦૯/૧૯૯૭
પિતાની પુણ્યતિથિ:- ૭/૨/૧૯૯૭

**DEAR PAPA,**

પપ્પા તમે હંમેશાં મારી સાથે જ છો . હું મારી જાતને એકલી નથી માનતી. મારી જોડે મારા પપ્પા છે જે ઈશ્વરથી પણ મહાન છે.

મારા પપ્પાનું અવસાન થયું ત્યારે તો હું જન્મી પણ ન હતી . મને તો આજ સુધી ખ્યાલ જ ન હતો કે પપ્પા નો પ્રેમ કેવો હોઈ?પપ્પાનો ચહેરો કેવો હતો તે પણ મને નથી ખબર ફોટો જોઈને અંદાજ મારું કે મારા પપ્પા આવા જ હશે .

પપ્પા તમે અમારી લાઈફમાં આવ્યા પછી અમારી જિંદગી ખુશખુશાલ છે. હું મહેશપપ્પામાં મારા પપ્પાને મહેસુસ કરું છું . મારા બેસ્ટ સુપર મેન મહેશપાપા છે. પપ્પા અને મારી મિટિંગ એક મુલાકાતમાં થઈ હતી . પપ્પા એ મને મનગમતી શોપિંગ કરાવી .

હું મારા મહેશપપ્પા ને દિલથી આભાર માનું છું. મારી લાઈફ માં આવીને મારી લાઈફ માં પપ્પાની ખામી પુરી.

THANK YOU PAPA...
LOVE YOU PAPA...
I MISS YOU PAPA...

**જય રામાપીર**
**લિ. તમારી વ્હાલી દીકરી**
**સરોજ ટાપણીયા.**



## ખાન મરીયમ સલીમ ખાન

જન્મતારીખઃ- ૧૭/૦૪/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૨૦/૦૨/૨૦૧૬



MY DEAR PAPA,

"ફુલ કી શરૂઆત કલી સે હોતી હૈ,
જિંદગી કી શરૂઆત પ્યાર સે હોતી હૈ,
પ્યાર કી શરૂઆત અપનો સે હોતી હૈ,
ઔર અપનો કી શરૂઆત મેરે પ્યારે,
મહેશપપ્પા સે ઔર પ્યારી દીદી યો  સે હોતી હૈ"

આપકે લિયે ક્યાં કહુ આપકે જેસા ઈન્સાન મેરી લાઈફ મેં મેને કભી નહિ દેખે પાપા આપ જેસે લડકિયોં કો પ્યાર દેતે હૈ વો લડકિયા બહોત ખુશનસીબ હૈ, મેરે પાપા કી હાલત બહોત ખરાબ થી .એક દિન મેરે પાપા કી તબિયત ખરાબ હો ગઈ ઉનકો વોમીટ ઔર ટોઈલેટ છાલું હો ગઈ થી ફિર ઉન્હેં મેડીકલ કોલેજ મેં એડમિટ કિયા ગયા, ફીર ઉન્હેં આઠ-દસ દિન તક હોસ્પિટલ મેં રખા ગયા .ઉસકે બાદ ઘર લાયે. કુછ દિન બાદ વો ગુજર ગયે. હમારે ઘર હમારા કોઈ બડા ભાઈ નહિ થા.સિર્ફ હમ દો બહેન ઔર એક સબસે છોટા ભાઈ થા .પાપા કે ગુજર ને કે બાદ હમારે ઘર કી પરિસ્થિતિ બહોત ખરાબ હો ગઈ થી .મેરે ઘર મેં સબસે બડી બહેન થી . તો મેને મેરે ભાઈ-બહેન કો પઢાયા  ઔર મેને બહેન કો ૧૨વી કલાસ  પઢાયા .હમ સબ કામ પર જાકાર હમારે ઘર કા ગુજારા કરતે થે . મેરે પાપા કે જાણે કે બાદ હમારી જીંદગી વિરાન હો ગઈ થી . મેરી મમ્મી કો મેરી ફિકર થી કે મેરી શાદી કેસે કરેગે  ઔર ફિર એક દિન મેરે સસરે ને બતાયા કી મેરી મામી કી લડકિયોં કી શાદી વહા હુઈ યાની કી પી.પી. સવાણી મેં બેટીયો કી શાદી હોતી હૈ. ઉન્હો ને બતાયા કી એક નેક ફરિશ્તા યાને કી મહેશપાપા યતીમ લડકિયો  કી શાદી કરવાતે હૈ ,ફિર મેં  ઔર મેરી મમ્મી ઉનસે જાકાર મિલે . મહેશપાપા સે મિલને કે બાદ હંમે બહોત અચ્છા લગા  ઔર જબ ઉન્હેં પહેલી બાર મુજે બેટી કહા તબ મુજે મેરે પાપા કી યાદ આઈ તબ એસા લગા કી મેરે

પાપા ને મુજે બુલાયા . મહેશપાપા આપ બહોત અચ્છે ઈન્સાન હો. પાપા આપ જેસા કોઈ નહિ. આપ મેરે જૈસે યતીમ લડકિયો કી શાદી કરાતે હો ઔર ઉન્હેં સગે પાપા જૈસે પ્યાર દેતે હો . મહેશપાપા મુજે આપકી યે આદત બહોત અચ્છી લાગી. આપ મેરી લાઈફ મેં મેરે પાપા બન કે આયે ઉસકે લીયે ‘ THANK U PAPA ‘ . ઔર આપકા શુક્રિયા અદા કરતી હું પાપા અલ્લાહ-તઆલા આપકો લંબી ઉમ્ર,હિંમત ઔર તાકાત હે કે આપ હમારે જેસે કઈ લડકિયોં કી શાદી કરવાએ પાપા.

મહેશપાપા કી એક આદત બહોત અચ્છી થી કે વો કભી ભી જાતિ ભેદભાવ નહિ કરતે હૈ  એ બાત ઉનકી બહોત પ્યારી લગતી હૈ ઔર એક બાત વહા મુજે મેરી બહોત સારી દીદીયા ભી મિલી વો સબ બહોત અચ્છી હૈ . મુજે ઉનકે સાથ શોપિંગ કરના અચ્છા લગા. વો દીદીયાં સબ કો બહોત અચ્છા પ્યાર દેતી હૈ ઉન સબને ભી મુજે અપની બહેન જેસા માના .મુજે ઐસા લગા કી મેં અપની ફેમિલી કે સાથ મેં હું ઔર મેં આપ લોગો કે સાથ બહોત ખુશ હું ઔર આપ લોગો ક શુક્રિયા અદા કરતી હું.

**THANK YOU PAPA**

**HANK YOU DIDI**

**“માં ઘર કા ગૌરવ તો પાપા કા અસ્તિવ હોતે હૈ,**
**માં દોનો સમય ક ભોજન બનતી હૈ**
**તો પાપા જીવન ભાર ઉસ ભોજન કી વ્યવસ્થા કરતે હૈ ,**
**છોટે-છોટે સંકટ કે લિયે માં હૈ લેકિન બડે સંકટ કે લિયે પપ્પા હી કામ આતે હૈ,**
**પાપા એક વ્રુક્ષ હૈ જિસકી શીતલ છાંવ મેં સંપૂર્ણ પરિવાર સુખ મેં રહતે હૈ”**

લી. આપકી પ્યારી દિકા,
મરીયમ.



## રાંદેરી નસીમબાનું

જન્મતારીખઃ- ૧૭/૦૪/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૨૦/૦૨/૨૦૧૬



**અસ્સલામું અલ્યકુમ**
**MY DEAR PAPA..,**

જય રામાપીર પપ્પા,આપકે લીયે ક્યા કહું? મેરે પાસ શબ્દ નહિ હે. આપકે જેસે ઈન્સાન મેને મેરી લાઈફ મેં કભી નહિ દેખે. 'માં' કે લીયે તો હર કોય લિખતા હે, લેકીન જબ એક પિતા કે લીધે લિખના હો તો દુનિયા કે બેસ્ટ કવિ કે લેખક ભી પીછે રહે જાતે હૈ ક્યુંકિ એક પિતા કે લીયે ઉન્કી બેટી હી લીખ શકાતી હે, સહી કહાના પાપા . મેરે પરિવાર મેં અમ્મી-અબ્બુ, મે, ભાઈ-બહેન અમારી છોટીસી ફેમિલી થી હમ બહોત અચ્છે સે રહતે થે ,મેરે અબ્બા બહોત મહેનત કરતે થે તાકી હમ અચ્છે સે રહ શકે હમેં કિસી ચીજ કી કભી કોઈ કમી નહિ હોને દી ઉન્હોને, ઉન્કો કોઈ બીમારી ભી નહિ થી અચ્છે ભલે થે.એક દિન મુઝે હી શરદી-બુખાર થા તો બોલે ચલો દવા લે આતે હે, અમ્મી અબ્બા ઔર મેં હમ તીનો દવાખાને ગયે થે મેરી દવા દેને વહા પર હી અચાનક સે ઉનકો દર્દ હુવા ઓર વહી પર ગીર પડે ઓર ઉનકા હાર્ટએટેક કી વજહ સે ઉસી જગહ ઈન્તેકાલ હો ગયા...

અપને અબ્બા સે મેં બહોત પ્યાર કરતી થી, હરકોઈ કરતા હૈ, ઉનકે પાસ મેરી સારી પરેશાની કા હલ હોતા, કોઈ ભી બાત હોતી એક દોસ્ત કી તરહ સમજાતે.

ઉન્કે જાણે કે બાદ ઘર કી સારી જિમ્મેદારી મુજ પર આ ગઈ કયું કી અમ્મી ઉન્કી અચાનક મૌત કા સદમા બરદાશત નહિ કર પાઈ થી ઓર અમ્મી કો ડીપ્રેશન કી બીમારી હો ગઈ એસે મે ઘર મે મે બડી થી તો બહોત કોશિશ કે બાદ મુજે એક જોબ મિલી ફિર સોચા ચલો અબ થોડી આસાની હોગી લેકિન અબ્બા કી કમી હંમેશા રહેતી .

અબ્બા કે જાને કે બાદ મેરી ફેમીલી પૂરી બદલ ગઈ મેને અપની શાદી યા આગે પઢાય કરના છોડ દિયા યે સોચકર કે અગર મેં શાદી કરકે ચાલી ગઈ તો મેરી ફેમીલી કી જિમ્મેદારી કોન લેગા.

આજ મેરે અબ્બા કો ગુજરે હુવે પુરે ૬ સાલ હો ગયે. આજ ભી ઉન્કી

કમી તો રહેતી હે મગર અબ મેં ખુશ હું ક્યોકી ઈસ સાલ જબ શાદી કી બાત આઈ રિશ્તા પક્કા હુવા તબ અમ્મી પરેશાન કે અબ શાદી કેસે હોગી તબ હમારે નજદીક કે રિશ્તેદાર મેં નાજુદીદી ઉન્કી શાદી ભી મહેશપપ્પા ને કરાઈ થી ઉન્સે બાત હુઈ ઉન્હોને બતાયા આપ યહા ફોર્મ ભરદો શાદી કે લીયે.

મુજે યાદ હે મેં નાજુદીદી કે સાથ જબ ઓફિસ ગઈ મેરે મન મેં બહોત સે સવાલ થે પતા નહિ કેસે મિલેગે હમ મુસ્લિમ હે લેકિન જબ પાપા કી ઓફિસ મેં આયે ઉન્હોને સામને સે સલામ કિયા એસે બિલકુલ ભી નહિ લગા કે મહેશપાપા સે પહેલીબાર મિલ રહી હું લગા જેસે બરસો સે જાનતે હે ઉન્હોને બેટા કહે કર બુલાયા .

આજ મેં બહોત ખુશ હું ક્યુકી મેરે પાસ મહેશપાપા હે . મેં અલ્લાહ ક બહોત અહેશાન માનતી હું કી ઉન્હોને મુજે ઈતના ખુશ નશીબ બનાયા કે મેરી લાઈફ મેં આપ સબસે અહમ બાત જબ પહેલી મિટિંગ થી તબ અમ્મી કો ભી બુલવાયા ઓર ઈતને અચ્છે સે સમજાયા થા ઓર શાદી કી સારી જિમ્મેદારી મહેશપાપા ને ઉઠાઈ, અમ્મી કી સારી પરેશાની તબ હી ખતમ હો ગઈ. અમ્મી બહોત ખુશ થે ઓર ઉન્શે જ્યાદા મેં.

મહેશપાપા આપકો દિલ સે થેન્ક યુ ઓર બહોત બહોત લવ યુ. મહેશપાપા મેરી દિલ સે આપકે લિયે યહી દુઆ હે અલ્લાહ આપકો આફીયત સે, સેહત - તંદુરસ્તી અદા કરે ઓર બહોત સારી ખુશિયા અદા કરે ઓર આપ એસે હું મેરે જેસી કઈ લડકિયો કી શાદી કરવાયે.,મહેશપાપા મેને મેરી મેં આપ જેસે ઈન્સાન નહિ દેખે કભી,આપ બહોત અચ્છે હો. આપકે અમ્મી અબ્બુ ને આપકો ઈતને પ્યારે સંસ્કાર દિયે હે, મેં આપકે અમ્મી અબ્બુ ઔર સબ દીદીઓ કો ઔર પુરી સવાણી પરિવાર કો દિલ સે સલામ.

'પાપા' આજ મેરે હાથ રુક હી નહી રહે,<br>
ખૈર અગર લિખને મેં કોઈ ગલતી હુઈ<br>
તો આપ અપની દિકા કો માફ કરના.<br>
આખીર મેં બસ ઈતના કહુંગી.....<br>
મેરી જમીન આસ્માન, મેરે પાપા લવ યુ, પાપા.....મહેશ પાપા.<br>
અસ્સલામુ અલ્યકુમ ,જય રામાપીર.

**લિ. આપકી પ્યારી દિકા,**<br>
**નસીમાબાનુ.**



# પુજા ભરતભાઈ ધારૈયા

જન્મતારીખઃ- ૧૮/૧૦/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૦૫/૧૧/૨૦૧૧



**જય રામાપીર બાપા..**
**મારા પ્રિય પપ્પા**

જ્યારથી પપ્પા મળ્યા ત્યારથી ખુબ જ ખુશ છું. કેમ કે મેં નોતું વિચાર્યું કે મારા લગ્ન આટલા સારી રીતે થાશે. હું ૧૨ વર્ષ ની હતી, ત્યારે મારા પિતાનું અવસાન થયું હતું. અમે ચાર ભાઈ બેન હતા. મારા મમ્મી ઘણું દુઃખ સહન કરીને અમને આટલા મોટા કર્યા ,મારા મમ્મી હોસ્પીટલમાં નોકરી કરીને અમારી બધી જરૂરિયાતો એકલા હોવા છતાં પુરી કરી ,કોય સાથ આપે એવું પણ ન હતું,તો મારા મમ્મી અમને ભાઈ બહેન ને હંમેશા ખુબ રાખ્યા .

મારા મેરેજ નક્કી કર્યા પછી મેં નોતું વિચાર્યું કે આટાળી સારી જગ્યા એ અને સારી રીતે થશે અને મને મહેશપપ્પા મળ્યા ત્યારથી મારું મેરેજ નું બધું જ ટેન્શન દુર થાય ગયું. મહેશપપ્પા એ મારા લગ્નની એ બધીજ જિમ્મેદારી લીધી, જેટલું પપ્પા એ મારા માટે કર્યું છે. એટલે શાયદ આ આખી દુનિયામાં કોઈ ન કરી શકે,પપ્પા તમે મારા માટે ભગવાન સમાન છો. મારા પિતા ન હોવા છતાં મહેશપપ્પા એ એક પિતાની બધી જિમ્મેદારી નિભાવી . મને પોતાની દીકરી માણી અને મારા લગ્ન આટલા સરસ રીતે કરાવ્યા . પપ્પા તમે દુનિયાના બેસ્ટ પપ્પા છો,પપ્પા કહે છે ,દીકરી લીલનો દીવો હોય છે. પણ હું તો ,દિલથી મહેશપપ્પાને ભગવાનનું બીજું રૂપ માનું છું. મારા વ્હાલા પપ્પા .

હું તમારી વ્હાલી દીકરી
**ધારૈયા પુજા .**





## ડાભી મુસ્કાન

જન્મતારીખઃ- ૧૩/૦૭/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૦૯/૦૩/૨૦૧૫

**મહેશપપ્પા,**

હું મુસ્કાન મારા પપ્પા હતા ત્યારે મને એક જ વાર માર્કેટ લઇ ગયા હતા ને બીજા રવિવારે મારા પપ્પા મને મુકીને ચાલ્યા ગયા . હું હસવાનું ભુલી ગઈ . મારા ભાઈ બહેન પણ રમવાનું ભુલી ગયા . જેમ તેમ ઘરનું ગુજરાન ચાલતું હતું. મમ્મી વર્ષથી મારા લગ્નની તપાસ કરતી કે જ્યાં સારા લગ્ન થાય ત્યાં મારા લગ્ન કરે ને અચાનક તમારી ખબર પડી મમ્મી પહેલીવાર તે એરિયામાં આવીને વિરલદીદીને મળ્યા ને મારો CHANCE લાગી ગયો . આજ હું મારા મમ્મી ભાઈ બહેન બહુ જ ખુશ થઇ ગયા કે તમે અમારા ફેમિલીનો હિસ્સો બન્યા બહુજ સરસ લાગ્યું કે આને બોમ્બે માર્કેટ કહેવાય હું બધુજ ભુલી ગઈ હતી આજે તમે અમારો સહારો બન્યા આજે મારા પપ્પા હોત તોય અમે આવા લગ્ન ન કરી શકત . અમારી પરિસ્થિતિ નબળી હતી પપ્પા ગયા પછી વધારે નબળી બની પણ તમારા આવવાથી અમારી જિંદગીમાં રોશનીનો આવકાર થયો. અલ્લાહ તમને હંમેશા ખુશ રાખેને તમને હિંમત આપે કે અમારી જેવી દીકરીઓને તમે આટલું સરસ રીતે સન્માન, આવકાર,મહોબ્બત આપો અને મારી મમ્મીની દુઆ હંમેશા તમારી સાથે છે.

**આમીન સુમ્માં આમીન..**
**હું મુસ્કાન પપ્પાની વ્હાલી દીકરી....**



## કાલાણી ડોલી જી.

જન્મતારીખઃ- ૦૭/૧૦/૧૯૯૬



DEAR PAPA,

પિતાના વાત્સલ્ય ને ઝંખતી એક તમારી દીકરી ડોલીના જય રામાપીર...

મહેશપાપા આજે હું તમને મારા વિષે કઈંક કહેવા માંગું છું. જેમાં મારી જિંદગીના એવા પલ સુખ દુ:ખના છે. જે પપ્પા તમારી સાથે વહેંચવા માંગુ છું.પપ્પા અને બધી જ દીદીઓ મારાથી જાણ્યા અજાણ્યા કઈંક એવું કહેવાયબ જાય તો પ્લીઝ મહેશપપ્પા અને દીદીઓ મને માફ કરી દેજો.

મહેશપપ્પા અમે ત્રણ બહેનો જ છીએ. મારી બે બહેનો નાની છે .૧)કશીશ (૧૨ વર્ષ) , ૨)જાન્વી (૭ વર્ષ). દીદીઓ તમે બધા લક્કી છો કે તમને તો પપ્પા નથી ને પ્રેમ નથી મળ્યો અમને તો પપ્પા હોવા છતાં પણ પ્રેમ નથી મળ્યો. મારા મમ્મી-પપ્પા નો ડિવોર્સ થઇ ગયો છે. કારણ કે જ્યારે મારા પપ્પા હતા ને અમારી પાસે ત્યારે એમને છોકરીઓ નથી ગમતી એ હંમેશા છોકરાનાં જ સપના જોતા હતા એમને છોકરી નહિ છોકરા જ જોઈએ .અમને તો હંમેશા બોજ જ ગણતા. મારી પછી એક મારી નાની બહેન આવી ત્યારે ત્યારેના સમય ની વાત છે એવા શબ્દ અમારા પપ્પાએ અમને કહ્યા કે અમને ખુબ જ દુ:ખ લાગ્યું .મારી બહેન ની તબિયતના લીધે અમે બહાર નું દૂધ મંગાવતા તો તેનું બીલ ભરવાનો સમય આવ્યો ત્યારે અમારા પપ્પા એવું બોલ્યા કે મેં દૂધ નથી પીધું હું બીલ નહિ ભરું . અમારા લીધે મમ્મી-પપ્પા વચ્ચે ખુબ જ ઝઘડા થતા હતા .મમ્મી અમારા લીધે અત્યાચાર ખુબ જ સહન કરતી આવી જ રીતે સમય વીતતો ગયો પછી મારી બીજી નાની બહેન જાન્વી આવી ત્યારે તો હદ જ થઇ ગઈ .પપ્પા એ મારી બહેન ને રમાડી પણ નહિ અને હોસ્પિટલ નું બીલ ભર્યા વગર જ જતાં રહ્યા પછી અમે મારા મમ્મી ને લઇ ને ઘરે આવ્યા અમારા પપ્પા અમારી સાથે વાત પણ ન કરતા એમનો અત્યાચાર અમારી ઉપર પણ વધતો ગયો.થોડા સમય આમને આમ જ વીતતો ગયો અને થોડાક સમય પછી પપ્પા અમને મૂકી ને જતા રહ્યા કીધા વગરના એ ટાઈમ પર અમારા



ઘરની પોઝિશન પણ સારી ન હતી અને બધાની તબિયત પણ ખરાબ હતી અને હોસ્પિટલના પૈસા પણ અમારી પાસે ન હતા . મને તો બાપ નો અર્થ તો ખબર પડે છે પણ મારી બહેનોને તો બાપ શું છે? એ પણ નથી ખબર .અમે ખુબ જ એકલા પડી ગયા હતા.થોડાક સમય વીતી ગયો અમને તો બાપની હુંફ મળી જ નહિ પછી પણ મન માં એક ઉમ્મીદ હતી કે મારા મેરેજ પછી મને બાપાનો પ્રેમ મળશે.મારા સસરાના રૂપમાં મારા સસરા મને માથે હાથ ફેરવી ને કહેશે.દીકરા ચિંતા ના કર હું બેઠો છું ને! હું તારો બાપ જ છું. તું મારી વહુ નહિ મારી દીકરી છો. મારા નસીબ મને જ્યાં લઇ ગયા ત્યાં અફસોસ કે મારા પપ્પા એટલે કે મારા સસરા પણ સ્વર્ગવાસ સિધાવી ચુક્યા છે. હું હારી ગઈ કોઈ ઉમ્મીદ જ નહોતી બધા જ સપના વિખેરાઈ ગયા. ભગવાન ને પ્રાથના કરતી કે પ્લીઝ મારી બહેનોના નસીબ માં તો બાપ નો પ્રેમ આપજો. અચાનક થોડાક સમય પછી મારી કિસ્મત બદલાઈ ભગવાને મારા દિલમાં ફરી ઉમ્મીદ જગાડી. ભગવાન ખુદ જ મહેશ પપ્પાના રૂપમાં અવતર્યા મારી લાઈફમાં,મારી તો લાઈફ જ બદલાઈ ગઈ. મહેશ પપ્પા ને હું ખુદ ના પપ્પા કરતા પણ વધારે ફરજ બજાવતા જોતી હતી. અને મારી નાની બહેનો ને પણ એમની દીકરી થવાનું નસીબ જાગ્યું. મારા લગ્ન “લાડકડી” માં નક્કી થઇ ગયા. મહેશ પપ્પા, મારા જેવી બીજી દીદીઓ એ પણ પપ્પાના પ્રેમ ની ઉમ્મીદ છોડી દીધી હશે પણ પપ્પા તમે તો બધી જ દીદીના બાગબાન બની ને આવ્યા. મારા પપ્પા અમને બોજ ગણીને ધિક્કારતા હતા. જયારે મહેશ પપ્પા અમને ઓફિસમાં એમ કહે કે દીકરા આ તારા બાપનું જ ઘર છે. મહેશ પપ્પા કોઈ દીદીના મનમાં એવું મહેસૂસ જ  નથી થવા દેતાકે એમના પપ્પા નથી. પપ્પા બની ને  બધી દીદી ના સપના પુરા કરે છે.

*** ફિર સે સજાયે બિખરે સપને બાગબાન...**
*** હર ઘડી કરે રખવાલી પત્તી પત્તી ડાલી...**
*** ડાલી સીંચે બાગબાન...**
*** બાગબાન રબ હે બાગબાન...**

મહેશ પપ્પા તમે તોભગવાન છો. કોણ કહે છે કે કૃષ્ણ ભગવાન ને જ પલક માતા-પિતા મળે છે. આજે હું પણ કહું છું કે મને પણ મહેશ પપ્પા મળ્યા. જે એક ડગલું જન્મ દેનારા પિતા કરતા પણ આગળ છે. પપ્પા તમે મારી જિંદગીમાં આવ્યા પછી મને એક બાપ નો પ્રેમ મળ્યો છે. પપ્પા રોજ સવારે તમે કહેતાને કે LOVE YOU DIKA પપ્પા આ શબ્દ થી મને ખુબ જ ખુશી મળતી. પહેલા મને કોઈ પૂછે કે તારા પપ્પા નું નામ શું છે,તેઓ ક્યાં રહે છે, તો કેહવામાં ખુબ જ સંકોચ થતો. આજે હું બધા ને ગર્વ થી કહું છું કે મારા પપ્પાનું નામ મહેશપપ્પા છે. મારી સગાઇ એક વર્ષ પહેલા થઇ હતી.  સગાઈ થોડી મોડી થઇ મને ફોર્મ ન મળ્યું. અમે હિંમત હારી ગયા. પણ વિરલ દી, સેજલ દી, અંકિતા



દી આ દીદી એ મને આશ્વાસન આપી ને હિંમત આપી કે તારા નસીબ માં છે, પણ મહેશ પપ્પાની દીકરી બનીશ.

THANK YOU, DI.

પપ્પા હું કહું છું કે મેં ભગવાનને જોયા છે. મારા મહેશપપ્પા ના રૂપમાં પપ્પા હું તમને ખુબ જ પ્રેમ કરું છું એટલે નહિ કે તમે દીકરીનો લગ્નમાં કરિયાવર વધારે આપો છો. આજે આ લેટરમાં મારા મમ્મી જેમણે આટલી વધારે વિકટ સ્થિતિમાં અમને એકલી ન મૂકી અને અત્યાચાર સહન કરીને પણ અમને ખુશી આપી. વધારે સ્નેહ આપ્યો. I LOVE YOU.

ભગવાનને ખુબ ખુબ આભાર કે મહેશપપ્પાને મારી જીંદગીમાં લાવવા માટે. મારા એક બાપ ના પ્રેમ નું સપનું પૂરું કર્યું. મહેશપપ્પા I LOVE YOU.

અને આજે મારા એ પરીવાર ને પણ THANK YOU કહીશ કે એમણે પણ મારી ભાવનાઓને, લાગણીઓ ને સમજ્યા અને અમને બાપનો પ્રેમ મળે એ માટે એમણે મારી એક વર્ષ સુધી રાહ જોઈ અને મને ખુબ ખુબ સપોર્ટ કર્યો. I LOVE YOU મારા પરિવારને.....

I LOVE YOU SO MUCH MY DEAR DAD

MAHESH PAPA.

I MISS YOU.

**લિ.....**

**તમારી દિકા ડોલી.**





# પટેલ મયુરી અરવિંદભાઈ

જન્મતારીખ:- ૩૦/૧૧/૧૯૮૮
પિતાની પુણ્યતિથિ:- ૦૮/૦૨/૨૦૧૮

DEAR PAPA,

હું તમારા ગ્રુપની લાડકડી દીકરી મયુરી અરવિંદભાઈ પટેલ છું. કે તમને કહેવા માંગું છું. કે મહેશપપ્પાનો ખુબ જ આભાર માનું છું કે તમે મને તમારા ગ્રુપમાં સામેલ કરી ને બધી દીદી નો આભાર માનું છું. આ ગ્રુપ ના તમામ સભ્યો પરિવાર જેવા છે. ગ્રુપની દીદીનો પણ સારો સહકાર મળે છે. તમારા ગ્રુપમાં જોડીને મને ખુબ જ આનંદ થયો. તમારી આ તમામ સુવિધાથી મારી ઘણી મુશ્કેલીઓ દૂર થઈ છે. પાપા હું તમારી દીકરી બની એનો ખુબ જ આનંદ થાય છે.

ને તમે જે ખરીદી કરાવી આપી તે ખુબ જ સારી હતી ને મને પણ ખુબ જ મજા આવી. THANK YOU PAPA આટલું બધું કરવા માટે મારા મમ્મી પણ ખુબ જ ખુશ છે. મારા મમ્મીનું ટેન્શન દુર થયું . પહેલા હું ખુબ જ મુશ્કેલી માં હતી. પરંતુ તમારી આ તમામ મદદથી મને ઘણો સહારો મળી આવ્યો છે. તમામ દીદીઓ ખરીદી કરવવામાં મદદ કરી. પાપા તમે મારા માટે કરો છો. THANK YOU શબ્દ પણ નાનો છે.

મારા વ્હાલા પપ્પા તમારો ખુબ ખુબ આભાર માનું છું. તમામ દીદીઓનો પણ ખુબ ખુબ આભાર માનું છું.

LOVE YOU PAPA.....

PAPA AND DIDI NE THANK YOU
LOVE YOU PAPA,

**જય રામાપીર**
**લિ. તમારી લાડકડી દીકરી**
**મયુરી.**



# સ્મિતા મનજીભાઈ ચડોતર

જન્મતારીખઃ- ૧૪/૦૪/૧૯૯૦
પિતાની પુણ્યતિથિઃ- ૨૬/૦૬/૧૯૯૦



**જય રામાપીર પપ્પા,**

પહેલા તો તમારો ખુબ ખુબ આભાર કે હું તમને 'પપ્પા' કહીને બોલાવી શકું છું . મારા માટે 'પપ્પા' શબ્દ ખુબ જ નવો છે. મેં મારા પપ્પાને ફક્ત ફોટા માં જોયા છે. હું દોઢ જ મહિનાની હતી ત્યારે તેઓ અમને છોડી ને જતા રહ્યા હતા . મહેશપપ્પા ,મેં મારા પપ્પાને છઠ્ઠા કે સાતમાં ધોરણમાં પહેલીવાર જોયા ફોટોમાં .નાનીમા એ કીધું કે ' આ તારા પપ્પા છે.' શું થયું હતું એ નથી ખબર.એમણે તો મને રમાડી પણ નથી . એ વાત મને ખબર પડી .મમ્મી બોલ્યા " એમણે તને નથી રમાડી ." એક અફસોસ રહી ગયો . બધા દીદીઓના પત્ર વાંચ્યા, બધા પાસે તેમના પપ્પા માટેની કંઈને કઈ યાદગીરી છે મારી પાસે એવું કંઈજ નથી.હું નાની હતી ત્યારે જ અમારા નાના અમને સુરત લઈ આવ્યા. બાળપણ બધાં જેવુંજ ન હતું પણ મમ્મી એ કદી કંઈ પણ ખોટ સાલવા નથી દીધી. ન પપ્પાની કે ન કોઈ પણ વસ્તુની . બધાથી નાની હોવાથી મને લાડ પણ એટલો જ આપયો છે. હું મારા મમ્મી નો જેટલો આભાર માનું એટલો ઓછો છે. અમને મોટા કરવામાં તેને ખુબ જ મહેનત કરી છે.અમે ત્રણ ભાઈ બહેન છીએ . મારાથી મોટી બહેન અને ભાઈ . રાત -દિવસ સીવણકામ કરીને એને અમને મોટા કર્યા છે. ભણાવ્યા છે. શાળાની ફી સમયસર ભરાય જાય તે માટે તેણે બે ગણું કામ કર્યું છે. કોલેજ માં આવ્યા ત્યારે અમે બને બહેનો એ ટ્યુશન ચાલુ કર્યા . થોડા સમય બાદ બહેનના લગ્ન થયા . એજ વર્ષે અમને અમારી નાની મૂકીને જતા રહ્યા . મમ્મી ને ઘરકામ માં મદદ કરવા માટે મેં ભણવાનું મૂકી દીધું . ધીમે-ધીમે સમય પસાર થતો રહ્યો. થોડા વર્ષો બાદ અમે ભાડે રહેવા આવ્યા . મેં મારું કામ ચાલુ રાખ્યું . થોડા સમય બાદ મારા લગ્નની પણ વાત શરૂ થઈ.

મહેશપપ્પા પિતા વગરની દીકરીઓના પુરી જવાબદારી થી લગ્ન કરાવી આપે છે. એ વાત મને શાળાના એક મેગેઝીન માંથી જાન થઈ .આ વાતની જાણ મેં મમ્મીને કરી. તેની ખુબ જ ઈચ્છા હતી કે મારા લગ્ન પી.પી.સવાણી પરિવારમાં થાય.ફોર્મ ભરાયું,સિલેક્ટ પણ થયું . પહેલી મીટીંગ તમારી સાથેની



ક્યારેય નહિ ભૂલું .પપ્પા મારી સામે જ હતાં. તમે મને વિશ્વાસ થતો જ ન હોતો કે હવે મારે તમને પપ્પા કહીને બોલાવવાનું છે. તમે બોલ્યા હવે તમારે કંઈ પણ ચિંતા નહિ કરવાની . આ વાક્યો થી મારી મમ્મીના ચહેરા પર જે ખુશી હતી એ હું ક્યારેય નહિ ભૂલું. એના પરથી એક ખુબ મોટો ભાર ઉતારી આપ્યો પપ્પા તમે તમારો ખુબ ખુબ આભાર.

**THANK YOU PAPA...**

હવે હું બધાને કહીશ, હવે મારી પાસે પણ પપ્પા છે. મારી સાથે જ છે. પિતા-પુત્રીનો સંબંધ જે મારા જીવન માં આવ્યો ન હતો તે હવે આટલા વર્ષો બાદ મારા જીવનમાં આવ્યો છે. બસ મારે હવે કંઈ નથી જોઈતું. બધી દીકરીઓના લગ્ન વખતે જેમ એક પિતા તેને લગ્નની મનપસંદ ખરીદી કરાવે છે તેવી જ રીતે મારી ખરીદી પણ ખુબ જ સરસ થઈ. બધું મારા પસંદ નું આવ્યું છે. જયારે પહેલા મેસેજ આવ્યો અને તમે REPLY માં MARA DIKA કહી ને બોલ્યા, એ મેસેજ મેં બધાને બતાવ્યો છે અને બધાને કહ્યું મારા પપ્પા મારી સાથે વાતો કરે છે. હવે એક અફસોસ હતો જીવન માં 'મારા પપ્પા નથી' એ હવે નથી રહ્યો. મને તો પપ્પા મળ્યા સાથે સાથે એક મોટો પરિવાર બા, બાપુજી, દીદીઓ, ફઈબા સાથે મળ્યો છે. એક મોટું સ્મિત આવી જાય છે ચહેરા પર,જયારે આ પરિવાર વિશે વિચારું છું .

**MY FULL HAPPY FAMILY.**

તમારા વતી મને એક નવું જીવન મળ્યું છે. પપ્પા, THANK YOU. એક ભાર હતો જીવનમાં ઓછો થયો છે પપ્પા, THANK YOU. અધિકાર મળ્યો છે તમને પપ્પા કહેવાનો તેના માટે BIG THANK YOU.

મારા જેવી બધી દીકરીઓ ને તમારા જેવા જ પપ્પા મળે બધા જન્મમાં એવી હું મારા ભગવાનને પ્રાર્થના કરું છું. અને મારા પપ્પાને ભગવાન એમ જ ખુશી, સ્વસ્થ, તંદુરસ્ત અને લાંબુ સુખી જીવન આપે.

THANK YOU,
SO MUCH PAPPA FOR COMING IN MY LIFE.
LOVE YOU,
PAPPA.

**લિ. તમારી દિકા,**
**સ્મિતા**



# સુહાગીયા શિલ્પા મનસુખભાઈ

જન્મતારીખ:- ૦૪/૦૩/૧૯૯૨
પિતાની પુણ્યતિથિ:- ૧૪/૧૦/૨૦૧૦



**મારા વ્હાલા પપ્પા...**
**જય રામાપીર**
**તમારી દીકાના કોટિ કોટિ પ્રણામ .....**

જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે પિતા વિશે તમને કંઈક જણાવાવાનું છે ,તો હું વિચારું છું, કે પપ્પા વિશે તો કોઈને કાઈ કહેવાની જરૂર પાસે? એ તો સૌ જાણતાં જ હોય છે. માં વિશે દુનિયામાં કવિ તથા સાહિત્યકારો ઘણા લેખો સુવિચારો તથા કહેવતો આપી છે, પરંતુ એક પિતા વિશે જ્યારે કંઈ કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર ,બેસ્ટ કવિઓ તથા બેસ્ટ સાહિત્યકારો પણ ચુપકીદી લેતા હોય છે એટલે કે તેમને ત્યાં વિચારવાની જરૂર પડે છે , કેમકે પપ્પા વિશે તો કાગળમાં નહિ દિલમાં પ્રેમ હોય છે અને એ પણ એક દિકરીના દિલમાં ....એક દીકરી માટે તેના પિતા દુનિયાના બેસ્ટ પાપા હોય છે.

હું શિલ્પા સુહાગિયા મારો જન્મ ૪-૩-૧૯૯૨નાં રોજ અમદાવાદમાં બાપુનગર વિસ્તારમાં થયો હતો,હું માતા-પિતાનું પ્રથમ સંતાન હોવાથીમારો ઉછેર ખુબ જ લાડ-કોડથી થયો હતો,મારા થી ૨ ભાઈ નાના છે, અમે ખુબ જ સુખે થી જીવન જીવી રહ્યા હતા,પણ કુદરતને મારા બાળપણનું સુખ મંજુર ન હતું.હું ૩ જા ધોરણમાં અભ્યાસ કરતી હતી,મારા પપ્પાને એક્સીડન્ટ થયું,એક્સિડન્ટમાં મારા પપ્પાને હાથ અને પગમાં પ્લેટ નાખવાની આવી માંડ-માંડ કરીને મારા મમ્મી-પપ્પા બંને મહેનત મજુરી કરીને ઘર ચલાવતા હતા,સાથે હું પણ અભ્યાસ કરવાની સાથે થોડી મદદ મારા મમ્મીને કરાવતી,બસ જીવનની ગાડી ચાલતી હતી,ત્યાં મારા પપ્પાને થોડા ટાઇમ પછી પેલો હાર્ટ એટેક આવ્યો ,ત્યારે મારી ઉમર ૧૪વર્ષ ની હતી,મારા પપ્પા દરરોજની જેમ તે દિવસે હીરાના કારખાને ગયા હતા,અચાનક મારા પપ્પાને છાતીમાં દુઃખાવો ચાલુ થયો ,અમે હોસ્પિટલ પહોચ્યા ત્યારે થોડીવાર પછી બાર આવીને ડોક્ટર અંકલ એ કહ્યું ,ઘર નું મોટું સભ્ય કોણ છે? ત્યારે મેં કહ્યું અંકલ હું જ મોટી છું,મારા પપ્પાનું જે કઈ કહેવું હોઈ એ મને કહી શકો છો, મારા મમ્મીને બ્લડ-પ્રેશર નો પ્રોબ્લેમ છે ત્યારે ડોક્ટર અંકલે કહ્યું બેટા તારા પપ્પાને હાર્ટ એટેક

આવ્યો છે, અને અમે તારા પપ્પાનો જીવ માંડ માંડ બચાવ્યો છે, જેટલું બને એટલું તારા પપ્પા ને ઓછું ટેન્શન આવે એવું કાર્ય કરજો, કેટલુ જીવે એ અમે કઈ કહી ન શકીએ, આટલું સાંભળતાં જ મારા પગ નીચેની જમીન ખસી ગઈ, આ વાત મને અને મારા પપ્પાને જ ખબર હતો, મારા મમ્મીને બ્લડ-પ્રેશરનો પ્રોબ્લેમ હતો એટલે અમે ઘણી વાત એમનાથી છુપાવી હતો, હું ભણવામાં હોશિયાર હતી, પણ બદનસીબે હું ભણી ના શકી, મેં ભણવા કરતા મારા પપ્પાને મદદ કરવાનું નક્કી કર્યું, ધોરણ ૯નો અભ્યાસ અધૂરો મુકીને વિચાર્યું પપ્પાને મદદ કરીશ કામમાં તો પપ્પા ઓછું ટેન્શન લેશે અને અમારી સાથે વધુ જીવન જીવી શકશે,પણ ભગવાનને આ બધું મંજુર નહોતું, થોડા વર્ષ ગયા પછી મારા નાના સુરત મૃત્યુ પામ્યા એ દિવસ ૭/૧૦/૨૦૧૦ નો હતો, મારા નાનાને તો ભગવાને છીનવી લીધા મારી પાસેથી અને મારા પપ્પા પણ સાત દિવસમાં ૧૪/૧૦/૨૦૧૦ ના રોજ સાતમે નોરતે મૃત્યુ પામ્યા સુરતમાં એક અઠવાડિયામાં તો અમારી માથે આભ તૂટી પડ્યું એવી પરિસ્થિતિમાં ભગવાને લાવી દીધા હતા, સગા-સંબંધી ખાલી કેવાના જ રહ્યા, મારા પપ્પા ગયા પછી તી હેરાન થયા કે મારા મમ્મી સાવ હિંમ્મત હારી ગયા, કેવા લાગ્યા તમે ઝેર પીને મરી જાવ, પણ હું હિંમત ના હારી અને મમ્મીને સમજાવ્યા, આ બધું જોઈને મારો નાનો ભાઈ ૧૦માં ધોરણ માં હતો,અમે ભણવા માટે ઘણો સમજાવ્યા, તો પણ અને અધુરો અભ્યાસ મુકી દીધો અને હીરાની ઓફીસ માં કામે લાગી ગયો, બસ પછી નાનોભાઈ પણ મારી સાથે ઘરની જવાબદારી પુરી પાડવામાં મદદરૂપ થવા લાગ્યો, ત્યાં મારા મમ્મીને કમરથી લઈને પગનો દુઃખાવો થઈ ગયો,સાવ પથારીવશ થઈ ગયા, બેસી પણ ના શકતા, અને ચાલી પણ ના શકતા ઘણી દવા કરાવી અંતે ડોકટરે કહ્યું કે તમારા મમ્મીને કમરના મણકા, પગની નસ દબાઈ છે, અને બેસવાની ગાદી ખસી ગઈ છે, ઓપરેશન આવશે તો પણ કોઈ ગેરેંટી નહિ કે નોર્મલ ચાલી શકે કે બેસી શકે,પછી અમે ઓપરેશન ના કરાવ્યું ,અંતે દર ૨૧ દિવસે કમરમાં ઈન્જેક્શન આપવાના અને ફિઝીયોથેરાપી ની ટ્રીટમેન્ટ ચાલુ કરાવી બસ આજ ટ્રીટમેન્ટ મારા મમ્મીને લાઈફ-ટાઈમ આટલી ખરાબ પરિસ્થિતિના લીધે મારો સૌથી નાનોભાઈ પણ આગળ અભ્યાસ ના કરી શકયો,આટલી બધી મુશ્કેલીમાં અમે ત્રણેય ભાઈ-બહેનનું બાળપણ ક્યાં જતું રહ્યું એ ખબર જ ના રહી.

થોડા સમય પછી મારી સગાઈ નક્કી થઈ મને મહેશપપ્પા વિશે મારી બેનપણી અને તેમના જેઠાણી પાસેથી જાણવા મળ્યું કે સવાણી પરિવારમાંથી એક મહેશભાઈ સવાણી નામના એક મહાન વ્યક્તિ પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓને દતક લઈને તેની સંપૂર્ણ જવાબદારી તેઓ નિસ્વાર્થ ભાવે નિભાવે છે.

અમે દીકરી મિટિંગમાં મહેશપપ્પાને મળ્યા અને પપ્પાએ મને “દિકા” કહ્યું ત્યારે મને થયું કે મારા જીવનની જે ખોટ ચાલતી હતી તે ભગવાને આજે પુરી કરી

એ દિવસે સૌથી ખુશીની વાત તો એ હતી કે મહેશપપ્પા એ મને “પપ્પા” સંબોધવા કહ્યું અને હું જે શબ્દ બોલવા આતુર હતી,આટલા વર્ષોથી તે શબ્દ મને આપ્યો એ જ મારી માટે મોટી ભેટ છે, આ મોટી ભેટ મને અપાવવા માટે હું દિલથી સેજલ દીદી,અંકિતા દીદી અને વિરલ દીદી ને મારું દિલ થી

“THANK YOU SO MUCH”

મારા લગ્નની ખરીદી મહેશપપ્પા એ કરાવી જીંદગીમાં આજ સુધી કોઈ હેવી ડ્રેસ કે સાડી નથી પહેરી તે આજે મહેશપપ્પાએ તે ઈચ્છા પુરી કરી, કેમકે જાતે કમાઈ ને ઘર ચલાવવું,વહેવાર સાચવવો બધી જ જવાબદારી મારી હતી, એટલે કોઈ શોખ કરી શકતી ન હતી પણ મહેશ પપ્પા એ તે ઈચ્છા પુરી કરી.

મને લાગે છે કે આનાથી આગળ હું મારી લાગણી શબ્દોમાં વ્યક્ત નહિ કરી શકું, કેમકે મારા પપ્પા વર્લ્ડ ના “બેસ્ટ પાપા” છે,જેનો ઉલ્લેખ કાગળ કે પેન થી નહિ થાય એ તો મારું દિલ જ જાણે પપ્પા વિશે નો પ્રેમ,,,,,

“THANK YOU SO MUCH PAPA”

**લિ. તમારી વ્હાલસોઈ દિકા......**
**શિલ્પા.**





## ઉમરાળીયા વૈભવી મનોજભાઈ

જન્મતારીખઃ- ૧૫/૦૮/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૦૪/૦૮/૨૦૧૬

DEAR PAPA,

આજે જે વાત કહેવા જઈ રહી છું તે માત્ર લેખ નહિ પરંતુ મારી જિંદગી છે. મહેશપપ્પા તમારા વિશે લખવા બેસું તો શબ્દ પણ ખૂટી જાય..

ખરેખર, મહેશપપ્પા મારી લાઈફમાં આવ્યા પહેલા મારી લાઈફ બહુ જ ખરાબ હતી. મને ક્યારેય મારા પિતાનો પ્રેમ મળ્યો જ નથી. મારા પપ્પાની હયાતી હતી ત્યારે તેઓ એ ક્યારેય મારી સાથે સારી રીતે વર્તન કર્યું જ નથી. મને તેમણે ક્યારેય બેટા કે મારી દીકરી કહીને બોલાવી જ નથી તેમણે પહેલેથી જ મારી ચારે કરી નથી.

હું જ્યારે 20 વર્ષની થઇ ત્યારે મેં ‘ દીકરી’ ‘મારી દીકરી’ એવો શબ્દ સાંભળ્યો કેમ કે મારા મહેશપપ્પા મારી લાઈફ માં આવ્યા .તે પહેલા મેં ક્યારેય સુખ જોયું જ નહોતું. તમે મારીજીન્દગી ખુશીઓથી ભરી દીધી.

બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ
ભગવાન ને જોયા નથી પરંતુ
મહેશપપ્પા એ જ મારા
મહેશ ભગવાન છે.

I FOUND MY REAL PAPA IN MY LIFE...

હું એટલે  જ કહેવા માંગું છું કે બધા ને તમારા જેવા પપ્પા મળે તમે જ મને જિંદગી જીવતા શીખવાડી .

“ કિસી ને પૂછા વો કોણ સિ જગહ હૈ, જહાં હર કર્મ,
હર જુર્મ ઔર હર ગુનાહ માફ કિયા જાતા હૈ.
કીસીને મુસ્કુરાતે હુએ કહા ,મેરે મહેશપપ્પા કા દિલ.”

**જય રામાપીર**
**લિ. તમારી લાડકી દિકા, વૈભવી.**



# રાખસીયા સુમિત્રા જગદીશભાઈ

જન્મતારીખઃ- ૧૬/૦૫/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૨૬/૦૧/૨૦૦૧
માતાની પુણ્યતિથિઃ-૨૭/૦૧/૨૦૦૧



MY DEAR PAPA,

આજે તમારી દીકરી તમને સાચા મનથી લાગણીમય પત્ર લખી રહી છે. તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વ્હાલને શબ્દમાં ઉતારવા માટે આ કાગળ તો ઘણો નાનો છે, ખરેખર તો પાપા શબ્દ જ બહુ મોટો છે,જેને નિભાવવો કે સમજવો બહુ જ મુશ્કેલ છે. કારણ કે એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા હોઈ છે. હંમેશા હિમાલય સમાન અડીખમ રહીને પોતાની દીકરીને દરેક મુશ્કેલીમાંથી બહાર કાઢે છે.

હું રાખસીયા સુમિત્રાની નાની બહેન છું. તમને નવી લાગશે કે પત્ર મેં કેમ લખ્યો? કારણ કે મારી દીદી બોલી કે સાંભળી સકતી નથી. મારા પાપનું અવસાન ધરતીકંપ ના કારણે થયું હતું, ૨૦૦૧ના એ ગોઝારા વર્ષમાં મારા પાપા સુરત હતા. તે હીરાના કારખાનામાં ઉપરના માળે કામ કરતા, તે નિયમીત સમય પ્રમાણે પોતાની જગ્યાએ બેઠા-બેઠા કામ કરતા હતા. અને અચાનક ગોકીરો થયો. ધરતીકંપ! બસ પછીતો પુછવું જ શું? પોતાનો જીવ કોને વ્હાલો ન હોઈ? જેટલા હતા તે બધાએ એકસાથે નીચે ઉતરવા દોટ મુકી. કોણ? ક્યાં? કેવી રીતે? ભાગે છે તે કોઈ જોતું જ નથી. બસ દોડ્યે જ જાય છે. માનવમેહની ના એ ધસમસતા પૂરમાં મારા પાપા પણ હતા. તે ઝડપથી ઉતારવાની લ્હાયમાં એક દાદર ચુક્યા અને એ જ ક્ષણે તે નીચે પડ્યા,ત્યાં કોણ તેને ઉભા કરે કે કોણ તેની સમું જોવે?

થોડી મિનિટો પછી વાતાવરણ એકદમ શાંત બન્યું, પણ ત્યાં સુધીમાં અમારા પાપા અમારી પાસેથી ભગવાને છીનવી લીધા હતા. ત્યારે હું બસ ૩ મહિના ની હતી. અને મારી દીદી ૪ વર્ષ ની હતી,મારી દીદી સુમિત્રા નામ બોલતા જ હૈયું હર્ષિત થાય પણ તેના મુખેથી પાપા શબ્દ સાંભળવો એટલે ઝાંઝવાના જળની તરસ છીપાવવા બરાબર. કારણ કે તે જન્મથી જ બહેરી મુંગી છે. અત્યારે તે ૧૭ વર્ષ પછી પહેલીવાર જયારે અમે શબ્દ સાંભળ્યો 'મમ્મી' કે 'પપ્પા' એ ઘડીનો આનંદ જિંદગીભર ભુલાઈ તેમ નથી.



મારા મમ્મીનું અવસાન મારા પપ્પાના ૧૦ વર્ષના અંતરે થયું હતું,મમ્મી

નું અવસાન હદયના વાલ્વની બીમારીના કારણે થયું હતું. મારા મમ્મીને  અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા. પણ મારા મમ્મીનું ત્યાંજ અવસાન થયું, જેથી હું અને મારા ભાઈ-બહેન નિરાધાર થઇ ગયા......

મારું નામ પાયલ. અને મારા ભાઈનું નામ હિતેશ. અને સૌથી મોટી બહેન સુમિત્રા. અત્યારે અમે અમારા મોટા પપ્પા ભેગા રહીએ છીએ. અને અમે બંને ભાઈ બહેન સિલાઈકામ કરીએ છીએ, અમને અમારા મોટા પપ્પા એમના ૩ સંતાન હોવા છતાં અમને બહુ જ સારી રીતે રાખે છે,કોઈ દિવસ અમને અમારા મમ્મી-પપ્પાને સાંભરવા દેતા નથી, આવું લખી હું મારા મોટા-પપ્પા ના વખાણ કરતી નથી,પણ આ સત્ય છે.

૧૮ વર્ષ પછી અમને અમારા પપ્પા પાછા મળ્યા. અને પહેલીવાર પાપા શબ્દ બોલી અમને જે ખુશી મળી છે,તે આજે પણ ભુલાઈ તેમ નથી.

તમને એક વાતની નવાઈ લાગશે કે જે દીકરીના પપ્પા હોઈ છે એમને પણ તમને પપ્પા કહેવાનું મન થાય છે.

મારા પપ્પા મને સવારે મેસેજ કરીને અમારી સંભાળ લે છે. JAY RAMAPEER N GOOD MORNING DIKA, HAVE A SWEET DREAM એમ અમને મેસેજ કરીને અમને સાંજે પણ પપ્પાની કાબરો યાદ કરે છે. મહેશ પપ્પા.......

હું મારા મહેશપપ્પા વિશે લખું એટલું ઓછું છે, આટલી બધી દીકરીઓનો પ્રેમ જેના ભાગ્યમાં હોય એને જ મળે. હજી ઘણું લખવું છે,પણ આભ જેટલાં કાગળો ઓછા પડે. અને દરિયા જેટલી સહી ઓછી પડે. મારા પપ્પા વર્લ્ડ ના બેસ્ટ પપ્પા છે.

"CHAND KI AAN HO AAP,
SITARO KI AAN HO AAP,
PHOOLON KI AAN HO AAP, ARMAN HO AAP,
KUDARAT KI PAHECHAN HO AAP,
PAR SABSE PAHELE MERE PAPA,
MERI JAAN HO AAP.

I LOVE YOU,PAPA,
GOD BLESS YOU.
I PROUD OF YOU PAPA & I LOVE YOU PAPA.
JAY RAMAPEER,PAPA.

**તમારી વ્હાલી દિકા,**
**સુમિત્રા.**



# ડાભી આરતી ભરતભાઈ

જન્મતારીખઃ- ૨૪/૦૪/૧૯૯૦
પિતાની પુણ્યતિથિઃ- ૨૦/૧૨/૨૦૧૪



અમે પાંચ બહેનો છીએ. એમાં હું મારા પપ્પા ની ચોથા નંબરની દીકરી છું. મહા મહેનતે કાળી મજુરી અને દેવું કરીને મારા પપ્પા એ મારી ત્રણ બહેનોને પરણાવી. ત્યારબાદ ધીમે ધીમે અમારા કુટુંબનું ગુજરાન ચાલતું હતું, અમારે પાંચ બહેનો વચ્ચે એક ભાઈ પણ હતો પપ્પા અને ભાઈ બંને ભેગા મળીને મજુરી કરી ઘર ચલાવતા હતા પણ કદાચ કુદરતને એ મંજુર નહિ હોઈ જેથી નાની ઉંમર માં ભાઈ નું (૧૦ વર્ષ) અકસ્માતે મોત થયું. તેમ છતાં મારા મમ્મી પપ્પા હિંમત હાર્યા નહિ. બંને નાની-મોટી મજુરી કરી ઘર ચલાવતા હતા.

પણ ભગવાન ને અમને દુઃખ આપવામાં સંતોષ નહિ હોઈ તેથી મારા પપ્પા અચાનક બીમાર પડ્યા અને કેન્સર નું નિદાન થયું ,અમે ઘરની ૬ સ્ત્રીઓ (પાંચ બહેનો અને મમ્મી) કઈ સમજીએ,સારવાર કરીએ પહેલા જ એમનું મૃત્યુ થયું. ત્યારબાદ બાકીની જીંદગી વિતાવવા માટે મમ્મીએ નાના-મોટા ઘરકામ કરવાનું ચાલુ કર્યું સાથે-સાથે મેં અને મારી નાની બહેને પણ સાથ આપ્યો અને તેમની સાથે ઘરકામ કરાવવા લાગ્યા.

પણ કહેવાય છે ને કે જેનું કોઈ ના હોય એનાં ભગવાન હોય છે. અચાનક જ મારી મમ્મી ને મહેશપપ્પા અને તેમની સંસ્થા વિશે જાણ થઈ, પછી તો એવું થઇ ગયું કે ભગવાનને તો અમે જોયા નથી પણ એ મહેશપપ્પા થી વધારે તો નહી જ હોઈ,એમણે એક બાપ ની જેમ માથે હાથ મુકીને જવાબદારી લઇ લીધી. મહેશપપ્પા મારા પપ્પા જેવા જ છે, તેમણે મારા લગ્નની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી લીધી. એ પણ કોઈ પણ જાતના સ્વાર્થ વગર મને તો એમ હતુકે મહેશપપ્પાને મારી અને મમ્મી પ્રત્યે કોઈ વિશેષ લાગણી હશે,પણ જયારે મને ખબર પડી કે મારા જેવી ઘણી બહેન દીકરીઓને તેમની સંસ્થાએ મા-બાપ જેવી જ હુંફ આપી છે. મહેશપપ્પાની કિંમત મારી નજરમાં ઓર વધી ગઈ,આમ તો અમને કરેલા ઉપકારની કોઈ જ કિંમતન આંકી શકાઈ.



અમારા કુટુંબની પરિસ્થિતિ અને દુઃખ ની વાતો યાદ કરું અને મહેશપાપા ને યાદ કરું તો એમ થાઇ છે કે મહેશપપ્પા એ પપ્પા ને હરાવી દીધા. ભગવાન

પણ વિચારતા હશે કે બસ આરતીના કુટુંબ ને હવે હું વધુ દુખ નહિ આપી શકું કેમ કે એમની જોડે મહેશપપ્પા છે.

હું અને મારી મમ્મી મારી બીજી બહેનો એટલા ખુશ છીએ કે ના પૂછો વાત. ખરેખર મને જાણે મહેશપપ્પા માં જ મારા પપ્પા અને ભગવાન દેખાઈ છે,મહેશપપ્પા વિશે જેટલુ કહું એટલું ઓછું છે,અને એ હું અમે મારી મમ્મી,મારી બહેનો જ સમજીએ અને બીજા એ લોકો સમજી શકે કે જેમના માથે બાપનો હાથ ના હોય અને ઘર ની પરીસ્થિતી સારી ન હોય.

બસ હવે હું વધુ નહિ લ્સ્ખી શકું નહિ તો મારી આંખો ભરાઈ જશે મારા અને મારા કુટુંબ માટે હવે મહેશપપ્પા જ સર્વસ્વ છે.

ભગવાન ને પ્રાર્થના કરું છું કે મહેશપપ્પા ને જે જોઈએ એ બધું જ આપે અને એમની બધી ઈરછા ઓ પુરી કરે છે.

એક છેલ્લી વાત ,ભગવાન ને પ્રાથના કરું કે મને બીજા જન્મમાં મહેશ્પશપપ્પા જેવા જ પપ્પા મળે .મને શું દરેક દીકરીને મહેશપપ્પા જેવા પપ્પા મળે.

**વ્હાલી દીકરી**

**આરતી.**



# દિપીકા

જન્મતારીખ:- ૧૯/૧૨/૧૯૯૬
પિતાની પુણ્યતિથિ:- ૧૧/૦૩/૨૦૦૦



**DEAR PAPA,**
**જય રામાપીર**

પપ્પા તમારા વિશે શું લખું? અને શું ના લખું કઈ સમજાતું નથી.પરંતુ તમારા માટે જેટલું લખું એટલું ઓછું છે પપ્પા!

જ્યારે મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ઘણી નાની હતી ત્યારે મને સુખ શું? અને દુખ શું? એનો જરાક પણ ખ્યાલ નહોતો . પપ્પાના અવસાન થી ઘરની બધી જવાબદારી મારી મમ્મી ઉપર આવી પડી તોપણ મમ્મીએ હિંમત ન હારી મમ્મી દરરોજ ખેતમજુરીએ કામ કરવા જતા અને બંને બહેનોને એ ભણાવતા મમ્મી ની આટલી હિંમત જોઈ મેં 12 th science પાસ કર્યું .આગળ ભણવું હતું પરંતુ એટલા પૈસા નહોતા કે મમ્મી મને આગળ ભણાવી શકે તેથી મેં મારું ભણતર ત્યાંજ અટકાવી દીધું અને મમ્મીને ઘરકામ માં જ મદદ કરતી પછી એક દિવસ લગ્ન ની વાત આવી મને મમ્મી એ લગ્ન માટે મારા મનગમતા પાત્ર ની પસંદગી કરી આપી . પરંતુ લગ્ન કરવા કય રીતે ? ઘરમાં એટલા પૈસા નહોતા કે લગ્ન કરી શકીએ . ત્યારે મારી એક ફ્રેન્ડ છે એને મને કહ્યું કે તું લાડકડી માં ફોર્મ ભરી દે . પપ્પા ન હોય તેવી દીકરીઓના લગ્ન એમાં બહુ જ સરસ રીતે થાય છે. તમે બંને બહેનો જ છે એટલે તમારું સિલેકશન થઈ જ જશે. ફોર્મ ભરવા માટે હું ગઈ ત્યારે એણે મારી મુલાકાત રિયા દી જોડે કરાવી. રીયા દી એ પણ મને ઘણું બધું મહેશપપ્પા વિષે જણાવ્યું. મહેશપપ્પા બેસ્ટ પપ્પા કોઈ નથી. ફોર્મ ભર્યા પછી પણ ડર હતો કે શું થશે. સિલેક્ટ થશે કે કેમ? ત્યાંજ એક દિવસ ઓફીસેથી call આવ્યો કે તમારું ફોર્મ સિલેક્ટ થયું છે તો તમને પાછો ઓફિસેથી call આવે ત્યારે મિટિંગમાં આવવું. જયારે મિટિંગમાં આવ્યા ત્યારે પણ ડર લાગતો હતો. કે પપ્પા શું પુછશે મિટિંગમાં? પરંતુ મિટિંગ પત્યા બાદ તો એવું લાગ્યું જાણે દુનિયાના બેસ્ટ પપ્પા મને મળી ગયા. મિટિંગમાં પપ્પા ને મળ્યા પછી તો મારી ખુશી નો પાર ન રહ્યો. હું ખુબ જ ખુશ હતી કારણ કે મને જીંદગીનો એક સહારો મળી ગયો. જે ઘણા વર્ષો પહેલા મને છોડી ને જતો રહ્યો હતો.



Papa you are the best in the world!

જેવી રીતે એક પિતા પોતાના બધા જ છોકરાઓ ને એક સરખું વ્હાલ આપે છે ને તેમ તમારી બધી જ દીકરીઓ ને તમે એક સરખો પ્યાર આપો છો . એક સરખી રીતે રાખો છો . તે તમારી સૌથી મોટી ખૂબી છે પપ્પા.

Thank you for coming in my life papa.

પ્રભુ પાસે એવી માંગણી કરું છું કે જેવા મને મહેશપપ્પા મળ્યા. એવા જેના માં-બાપ ન હોઈ એવા એવા દિકા ઉપર મહેશપપ્પા નો હાથ રહે.

Thank you papa
Love you lott...

**તમારી લાડકડી દિકા**
**દિપીકા**



# ભગવતી ગોબરભાઈ રામાણી

જન્મતારીખઃ- ૨૧/૧૨/૧૯૮૭
પિતાની પુણ્યતિથિઃ- ૦૫/૦૨/૨૦૧૫



Dear Lovely Papa,

મારા મહેશપપ્પા મળ્યા પછી એમના તરફથી મારા પપ્પાનો મને પ્રેમ મળ્યો. હું ખુશ નસીબ છું અમે મળ્યા.

હું એક પત્ર લખવા જઈ રહી છું .પપ્પા તમે ખુશ હશો એવી મને આશા છે.પપ્પા હતા ત્યારે હું તેમની લાડકી હતી .મારી બધી ઈચ્છાઓ પૂરી કરતા પણ અચાનક એવો દિવસ આવ્યો જે ધાર્યું નહોતું તે થયું.અચાનક પપ્પાની તબિયત ખરાબ થઇ ગઈ અને જાણવા મળ્યું કે heart ની નળીઓ block છે. ઓપરેશન કરવું પડશે .અમારા નશીબ દુર્ભાગ્ય બની ગયા ખબર નહતી કે પપ્પા વગર જિંદગી કેવી રીતે ગુજારશું પપ્પા વગર જાણે કોઈ ઘરમાં નથી. અને થોડા સમયમાં જ અમને મહેશપપ્પા મળ્યા અને અમને feel થયું કે અમને અમારા પપ્પા જ પાછા મળી ગયા અને અમારા લગ્ન નું સપનું પૂરું કર્યું. પપ્પા અમને આવી રીતે જ પ્રેમ કરતા રહેજો .અમારે પણ હવે કોઈન ટેન્શન નથી . મહેશપપ્પા મળી ગયા છે. તો હું છેલ્લે એટલુજ કહીશ કે મારી Life માં પપ્પા નહિ ભગવાન આવ્યા છે. અને એ પણ મારા પપ્પાએ જ મોકલેલા છે. ભગવાન તેમની ખુબ લાંબી ઉમર ,હિંમત અને શક્તિ આપે અને પપ્પાને પ્રગતિ ના શિખર પાર આગળ વધારજો .

પ્રાથના કરું છું પપ્પા તમે ખુશ જ હશો .
Love You Papa
Miss You....

**લિ.**
**તમારી વહાલી દિકા,**
**ભગવતી**
**જય રામાપીર**



# સંઘાણી અવંતિકા જેન્તીભાઇ

જન્મતારીખઃ- ૫/૪/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૧૧/૮/૨૦૧૭

**મારા વ્હાલા પપ્પા,**
**" જય રામાપીર "**

મારા પપ્પા સાથે જે મારી એક લાગણી બંધાઈ ગઈ હતી . તેવી જ લાગણી તમારી સાથે બંધાઈ ગઈ છે. પપ્પાની યાદ પણ ન આવે એટલા લાડ કરો છો તમે . કદાચ,પપ્પા હોત તો પણ આટલી સારી સારી રીતે મારા લગ્ન ન થાત પણ હવે કોઈ જાતની ચિંતા જ નથી. ભગવાને મારી જિંદગીમાં પપ્પાની કમી પુરી કરી દે એવા મારા પપ્પાને મોકલી આપ્યા છે.હવે, મને મારું કે મારા પરિવાર નું કોઈ જાતનું ટેન્શન જ ન નથી . તમે છો અમારી સાથે પછી બીજું શું ટેન્શન .

**લિ. તમારી લાડકવાયી**
**(દીકરી) કાબર(અવંતિકા).**



# જેઠવા સ્નેહલ ભાવેશભાઈ

જન્મતારીખ:- ૦૪/૦૮/૧૯૯૫
પિતાની પુણ્યતિથિ:- ૩૦/૦૪/૨૦૦૭



**પ્રિય પપ્પા,**

મારા જય રામાપીર પપ્પા . હું જ્યારે પાંચમું ભણતી હતી ત્યારે જ એમ અમારા પપ્પાની છત્રછાયા ગુમાવી. મારા ભાઈ-બહેન તો મારાથી પણ સાવ નાના હતા. મારી નાનકડી બહેનને તો પપ્પા કેવા હતા એ યાદ પણ નથી. મારા પપ્પાનું સુરતમાં એક્સીડન્ટ થયું. અને અઠવાડિયું હોસ્પિટલમાં રહ્યા .ત્યારે અમે ઘરે તરસતા હતા. પપ્પા ઠીક થઈ જશે એટલે આવશે.પણ પપ્પા ના આવીયા. એમની ના રહેવાની વાત આવી ત્યારે એ દિવસ એવો હતો કે અમારી જિંદગી ભગવાને છીનવી લીધી હોય.

ત્યારબાદ અમે ગામડે જતા રહ્યા ત્યાં મારા મમ્મી એ મજુરી, ઘરકામ ,સ્કૂલમાં કચરાપોતા કરી અમને મોટા કર્યા .ત્યારબાદ હું મોટી થઇ એટલે મારી સગાઈની વાતો આવવા લાગી . ત્યારે મને મારા પપ્પાની કમી બોવ લાગવા લાગી.પપ્પા વગરનું ઘર એટલે થડ વગર નું ઝાડ.

મને થાતું કે મારી સગાઇ થશે ,લગ્ન થશે પછી મારું ધ્યાન રાખવા માટે મારા પપ્પા નથી. અને ભાઈ નાનો છે. પણ મારી સગાઇ સુરતમાં થઇ અને મારા લગ્નનું ફોર્મ પી.પી. સવાણી માં ભર્યું. ત્યારે મારી ખુશી મને મળી.

મને ૧૦ વર્ષ પછી પપ્પાની છત્રછાયા મળી. ભગવાને મને મારી જિંદગીમાં મહેશાપપ્પાને મોકલ્યા હવે મને મારી જિંદગી પરફેક્ટ લાગે છે. હવે મને કોઈ ચિંતા નથી. કેમકે એક દીકરી માથે હાથ ફેરવા માટે મહેશપપ્પા છે. અને અમારા લગ્નમાં કોઈ પણ જાત ની કમી કરી નથી. હું સ્પષ્ટ હદયથી કહું છું પપ્પા I Love U........હંમેશા તમે સલામત રહો અને અમારી જેવી દીકરીઓ માટે એક પ્રિય પપ્પા બની રહો.

પપ્પા તમારા વિશે જેટલું લખું એટલું ઓછું છે. પપ્પા આપણે જ્યારે પહેલીવાર મળ્યા ત્યારે તમે પ્રેમથી માથે હાથ મુક્યો અને પુછ્યું દિકા કેમ છે ત્યારે એવું લાગ્યું જાણે આ દુનિયાનું બધુજ સુખ એક દીકરી માટે એમના પિતાના પ્રેમમાં જ છે. નાનપણ થી જ આવા પ્રેમ માટે તરસતી આ દીકરીને મહેશપપ્પા એ પિતાનો પ્રેમ આપ્યો એ માટે હું

દિલથી તમારો આભાર વ્યક્ત કરું છું પપ્પા.

સાચે પપ્પા અત્યારે તમે જે મારા માટે કર્યું છે એ કડગ કોઈના કરી શકે પપ્પા. Thank You...

પપ્પા અમારી લાઈફમાં આવવા માટે Thank You.... એક નાનકડો શબ્દ છે. પણ અમારા દિલમાં તમારા માટે જે આદર છે. અને પ્રેમ છે એ હું શબ્દોમાં કહી શકાતી નથી માટે બસ છેલ્લે હું એટલું જ કહીશ I Love U So Much પપ્પા...............

**લિ. આપની વ્હાલી દીકરી**
**સ્નેહલ.**



## પેથાણી પાયલ જયસુખભાઈ

જન્મતારીખઃ- ૨૬/૦૧/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૦૨/૨૦૧૫



Dear Papa,

પાપા તમારા વિશે શું લખું કંઈ ખબર નથી પણ જ્યારે તમને પહેલી વખત દેખ્યા ત્યારે એમ થયું કે આ ખરેખર ભગવાનનો જ અવતાર છે. અને દીકરીને તેના પિતાની વિશેષ કંઇ લાગતું જ નથી. આ દુનિયામાં જ્યારે તેની સાથે કોઈ માં હોય ને ત્યારે પણ તેના પાપા તેની જોડે તો હોય જ છે. આવા છે અમારા મહેશપાપા.

હું મારા પપ્પાની બહુ જ લાડકી, આખા ફેમિલીમાં હું સૌથી નાની અને બધાની જ લાડકી , મને યાદ છે જ્યારે મારા ભાઈના લગ્ન થયા ત્યારે હું નાની હતી ત્યારે પપ્પાને એક પ્રશ્ન પુછવામાં આવેલો કે તમે તમારી છોકરીના લગ્ન ગામડે જ કરશો, ત્યારે મારા મમ્મી -પાપા એ તેને ના પાડી દીધી કે મારી “દીકરી”, મારી “લાડકી”, મારા “દિકા” ના લગ્ન હું સુરત જ કરીશ.પણ ભગવાને કદાચ એવું નસીબમાં નહિ લખ્યું હોય કે એ મારા લગ્ન જોવે, પણ એનું હવે કોઈ દુઃખ નથી કેમકે મારા પાપા મારી જોડે આવી ગયા છે. હું જ્યારે પહેલી વખત મીટીંગમાં ગઈ ત્યારે પાપા એ ‘દિકા’ કહીને બોલાવીને મારી આંખ અશ્રુભીની થઇ ગઈ..

પણ હું મારા પાપાને દક્ષ પ્રજાપતિ રાજા જોડે સરખાવું છું. ગણતરી કરું છું કે જ્યારે દ્ક્ષ પ્રજાપતિએ ૬૦,૦૦૦ છોકરીને દત્તક લીધી હતી પણ મારા પાપા તેના કરતા પણ વધારે સન્માનને લાયક છે. તેથી મારા પપ્પાનું નામ સુવર્ણ અક્ષરે લખાશે એવું મારું કહેવું છે..

**બંગડી અને ઝાંઝરીનો**
**રણકાર એના ઘરમાં જ**
**થાય જેના નસીબમાં**
**દીકરી હોય, અને પાપા,**
**ભાગ્યશાળી હોય અને**

તેવા છે અમારા મહેશપાપા કે તમે અમારી જિંદગીમાં આવ્યા. અમારે તમારાથી વિશેષ કંઇ જ નહિ જોઈતું બસ તમેં મને દિકા કહીને બોલાવતા રહો અને હું બસ એ સાંભળતી રહું અને બસ આટલું લખતા મારી પેન અટકી જાય છે.

ભગવાન તમારી પુરી ફેમિલી, તમને સારામાં સારું સ્વાસ્થ્ય અને તમે જે કરવા માંગો છો લાઈફમાં એ તમારો ધ્યેય પૂર્ણ કરે એવી મારી ભગવાન ને પ્રાથના ...

Thank You So Much Papa..............

love you papa
**From: payal.**



# પટોળીયા પુજા મનસુખભાઈ

જન્મતારીખઃ- ૦૨/૧૦/૧૯૯૦

પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૦૪/૧૯૯૩



**જય રામાપીર,**

**Dear Papa,**

'પપ્પા' આજે તમારી 'દિકા' ને તમારા વિષે લખવાનો અવસર મળ્યો છે.

હું ક્યાંથી લખવાનું ચાલુ કરું અને ક્યાં પૂરું કરું એમ થાય છે. મહેશપપ્પા .......

હું શું લખું પપ્પા તમારા વિશેની મારી લાગણી અને પ્રેમનું વર્ણન શબ્દોથી ન થઈ શકે. દરેક વ્યક્તિ કહે છે કે દીકરી એના પિતા માટે લાડકી હોઈ છે. પણ દીકરી માટે પણ એના પિતા જ સર્વસ્વ હોઈ છે.

હું મારી જ લાગણી વ્યક્ત કરું તો પપ્પા હું ૨ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું .પપ્પાની હું બહુ લાડકડી હતી .પપ્પા મને ઘણો વ્હાલ કરતાં.મમ્મી કહેતા કે એ હતા ત્યારે તો ઘણા લોકોનો સાથ હતો પણ એમના અવસાન પછી હું, મમ્મી, બે ભાઈ અને એક બહેન સાવ એકલા પડી ગયા .અમે કેવી રીતે જીવી રહ્યા છીએ એ વાતથી કોઈને કઈ જ મતલબ નહોતો . બસ પપ્પાના મરણ પછી મમ્મીને સહકાર હતો તો મોસાળ પક્ષનો.

પપ્પાના અવસાન પછી મમ્મી સાવ એકલા પડી ગયા. અમે ચાર ભાઈ-બેન નાના નાના હતા .અમે લોકો સુરત જ રહેતા હતા પણ પપ્પાના અવસાન પછી અમે લોકો દેશમાં જતા રહ્યા . પપ્પા હીરાનો ધંધો ચાલુ કરવા માટે દેશ માં ગયેલા. ત્યાં એકસીડન્ટના કારણે પપ્પાનું ત્યાંજ અવસાન થયું હતું. પપ્પાના અવસાનના સમાચાર સાંભળતા ની સાથે જ અમારી ઉપર આભ તુટી પડ્યું. પછી મમ્મીને એમ થયું કે હવે મારા બાળકોનું શું થશે .મારા બાળકોનું ભરણ પોષણ કેવી રીતે પૂરું થશે. પણ કહેવાય છે ને કે જે લોકોનું કોઈ ન હોઈ તેનું ભગવાન હોઈ. મમ્મીને ભગવાને હિંમત આપી અને મમ્મી મજુરી કરવા લાગ્યા અને મામાના સહકારથી અમારું ઘર ચાલવા લાગ્યું અને મારા મામા એમના ઘરે લઈ ગયા. ત્યાં ભાઈ કમાવા લાગ્યો અને મમ્મી મજુરી કરતા અને અમને મોટા કરાયા.

મોટા ભાઈ-બહેન ના લગ્ન થયા પછી અમે લોકો ફરી સુરતમાં આવ્યા અને અહી રહેવા લાગ્યા. સુરત આવ્યાના ત્રણ વર્ષ પછી મારી સગાઇ થઈ. મારી સગાઇ સારા પાત્ર સાથે થઇ ગઈ પણ પછી મેરેજની વાત આવી ત્યારે મારા મમ્મી અને ભાઈ ને ખુબ ટેન્શન થઇ ગયું .મારા મેરેજ ઘરે થાય શકે તેવી અમારી પરિસ્થિતિ નહિ હતી.પણ પી.પી.સવાણી માં મહેશપાપા બાપ વગરની દીકરી ના મેરેજ કરાવી આપે છે. આ સાંભળતા જ અમારું ટેન્શન દુર થયું. અને અમે લોકો મહેશપાપાને મળવા ઓફિસ ગયા .

મહેશપપ્પાને અમે પહેલીવાર મળ્યા ત્યારે પપ્પાએ મને દિકા કહીને બોલાવી ત્યારે હું ખુબ જ રડી પડી અને પપ્પાએ મને શાંત રાખતા કહ્યું હતું કે દિકા રડીશ નહિ. આજ થી હું તારા પપ્પા અને તું મારી દીકરી ત્યારે મને એમ લાગ્યું કે ખરેખર ભગવાને મને મારા પપ્પા સ્વરૂપે મહેશપાપા આપ્યા.

જયારે જયારે મહેશપપ્પા મને દિકા કહે છે ત્યારે મને એમ જ લાગે છે  કે મારા પપ્પા મને મારા માથા ઉપર હાથ મુકીને મને દિકા કહીને બોલાવે છે અને આ શબ્દ સાંભળતી વખતે મારી આંખમાં આંસુ આવે છે. અને હું ખુશીથી ખુબ રડી પડુ છું.

મહેશપપ્પા ને મળી બધી વાત કરીને મેરે જ  માટે નામ નોંધાવ્યું અને ત્યાર પછી મારા મમ્મી અને ભાઈ ને ખુબ જ શાંતિ થઈ. ત્યારથી જ મને એક મહેશાપપ્પા જેવા પપ્પા મળી ગયા. અને મને 25 વર્ષ પછી પપ્પા મળ્યાની ખુશી મહેક ઉઠી અને મેં  ક્યારેય પણ વિચાર્યું નહિ હતું કે મારા જીવન માં મને પપ્પાની ખુશી આટલી બધી મળી જશે. હું બહુ જ ખુશ છું. પપ્પા real માં બહુ બહુ જ ખુશ છું.

પપ્પા, Thank You તમારા માટે ઘણું બધું લખવું છે. પણ વધારે કહી શકતી નથી . બસ રામાપીર ને એટલી પ્રાથના કે તમારા દરેક કાર્યમાં તમને ખુબજ સફળતા મળે. તમારું અને તમારા પરિવારજનોનું જીવન હંમેશા સુખમય રહે,તમે તન ,મન,ધન થી ખુશ રહો. તમને અને તમારા પરિવારને લાંબુ આયુષ્ય ,તંદુરસ્તી આપે અને તમે મારા જેવી દીકરીઓને પરણાવી જિંદગીમાં ખુબ આગળ વધો એ જ મારી દિલથી દુઆ..

**Thank You Papa**
**I Love You So Much**

**લિ.**
**તમારી લાડકી દીકરી**
**પુજા પટોળીયા.**



# પોશીયા વૈશાલી ચંદુભાઈ

જન્મતારીખ:- ૧૭/૦૪/૧૯૯૦
પિતાની પુણ્યતિથિ:- ૩૦/૧૨/૨૦૦૬
માતાની પુણ્યતિથિ:- ૦૯/૦૩/૨૦૧૪



**" મારા વ્હાલા પપ્પા
જય રામાપીર"**

આજે મારી વાત કરું તો અમે એક બહેન અને બે ભાઈ જેમાં હું મોટી છું. મારા માતા પિતા વિષે વાત કરું તો બંને નો સ્વભાવ ખુબ જ સારો અને દુનિયાના સૌથી મહાન માતાપિતાની વાત જ કરું તો આજે પણ તે જ છે . સુખી જિંદગી મારી ક્યારે દુ:ખમાં ફેરવાઈ ગઈ તેનો ખ્યાલ જ ન રહ્યો. અચાનક જ મારી જિંદગીમાંથી એક પછી એક વિદાઈ લીધી અને જિંદગી ની મોહમાયા પલભરમાં જ વિખરાઈ ગઈ.

હું હવે ઘરમાં બધા કરતા મોટી .તેથી બધી ઘરની જવાબદારી મેં મારા પાર લઇ લીધી અને મુશ્કેલી નો સામનો કરવા માટે અમે ત્રણેય ભાઈ બહેન એક થઇ ગયા.જિંદગીની અંદર ફક્ત પ્રેમ જ જોયેલો પરંતુ સમાજના રીતિરિવાજ અને વ્યવહાર ની ઠોકારોએ બહુ જ જિંદગીનું જ્ઞાન આપ્યું. જિંદગી માં બહુ લોકો આવ્યા સાથ આપવા ,હિંમત આપવા , આસવાસન આપવા પણ જ્યાં જવાબદારી ની વાત હોય ત્યાં બધા માથે હાથ રાખતા .આજે પણ અમારા નાના મોટા દરેક કામમાં બધાનો બહુ જ સહયોગ રહ્યો છે.

પણ જયારે વાત આવી મારા લગ્નની ત્યારે મને બહુ જ ચિંતા થઇ .મને લાગતું હતું કે મારા બંને ભાઈઓ કેવી રીતે મારો પ્રસંગ પાર પાડશે પણ કહેવાય છે કે જ્યાં ભગવાન પહોચી ન શકે ત્યાં તેવા સારા માણસો ને મોકલી દે છે. તેવી રીતે આ ચિંતા માંથી બહાર નીકળવા માટે જિંદગી માં મારા પિતાનું બીજું સ્વરૂપ એટલે કે મહેશભાઈ પપ્પા આવ્યા અને મારી જિંદગીના દરેક સવાલના જવાબ મળી ગયા .

આજે મારા પિતા જો હાજર હોત તો તે પણ મારા લગ્ન આવી રીતે જ મને કરી આપે પણ વધુ આનંદ એ છે કે આજે મારા પિતાની ગેરહાજરીમાં પણ મારા લગ્ન એવી રીતે જ થાય છે. અને તેના માટે હું મહેશપપ્પાનો ખુબ ખુબ આભાર માનું છું.



મહેશપપ્પા ,તમે જાણવા અજાણતા કેટલીય દીકરી ઓ અને તેના માતા પિતાના સપનાઓ પુરા કરો છો. અને આ કાર્ય માટે જ કદાચ ભગવાને તમારી જેવા મહાન માણસ ને જન્મ આપ્યો હોય તેવું લાગે છે.

**તમારો ખુબ જ દિલથી આભાર માનું છું.**

**" જય રામાપીર "**
**લિ. તમારી**
**દિકા**
**પોશીયા વૈશાલી.**



## જ્યોતિ આર. વસાવા

જન્મતારીખઃ- ૩/૪/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૦૯/૦૯/૨૦૧૨



"Superheros are not only Found in the movies and comic books. There is a Superhero in my life whom I call Dad."

આમ તો જીંદગી ખુબ જ સરસ રીતે ચાલી રહી હતી .કારણ એ હતું કે એ સમયે મારા પપ્પા મારી સાથે હતા .કોણ કોને ખબર આવી સરસ ચાલી રહેલી જિંદગી મા અચાનક આવું આભ તૂટી પડશે . જિંદગીની આ રફતાર માં એક દિવસ પપ્પાની શારીરિક તંદુરસ્તી નબળી પડી. પપ્પાને ડોકટર પાસે લઇ જતા ડોકટર એ પપ્પાને કેન્સર જેવી ગંભીર બીમારી બતાવી હતી . આ વાતો સાંભળી અમારા પગ નીચેથી જમીન ખસી ગઈ હોઈ એવી પરિસ્થિતિ થઈ ગઈ હતી .પપ્પા ને આ ગંભીર બીમારી માંથી બચાવવા માટે અમે અમારી બધી ચીજ-વસ્તુ વેચી નાખી હતી .અમારી પાસે હવે ફક્ત ને ફક્ત બસ અમારા હાથ અને પગ જ રહ્યા હતા .ગંભીર બીમારીમાં પપ્પાને ૩ વર્ષ સુધી આવી હાલત માં રહી અમને છોડી ને જતા રહ્યા .પપ્પાના ગયા પછી જિંદગી તો જાણે કરમાયેલા ફુલ જેવી બની ગઈ પરંતુ આપણી ગુજરાતી માં એક કહેવત છે કે.......

"સમય જતા બધા દુ:ખો આપ મેળે ઓસરી જય છે."

અમે અમારી જિંદગી ની એક પણ ક્ષણ એવીના હોય જે અમે અમારા પપ્પા વિના વિતાવી હોઈ. પપ્પા એ સૂરજ સમાન હોય છે. જેમની હાજરી આપણને સુરજના કિરણો જેમ પ્રકાશિત કરી નાંખે છે . પરંતુ ,પપ્પાની ગેરહાજરી સુરજ ના કિરણો ની જેમ જિંદગી માં અંધારુ ફેલાઈ જય છે.

**" Your death will always remain a blurry memory , But your life will always be a vivid one ,the epitome Of greatness and sacrifice."**



## "I Miss You Papa"

હું પપ્પા ને ખુબ જ યાદ કરું છું. મારા પપ્પાનું સપનું હતું કે એમની લાડકી દીકરી જ્યોતિ ના લગ્ન તેઓ ખુબ ધામ થી  કરવા માગતા હતા .પરતું વિધાતા ના લેખ ક્યારે ખોટા પડતા નથી .પપ્પાને કન્યાદાન કરવાના અવસરન મળ્યો.

કેટલીવાર સાંભળ્યું હતું કે જિંદગી માં જ્યારે એક રસ્તો ખોલી નાંખે છે. ફરીસતાના નામો પણ ઘણા સાંભળ્યા હતા અને આજે મારી જિંદગીમાં મારા પપ્પા "મહેશપાપા" આવી ને ફરિશતાની ખોટ પૂરી પાડી છે. પપ્પા એ ઈશ્વરથી મહાન પદ ધરાવે છે મારી જિંદગીમાં.

"પાપા તમે ઈશ્વર છે. કારણ કે  મારા પપ્પા ફક્ત ને ફક્ત મને સુખ જ આપે છે."

પપ્પા તમારી પાસેથી ઘણી ખુશી મળી છે. જિંદગી ફરીવાર ખીલતા બગીચા સમાન થઇ ગઈ છે. જિંદગી ને ફરી એક વાર જીવંત કરી નાખી છે. હું ખુબ જ નસીબદાર છોકરી છું. મારી જિંદગીમાં બે પિતા છે. એક પિતા જેમણે મને જન્મ આપ્યો .મને બોલતા શીખવી , ચાલતા શીખવી અને મારા બીજા મહેશપાપા કે જેમણે હસતા શીખવું ,દોડતા શીખવું ,જિંદગી શું છે. તે સમજાવ્યું આજે અમારી જિંદગી ધન્ય થઇ ગઈ છે પપ્પાને પામી ને.

" पिता ऐसे होते है,
जिनके होने का एहसास कभी नहीं होता,
लेकिन ना होने का बहुत एहसास होता है "

હું મારા બંને પપ્પાને ક્યારે નહિ ભૂલી શકું .હું બસ એટલી જ ઈચ્છા ધરાવું છું કે મને દરેક જન્મમાં આ બંને પપ્પાનો સહકાર મળે અને મારું કન્યાદાન મારા આ બંને પપ્પાના હાથો થી થાય તમારી પાસેથી મને જિંદગીમાં ઘણું બધું શીખવા  મળ્યું છે. મારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી વધુ ભાણીના શકી . પરંતુ મારા આવનારા વંશને હું મહેશપાપા જેવા બનાવવા પૂરી મેહનત કરીશ.

"મમ્મી પપ્પા ભલે ઓછું ભણેલા હોય પણ એનાથી મોટી કોઈ university નથી ."

**Love You Papa**
**I Always Miss You.**



## પટેલ રીંકલ કનુભાઈ

જન્મતારીખઃ- ૨૦/૧૧/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૦૩/૧૧/૨૦૧૩



**મારા વહાલા પપ્પા**
**જય સ્વામિનારાયણ**

શું લખું? કારણ કે લાગણીની અભિવ્યક્તિ શબ્દોમાં કરતા નથી આવડતું. હું મારી જાતને ખુબ જ ભાગ્યશાળી માનું છું. મને પપ્પા મહેશપપ્પાના રૂપમાં મળ્યા. પપ્પા આવ્યા ને મારી જિંદગીમાં રોનક આવી ગઈ . પપ્પા રૂપી સુરજ મારી જિંદગીમાં ક્યારેય પણ અંધારું ન આવવા દે. આ માટે આભાર જેવા શબ્દો પણ નાના લાગે છે. ભગવાનને એ જ પ્રાર્થના કરું છું કે મને આજ પપ્પા બધા જ જન્મમાં મળે અને હું એમની દીકરી બનું . મેં મહેશપપ્પા ને ન્યુઝ માં જ જોયા હતા . મારું પણ સપનું હતું કે હું મહેશપપ્પાને મળું પણ કઈ રીતે તે સમજાતું ન હોતું  પણ જ્યારે મારા લગ્નનું ફોર્મ ભર્યું ત્યારે મીટીંગમાં મહેશપપ્પાને મળી ત્યારે મારા જીવને શાંતિ થઈ કે હું મારા પપ્પાને મળી ત્યારે હું બહુ જ ખુશ હતી. ત્યારે મને લાગ્યું કે હું ખુબ જ ભાગ્યશાળી છું. જેમણે હું ન્યુઝપેપરમાં અને ટીવીમાં જોયેલા તે મહેશપપ્પા આજે મારી સામે છે અને જ્યારથી હું મહેશપપ્પાને મળી ત્યારથી પપ્પા અમને દીકરીની જેમ જ રાખે છે અને બધા જ તહેવારો સાથે મળીને બધી દીકરીઓ સાથે એન્જોય કરીએ છીએ.પપ્પા મને કોઈ પણ કમી મહેસૂસ નથી થવા દેતા. મારા પપ્પા દુનિયામાં બેસ્ટ પપ્પા છે. બધી જ ફરજ પૂરી રીતે નિભાવે છે. હું આખી દુનિયામાં શોધવા જઈશ તો પણ આવા પપ્પા નહિ મળે. મારા મહેશપપ્પા એ લગ્નની ખરીદી પણ મારી પસંદ ની કરાવી. જે જોઈએ એ બધું અપાવ્યું . કદાચ મારા પપ્પા પણ હોત તો આટલું કરી ન શકતે.

જ્યારે મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૧૨ માં ધોરણ માં અભ્યાસ કરતી હતી . પછી મારા ઘરની પરિસ્થિતી નબળી હોવાથી .એટલે મેં job કરવાનું વિચાર્યું કે મારા ઘરમાં મમ્મીનો સહારો બનું અને મારા નાના ભાઈ ને ભણાવવો હતો એટલે હું ૧૨ ધોરણ સુધી જ ભણી અને છોકરા ની જેમ મહેનત કરી હતી મેં.



હું મહેશપપ્પાના સ્વરૂપમાં મને મારા ભગવાન મળી ગયા . પપ્પા તમે મારી જિંદગીમાં આવ્યા પછી મારા લગ્નની બધી જવાબદારી તમારા માથે લઈ લીધી

હતી. મમ્મીના માથેથી ટેન્શન ઓછું કર્યું હતું.

હવે હું ગર્વથી બધાને કહીસ કે મારે પપ્પા છે. તમે અને અમે ખુબ ભાગ્યશાળી છીએ કે આટલી બધી દીકરીઓ મળી અને અમારા જેવી પપ્પા વગરની દીકરીઓની તમારા જેવા પપ્પા મળ્યા . તમારા વિશે લખતા લખતા કાગળ ભરાઈ જશે પણ શબ્દો ઓછા નહિ થાય.

I Love You Papa
Miss You Papa

**લિ. તમારી વહાલી દિકા,**
**રીંકલ.**



## **લાઠીયા દયા લશ્કરભાઈ**

જન્મતારીખઃ- ૦૪/૦૬/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૦૧/૧૦/૨૦૧૧



Love You Papa
Miss You Papa

જય રામાપીર પપ્પા કેમ છો પપ્પા હું જાણું છું પપ્પા તમારા વ્હાલના શબ્દો સામે આ પત્ર કાગળ કઈ જ નથી. હું રોજ તમને યાદ કરું છું. પપ્પા ને મારી નાની બહેન, ભાઈ અમને રોજ યાદ કરે છે . તમે મારી લાઈફ માં આવ્યા પછી મને બોજ બધું મળ્યું છે. મારા પપ્પા ૨૦૧૧મ હાર્ટએટેક આવવાના કારણે દેવલોક પામ્યા છે. ત્યારે હું ૭મું ધોરણ ભણતી હતી. અમારી પરિસ્થિતિ ખરાબ હતી એટલે મમ્મી પપ્પા અમને પાંચ ભાઈ બહેન ને ગામડે દાદા-દાદી  સાથે મૂકીને અહીંયાં બીજાની વાડીમાં ભાગ રાખવા આવતા રહ્યા હતા . પછી મારે ૧૦ ધોરણ પૂરું થયું એટલે  ૨ વર્ષ પપ્પા સાથે રહી શકી . હું મારા પપ્પા ની બહુ લાડકી હતી. પપ્પાના હાર્ટએટેકના દિવસે પપ્પા મોટી બે બહેન ના લગ્ન ની કંકોત્રી છપાવવા જવાના હતા .પછી કંકોત્રીના બદલે અમારે બેસણાના કાર્ડ કરવા પડ્યા . ત્યારે તો મને એવું થઇ ગયું હતું કે પપ્પા વગર મારા સપના કોણ પૂરા કરશે . ૬ વર્ષ બાદ પપ્પા બની તમે અમારી લાઈફ માં આવ્યા ને અમને પહેલી મિટિંગ માં જ્યારે તમે એમ કીધું હતું કે આજ થી તમે બધી દીકરીઓ મારી ને હું તમારા પપ્પા ત્યારે જ મારા બધા સપના પુરા થઇ ગયા .પપ્પા તમે અમને મળ્યા એટલે બધું આવી ગયું .બીજી કોઈન છોકરી ઓ ને પપ્પા-પપ્પા બોલાવતી જોઉ ત્યારે મને બોજ દુઃખ લાગતું પણ પપ્પા તમે મારા એ દુઃખ ને સુખ માં ફેરવી દીધુંબોજ બધું કરો છો અમારા માટે ૧ કે ૨ દીકરીઓના લગ્ન કરવા હોય તો પણ કેટલી બધી દોડધામ વધી જય છે. તમે તો પપ્પા એક સાથે ૨૫૧ દીકરીઓ પરણાવો છો પપ્પા. ભગવાન તમારા જેવા પપ્પા બધા દીકરીઓ ને આપે.

Thank You Papa, Love  You Papa...

જય રામાપીર ....



**લિ. આપની વ્હાલી પુત્રી**
**લાઠીયા દયા**



## રેખા પરબતભાઈ નસીત

જન્મતારીખઃ- ૨૦/૪/૧૯૮૬
પિતાની પુણ્યતિથિઃ- ૭/૫/૨૦૧૧

**'લાડકડી પત્ર'**
**જય રામાપીર પપ્પા,**

દરેક દિકરીના જીવનમાં તેના પપ્પા તેના માટે હીરો હોઈ છે, કારણ કે તે પોતાની દીકરીની દરેક ઈચ્છાઓ પુરી કરવા હંમેશા તૈયાર રહે છે,તેનાથી બને એટલું વધારે તે દીકરી માટે કરે છે, જયારે જીવનમાં કોઈ મુશ્કેલી હોઈ તો કોઈ સાથ આપે કે ન આપે પણ પપ્પા હંમેશા તેની દીકરીનો સાથ આપે જ,

મારા પપ્પાનું સ્વર્ગવાસ હાર્ટ એટેક ને કારણે થયું હતું, અને મારા ભાઈને હાથીપગાની બીમારી છે,તેથી ઘરની જવાબદારી પણ મારા ઉપર આવી. ઘરખર્ચો ચલાવવા સિલાઈકામ સાથે ખેતીકામ પણ કરવાની હતી,મારા લગ્નની વાત ચાલી અને સગાઇ થઇ પછી મનોમન નક્કી કરેલુ કે પી.પી. સવાણીમાં જોડાઈ જવું, પી.પી. સવાણીના ભવ્ય લગ્નોત્સવ ટી.વી. ચેનલ ઉપર લાઈવ નિહાળેલા અને પછી તે જોઇ 'લાડકડી'માં ફોર્મ ભર્યું અને મારા ઉત્સાહ નો પાર ન રહ્યો.

આ વાત કરે એ તો મહેશપપ્પા છે એ જે એ પપ્પા છે કે પપ્પા વગરની દીકરીને દતક લઈને તેમના કરિયાવર થી માંડીને કન્યાદાન સુધીનું ઉત્તમ કાર્ય કરે છે, આજીવન પિતા વગરની દીકરીઓની જવાબદારી પોતાની દીકરી માનીને લે છે, અને સુખ-દુઃખ માં સાથ આપે છે,મારા લગ્નની જવાબદારી મહેશપપ્પા એ લીધા પછી મારા મમ્મી અને ભાઈ ને લગ્નનું ટેન્શન હળવું થઇ ગયું. એવા સંકટ ના સમયે મહેશ પપ્પા મને મળ્યા, જેમણે મારા લગ્નની તમામ જવાબદારી ઉપાડી એક સછા પિતાની ફરજ બજાવી મારા જેવી અનેક દીકરીઓના તમે લગ્ન કરાવ્યા ત્યારે હું ગર્વ અનુભવું છું, કે તમે જ મારા પપ્પા છો.

ધન્ય છે, મહેશપપ્પા તમને અને તમારા માતાપિતાને કે તમે આવું ઉત્તમ-ઉમદા કાંકરો છો અને સાથે પુરા પી. પી. સવાણી ગૃપ ને કે એમનો સાથ સહકાર પુરો પાડો છો.

Love you papa. Thank you so much papa.

**જય રામાપીર**

**લિ. તમારી વ્હાલી દિકા, રેખા નસીત.**



## ગેડિયા નયના એમ.

જન્મતારીખ:- ૧૩/૦૬/૧૯૯૨
પિતાની પુણ્યતિથિ:- 3/3/૨૦૧૦



**Dear પપ્પા,**

પિતા એટલે શું? આનો અનુભવ કરવો હોય તો એક દિવસ અંગુઠા વગર આંગળીઓથી બધા કામ કરીને જુઓ પિતાની કિંમત સમજાઈ જશે.મારો કહેવાનો અર્થ એ છે કે પિતા વગર દરેક કામ અધરું છે. પિતા ગરમ હોય છે સુર્યની જેમ પણ ન હોય તો અંધારું થઇ જાય છે. ખેતરનો પાક કાચો રહી જાય છે એજ રીતે પિતાની છત્રછાયા છીનવાઈ જાય તો ઘરમાં અંધારું થઇ જાય છે. પરિવાર પાર મુશ્કેલી ઓ આવી પડે છે.બાળકો અભણ રહી જાય છે.આ બધા અનુભવો મને મારા પપ્પાના ગયા પછી થયા . દરરોજ ભગવાનને ફરિયાદ કરતી કે કેમ તું આટલો કઠોર છે. અને ભગવાન હસીને કહેતા બેટા શાંતિ રાખ તને હું કોઈ બીજા સ્વરૂપે તારા પિતાનું મિલન કરાવી દઈશ છતાં પણ મનમાં મને એક વાત નું દુ:ખ રહેતું કે શું ખરેખર મને મારા પિતા મળશે? પણ ઈશ્વર હંમેશા સાચા જ હોય છે. એ વાત પર મને ત્યારે વિશ્વાસ આવ્યો જ્યારે હું તમને મળી અને એ બાબતે હું મારી જાતને ખુબ નસીબદાર માનું છું. કે તમે મને પિતા સ્વરૂપે મળ્યા . એક પિતા માટે હંમેશા એક ગર્વની બાબત હોય છે કે મારી દીકરીની પ્રગતિ થાય તેને કીર્તિ મળે પણ અહિયાં તો ઊલટું જ છે અને મને કહેતા જરા પણ સંકોચ નહિ થાય કે આજે મને જાતને સૌભાગ્યશાળી માનું છું કે મને તમારી “દિકા” બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. દરેક દીકરીની ઈચ્છા હોય છે કે તેના પિતા તેની ધામધુમથી વિદાય કરે અને મને હંમેશા એ ચિંતા રહેતી કે મારું શું થશે? પણ તમારા મળ્યા પછી હું બિલકુલ થઇ ગઈ અને મને ભરોસો છે કે તમે મારો હાથ એક સુરક્ષિત હાથમાં સોપશો . આપણી સંસ્કૃતિમાં એક જ એવી માન્યતા છે કે દીકરીના ઘરનું ન ખવાય પણ મારી તમને વિનંતી છે કે તમે આ બાબત વિચાર્યા વગર નિ:સંકોચ મારા ઘરે જરૂર ને જરૂર આવજો જેને હું મારી લાઈફની ધન્ય ઘડી માનીશ અને હું પણ તમને એક વચન આપું છું કે હું સદાય માટે તમારી “લાડકડી” બનીને રહીશ અને તમને વિનંતી કરું છું કે જેમ વાડલો અનેક પક્ષીઓને આશરો આપે છે અનેક મુસાફરોને શીતળ છાયા આવે



છે તેમ તેમ મારા જેવી બીજી દરેક જરૂરીયાતમંદ દીકરીઓને તમારો પ્રેમરૂપી છાંયડો અને આશીર્વાદરૂપી શીતળતા આપતા રહેજો . જ્યારે પહેલી વખત અમે તમને મળ્યા ત્યારે મારા જેવી દરેક દીકરીઓના ચહેરા પર એક પિતાની ગેરહાજરી દેખાતી હતી પણ જેમ-જેમ સમય વિતતો ગયો. તેમ દરેક દિકરીના જીવનમાં એક પિતારૂપી ખાલી જગ્યા માત્ર તમે એકલા એ જ ભરી દીધી . અને હું નયના ગેડિયા (દિકા નં.-૨૦૬૩) એ દરેક દીકરી વતી તમારો ખુબ આભાર માનું છું અને અંતરથી આશીર્વાદ આપું છું કે જેણે અમને લોકોને આ પિતાવિહોણા દુખસાગરમાંથી મરજીવા બનીને અમારો હાથ પકડીને અમને બચાવી લીધા એવા મહાપુરુષને ભગવાન ખુબ સુખ ,સમૃદ્ધ, અને કીર્તિ અર્પે . Dear પાપા લખવા બેસું તો આ કલમ પણ નાની પડે, આ કાગળ પણ નાનો પડે અને તમારી દીકાની લાગણીઓ પણ ઓછી પડે માટે બહુ ન કરતા અંતમાં એટલુજ કે ભગવાનને ક્યારેય જોયા તો નહોતા પણ તમારા સ્વરૂપમાં અનુભવ કરી લીધો.

Thank You Papa For Everything...

**લિ.**

**નયના એન. ગેડિયા**



# રાઠોડ સારીકા નવીનભાઈ

જન્મતારીખઃ- ૨૬/૦૬/૧૯૮૭
પિતાની પુણ્યતિથિઃ- ૧૪/૦૯/૨૦૦૮



જય શ્રી કૃષ્ણ
Dear papa

પપ્પા તમારા માટે શું લખું જેટલું લખું એટલું ઓછું છે,કેમ કે લાગણીઓ ઘણી છે, જેને કાગળ પર કઈ રીતે રજુ કરુ સમાજ નથી પડતી ,દીકરી અને પિતાનો સંબંધ અનેરો હોઈ છે, કહેવાય છે કે દીકરીનો ફર્સ્ટ હીરો એના પપ્પા હોઈ છે, પિતાને દીકરીઓ પ્રત્યે કઈ અલગ જ લાગણી અને વ્હાલ હોઈ છે.

હું મારા પપ્પા વિશે કાંઈક જણાવવા માગું છું અમારા કુટુંબમાં ૭ સભ્ય હતા. દાદા-દાદી,મમ્મી-પપ્પા, એક ભાઈ અને બે બહેનો. ૧૪/૦૯/૨૦૦૮ ના રોજ મારા પપ્પા નું અવસાન થયું,એ દિવસ જાણે અમારા પરિવાર પાર આભ તૂટી પડ્યું હોય, શું કરવું શું નહીં કાંઈ સમાજ ના પડે એવી પરિસ્થિતિ થઇ ગઈ હતી,બધી જ જવાબદારી મારી મમ્મી પાર આવી ગઈ હતી,પપ્પા ના ગયા પછી અમને મમ્મી સાથે ૩વર્ષ રહેવા મળ્યું,કેમકે પપ્પા ના ગયા પછી અમને મમ્મી સાથે ૩વર્ષ રહેવા મળ્યું, કેમ કે પપ્પા ના ગયા પછી મમ્મી એ બીજા લગ્ન કર્યા પરંતુ અમે મમ્મી સાથે નય જવાનું વિચાર્યું,દાદા-દાદીએ અમને ૧૨ સુધી ભણતર પૂરું કરાવ્યું.

**લી. તમારી લાડકડી**
**સારિકા.**

# ધર્મિષ્ઠા જગદીશભાઈ વેકરીયા

જન્મતારીખ:- ૦૭/૦૯/૧૯૯૨
પિતાની પુણ્યતિથિ:-૨૫/૦૫/૨૦૧૨



## Dear papa
## Jay Ramapeer

જય રામાપીર કહીને હું વાતની શરૂઆત મારા કુટુંબના સભ્યોથી કરું છું. અમારા ઘરમાં ૩ બહેન,૧ ભાઈ, મમ્મી અને દાદા રહીએ છીએ. મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ઘર પર નહોતી, હું ભાવનગર અભ્યાસ કરતી હતી, ત્યારે મારે કોલેજનું સેકન્ડ યર ચાલતું હતું અને મારી ફાઈનલ એક્ષામ છોડીને ઘરે આવું તો મારું આખું વર્ષ ફેઈલ જાય,એક્ષામ પુરી કરીને ઘરે આવી ત્યારે મને ખબર પડી કે પપ્પા હવે અમને છોડીને જતા રહ્યા છે. એ સમયે અમારા ઘરની પરિસ્થિતિ સારી ન હતી, ઘરની બધી જવાબદારી મોટી બહેન અને મમ્મી પર આવી હતી કારણ કે ભાઈ હજુ નાનો હતો.

દરેક છોકરીઓ માટે તેના પપ્પા તેના સુપર હીરો હોય છે ,દીકરીએ પિતાનું એક ધડકતું હ્રદય કહેવામાં આવે છે ,દરેક પિતાના જીવનમાં એક દીકરીનું હોવું અને દરેક દિકરીના જીવનમાં છેવટે સુધી પિતાનો પ્રેમ તો એક ભાગ્યશાળી હોય એને જ મળે છે, પિતા અને દીકરીનો સંબંધ એક અતૂટ સંબંધ હોય છે.

પિતા નાનપણથી પોતાની દીકરીને ખુબજ લાડ-પ્યાર થી ઉછેરે છે, દુનિયાના બધા જ સુખ આપવાની કોશિશ કરે છે. એવું કહેવામાં આવે છે કે દરેક સક્સેસફુલ માણસની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે પણ એક સક્સેસફુલ સ્ત્રીની પાછળ એના પિતાનો મોટો હાથ હોય છે. મારા પપ્પા ને અમને બધા ભાઈ-બહેનોને ભણાવવાનો ખુબ જ શોખ હતો તે એવું ઈચ્છતા હતા કે ભણી-ગણીને સારું નામ કમાય એના માટે એ દિવસ રાત મહેનત કરીને ભણાવવાનો ખર્ચો કાઢતા હતા, અમુક સગા-સંબંધીઓ એવું પણ કહેતા હતા કે છોકરીઓને ના ભણાવાય ,ભરતકામ મશીનમાં લગાવી દેવાય,છોકરીઓ કઈ થોડી કમાઈ ને આપવાની છે ,પણ પપ્પા કોઈનું પણ સાંભળ્યા વગર ઘરની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવા છતાં બધાને ભણાવ્યા. પિતાની કિંમત એક મીઠા સમાન હોય છે ,જયારે જમવામાં



મીઠું ન હોઈ ને ત્યારેજ તેનું સાચું મૂલ્ય થાય છે એમ પિતા વગર પણ જીવન અધૂરું જ છે.

મારી સગાઇ થઈ પછી સગા-વ્હાલા એ જણાવ્યું કે પી.પી.સવાણીમાં સમુહલગ્ન કરાવે છે ,ફોર્મ ભરાયું અને મહેશપપ્પા સાથે કોન્ટેક્ટ થયો,મહેશપપ્પા બધાને દિકા કહીને જ બોલાવે છે ,બધી દીકરીઓને સમાન વાત્સલ્ય-પ્રેમ આપે છે, એમ તો મહેશપપ્પા વિશે જેટલું કહીએ એટલું ઓછું પડે,પહેલી મિટીંગમાં મળ્યા ત્યારે તેમને મળીને ખુબ જ આનંદ થયો,એની વાણી-વર્તનમાં એટલી મીઠાશ હતી કે એટલુ મોટું દિલ તો ભાગ્યે કોઈક ને હોય છે,અત્યારના સમયમાં કોઈ સગા-સંબંધી કે સગો ભાઈ પણ એટલો સપોર્ટ નથી કરતા જેટલું મહેશપપ્પા કરે છે.

મારી બસ એ જ ઈચ્છા છે કે દુનિયાની  બધી ખુશી મહેશપપ્પાને મળે,આજીવન નીરોગી રહે અને આમ જ બધાને સાથ-સહકાર આપે અને બધાનો પ્રેમ મેળવે. મહેશપપ્પાનો જેટલો આભાર માનીએ એટલો ઓછો પડે,અમારી લાઈફમાં આવવા માટે તમારો ખુબ-ખુબ આભાર મહેશપપ્પા.

**Love you papa**
**Miss you papa**
**Jay ramapeer**





# પીપલિયા તેજલ ગોવિંદભાઈ

જન્મતારીખઃ- ૩૧/૦૮/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ-૧૯/૧૧/૨૦૧૬

**જય રામાપીર**

હું પીપલિયા તેજલ ગોવિંદભાઈ મહેશભાઈ પપ્પા ને હ્રદયથી મારી લાગણીઓ વિશે થોડું કહેવા માગુ છું અને હ્રદયથી પપ્પાનો આભાર વ્યક્ત કરું છું.

Dear papa

પપ્પા બધા લોકો એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા ફરતા નથી પરંતુ ભગવાને મને કુદરતના નિયમોની વિરુધ્ધ જઈને મહેશપપ્પાના સ્વરૂપ માં મારા પપ્પાને આપ્યા,હું મહેશપપ્પા માં મારા પપ્પા ને મહેસૂસ કરું છું,પપ્પા તમે મારી લાઈફ માં આવીને મને ખુબજ ખુશીઓ આપી છે, દિલ થી આભાર વ્યક્ત કરું છું.

દુનિયામાં બધા જ લોકો ખુશ નથી હોતા. બધા લોકોને સુખ અને દુઃખ નો સામનો કરવો પડે છે. આવા માં મારો પણ સમાવેશ થઈ છે. મારે પણ ઘણા બધા દુઃખ નો સામનો કરવો પડ્યો હતો.

મારા પપ્પાનું અવસાન થયાને ૨ વર્ષ થયા છે,ત્યારે મારા પપ્પા બીમાર થયા હતા અચાનક જ તેમનું ઘરમાં અવસાન થઈ ગયું હતું અને અમે ત્રણ બહેનો છીએ તેમાંથી મારા પપ્પા એ ૨ બહેનોને પરણાવી હતી પછી બંને બહેનો સાસરે ચાલી ગઈ પછી મેં ભણવાનું છોડી દીધું પછી ધીરે ધીરે મારા પણ મેરેજ ની વાત થઈ મેં મારી મમ્મી ને કહ્યું કે આપની પાસે કોઈ નથી કેવી રીતે તું મારા મેરેજ કરીશ. ત્યાં એટલામાં મારા કોઈ સગા-સંબંધી એ અમને કહ્યુંને કે પી.પી.સવાણી માં તારે લગ્ન કરવા છે પછી અમે લોકો કોર્મ લવા ગયાને ફોર્મ મળ્યું અને ફોર્મ ભરી દીધું અને પછી ફોન આવીયો કે તમારું ફોર્મ પાસ થઈ ગયું છે અને અમને પછી લાગ્યું કે મહેશપપ્પા સવાણી કેવા હશે તેને હું ક્યારે મલીશ?

**પપ્પાવાળી છત્રછાયા:-**

ઓફિસે જતા જ ઓફિસમાં પગ મુકતા જ પપ્પા એ એમ કીધું કે આવ દિકા.... આ શબ્દ સાંભળ્યો ન હતો ખુબ ખુબ ખુશ થઈ ત્યાં હું અને મમ્મી પણ મારી સાથે જ હતા,દિકા કીધું મને ખુબ જ ગમ્યું, પપ્પાએ એમ કીધુ કે તું મારી દિકા ને હું તારા પપ્પા છું ,પપ્પા આટલા વર્ષો પછી મને પપ્પા બોલવાની તમન્ના હતી, બધા ને પપ્પા હોઈ બધી જ છોકરીઓ પોતાની બધી જ વાત કરે મારે કોને કહેવી? હવે હું મારા પપ્પાને બધી જ દિલ થી વાત કરું છું.

પછી થોડી મમ્મી એ મને શિખામણ આપેલી કે આ ઘર ને છોડીને જા એટલે સસરાનું ઘર પોતાનું જ માનજે.

પારકા ને પોતાના બનાવજે સાસુ સસરાને માતાપિતા માનજે. નણંદ ને બહેનની જેમ રાખજે જેઠને મોટા ભાઈ સમાન રાખજે, આ ઘરના તુલસીનો ક્યારો છો એમ જ એ ઘરનો તુલસીનો ક્યારોને દીવો બનીને રહેજે દીકરી.....અને બધાની લાડકડી થઈ ને રેજે.

સંતોની વાણીનું બરાબર રીતે આ સવાણી પરીવાર પાલન કરી રહ્યો છે, તે આ હકીકત છે. એક સારો માણસ જે આખા સમાજના વાતાવરણને શરુ કરી છે . એની મહેશભાઈ વલ્લભભાઈ સવાણી પરિવાર આવા ઉમરા અને શ્રેષ્ઠ પરિવારને મારા લાખ લાખ પ્રણામ. પપ્પા વગરની દીકરીઓ ના પપ્પા બનતા રહે એ જ મારી પ્રાર્થના:- જય રામાપીર

Thank you papa

**લિ. તમારી દિકા**
**તેજલ પીપલિયા**





## ગુપ્તા સોનલ રાજેન્દ્ર

જન્મતારીખઃ- ૧૨/૦૪/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ-૨૩/૦૯/૨૦૧૩

**My dear papa**
**I love you.**

પપ્પા તમે જ્યારથી મારી લાઈફમાં આવ્યા છો, ત્યારથી મારી લાઈફ બદલાઈ ગઈ છે. હું ૧૭ વર્ષની હતી,ત્યારે મારા પપ્પાનું મૃત્યુ થયું હતું. ત્યારે હું અગિયારમાં ધોરણમાં અભ્યાસ કરતી હતી, અને મારો ભાઈ નાનો હતો. મારી અને મારા ભાઈ ની બધી જવાબદારી મારા મમ્મી ઉપર આવી ગઈ,પછી પહેલી મિટિંગમાં તમે મળ્યા અને ત્યારે હું ખુબ ખુશ થઈ ગઈ,અને મારા મમ્મીને પણ મારું ટેન્શન નથી હવે કારણકે પપ્પા તમે મારી બધી જ જીમ્મેદારી લઈ લીધી છે, તેથી મમ્મીને ખુબ  રાહત થઈ ગઈ. મારા ઘરે મારા મમ્મી પર જ ઘર ચાલતું છે,અને પછી મારા લગ્નનો ખર્ચો કેમ ઉપાડવો એ પરેશાની હતી,પણ તમે દૂર કરી. મને મારા પપ્પાથી ખુબ પ્રેમ હતો,હું મારા પપ્પાને ખુબ યાદ કરતી, જ્યારથી તમે મારી લાઈફ માં આવ્યા છો,તમે મારા પપ્પાની જગ્યા લઈ લીધી.

પપ્પા શબ્દ જ એટલો મહત્વપૂર્ણ,પ્યારો અને વ્હાલસોયો છે,મારા પપ્પા તમારા માટે લખવા બેસું તો કાગળ, કલમ અને શબ્દો ઓછા પડે, પપ્પા તમે કેટલી ખુશી આપી છે કે હવે જીંદગી પાસેથી કંઈ જ લેવાનું બાકી નથી રહ્યું.

**“કબીર કહે કુઆ એક પનિહારી અનેક”**

મહેશપપ્પા એ કુવો જયારે તેની દિકા પનિહારી,તેમાંથી બધી જ દિકા પ્રેમ અને પૈસા બંને મેળવે છે,અને પપ્પાનું કહેવું છે કે મારા દિકા જેટલું જોઈતું હોઈ તેટલું લે, જેમ જેમ લેતા જાય છે,તેમ કુવો ઊંડો થતો જાય છે, અને કુવો ઊંડો છે, એટલે જેટલું જોઈતું હોઈ એટલું લીધા કરો, ખૂટે તેમ જ નથી.

"જેમ મેઘધનુષ સાત રંગોથી ઓળખાય છે, તેમ દીકરીની ઓળખ પણ એક પિતા પાસે જ મળી રહે છે ."

જે લાડ, સ્નેહ, પ્રેમ, હેત, લાગણી, ભાવનાનો ખજાનો મને કુદરતે પાછો આપ્યો. આજ હું મારા પપ્પા ને મળી શકું છું, તેમને બોલાવી શકું છું,તેમણે મારી તકલીફો બતાવી શકું છું, હું મારા પપ્પાની સાથે ખુબ જ ખુશ છું.

કોઈ દિવસ પપ્પાના સ્વરૂપે તો કોઈ દિવસ મિત્રના સ્વરૂપમાં તમારો હાથ અમારી ઉપર હ્રદય જેનું છે વિશાળ અમને ભેટ સ્વરૂપે શું આપીએ?

બસ! પ્રભુ ને પ્રાર્થના જ..... હર જન્મમાં પિતા તમે જ.....

ભુલો ભલે બીજું બધું માં-બાપને  ભૂલશો નહિ.

I love you papa.

Thank you so much...

**લિ. તમારી વ્હાલી દિકા**
**સોનલ.**





# ડબગર નિકીતા રાજેશભાઈ.

જન્મતારીખ:- ૦૧/૦૨/૧૯૯૮
પિતાની પુણ્યતિથિ:- ૦૪/૦૫/૨૦૦૪

**વ્હાલા પપ્પા**

**જય રામાપીર**

આજે હું મારા પપ્પા વિશે કંઈક કહેવા માંગું છું .મેં સ્વપ્ન માં પણ નહોતું વિચાર્યું કલ્પના પણ નતી કરી કે એક દિવસ મારી લાઈફમાં આટલો મોટો બદલાવ આવશે . ભગવાને મહેશ પપ્પા સ્વરૂપ માં મારા પપ્પા ને આપ્યા છે .હું મહેશ પપ્પા માંજ મારા પપ્પા ને મહેશુશ કરું છું. પપ્પા તમે મારી લાઈફ માં આવ્યા પછી તમે મારા પપ્પા ના પ્રેમ ની ખોટ પૂરી કરી છે.

Thank U So Much .... My World Best
My Mahesh papa

અમે ત્રણ ભાઈ બહેન હતા એક ભાઈ બે બહેનો છે.પપ્પા લાકડા ના કારખાનામાં જતા હતા મમ્મી ઘરે ભરતકામ કરતી હતી . અમારી પરીસ્થિતિ પહેલેથી સારી નહોતી.મમ્મી અને પપ્પા બંને મળીને ઘર નું ગુજરાન ચલાવતા .મમ્મી ને ઘરનું કામ બહારનું કામ અને અમે બંને બહેનો નાની હતી સાચવામાં તકલીફ પડતી જેથી હું ૨ વર્ષની હતી ત્યારથી મમ્મીએ મને મામાના ત્યાં મુકી હતી. મમ્મી પપ્પા મને મળવા આવતા જતા રહેતા હતા .મારા પપ્પાએ મને કહ્યું બેટા નિક્કી વેકેશન માં આપના ઘરે આવજે તને બધે ફરવા લઇ જઈશ .ત્યારે હું ૫ વર્ષ ની હતી .ત્યારે હું મારા ઘરે ઘરે ગઈ પપ્પા નોકરી હતા .રાત પડી પપ્પા આવ્યા નહિ મોડી રાત સુધી મમ્મી અમે બધા રાહ જોતા રહ્યા .એ વખતે ફોન ન હતો પપ્પા જોડે . રાહ જોતા રહ્યા જોતા રહ્યા અચાનક એક જન ખબર આપવા આવ્યા કે આ જગ્યા એ રાજુભાઈ નું અકસ્માત ત્ય ગયું છે . ટ્રક ચાલકે ટ્રક ચડાવી દીધો .એ વખતે મારા પપ્પા નોકરીથી સાઈકલ લઈને ઘરે આવતા હતા ને આવો હાદસો થયો.એ દિવસ અમારા જીવનનો સૌથી દુ:ખ ભર્યો હતો. ભગવાન આવો દિવસ કોઈને ના દેખાડે .મારા મમ્મી પાર દુ:ખ નો પહાડ તૂટી પડ્યો હોઈ એવા દિવસો થઈ ગયા હતા . ત્રણે ભાઈ બહેન નાના હતા . ભાઈ ૧૦ વર્ષ નો હતો અને હું ૫ વર્ષ નો હતી. નાની બહેન ૨ વર્ષની હતી પપ્પા ગુજર્યા ત્યારે. પપ્પાના ગુજરી ગયા બાદ ઘરનું ગુજરાન ચલાવવા મમ્મી ભરતકામ ,સિલાયકામ

,ઘરના કામ બધાનાં,લાકડાના કારખાના માં  આ રીતે બધા કામ કરવા પડતા . ભાઈ ૧૦ વર્ષનો હતો એ સમયે એ પણ સ્કુલે થી આવી ને બાબાશુટ બનાવા જતો આ રીતે ઘર નું પૂરું કરતા .મમ્મી મજુરી કરવા જતા. ભાઈ બાબાશુટ બનાવવા જતો જ્યારે મારી નાનીબેન એકલી પડી ગઈ પછી મારા મમ્મી મને મારા ઘરે લઇ આવ્યા.પછી અમે સમજણી થઈ .અમે બે બહેનો પણ ઘરે કામ લાવતા .અમે બધા મળીને ઘરનું પૂરું કરતા .આમ ભણતા જઈને ઘરે કામ કરતા મમ્મી મજુરી કરતા એ રીતે અમારું પૂરું કર્યું .આમ મમ્મી એ પપ્પાનો અને માંનો પ્રેમ આપીને અમને મોટા કર્યા .આજે પણ અમે બધા મળીને કઈને કઈ કામ કરતા રહીએ છીએ . મમ્મીને ત્રણ એટેક આવેલા હોવા છતાં ઘરનું પૂરું કરવા મજુરી કરવી પડે છે. એક દિવસ અમને અમારા રીલેટીવ મતલબ કે મારી નાની બહેનના સાસરી માં એમના સગામાં કૃપા ડબગર કરીને એમના મેરેજ  પી.પી.સવાણીમાં થયા .તો મારી બહેનના સાસરીવાળા એ કહ્યું કે તમારે પપ્પા નથી .તો સુરત માં પી.પી.સવાણી કરે છે . તે બાપવગર ની દીકરી ના લગ્ન કરાવે છે .ત્યારથી અમે પ્રોસેસ ચાલુ કરી જાણવા મળ્યું કે આ તારીખે ફોર્મ મળે છે . તો અમે ફોર્મ ભરી દીધું જ્યારે સિલેકટ થઇ ગયા બાદ કહેવામાં આવ્યું કે તમે ફૂલહાર માં સિલેક્ટ થયા છો. ત્યારે મને થોડુ દુઃખ થયું. પણ મેં તરત હા પાડી દીધી. ઘરની પરિસ્થિતિને ધ્યાન માં લઈને .જ્યારે મિટિંગ માટે બોલાવામાં આવ્યા. જ્યારે પપ્પાની ઓફીસ માં બોલાવ્યા પપ્પાને રૂબરૂ જોયા એમનો સ્વભાવ એમની બોલી જાણે ભગવાનની બોલી હોઈ એવુજ લાગ્યું ત્યારે અમારા વગર કીધે અમને કહ્યું દિકા તમારા મંડપ માં જ લગ્ન થશે . ત્યારે મને ફિલ થયું કે પપ્પા કોઈ દિકા ને દુઃખી નથી જોઈ શકતા. મીટીંગમાં પપ્પાને મળ્યા બાદ હું બોજ  ખુશ હતી. સગા પપ્પાનો પ્રેમતો નશીબમાં નહોતો. સગા બાપ કરતા પણ વિશેષ પ્રેમ આપે એવા મહેશપપ્પા મળ્યા .પપ્પા હયાત હોય એ પણ આ રીતે લગ્ન ન કરાવી શકતે . એવા મારા પપ્પા નિ:સ્વાર્થ ભાવે અમારા લગ્ન નો ખર્ચો કરે છે. અને ધૂમધામ થી લગ્ન કરાવે છે. જયારે પપ્પા મારા ઘરે આવ્યા  એ દિવસે તો મારી ખુશીનો કોઈ ઠેકાણું ન હતું. એટલી ખુશ હતી એટલી ખુશ જેની કોઈ હદ ન હતી . જેટલી ખુશી મને મારી લાઈફમાં કયારેય  મહેસૂશ નથી થઇ. જેટલી ખુશી પપ્પા ના આવાની થઇ હતી . જયારે મેં પહેલી વાર પપ્પા ને મેસેજ કર્યો તરતજ પપ્પાનો રીપ્લાય આવ્યો love my dika  ત્યારે મને બોજ ખુશી થઇ હતી. પપ્પા માટે જેટલું લખીએ એટલું ઓછુ છે. પપ્પા એ એકસાથે અમને શોપિંગ કેટલી બધી કરાવી. એ પણ અમારી મનગમતી. પપ્પા નિ:સ્વાર્થ ભાવે અમારા જેવાની મદદ કરે છે. હું તો કહું છું ભગવાન મારા પપ્પા અમારામાં નિ:સ્વાર્થ ભાવે ખર્ચ કરે છે. તો એમની સંપત્તિ માં ૧૦૦૦ ગણું ઉમેરો કરજો. આજ રીતે આગળ પણ બીજી દીકરીઓની મદદ કરી શકે.
રૂપિયા વાળા તો મેં ઘણા જોયા પણ એ પોતાનમાં જ ખર્ચે કરે છે. રૂપિયા વાળા



તો મારા મહેશાપપ્પા જે બીજા ની નિ:સ્વાર્થ ભાવે મદદ કરે છે . એ તો કોઈ ભગવાનનું જ સ્વરૂપ હોઈ જે છે મારા મહેશ્પપ્પા .

મારા મહેશાપપ્પા અને એમના પરિવાર પાર સહાય ભગવાનની  કૃપા દ્રષ્ટિ બની રહે એજ મારી ભગવાન ને પ્રાથના છે .

ભગવાન જેવા મારા મહેશ્પપ્પા, પૂજય  બા-બાપુજી ,ચરણોમાં કોટિ કોટિ વંદન પ્રણામ....

“ભુલો ભલો ભલે બીજું બધું માં-બાપ ને ભુલશો નહી”

I Love U My World Best Papa

**લી. તમારી વ્હાલી દિકા**
**ડબગર**
**નિકીતા રાજેશભાઈ.**



## પરમાર પ્રિયંકા રાજેશકુમાર

જન્મતારીખઃ- ૩૦/૧૨/૧૯૯૯
પિતાની પુણ્યતિથિઃ- ૦૨/૦૮/૨૦૧૨



**Dear Lovely Papa,**
**Jai Ramapir,**

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભગવાનને જોયા નથી. પરંતુ આમનું એક નામ પપ્પા તમારી સાથેનું છે. "મહેશપપ્પા આવા જ હોય છે."

પપ્પા તમારા માટે હું શું લખું એ સમજાતું નથી. કારણકે તમારો નિ:સ્વાર્થ પ્રેમ ને લાગણી અભિવ્યક્તિ શબ્દમાં કરતા મને નથી આવડતું.

આજે તમારી દીકરી તમને સાચા મનથી લાગણીમય પત્ર લખી રહી છે. તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વ્હાલને શબ્દોમાં ઉતારવા માટે આ કાગળતો ઘણોજ નાનો છે. ખરેખર તો પપ્પા શબ્દ એ જ બહુ મોટો શબ્દ છે. જેને નિભાવવો કે સમજવો બહુ મુશ્કેલ છે. કારણકે એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા હોય છે. જે હંમેશા હિમાલય સમાન અડીખમ રહીને પોતાની દીકરીને દરેક મુશ્કેલીમાંથી બહાર નીકળે છે.

**"પંખી બની ઉડી જાય, પપ્પાની લાડકડી થઈ જાવ,**
**પપ્પા વગરની જિંદગી નકામી, આંસુ આવે તો રડી જાવ,**
**પ્રિય પપ્પા તમને શું કહું...? તમે મારા માટે ભગવાન સમાન છો."**

જેમકે,

**"માતાને દીકરા પ્રત્યે પ્રેમ હોય, એમ પિતાને દીકરી ઉપર પ્રેમ હોય."**

અમને મહેશપપ્પા મળ્યા પછી એવું Feel થયું કે નઈ અમારા પપ્પા જ પાછા મળી ગયા. પપ્પા વગરની જિંદગી જીવવી ખુબજ મુશ્કેલ છે. પપ્પા તમે અમને આવી રીતે જ

પ્રેમ કરતા રહેજો. Life Time પપ્પાની યાદ કયારેય ન આવવા દેતા. પપ્પા અમને પ્રેમ, લાગણી, હુંફ આપે છે. અને અમે નશીબદાર છીએ પપ્પા કહેવાનો મોકો મળ્યો.



અમારી જિંદગીમાંથી પપ્પા ગયા પછી અમે બહુ જ દુ:ખ જોયું છે.
મહેશપપ્પા આવ્યા પછી જીવનમાં ખુશીઓ જ જોવા મળી રહી

છે. અમારે હવે કોઈ ટેન્શન નથી. મહેશપપ્પા મળી ગયા છે.

છેલ્લે હું એટલું જ કહીશ કે મારી Life માં પપ્પા નહિ ભગવાન આવ્યા છે. અને એ પણ મારા પપ્પાએ જ મોકલેલા છે. ભગવાન તેમની ખુબ લાંબી ઉમર, હિંમત અને શક્તિ આપે. અને પપ્પાને પ્રગતિના શિખર પર આગળ વધારજો.

***“દીકરી ચાલી પોતાને સાસરે,***
***મુકી માં-બાપ ભાઈને આશરે***
***હવે માંડવો આ કેવો સુમસામ છે.***
***ઈનો સુનકાર ઠેક ઘેર પહોંચશે.***
***ઠામ ઠેકાણું મળ્યું એનો હાશરે***
***પંખી ટહુકા મુકીને વ્રુક્ષ છોડી ગયું.***
***એના ગમતા આકાશ પાસે દોડી ગયું***
***જાણે શ્વાસ છુટી પડયો શ્વાસ રે.***
***દીકરી ચાલી પોતાને સાસરે......***

**Thank You So Much Papa..**

**લિ.**
**તમારી લાડકડી દીકરી**
**પ્રિયંકા.**



# કોસરાબે વિજયા રામકૃષ્ણભાઈ

જન્મતારીખઃ-૧૧/૦૮/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૨૫/૦૧/૨૦૦૮



Dear Papa,

હેલો મહેશ PaPa કેમ છો. તેમને યાદ કરવા માટે અમને સમયનો પણ વિચાર કરવો પડતો નથી. Papa શબ્દ આ શબ્દ મારા માટે ખુબ કીમતી છે. કારણ કે મે ખુબ નાની હતી ત્યારે મારા પપ્પા આ દુનિયામાંથી અચાનક છોડીને જતા રહ્યા કેમ આવું અમારી સાથે જ થયા. આ વિચાર દરરોજ સવારે ઉઠો ત્યારે મને થાય છે મને આ દુનિયામાં બધું જ મળી તો જાય છે પણ Papa ક્યારે દેખાતા નથી. ભગવાન મારી સાથે કેમ આવું કરે. એ વાત પર મને ગુસ્સો આવે છે જયારે Papa મને છોડીને ગયા. ત્યારે રાત્રે Papa સાથે બેસીને જમ્યા અને પછી મસ્તી કરીને Papa એ સુવડાવી દીધા. એ મને ખબર પણ નથી ને સવારે વહેલી ઊઠીને Papaને ચા પીવા ઉઠાવતા Papaન ઉઠતા મને ખુબ દુઃખ અને સમજ ન પડી. મને એમ જ કે પપ્પા સુતા હશે. Papaન ઉઠતા મને દુનિયામાં રહેવાનું હજુ પણ ગમતું નથી. Papa વગની દુનિયા કેવી હોય એ મને ખુબ જ નજીકથી સમજી છું.

Papa જયારે અમારી લાઈફમાંથી ગયા. એ પછી અમે લોકો ખુબ એકલા જેવા લાગવા લાગ્યા. પાપા અમારી લાઈફમાં હતા બધા લોકો અમારી સાથે સારી રીતે વાત કરતા અને સારી રીતે વર્તન કરતા. એ પછી જયારે Papa અમારી લાઈફમાંથી ગયા. તો અમારી લાઈફ ખુબ જ ખાલી લાગવા લાગી. અને લોકો પણ ગમે તેમ વાતો કરવા લાગી ગયા. મહેશ Papa તમને ખબર છે જયારે અમે લોકો ભણવા જતા ને ત્યારે લોકો અમારી Momને કહેતા કે હવે છોકરીઓને શું કામ ભણાવે છે. લોકોના ઘરે ચૂલો જ ફૂકવાનો છે. પણ mom કોઈની વાત ના સાંભળતા momએ અમને લોકોને ભણાવીને પોતાના પગ પર ઉભા કરી અને mom પણ પોતાના પગ પર ઉભા થયા. મોમ અમારી માટે એક પ્રેરણારૂપ છે કારણ કે પાપા અમારી life માંથી ગયા એ પછી mom બધો પોતાના પર આવતો કામ જાતે જ કરતી. મોમ રોજ સવારે 9 વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી કામ



કરતી અને હજુ પણ mom આવી રીતે ઘરકામ કરે છે. અને અમારી જરૂરિયાત પૂરી કરે છે. mom અમને લોકોને કોઈ દિવસ Papa ની કમી મહેસુસ થવા દીધી નથી. ભલે દુઃખ  કે સુખ હોય. મહેશ Papa એક વાત કહેવાની આપને અમારી સાથે અમારી માસી અને મામા સિવાય કોઈ એ પણ અમારો સાથ નથી આપ્યો.

મહેશ papa જયારે હું કોલેજ માં આવી ત્યારે મને ખુબ તકલીફ પડી પણ કોઈપણ દિવસ પાછળ ફરીને જોયું નહિ. પછી college એક વર્ષ પૂરું થઇ ગયું. પછો અમારા sir મને વાત કરી કે જેના પિતા ન હોય તે લોકોને ફી મળે છે. જેની મેં નોંધ લીધી બીજા વર્ષે એ ફી નું ફોર્મ ભરીને મને ભણાવવામાં મદદ થઇ. જેથી મેં ખુબ સરળતાથી આગળ કોઈપણ જાતની ચિંતા વગર મારો અભ્યાસક્રમ પૂરો કર્યો. હવે પછી ત્રણ વર્ષ પુરા થઇ ગયા પછી મને થયું કે મહેશ પાપા કેવી રીતે મને મળશે. પણ એક દિવસ અચાનક મારી સામે આવ્યા પણ મારી સાથે વાત ના થતી મને ખુબ જ દુખ થયું જેથી મેં વધારે દુખી થઇ. પણ પછી મેં એટલી બધી મોટી થઇ કે લગ્ન કરવા પડશે જેથી મને લગ્ન નો ખર્ચો કેવી રીતે કરો એ વિચાર મને આવ્યો. અને મને અચાનક P P Savani Group ની જાહેરાત જોવા મળી અને મેં ફોર્મ ભર્યું અને મારા લગ્નની ચિંતા જ દુર થઇ ગઈ.

મહેશ પપ્પા મારા લગ્નો ખર્ચો અને બધી જ વસ્તુઓ ખુબ સરળતાથી પ્રાપ્ત થઇ જેથી કપડાથી માંડીને વસ્તુઓ ખુબ જ મોંઘી હોવા છતાં મારા લગ્નની shopping ખુબ સારી રીતે થઇ છે. અને મોટી વાત તો એ છે કે એટલો મોઘો પાનેતર ક્યારે વિચાર પણ ન કર્યો એટલો મોંઘા પાનેતર મારા લગ્ન માટે મારા મહેશ પપ્પા એ મને લઇ આપ્યો છે. જેથી મેં ખુબ જ ખુશ છો. મારા લગ્નની બધી તૈયારી ખુબ સરસ રીતે કરવા માટે મહેશ પપ્પા ખુબ ખુબ આભાર માનું છું.

મહેશ પપ્પા તમને ખબર છે મારી બધી friend ના લગ્ન થઇ ગયા છે એ લોકો થોડાક - થોડાક દિવસમાં Momના ઘરે જાય તો બધા કરતા papa ખુબ ખુશ થાય છે જેથી એ બધી વસ્તુઓ લઇ આવે જે મેં કડી વિચાર નહિ કર્યો. મહેશ પાપા આ બધી વાતો સાંભળી મને ખુબ દુઃખ થાય છે. મને એમ થાય કે મારા પપ્પા કેમ નથી મેં એ કોઈ પાપ કાર્ય હશે એટલે જ. મહેશ પપ્પા મેં એક એકલી એવી છોકરી છું કે મારો કામ જેતે કરું છું. જેવી બધાના papa અને ભાઈ લેવા - મોકલવા આવે મારે કોઈ નહિ આવે. આ બધો સંભાળીને મહેશ papa ખુબ દુઃખી અને રડવા સિવાય મને કાઈ સમજાતું જ નથી પણ હવે મને મહેશ papa મળી ગયા છે. હવે મને કોઈ પણ જાતની ચિંતા નથી.

મહેશ papa Plz મને છોડીને કોઈ દિવસ ના જાતા. ફરીથી મેં



એકલી થઈ જવા. મહેશ papa Plz પાપા હવે મેં ગર્વ થી કોઈ પણ કામ કરું છું જેથી મારા પર મહેશ પપ્પાનો હાથ છે. હવે મેં ખુબ ખુશ છું. અને આનંદિત છું.

મહેશ papa એક છોકરીનો હીરો એના પપ્પા હોય છે. જેવી રીતે તમે મારા હીરો છો. I Love you Papa

મહેશ papa મારાથી લખવામાં કોઈ પણ જાતની ભૂલ થઈ હોય તો માફ કરજો જેથી તમારી વ્હાલી ડિકને માફ કરી દેજો.

જય રામાપીર મારા મહેશ papa ને અને ખુબ આભાર માનું છું.

I Love you Papa

**તમારી વ્હાલી દિકા**
**કોસરાબે વિજયા રામકૃષ્ણ**
**જય રામાપીર.**





## દરજી હિમા ધર્મેશભાઈ

જન્મતારીખ:- ૧૦/૦૫/૨૦૦૦
પિતાની પુણ્યતિથિ:- ૦૫/૦૩/૨૦૧૨

Dear PaPa,

સૂર્યને જેમ તેના કિરણ વગર નથી ચાલતું તેમ મને પણ મારા પપ્પા વગર નથી ચાલતું.

જય રામાપીર પપ્પા, આજે મારે પણ પપ્પા વિષે કઈ જાણવું છે. હું તો વિચારું છું કે દુનિયામાં પપ્પા વિશે કઈ કહેવાની જરૂર પડે. એ તો સૌ ભણતા જ હોય છે. માં વિશે તો ઘણા લેખો અને સુવિચારો છે. પરંતુ એક પિતા વિશે કઈક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ કવિઓ અને લેખકો પણ પાછા પડી જાય છે. કેમ કે પિતા વિશે તો એક દીકરી જ લખી શકે. પિતાને પુત્રીના પ્રેમને કોઈ તોલી શકે નહિ. એક દીકરી માટે તો તેના પિતા વર્લ્ડના બેસ્ટ પપ્પા જ હોય છે. હું પણ આજે મારા પપ્પા વિશે કંઈક કહેવા જી રહી છું. મારા પપ્પા વર્લ્ડના બેસ્ટ પપ્પા છે. મારા કુટુંબમાં મારા પપ્પા - મમ્મી, દાદા-બા, કાકા અને હું હતા અમારું કુટુંબમાં નાનું અને મસ્ત પરિવાર હતું પરંતુ જયારે મેં એક વર્ષની થઇ ત્યારે જ મારા મમ્મી પપ્પાનું તલાક થઇ ગયું મને મારી મમ્મી મારા પપ્પા પાસે છોડીને ચાલ્યા ગયા ત્યાર બાદ મને મારા પપ્પા એ જ મોટી કરી ત્યાર બાદ જયારે હું 14 વર્ષની હતી અને સ્કુલે ગઈ હતી ત્યારે મને મારા દાદા સ્કુલે લેવા આવ્યા હતા અચાનક જ, ત્યાર બાદ મેં મારા દાદા ને પૂછ્યું કે શું થયું. મને કેમ લેવા આવ્યા તો કોઈએ મને જવાબ ન આપ્યો. અને મને હોસ્પિટલ લઇ ગયા ત્યાં જઈ ને ખબર પડી કે પપ્પાનો એકસીડન્ટ થયો છે અને ગંભીર હાલતમાં છે અને મને મળવા માંગે છે. જયારે હોસ્પિટલમાં ગઈ ત્યારે મેં ખુબ જ રડી હતી. પપ્પાને મળીને બાર આવી ત્યારે ડોકટરે જણાવ્યું કે મારા પપ્પાનું અવસાન થયું આ સાંભળીને મારા હ્રદયની ધરતી ધ્રુજી જાય તેવો પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો. મારી પાસેથી મારી દુનિયા છીનવાઈ ગઈ. મારે માટે તો આખી દુનિયા મારા પપ્પા જ હતા. હું મારા પપ્પાને સૌથી વધારે પ્રેમ કરતી હતી, હું જેને મારા દિલની બધી વાત કહી શકતી હતી જે મારા માથા પર હાથ મૂકીને પૂછતાં કે દીકરી તારે કોઈ પ્રોબ્લેમ તો નથી ને, જેને કદી પણ મને દુ:ખ  શબ્દનો અહેસાસ પણ થવા નથી દીધો. એ હાથ આજે મારા માથા પરથી દુર થઇ ગયો., પપ્પાનું અવસાન થયું  ત્યાર બાદ મને ઘણી બધી તકલીફ પડી પણ મને મારા દાદા એ એક જ વાત શીખવાડી કે ક્યારે પણ હાર ન માનવી. ત્યાર બાદ દાદાની ઉમર થઇ ગઈ એટલે કાકા -કાકી સાથે રહેવા

ગયા પછી આમ પણ કાકા-કાકી મને રાખવા નતા માંગતા એટલે મારા દાદા ની ઉંમર હોવા છતાં મારા દાદાને મારા માટે કામ કરવું પડે છે. મારા કાકી રાખવા નથી માંગતા તેના કારણે મારા દાદા એ મારા લગ્ન જલ્દી નક્કી કરી નાખ્યા પરંતુ મેં ક્યારેય પણ નતું વિચાર્યું કે મારા લગ્ન આવી રીતે ધૂમ ધામ થી થશે.

મહેશ પપ્પા જ્યારથી પણ  મારી લાઈફમાં આવ્યા છે ત્યારથી હું બહુ જ ખુબ જ ખુશ છું. મારી ભણતર માટેની ફીસ પણ મહેશ પપ્પા સ્કુલ દ્વારા આપતા હતા અને લગ્ન માટે મારા દાદા એ પી.પી. સવાણીની જાહેરાત જોઈ અને મને કીધું પછી ફોર્મ લાવીને ભર્યું અને ફોર્મ સિલેકશન થયું ત્યારે હું બઉજ ખુશ થઇ ગઈ. અને ત્યાર બાદ મહેશ પપ્પા એ મેરેજ વિષે કીધું બધું કે કઈ રીતે મેરેજ થશે shopping કેવી રીતે થશે. તે જાણીને ખુશ થઇ ગઈ અને ઘરે આવીને દાદાને કીધું તો દાદા પણ આ ચિંતાથી દુર થયા. દાદાને મારા મેરેજની જ ટેન્શન થતી હતી પણ મહેશ પપ્પાના કારણે બધી જ ચિંતા દુર થઇ ગઈ. અને મહેશ પપ્પા shopping માં તો ખુબ જ મજા આવી  shopping તો મેં મારા લાઈફ માં પણ નથી કરી મેં સ્વપ્નમાં પણ નથી વિચાર્યું કે આવી રીતે મેરેજ કરીશ આ રીતે શોપિંગ કરીશ મહેશ પપ્પા મારી લાઈફમાં આવ્યા પછી હું ખુબ જ ખુશ છું.

પાણી વગર જેમ માણસ જીવી નથી શકતો તેમ જ મહેશ પપ્પા વગર જીવી નય શકાય મારાથી તમારામાં મને મારા પપ્પા નજર આવે છે મારા પપ્પા હોતે તો તે પણ મને આવી જ રીતે હમેશા ખુશ રાખતે પપ્પા તમને બઉ જ બધું I Love you પિતા એક ઘટાદાર વૃક્ષ છે અને એમની શીતલ છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે.

મહેશ પપ્પા તમારી દિકા તમારા ચરણોમાં દિલથી તમને વંદન ને પ્રણામ કરે છે. એ સ્વીકારજો અને મારાથી પત્ર લખવામાં કંઇ ભૂલચૂક થઇ હોય તો તમારી વ્હાલી દિકાને માફ કરી દેજો.

છેલ્લે એટલું જ કહીશ કે સંપતિ તો ઘણા પાસે હોય છે. પણ તેને બીજાની ખુશી માટે વાપરવી એવા દિલ મહેશ પપ્પા જેવા જ કોઈ વ્યક્તિ પાસે હોય છે

જય રામાપીર મહેશ પપ્પા ને ખુબ લાંબુ આયુષ્ય, સારું આરોગ્ય અને મહેશ પપ્પા સત્કાર્યો, સત્કર્મો કરતા રહે. એવી જ ઈશ્વર પાસે અભી અર્ચના સાથે મારી વાત પૂરી કરું છું.

I Love You so much My Sweet PaPa
I Really Really Really Love You PaPa
I Really Really Really Miss You  PaPa
Thank You so much My Sweet PaPa
Really Really Really Thank You  PaPa



**લિ. તમારી  વહાલી દીકરી**
**દરજી હિમા ... જય રામાપીર**



## શેલડીયા સુધા મનસુખભાઈ

જન્મતારીખ:- ૦૧/૧૦/૧૯૮૫
પિતાની પુણ્યતિથિ:- ૨૭/૦૩/૧૯૮૯

મારા વ્હાલા પપ્પા,

જય રામાપીર પપ્પા. વર્ષો થી દબાયેલી લાગણીને પત્રના રૂપ માં કહું છું,મારા મમ્મી એ ઘણી મુસીબતો નો સામનો કરી અમને ભણાવી-ગણાવી સારા વ્યક્તિ બનાવ્યા છે,મમ્મી ને મેં ક્યારેય શાંતિથી બેઠા નથી જોયા, તે હમેશા કામમાં વ્યસ્ત રેહતી ત્યારે પપ્પાની યાદ આવી જતી,મારા પપ્પાને તો મેં નથી જોયા તેમને યાદ કરી શકું તેવી યાદ પણ મારી પાસે નથી તેમ છતાં ખબર નહિ ક્યારેક પપ્પા ખુબ યાદ આવી જતા,એમ થતું તે હોત તો અમારી જીંદગી કેવી સારી હોત.

પપ્પા વિશે ઘણું સાંભળ્યું છે,વાંચ્યું છે,પણ અનુભવ્યું નથી. પપ્પા નો પ્રેમ કેવો હોઈ તેનો અનુભવ તમે મળ્યા પછી થયો બીજા પપ્પા તેની દીકરીને શોપિંગ કરાવતા,ફરવા લઇ જતા,હસતા-રમતા તો મને પણ મારા પપ્પા હોત તો આમ જ કરત એમ થતું પરંતુ તે શક્ય ન્હોતું ,અને હું નીરસ થઇ જતી, આજે તે બધું શક્ય બન્યું છે,ફક્ત ને ફક્ત તમારા જ કારણે, આઈ લવ યુ ,પપ્પા....શોપિંગ કરવાની બહુ જ મજા આવી પપ્પા ,બધું બહુજ સારું લીધું છે,એમાં પણ મારું પાનેતર તો બહુ જ સારું છે પપ્પા. થેંક યુ ,પપ્પા...અમને મનગમતી શોપિંગ કરવા બદલ. બધી દીદીઓ પણ બહુ જ સારી છે ,તેમના સાથ સહકાર થી શોપિંગ કરવાની બહુ જ મજા આવી ગઈ .

પપ્પા તમારા આવવાથી ઘણી મુસીબતી ઓછી થઈ ગઈ છે. મને તો એ નથી સમજાતું કે ભગવાન ના રૂપ માં પપ્પા મળ્યા છે કે પપ્પા ના રૂપ માં ભગવાન. જે હોઈ તે તમારા કારણે મારા હ્રદય ની બહુજ મોટી ખાલી જગ્યા પુરાની છે, જે પપ્પા શબ્દ હું વર્ષો થી બોલવા ઈચ્છતી હતી તે હક્ક તમે મને આપ્યો તે બદલ તમારો ખુબ ખુબ આભાર પપ્પા.

હું ભગવાન ને પ્રાર્થના કરું છું કે પપ્પા તમને સુખી ,તંદુરસ્ત અને લાંબુ આયુષ્ય આપે કારણકે હું મારા પપ્પાને બીજી વાર ખોવા માંગતી નથી .ઘણુ બધું કેવાનું છે, પણ આટલામાં પુરું કરું છું. પત્રમાં ભૂલ ચૂક માફ કરજો.

**લિ. તમારી વ્હાલી દીકરી સુધા.**



## અલકરી મયુરી હસમુખભાઈ

જન્મતારીખઃ-૧૩/૧૧/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૧૪/૧૧/૨૦૧૪



### Dear papa

**જય રામાપીર**

મારો જન્મ સુરતમાં થયો છે. હું સુરતમાં રહું છું. મારા ઘરમાં ૪ બહેનો અને ૧ ભાઈ છે. અને મારી ૩ પરણી ગઈ છે અને મારા પપ્પા ની ઈચ્છા હતી કે હું પણ સારી રીતે પરણું. પણ પપ્પાને કેન્સર હતું એ મને પરણાવાની અધુરી ઈચ્છા મુકીને જતા રહ્યા ,અને અમે એકલા પડી ગયા. મમ્મી ને રોજ નું ટેન્શન આવતું હતું કે મારી દીકરી હવે કેવી રીતે પરણશે. પણ મારી લાઈફમાં મહેશ પપ્પા આવ્યા ,મને પરણાવવાની જીમ્મેદારી લીધી. આજે મારા પપ્પા મને આંગળી પકડી ચાલતા શીખવ્યું એ જ મારો હાથ છોડી જતા રહ્યા છે. મહેશ પપ્પા મારી લાઈફમાં આવ્યા એ પછી મારી લાઈફમાં બહુ જ ખુશ છું. મારા પપ્પાનું અવસાન થયા પછી મારા લગ્ન કોણ કરાવશે અને કોણ પરણાવશે એમ મારી મમ્મી બહુજ ટેન્શનમાં રહેતી હતી. જ્યારથી મહેશ પપ્પા મારા લગ્ન કરાવશે એ વાત થી મારા ઘરમાં બધા બહુજ ખુશ છે અને હું પણ બહુ ખુશ છું,હું ગર્વથી કહી શકું છું કે મારા લગ્ન મહેશ પપ્પા કરાવે છે કે મારા જેવી કેટલીક દીકરીઓના પણ લગ્ન કરાવે છે.

આપણી પાસે ગમે તેટલી સાધન સંપતિ હોય પણ પપ્પા વિના અધૂરું જીવન છે .

હું ખુબ જ નસીબવાળી છોકરી છું કે મહેશ પપ્પાના આંગણે પરણીશ. હું તમારો આ પ્રેમ ક્યારેય નહિ ભૂલું.

ભૂલો ભલે બીજું બધું માં-બાપને ભૂલશો નહિ ,અગણિત છે ઉપકાર એના એ કદી વિસરશો નહિ.

પિતા વગરની દીકરીઓની ઈચ્છાઓ પૂરી કરવા ભગવાને તમને મોકલ્યા છે. તમને ખુબ લાંબી ઉંમર અને હિંમત તથા શક્તિ આપે. મહેશ પપ્પા પર મને ગર્વ થાય છે કે મને આજે પિતાનો પ્રેમ આપ્યો. હું ઈશ્વર નો આભાર માનું છું કે મહેશ પપ્પા ને મોકલ્યા. હું મહેશ પપ્પા ને મળવા ગઈ મને થોડો ડર હતો કે હું શું વાત કરીશ. પણ મહેશ પપ્પા ને મળ્યા પછી મારા પપ્પા હોઈ એવો અહેસાસ થયો, કે એક દીકરી અને પપ્પા વાત

કરે છે. મહેશ પપ્પા માટે બધી દીકરી એક સમાન છે. હિંદુ -મુસ્લિમ-ખ્રીસ્તી બધા ધર્મ ને જોતા નથી. પપ્પા ના મનમાં દીકરીના માટે પોતાની લાગણી અને પ્રેમ આપે છે.

મારા લગ્નની ખરીદી પપ્પાએ કરાવી,જીંદગી માં આજ સુધી કોઈ એવી ડ્રેસ કે સાડી નથી પહેરી તે આજે પપ્પાએ ઈચ્છા પુરી કરી. મહેશ પપ્પા એ પણ કહે છે કે લગ્ન કરાવતી વખતે દીકરીઓ ની મમ્મી કન્યાદાન કરશે પણ મારા પપ્પાની ઈચ્છા તમે પુરી કરો છો આટલું બધું કોણ કેહવાવાળું છે અને કોણ કરવાવાળું છે. બસ એક દીકરી ની લાગણી તમે જ સમજી શકો છો.

**पेड़ अपना फल खा नहिं सकते**
**इसलिऐ हमे देते है**
**पर कोईं अपना पेट खाली रखकर**
**भी मेरा पेट भरे जा रहा था**
**वो थे मेरे पापा...**

**લિ . તમારી લાડકડી**
**મયુરી.**



## હિનલ ચંદ્રસિંહ રાજપૂત

જન્મતારીખ:-૨૭/૯/૧૯૯૯
પિતાની પુણ્યતિથિ:- ૨૩/૧૦/૨૦૧૫



"પ્રેમ છે એક મીઠો વ્હાલ જો"
કરો તો ખબર પડે.
"પ્રેમ છે પપ્પાના સહારનો"
જો મળે તો ખબર પડે.
"પ્રેમ છે એક બાપ અને દીકરીનો"
સાથ રહે તો ખબર પડે.
"પ્રેમ છે એક મહેશ પપ્પાના આશિર્વાદ"
મેળવો તો ખબર પડે.
"પ્રેમ મેળવ્યો છે હિનલ રાજપૂત એ"
જો આખો પત્ર વાંચો તો ખબર પડે.

મારા આદરણીય શ્રી મહેશ પપ્પા,

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભગવાનને જોયા નથી. પરંતુ આમાંનું એક નામ પપ્પા તમારી સાથેનું છે. મહેશ કે ભગવાન આવા જ હોય છે.

મહેશ પપ્પા નામ સાંભળતાની સાથે જ ભગવાન શિવના રૂપની યાદ આવે છે. કેમ કે ભગવાન શિવના ત્રણ નામ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભગવાનને જોયા તો નથી પરંતુ આમાંનું એક નામ પપ્પા તમારું છે પપ્પા તમારી પાસે લાગણી, સ્નેહ , પ્રેમ, સહાનુભુતિ, આત્મીયતા, આપણાપણું અને સદગુણોનો અમૂલ્ય ભંડાર છો પપ્પા તમે. અને આ વાત કરતા મને ખુબ જ આનંદ થાય છે કે મારા પપ્પા મળ્યા પછી જાણે અમારી જીંદગીમાં નવો સૂર્યોદય થયો છે. સવારમાં ઉઠતાની સાથે પપ્પાનો મેસેજ આવે Good Morning My Dika અને રાત્રે પણ સુતા પહેલા પપ્પા મેસેજ કરે Good Night My Dika એમ પપ્પા તમારા વિષે તો શું કહેવું કઈ ખબર નથી પડતી. જેટલું કહું તેટલું ઓછું છે. જયારે જયારે પપ્પા My Dika કહે છે ને ત્યારે એવું જ થાય છે કે નય મારા પપ્પા જ મારી સામે બેઠા છે એમ.

મારા પપ્પાનું મૃત્યુ 2015 માં થયું હતું ત્યારે હું 19 વર્ષની હતી ત્યારે મને એવું લાગતું કે મારા પગ જ નથી. હું હવે સાવ પાંગળી બની ગય હતી. અને હું ત્યારે હજી મારા collage ના પહેલા વર્ષમાં હતી પછી અચાનક આવી રીતે મારા પપ્પા નું કમલને કારણે મૃત્યુ થયું ત્યારે મને વિચાર આવતો કે હવે આટલી મોઘવારીમાં



કેમ ઘર ચલાવીશું કઈ ખબર નહોતી પડતી પણ પછી મેં મારું ભણતર મૂકી દીધું અને હું જોબ કરતી થઇ ગઈ. અને મમ્મીને પણ મદદ થઇ તો પણ મને મારી ઘરની જવાબદારી હું ઉપાડતી થઇ ગઈ અમે બે બેન અને 1 ભાઈ છીએ અને ભાઈને પણ ભણાવવાનો હતો. તે નાનો હતો એટલે પછી હું જોબ કરતી હતી. પછી ઘણા બધા સબંધીઓ કહેતા હતા કે તું હવે લગ્ન કરી લે પણ હું ના જ કહી દેતી હતી. પછી મારી ઉમર થતી ગઈ એટલે મારા ઘરના એ પણ મને કીધું એટલે પછી હું એ નક્કી કર્યું કે હવે હું લગ્ન કરીશ. પણ ત્યારે પણ એમ થતું કે પપ્પા હોત તો કેટલું સારું. પછી હું જોબ કરતી ત્યાંથી મને ખબર પડી કે અહી સમૂહ લગ્ન થાય છે. P P Savani માં પછી તેમાં ફોર્મ ભર્યું અને પછી મહેશ પપ્પા મારી લાઈફમાં આવ્યા.

**"ન ગગન સુધી ,**

**"ન ધરા સુધી , મારે તો પહોચવું છે મહેશ પપ્પાના હૃદય સુધી"**

આમ અમે ધીમે ધીમે આગળ વધતા ગયા. તો પણ મને મનમાં ને મનમાં એક ડર લાગે છે કે મારા ઘરમાં થી ગયા પછી અહી મારા ભાઈ અને મારી નાની બહેન અને મારા મમ્મી નું શું થશે. પણ પછી હું ભગવાનને એટલી જ પ્રાર્થના કરું છું કે ભગવાન તું આ બધાનુ ધ્યાન રાખજે. એમ પછી મને વિચાર આવતો કે હું જે ઘરમાં જઈશ તે ઘર મને દીકરી માનશે ? શું મારા શું મારા સસરા મને તેની પોતાની દીકરી માનશે ? આવા બધા ઘણા પ્રશ્નો થતા મને પણ મને હવે જરાય ડર નથી લાગતો કારણ કે મારી સાથે મારા મહેશ પપ્પા છે. અને જ્યારે મહેશ પપ્પાને હું પેલી વાર મીટીંગમાં મળી અને એમને જયારે હું જય રામાપીર બોલીને ત્યારે પપ્પાએ મને મારા માથા પર હાથ મુકીને કીધું ને કે dika ત્યારે એમ થયું કે મારા પપ્પા પાછા મારી લાઈફમાં આવી ગયા. આમ થોડું ટેન્શન થતું હતું પછી મેં વિચાર્યું કે,

**"સહારો છે મહેશ પપ્પાનો**
**પછી દરકાર શું કરવી**
**"સૌ દિદિ ઓ પોતાની છે.**
**પછી તકરાર કેમ કરવી"**
**બસ સુખની લલકાર કરવી**
**દુઃખો તો હવે આવે ને જાય**

**મહેશ પપ્પા છે તો ટેન્શન ક્યાં થાય "એટલે હવે બધું ટેન્શન છોડી દીધું હવે એમ થાય છે મારા પપ્પા હોય તો કેટલું સારું ત્યારે એક જ વિચાર આવે કે,**

**" પપ્પા હતા અમારા મનના મોતી**
**ગગનમાંથી લાવો કોઈ ગોતી ,**
**આંખડી અમારી હિબકે રોતી,**
**પપ્પાને મળવાની વાટલડી જોતી**

પણ પછી જયારે મહેશ પપ્પા મળ્યા પછી મને એમ જ થતું કે હવે મને મારા



પપ્પા પાછા મળી ગયા. ખરેખર મહેશ પપ્પા મારી લાઈફમાં આવ્યા પછી તો મને ખુબ જ આનંદ થયો. મને ખુબ જ ખુશી થઈ કે નહિ હજી દુનિયામાં હું જેને મારા પાપા મારા પોતાના પપ્પા જ કહી શકું તે વ્યક્તિ હજી છે જ . અને મહેશ પપ્પા પણ એક સગા બાપ જ હોય એમ અમારી બધી ભૂમિકા ભજવે છે. અને મને મહેશ પપ્પાના માં એક વસ્તુ બહુ ગમી કે એમનામાં જરાય પણ ભેદભાવ ની ભાવના નથી. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી બધા જ સરખા છે. બસ મને પપ્પનામાં આ જ બહુ ગમે છે . અને મહેશ પપ્પા બધી જ દિકરીઓને પોતાની દીકરીઓની જેમ જ સાચવે છે. અંતે હું મહેશ પપ્પા તમને એટલુ જ કહીશ કે,

**"આવી છે વૃક્ષોના પાનમાં પાનખર, પછી તેમાં વસંત ખીલે કે ના ખીલે,**
**લખવી છે મારે ગઝલ અને શાયરી, પછી તેની પંક્તિ મળે કે ના મળે,**
**જીવી લેવી છે તમારી સાથે પાપા આ જિંદગી,**
**પછી જન્મો જનમ પપ્પા તમે મળો કે ના મળો."**

ભગવાન મહેશ પપ્પાને ખુબ જ લાંબી ઉંમર આપે અને એમને ખુબ જ ખુશીઓ આપે.પાપા તમે અમર છો. એક અમર આત્મા છો. ક્ષણભર માટે તો એવું લાગે છે કે, ભગવાન જ છે. મહેશ પપ્પા તમે તો ધરતી પરના.

**Thank you, Thank you, Thank you,**
**Soooo much dear dady.**

મારી લાઈફ માં આવવા બદલ ખુબ ખુબ આભાર તમારો પાપા.

**"જીંદગીમાં આપણે બીજું કઈ નહિ મળે તો કઈ નહિ**
**પણ માતા -પિતા વિનાની જીંદગી આપણી નકામી છે."**

**મારી લાઈફમાં પપ્પાની કમી મહેશ પપ્પાએ પૂરી કરી છે.**

Thank you Papa
Thank you Papa
Thank you Papa

**તમારી વ્હાલી લાડકડી**
**હિનલ રાજપૂત**
**Jay Ramapeer Papa.**





# રાણા ધર્મિષ્ઠા જશવંતભાઈ

જન્મતારીખઃ- ૨૬/૦૪/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૧૧/૦૮/૨૦૦૯

મારું નામ ધર્મિષ્ઠા છે,અમારા પરિવાર માં અમે ૩ બહેન,ભાઈ અને મમ્મી છીએ. બાળપણ થી જ ખુશખુશાલ રીતે જીવન જીવતા હતા ,મારા પપ્પા જીવન ની તમામ જરૂરીયાત પૂરી કરતા હતા ,સામાન્ય ભાષા માં કહિએ તો ...

**"પિતા એક ઘટાદાર વૃક્ષ હતું,**
**જેની શીતળ છાયામાં આખું પરિવાર સુખે થી રહેતો હતો"**

પરંતુ અણ-સંજોગોમાં એક દિવસ એવો આવી ગયો કે જેથી અમારું જીવન અંધકારમય બની ગયું તે દિવસે ૧૧/૦૮/૨૦૦૯ ના રોજ મંગળવારે હાર્ટ-એટેક આવતા અમે તેમની છત્ર-છાયા ગુમાવી આ અમારા માટે ખુબ મોટો આઘાત હતો .આ સમયગાળા દરમિયાન હું ઘણી રડી હતી ,કહેવાય છે કે પિતા ને ખખડાવવાનો અધિકાર એક માત્ર દીકરી પાસે જ હોઈ છે ,પરંતુ પાપા મારી પાસે થી આ અધિકાર પણ લઇ ગયા.

**"માં"** ઘર નું ગૌરવ હોઈ છે ,તો **"પિતા"** અસ્તિત્વ હોઈ છે .

નાના સંકટો માટે "માતા"છે ,પરંતુ મોટા સંકટો આવે ત્યારે "પિતા" જ યાદ આવે છે. ૨ સમય નું ભોજન "માં" બનાવે છે પણ જીવનભર ના ભોજન ની વ્યવસ્થા બ"પિતા" જ કરે છે ,ટુંક માં કહીએ તો "વધારે આયુષ્ય નહિ આવે તો ચાલશે,પરંતુ પિતા ની છત્રછાયા વિના તો નહિ જ ચાલે "

ઘરમાં પિતા ની ગેરહાજરી ના કારણે ઘણા સંકટો આવવા માંડ્યા તેમજ મારી સાસુને આ વાત ની જાણ થતા તેમણે અમને "પી.પી.સવાણી ગ્રુપ" માં લગ્ન કરવા પ્રત્યે સમજ આપી,જેથી કરી ને અમો એ ત્યાં સંપર્ક સાધ્યો, તેમજ અમને ત્યાં સારી રીતે વાત કરી ને સમજાવવામાં આવ્યું ,અમને જે ભવિષ્ય ની ચિંતા વ્યક્ત થતી હતી તે ખરેખર "પી.પી.સવાણી ગ્રુપ" દ્વારા મહેશ પાપા નો સાથ મળવાથી તમામ ચિંતા દુર થઈ. જેમ દુનિયા ગોળ છે, તેમજ સુખ પછી દુ:ખ અને દુ:ખ પછી સુખનું ચક્ર ચાલ્યા જ કરે છે,તેવી જ રીતે મહેશ પાપા ની હાજરી નો સાથ મળવાથી જીવન માં આવનારી તમામ પરિસ્થિતિઓનો સામનો



કરવાની તાકાત પ્રાપ્ત થઈ છે.

હું મહેશ પાપા માટે એટલું જ કહીશ કે પપ્પા તમે એકલા આ દુનિયાને બદલી શકશે નહિ ,પરંતુ નદી કિનારે પથ્થર ફેંકીને પાણી ની ઘણી બધી લહેર જરૂર લાવી શકો છો,ઘણી બધી દિકાનાં દુ:ખો ના હરનાર એવા મહેશ પાપા ને કોટી કોટી પ્રણામ કરું છું ,મહેશ પાપા માટે હું કેટલું પણ લખું ,પણ તે મારા માટે ઓછું જ પડશે ,આદરણીય પ્રણામ .

**“My dear papa**
**I live you &**
**I miss you.”**

**લિ. તમારી**
**લાડકી દિકા,**
**ધર્મિષ્ઠા રાણા.**





# शगुफ्ताबानू अफतर हुसैन

જન્મતારીખઃ- 21/02/1998
પિતાની પુણ્યતિથિઃ- 14/09/2007

आदरणीय, महेश पप्पा।
में आप की बेटी सगुफ़्ताबानू महेश पप्पा को सलाम करती हूँ.

में एक मध्यम वर्ग परिवार की लड़की हूँ, हम चार भाई बहन हैं मेरे पिता श्री अफतर हुसैन का इंतहकाल 14-09-2007 को मेडिकल कॉलेज में हुआ था उस वक्त में 9 साल की थी, हमें हमारी माँ से ही बाप का प्यार मिला ,बाप का प्यार शायद ही हमारे नसीब में नहीं था,पर जब शबनम ने हमको यह बताया की हम जैसी गरीब और बे सहारा लड़कियों का एक पप्पा है फिर उसने हमें महेश पप्पा के बारे में बताया की पप्पा बहुत अच्छे इंसान हैं,पप्पा ने मेरी बहुत मदद करी है महेश पप्पा तेरी भी मदद करेंगे महेश पप्पा सभी गरीब और बे सहारा लड़कियों को अपनी बेटी बना लेते है, महेश पप्पा अपनी हज़ारो बेटियाँ का ध्यान रखते है,फिर हम पप्पा से मिलने गए, महेश पप्पा से मिल कर मुजे ऐसा लगा की मुजे भी मेरे अब्बा मिल गए वाकई में महेश पप्पा तारीफ के काबिल है आज के जमाने मे सगा बाप भी इतना नहीं करता, महेश पप्पा जैसा इंसान शायद ही इस दुनिया मे हो।

आज में बहुत खुश हूँ क्योंकि आज से में अकेली नहीं मेरे महेश पप्पा मेरे साथ है

मेरे सर पे महेश पप्पा का हाथ रहे, अल्लाह करे महेश पप्पा हंमेशा मेरे साथ रहे.

**आप की बेटी,**
**शगुफ्ताबानु I love papa**

# આજગીયા હેતલ નાથુભાઈ

જન્મતારીખઃ- ૨૭/૦૬/૧૯૯૩
પિતાની પુણ્યતિથિઃ- ૨૮/૦૩/૨૦૧૮



અઢી અક્ષર નો "પપ્પા" શબ્દ બહુ નાનો છે પણ જોવા જઈએ તો માતા પછી એક દીકરી માટે જીવન નું અમુલ્ય ઘરેણું "પપ્પા" જ છે હું અમારા ઘરમાં મારા પપ્પાની સૌથી લાડકી દીકું હતી. મારે બે મોટી બહેન છે એક નાનોભાઈ છે પણ તારીખ ૨૭/૦૩/૨૦૧૮ના દિવસે હાર્ટએટેક આવવાથી મારા પપ્પા અમને છોડી ને ચાલ્યા ગયા. આમ અચાનક પપ્પા ના મૃત્યુ થી અમારા સંસાર રૂપી નવકારનું સુકુન છીનવાય ગયું અને જીંદગી અંધકારમય બની ગઈ આ વાતનું અમને ખુબજ દુઃખ થાય છે

દુનિયાનું વાત્સલ્ય પૂર્ણ કોઈ સબંધ હોય તો માનું કે તે દીકરી અને પિતાજ છે મારા પપ્પા મને ખુબજ લાડ પ્રેમ કરતા હતા તેઓ મારી દરેક ઈચ્છાઓ પૂર્ણ કરતા હતા પરંતુ ઈશ્વર ને મારા પપ્પા પ્રત્યે નું વાત્સલ્ય મંજુર નહિ હશે. મારા પપ્પા ના ગયા પછી અમને કેટલી બધી પરિસ્થિતિ નો સામનો કરવો પડ્યો મારા મમ્મી એ અમને મારા પપ્પા ની કોઈ દિવસ કમી આવવા દીધી નથી મારી સગાઈ મારા પપ્પા ની હાજરી માં થઈ હતી મારા પપ્પા ના અવસાન પછી અમને પી.પી.સવાણી દ્વારા કરવામાં આવતા સમૂહ લગ્ન ની જાણ થતા અમે ફોર્મ ભર્યું થોડા દિવસ જતા અમારું ફોર્મ સિલેક્ટ થઇ ગયું ત્યાર બાદ પહેલી મીટીંગ માટે મારા પર ફોન આવ્યો અને અમારી મુલાકાત મહેશપપ્પા સાથે થઇ ત્યારે મહેશપપ્પા એ મારા મમ્મી ને હિંમત આપી કે " આજથી તમારી દીકરી ની બધી જવાબદારી અમારી" ત્યારે મારું અને મારા મમ્મી નું ટેન્શન દુર થઇ ગયું

મહેશપપ્પા એ બધી ડિકને ખુબજ સારી ખરીદી કરાવી અને બધું મનગમતું અપાવ્યું મહેશપાપા તમે જે કાર્ય કર્યું છે તેના માટે હું ખુબ ખુબ આભારી રહીશ.

**"I LOVE YOU PAPA"**
**"I MISS YOU PAPA"**



**લી.. તમારી વ્હાલી દિકા**
**હેતલ**



## કાજલ હિંમતભાઈ રાઠોડ

જન્મતારીખઃ- ૩૦/૧૨/૧૯૯૭

પિતાની પુણ્યતિથિઃ- ૦૯/૦૭/૨૦૧૧

### My lovely papa

**જય અલખધણી, જય રામાપીર**

બધા એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી પરંતુ ભગવાને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા, હું મહેશ પપ્પામાં મારા પપ્પાને મહેસૂસ કરું છું, પપ્પા તમે મારી લાઈફમાં આવીને મને ખુબ જ ખુશીઓ આપી છે,દિલ થી આભાર વ્યક્ત કરું છું.

**"thanks a lot dear papa for coming in my life"**

પપ્પા ની ગેરહાજરીમાં ખુબ જ દુઃખ લાગતું હતું મમ્મી એ જાત મહેનત કરીને અમને મોટા કર્યા,છતાં કયારેક એવું થતું કે પપ્પા હોય તો સારું ,જયારે કોઈ પપ્પા એવું કહેતું અથવા બોલતું ત્યારે મને પણ પપ્પા કહેવાની ઈચ્છા થતી અને મારી એ ઈચ્છા આજે વર્ષો પછી પૂર્ણ થઈ,મેં સૌ પ્રથમવાર મહેશપપ્પા ને જોયા કે તરત જ એના રૂપમાં મને મારા પપ્પા નજર આવ્યા,જયારે મહેશ પપ્પા એ મને પહેલીવાર વહાલ થી માથે હાથ મુકીને "દિકા" કહ્યું ત્યારે મારા મનની બધી જ ચિંતા દુર થઇ ગઈ,મારા મમ્મીને મહેશપપ્પા એ કહ્યું કે બહેન આજથી આ તમારી પાગલ દીકરી મારી છે,ત્યારે મારા મમ્મીના મોં પરનું સ્મિત જોઈને મને ખુબ જ આનંદ થયો.

પપ્પા તમારો આભાર માનવા માટે 'થેંક યું' શબ્દ ઘણો નાનો કહેવાય. પપ્પા,હું તમને જયારે યાદ કરું છું કે પછી તમને જોઉ છું, તો મારી આંખમાંથી એક દીકરીના પ્રેમના આંસુ છલકાય છે.

પપ્પા તમારા વિશે કહેવાના શબ્દો ખુટતા જ નથી.

પપ્પા બસ આટલું જ પણ દિલ થી કઉ છું.

I love my papa

તને જીવનમાં હમેંશા ખુશ રહેજો અને અમને પણ ખુશ રાખજો.

Miss you papa જય રામાપીર.

**તમારી લાડકી દીકરી, કાજલ રાઠોડ.**



# કોરાટ રિકલ હરેશભાઈ

જન્મતારીખઃ- ૨૭/૦૯/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ૧૧/૦૫/૨૦૧૨



**"પપ્પા"**

બસ શબ્દ જ કાફી છે પપ્પા વિષે તો જેટલું પણ લખીએ ઓછું છે એમાં પણ એક દીકરીના હૃદય માં પપ્પા નું સ્થાન મોખરે હોય છે

જયારે માતા દેવકી અને માતા જશોદા ગુણગાન ગવાય છે તો ત્યાં જ પોતાના જીવ ની પરવાહ કાર્ય વિના પિતા વાસુદેવ ટોળકી માથે ઉપાડી ને કૃષ્ણને નદી પર કરાવી એ આપણે કેમ ભૂલી શકીએ એવી જ રીતે માતા કૌશલ્યના પુત્ર હતા રામ પરંતુ, તેના વિયોગમાં મૃત્યુ પિતા દશરથ પામ્યા હતા

આજ થી સાત વર્ષ પહેલા મારા પપ્પા કોરાટ હરેશભાઈ મને મમ્મી અને ભાઈઓને એકલા છોડીને ચાલ્યા ગયા હતા, ત્યાર પછી અમારી જીંદગી ની રોનક જ જાણે અમારા ઘરનું સરનામું ભૂલી ગઈ હોય.

એમાં જયારે (મહેશભાઈ) પપ્પા કહેવાની મને ફરી એકવાર તક મળી  ત્યારે મારું મન જ સમજી શકે છે મારી વેદના ને તમારી લાઈફ સેવા પાછળ વ્યતીત કરો છો એ ખુબ સારું કામ છે તમારી આજ વાત ના પાછળ મારા જેવી ઘણી દીકરીઓ તમને તેના પપ્પાના રૂપ માં જોઈ શકે છે અને એમની બધી જ પપ્પા વિનાની લાગણીઓ તમારી સાથે બાટી શકે છે પપ્પા તમે આવ્યા મારી લાઈફમાં એ માટે ભગવાન ને એ જ પ્રાર્થના દુનિયામાં તમારી ખુબ જ કીર્તિ વધે અને તરક્કી બની રહે સવાણી પરિવાર હંમેશા હસતું ખેલાતું રહે.

**જય રામાપીર**
**લી. કોરાટ રીંકલ**



## ગજેરા વિભૂતિ ધીરુભાઈ

જન્મતારીખઃ- ૧૨/૦૭/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૧૯/૧૧/૨૦૦૮




My Dear PaPa,
best in the World.
Your Coming to my life
**મારા વ્હાલા પપ્પા,**
**તમને તમારી દીકાના કોટી કોટી ચરણ વંદન .**

જય રામાપીર કહેતા હું મારા દિલની શરૂઆત કરું છું. પપ્પા અમે ઘરમાં સાત સભ્યો હતા. અમદાવાદ માં રહેતા પોતાની મહેનત થી પપ્પા એ ત્યાં મકાન વસાવી તેમની દુનિયા અને પોતાના મકાનમાં સુખથી મમ્મી, પપ્પા અને અમે ભાઈ, બહેનો, રહેતા. ઘરની પરિસ્થિતિને લઇ અમે બહુ ભણી ન શક્યા. સિટીમાં તે સમયમાં ૫ બાળકો ભણે ને પિતા એક કમાનાર હોય તો શું થાય તે ગણી બે બહેનો પપ્પાને કામમાં મદદ રૂપ થવા પોતાનો અભ્યાસ છોડી અમને ભણાવા લાગી પપ્પાની સાથે. આમ બાર ના નાનામોટા મજુરી કામ કરી બહેને મને ને બે ભાઈઓનો અભ્યાસ ચાલુ રખાવ્યો ને પપ્પાને મદદ થઇ. એવામાં એક દિવસ એવો આવ્યો કે બન્યું તેવું કે અમારા ઘર ઉપર દુખના કળા વાદળ ઘેરવા લાગ્યા. તે દિવસથી ઘરની સુખ શાંતિ ખોવાઈ ગઈ. અચાનક એક દિવસ પપ્પા પડી ગયા. મિત્રો બેઠા હતા ત્યાં પછી તેમના મિત્રો તાત્કાલિક હોસ્પીટલમાં પહોંચ્યા લઈને. પછી તપાસ, રીપોર્ટ દરમિયાન ખબર પડી કે પપ્પાને બે નળી બંધ સાથે વાલ્વમાં છેદ છે. તે દીવસ અમારા માથે અમાસની કાળી રાત બની ગઈ શું થાશે, હવે તે ઘરના મોટા વિચારી વિચારી ૧૦ દિવસ હોસ્પીટલમાં રહયા અને ડોક્ટરના કહેવાથી ઓપરેશન આવશે પણ અમે તે પરિસ્થિતિ નોહતી કે તે થાય. આમ દિવસો જતા જતા પપ્પા એ કામ કાજ છોડવું પડ્યું અને શરીર દવાઓ નું ઘર બની ગયું. મારા પપ્પા વિચારીયા કરતા મમ્મીને કહે જે હું આ ઓપરેશન કરાવીશ તો મારા બાળકોનું ભવિષ્ય શું હું તેમની માથે વ્યાજના ઘરને ઘોડા દોડાવા નથી માંગતો માટે બંને વિચારોને મમ્મી ની હિંમતથી પપ્પા માટે થઇ એમ ઘરનું મકાન વેચવાનો નિર્ણય તેમનું ઓપરેશન કરાવશું તે ગણી પપ્પા માથે બીજું પણ ટેન્શન સાથે હતું કે જોત જોતામાં બહેનો જુવાન થઇ ૧૮ -૨૦ વર્ષની થઇ ગઈ છે. માટે મારા ઓપરેશન પહેલાં હું જે થાય તે પછી પણ



મારી બને છોકરીઓને ઘરે - બહાર કરતો જાવ પછી કાલ શું થાય તે હું કંઈ જાણતો નથી જ ને ? આમ દવાઓ ચાલુ જ રાખીને ૨ બહેનો જતા જતા સગાઈ કરીને સુરતમાં સાસરે વળાવી. પછી બહેનો ના લગ્ન દરમિયાન હું ૧૦ ની પરીક્ષા આપવાની હતી ત્યાર પછી પપ્પાનું ઓપરેશન થયુ ને પપ્પા ૧ મહીને ઘરે આવ્યા ત્યાં પછી ૬ મહિને હાલતા ચાલતા થયા. આમ ઘરનો બધો ભાર માં માથે આવ્યો મમ્મી પપ્પાની સેવા ચાકરી કરી દવા દારૂ કરે ને હું ઘરનું કામ કરીને મશીન ચલાવવા જતી ૩૦૦૦ હજાર આપે મહીને ને ભાઈને પણ ભણતરમાંથી ઉભો કરી હીરા શીખવા બેસાડયો. આમ ભાઈ બહેને ધીમે ધીમે ઘર ગુજરાન ચલાવતા ને પપ્પાને કાય થશે તેમ પણ બન્યું તેવું આમ પણ ભગવાનને ના ગમ્યું ને અચાનક દિવાળીની રજાઓમાં વતન ગયા હતા ત્યાં સમયાન્તરે તબિયત બગડતા મમ્મી પપ્પાને લઈ હોસ્પીટલ આવ્યા ને ત્યાં વધારે તબીયત બગડતા પપ્પાનું તા. ૧૯/૧૧/૨૦૦૮ આ કાળ દિવસે મૃત્યુ થયું ઓપરેશન પછી ૩ વર્ષ તબિયત સારી રહી પપ્પાની ઈચ્છાથી તેનું બધું કામ વતનમાં કરી ૨૦૦૮ મંદીના માહોલમાં અમે અમદાવાદ પાછા ફરિયા આમાં પપ્પા વિના અમે અમદાવાદ થી ૩ વર્ષ રહી કુટુંબના સભ્યોના કહેવાથી સુરત આવી ગયા ને ધીમે ધીમે ડાયમંડ માં આવી મજુરી કરી પાછા કામ ધંધો કરી સર્વ રહેવા લાગ્યા. જોત જોતામાં ઘરની પરિસ્થિતિ ક્યારે શું થશે તેમ નોહતી. માટે મમ્મી મારી ચિંતા કરીય કરતી શું થશે મારું કેમ કરી જુવાન છોકરી નું કામ કાજ ઉકેલી માટે હું પણ તેમને હિંમત આપતી હતી મારે નથી લગ્ન કરવા હું તમને છોડીને ક્યાય નહિ જાવ. એક આ દુનિયા સમાજ ના રીત રીવાજ આપને રહેવા ના દેય. માટે હું પણ અંદરથી વિચારતી કે, મારે બીજી છોકરીની જેમ ઘર આંગણેથી હું વિદાય નય લઈ શકું માટે મારા સપના મારી આશાઓ દિલમાં છુપાવી આંખોમાંથી આંસુ બહાર કરી રહી જતી. જીવનમાં કોઈ આશ નોહતી કે ક્યારે હું આવા સોનેરી દિવસોમાંથી પસાર થઈશ. માટે હું કામમાં જીવ રાખી દિવસો વિતાવતી તો મેં પણ કુટુંબમાં જીવી શકું માટે મેં સારું જોતા મમ્મીનો ભાર ઉતરતા સામાન્ય પરિવારનો છોકરો પસંદ કરી સગાઈ કરી હવે પછી  તે ટેન્શન તો ગયું હવે શું કરવું કેમ કરવું તે વિચારતા તેમાં અમે સુરતમાં બધે સમાચાર, ટીવીમાં, સવાની પરિવાર આયોજક આવા સમૂહ લગ્નનું નામ સાંભળતા સગાઈ પછી અમે ફોર્મ ભરી અમે નસીબને કિસ્મતના સાથથી સિલેક્ટ થયા. ગયા જન્મના કર્મો અને પુણ્ય થી હું તેમની દીકરી બની મહેશ પપ્પા મને ભગવાન રૂપ મળી  ગયા. તમે મારી લાઈફમાં આવુંય પછી મારી લાઈફ એક જ ઝટકામાં પલટાઈ ગઈ. તેવું લાગ્યું કે મેં મારા પપ્પા ખોયા જ નથી હવે મને પણ બીજી દીકરીની જેમ "બેટા" કહી બોલાવશે મારા પપ્પા આ શબ્દ મેં ૧૧ વર્ષ થી કાન બહાર નીકળી ગયો હતો. પણ હવે મારા પપ્પા મને દિકા કહે ત્યારે મને હૃદય સ્પર્શ થઈ આંખો ભીની થઈ જાય છે, "Thanks a lot dear Papa for comming in my life" Hu Bow



Bow Khush 6 Papa. દુનિયામાં બધા પિતા જયારે તમારા જેવું વિચારશે ત્યારે કોઈ દીકરી “સાપનો ભરો નહિ તુલસીનો ક્યારો “ ગણી વહાલ કરશે. અને કોઈ દીકરી પિતા માટે ભારે નહિ સહારો બનશે. કોઈ ને કોઈ અનાથ નહિ કહે. આમ જો આ રહેશે ને તો દુનિયામાં સ્ત્રીની થતી સ્ત્રી ભ્રુણ હત્યા અટકી સંખ્યા વધશે. આપના વ્યક્તિત્વ માટે હું દિલથી કહું છું કે આખી દુનિયા તમને સલામ કરી અમર તકદીરમાં નામ લખાશે. પપ્પા તમારા માટે ગમે તે કહું કે લખું શબ્દ ઓછા પડે છે. માટે હું તમારા આવવાથી ખુબ ખુબ ખુશ છું. તે શબ્દોથી નહિ શકું આ વાક્ય મારા પપ્પા માટે.

“પિતા એ દીકરી માટે એક અમૂલ્ય  ભેટ છે.

“પિતા વગરની જિંદગી એટલે ભગવાન વગરનું મંદિર.”

પિતા વિનાનું ઘર શું છે ? એનો અનુભવ કરવો હોય તો માત્ર એક દિવસ અંગુઠા વિના ખાલી આંગળીઓના ઉપયોગથી આપના દરેક કામ કરી જુવો. પિતાની કિંમત આપોઆપ સમજાય જશે તે પિતા..................

એ માત્ર નામ નથી બીજી ઓળખાણ છે તમારી..Papa
તમારું સાહસ અને સન્માન છે  ..Papa
ઘરની દીવાલોમાં છુપાયેલો પરસેવો છે ..Papa
તમારી પોકેટ મનીમાં છુપાવેલી ખુશીઓ છે ..Papa
તમારી દરેક જીદનો પર્યાય  છે ..Papa
આંખો ખુલે એ પેલા કામ પર જાય છે ..Papa
સાંજે ઘરે આવતા ખિસ્સામાં બહુ બધી ખુશીઓ લાવે છે ..PaPa
જો નારાજ થઇ જઈએ તો મનાવે છે ..Papa
પણ ઘરની રોનક છે ..Papa
દીકરીના લગ્ન વખતે છુપાઈને રડે છે ..Papa
મારું માન ..સ્વાભિમાન છે ..Papa

I miss u
I Love You  PaPa
My father is Mahesh  PaPa so
best very much
Thanks a lot Papa
Your loving daughter **Vibhuti**
Jay Ramapir   Papa



# ગાબાણી રીટા મનજીભાઈ

જન્મતારીખ:- ૨૬/૨/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:- ૧૭/૧૨/૨૦૧૦



**જય રામાપીર પપ્પા**

પપ્પા તમારા માટે શું લખું એ મને સમજાતું નથી. મારા મનમાં એટલું બધું છે કે, ક્યાંથી શરૂઆત કરું એ સમજાતુ નથી.

પપ્પા શબ્દ જ એટલો મારા જીવનમાં મહત્વપૂર્ણ છે તેમનું સ્થાન સૌથી ઉચું છે તે મારતે ગર્વ થી લાગણી અનુભવાય છે દીકરી ગમે તેટલી મોટી થઇ હાય પણ પિતાની નજરમાં તો તે હમેશા નાની જ રહે છે

પપ્પા તમે મારા જીવનમાં આવ્યા તે પહેલા થોડી વાત કહેવા માંગું છું, કે નાની વયની અંદર જ મારા પપ્પા નું અવસાન થયું ત્યારે હું ૧૮ વર્ષની હતી ઘરમાં બધાથી હું મોટી બહેન હતી અને મારો ભાઈ 6 વર્ષનો જ હતો જયારે મારા પપ્પાનું એકિસડન્ટ થયું ત્યારે તેને તરત જ હોસ્પિટલ માં લઇ ગયા અને તે પછી ત્રણ વર્ષ સુધી તેની સેવા કરી. બધા જ દવાખાને થી ડોકટરો એ રજા આપી દેતા પણ મારી મમ્મી હાર ન માની અને રજા આપી દેવા છતાં તે મારા પપ્પા ને દવાખાને લઇ જતા

મારા પપ્પા નું અવસાન થયું ત્યારે જાણે મોટો પહાડ તૂટી પડ્યો હોય તેમ લાગતું હતું ઘરમાં અંધકાર છવાય ગયો હોય તેમ લાગતું હતું અને ત્યારે એમ કહેતા કે હે ભગવાન તે અમારા પિતાને અમારા થી દુર કેમ કરી દીધા..? જયારે મારા પપ્પા નું અવસાન થતું ત્યારે ઘરની પરિસ્થિતિ ખુબ જ નબળી હોવાથી અમે ત્રણ બહેનો ને ભણવાનું છોડી દીધું અને અમે હીરા ઘસવા લાગ્યા, મારા પપ્પા નું અવસાન થયું એટલે બધું જ કામ મારી મમ્મી ઉપર આવી ગયું અને મારા મમ્મી એ કામ સારી રીતે ઉપાડી લીધું હતું

ત્યારબાદ મારી સગાઇ થઇ અને અમને ખબર પડી કે  પી.પી. સવાણી ગ્રુપ ની અંદર આવી પિતા વગર ની દીકરી ઓના લગ્ન કરાવે છે ત્યારે અમે ત્યાંથી ફોર્મ લાવ્યા અને ભગવાન પાસે પ્રાથના કરી કે, અમારું ફોર્મ સિલેક્ટ થઇ જાય અને ભગવાને અમારી પ્રાથના સાંભળી લીધી અને પી.પી.સવાણી ગ્રુપમાંથી દીદીનો ફોન આવ્યો કે તમારું ફોર્મ સિલેક્ટ થાય ગયું ત્યારે હું ખુબ જ ખુશ થઇ ગઈ. ત્યાર પછી થોડા જ દિવસો પછી પપ્પા નો ફોન આવ્યો કે "હું દિકા ને મળવા આવીશ" ત્યારે અમે બધા બહુ જ ખુશ થઇ



ગયા. તા. ૭/૬/૨૦૧૮ ના રોજ પપ્પા તમે આવ્યા ત્યારે મારી જીંદગી નો સૌથી યાદગાર દિવસ બની ગયો હતો અને આ દિવસ ને હું ક્યારેય પણ ભૂલી નહિ શકું

**" ચંદાને પૂછા તારો સે, તારો ને પૂછા હજારો સે,**
**સબસે પ્યારા કોણ હે, પાપા,**
**મેરે મહેશ પાપા**

હવે મેન પપ્પા કહેવાનો અવસર મળ્યો. પપ્પા તમને જોતા મને એવું લહે છે કે " તમારામાં મને મારા પપ્પા દેખાય છે.

**" અંધકારમાં પણ હું તમને જોવા માગું છું,**
**સહનશીલતા ની હદ વટાવવા માંગું છું ,**
લાગણી ના આ સુર લહેરાવવા માંગું છું
નસીબને પણ હું હરાવવા માંગું છું
**સપનામાં આવી તમને સતાવવા માગું છું"**

પપ્પા હું ભગવાન ને પ્રાર્થના કરું છું કે,
**ભગવાન તમને ખુશ રાખે અને તમને લાંબી આયુષ્ય આપે.**

આજે પણ હિમત નથી પણ કઈ કહેવા માંગું છું, કે પપ્પા ની કમી પૂરી કરનાર પપ્પા ને હું દિલ થી THANK YOU કહેવા માંગું છું .

**JAY RAMAPEER PAPA**
**I LOVE U PAPA.....**
**I MISS YOU PAPA.....**

લી. તમારી વ્હાલી દિકા,

**રીટા**



## ગોસાઈ પુનમ ઘનશ્યામગીરી

જન્મતારીખઃ- ૩૧/૧૨/૧૯૯૯
પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૦૧/૨૦૦૫
માતાની પુણ્યતિથિ-૦૭/૦૧/૨૦૦૫

**જય રામાપીર**


**વહાલા પપ્પા,મહેશપપ્પા.**

**હસું છું હસાવું છું**
**હસવાની મને ટેવ છે.**
**પપ્પા પ્રેમ થી પૂછું કે**
**તમારી તબિયત કેમ છે.**

પપ્પા બસ કહું તો એટલુજ કહું કે હું નાની હતી, એટલે કે ૬ વર્ષની અને મારો એક ભાઈ ૫ વર્ષનો હતો, અને ૧ ભાઈ નો તો જન્મ જ નહોતો થયો અને મારા પપ્પા ૭-૧-૨૦૦૫ માં મૃત્યુ પામ્યા અને ૧૪ દિવસ એટલે કે ૨૦-૦૧-૨૦૦૫ ના મારા ભાઈ નો જન્મ થયો હતો, આ સમય પર મારી મમ્મી સાવ હિંમત હારી ગઈ હતી, ત્યારે અમે એક રૂમ ભાડે રાખીને રહેતા હતા, અને ભાડાના ભરવાના પૈસા ન હતા અને ત્યાર બાદ થોડાક દિવસ પછી મારી મમ્મીએ મારા નાની ને ફોન કર્યો અને આ બધી જ વાત કીધી અને ત્યારબાદ ૨-૩ અઠવાડિયા બાદ મકાનમાલિક આવ્યા અને રૂમ ખાલી કરવાનું કીધું તે સમયે મારી મમ્મી ખુબ જ પ્રોબ્લેમમાં પડી ગઈ, અને પછી અમે અમારી નાની ના ઘરે રહેવા માટે ચાલ્યા ગયા અને પછી ત્યારબાદ ૫વર્ષ પછી એટલે કે ૧૪-૧૦-૨૦૦૯મ મારી મમ્મીનું મૃત્યુ થયું અને અમને ત્રણેય બેન ભાઈ ને રાખવા માટે કોઈજ તૈયાર ન હતા,મામા-મામી અમને ત્રણેય ને HIV નો રીપોર્ટ કરાવવા લઇ ગયા ત્યારબાદ ૧ અઠવાડિયામાં મારો ને મારા ભાઈ નો HIV પોઝીટીવ રીપોર્ટ આવ્યો અને વચલા ભાઈ નો નેગેટીવ આવ્યો, આ રીપોર્ટ જાણ્યા બાદ મામા-મામી અમને રાખવા માટે તૈયાર ન હતા, રોડ પર રખડતા મુકવાની વાત કરતા હતા અને એમ કહેતા હતા કે આપણે બેન ભાઈને બંને ને રોડ ઉપર મંદિરે ભીખ માંગતા મુકી દઈએ,ભીખ માંગી પોતાના પેટ ભરશે કારણકે HIV પોઝીટીવ રીપોર્ટ આવ્યો એટલા માટે મારા મોટાભાઈ ને તો રાખવા માટે તૈયાર હતા કારણકે તેનો રીપોર્ટ નેગેટીવ આવ્યો હતો, ત્યારબાદ મામા મારા ફાઈના ઘરે ગયા હતા, અને ફી સાથે વાત કરી હતી અને ફીને કીધું કે અમે છોકરાને ત્રણેયને નથી રાખવાના, રોડ ઉપર મૂકી દેશું



ત્યારબાદ મારા ફઈ એ ના પડી કે ના ત્રણેય બેન-ભાઈ ને હું રાખીશ ત્યારબાદ અમે ત્રણેય બેન-ભાઈ ને મારા ફઈ રાખતા હતા, અમે ત્રણેય બેન-ભાઈ અને મારા ફઇ અને એમની બે છોકરીઓ અમે ૬ વ્યક્તિ ૧ રૂમમાં રહેતા હતા એ રૂમ સાવ નાની હતી, એટલે રહેવાની તકલીફ પડતી હતી, તો પણ મારી ફઇ એ અમને ત્રણેય ને ૭ વર્ષ સુધી સાથે રાખીયા, એક જ રૂમમાં રહેવાની બહુજ તકલીફ પડતી હતી, એટલા કે જેમ જેમ અમે મોટા થતા ગયા તેમ-તેમ રહેવાની તકલીફ પડતી હતી, એના કારણે મારા ફઇ એ જુનાગઢ સરકારી હોસ્પીટલે વાત કરી અને ત્યાંથી અમને એમ કીધું કે એક આશ્રમ તો છે પણ ત્યાં જે છોકરાઓને HIV હોય તોજ રાખે છે નહીતર તો નહિ આ વાત કર્યા બાદ અમારા એડમીશન માટે મારા ફઇ એ હા પડી કે હા બંને બેન-ભાઈ HIV પોઝીટીવ છે એટલા માટે મુકવા છે,ત્યાર પછી ત્યાંથી મારા ફઇને રસીકમામા નો નંબર આપ્યો અને એ કીધું કે આ નંબર પર વાત કરી લેજો પછી આ બધી જ વાત કર્યા બાદ અમને બંને બેન-ભાઈ ને મુક્વામાં આવ્યા, એટલે કે મને જનનીધામમાં અને મારા ભાઈને ગાંધીનગર કેરહોમ માં ૨૬-૦૬-૨૦૧૫ ના રોજ મુકવામાં આવ્યા અને મારા વચલા ભાઈ ને મારા ફઈએ રાખ્યો, આ હોસ્ટેલ પર આવ્યા પહેલા મેં મારા ફ્યુચર નું તો વિચાર્યું જ નહોતું જેવું મેં વિચારતી હતી તેના કરતા પણ મારું સારું ફ્યુચર બન્યું છે. મેં જનનીધામ આવી ત્યારે મારી સાથે ઘણીબધી છોકરીઓ બેઠેલી હતી અને વાતચીત કરતી હતી મારી સાથે અને મને એમ કીધું કે દીદી અહિંયા એક પપ્પા આપણને બધાને જ મળવા આવે છે અને આપણે તેમને પપ્પા જ કહેવાનું આ વાત સાંભળતાજ મારી આંખોમાં આંસુ આવી ગયા અને મને છોકરીઓએ  પૂછ્યું કે દીદી કેમ રડવા લાગ્યા પછી મેં કીધું કે મને મારા પપ્પા યાદ આવે છે, પપ્પા કહું તો એટલુ જ કહું કે મેં નોતું વિચાર્યું કે મને એટલા સારા પપ્પા મળશે અને મને ૧૧ વર્ષ સુધી પપ્પાનો પ્રેમ તો મળ્યો જ નથી અને હું જયારે કોઈ ના પપ્પા જોવ અથવા તો કોઈ પણ દીકરીને તેના પપ્પાને લાડ પ્રેમ કરતા જોવ તો મારી આંખોમાં તરત જ ટમટમ આંસુ આવી જાય છે કારણ કે મને એવો વિચાર આવે કે મારા પણ પપ્પા હોત તો કેટલું સારું હોત પણ પપ્પા તમે મને મળ્યા બાદ મારા મનમાં કદી આવો વિચાર નથી આવ્યો બસ પપ્પા કહું તો એટલુ જ કે તમે જયારે મળવા આવો અને ગળે મળીને કહો કે પુનમ કેમ છે દિકા, ત્યારે મને તરત જ એમ થાય કે પપ્પા મળ્યા બાદ મને કોઈ પણ પ્રોબ્લેમ નથી પડતી, બસ પપ્પા કહું તો એટલું જ કહું કે હવે મારું છેલ્લું વર્ષ છે જનનીધામમાં, કારણકે મેં મેરેજ કરી ને હવે જતી રહેવાની છું એટલા માટે અને પપ્પા તમે અમને મેરેજ વખતે ઘણોબધો સપોર્ટ કરો છો અને પુરે-પુરો પપ્પાનો દરજો આપો છો,બસ પપ્પા કહું તો કેવી રીતે અને કોને કે મને મહેશપપ્પા મળ્યા બાદ કડી પપ્પાની કઈ જ પણ ખામી નથી પડતી, મને



પપ્પા મળ્યા બાદ મારી બીજી લાઈફ બની ગઈ હોય, એવો મને અનુભવ થાય છે, પપ્પા કહું તો એટલું જ કહું કે તમે મને મળ્યા બાદ મારી ખુબ જ સારી લાઈફ બની ગઈ છે, પપ્પા તમે મને ખુબ જ સારો સપોર્ટ કર્યો છે એટલા માટે ખુબ-ખુબ આભાર, પપ્પા મને એવો વિચાર આવે છે કે તમે મળ્યા બાદ મારે પહેલાની LIFE નહિ જોવી પડે, હવે ઘણી ખરી મારી LIFE સારી છે.

**આસમાન મેં સિતારે બહોત હૈ,**
**પર ચંદ જૈસા ના કોઈ ,**
**દુનિયા મેં પપ્પા બહોત હૈ,**
**પર આપ જૈસા ના કોઈ.**
Papa thanks for me,
I love you papa...

**લિ. તમારી લાડકડી**
**પુનમ.**





# ગોહિલ હિના

દીકરીની જન્મતારીખ:- ૨૭/૦૭/૧૯૯૫
પિતાની પુણ્યતિથિ:- ૧૭/૦૨/૨૦૧૬

**Dear papa,**

મારા પપ્પા એટલે મારી દુનિયા,પાપા હોઈ ત્યાં સુધી મને કોઈ કંઈ પણ કહી ના શકે ,મમ્મી પણ નહીં જે વસ્તુ પર આંગળી મુકું એ વસ્તુ મારી થઇ જાય. ૨૦ વર્ષની થઇ ત્યાં સુધી પાપા સાથે એવી રીતે મસ્તી કરતી જાણે એક નાની બાળક હોવ, પપ્પા રાત્રે દુકાનેથી આવે ત્યારે પાપાના ખોળામાં માથું રાખીને સુઈ જવાનું, પપ્પાથી જ મારો દિવસ ઉગે ને પપ્પા થી જ આથમે, પપ્પા કોઈ દિવસ દુકાનેથી મોડા આવે ને તો મારી આંખમાંથી આંસુ સરી પડે, એક રાત્રે પપ્પા દુકાને થી પાછા ફરવાના સમયે એક અવાજ આવ્યો હિના જલ્દી આવ તારા પપ્પા સોસાયટીમાં પડી ગયા એમની આંખો થોડી ખુલ્લી હતી અને શ્વાસ પણ ચાલતો હતો, પણ જેવા અમને બધાને જોયા કે તરત જ એમને આંખો બંધ કરી દીધી અને એમના આંખો બંધ કરવાની સાથે જ અમારી જીંદગી અંધકારમય બની ગઈ, જે પપ્પાને જોયા વગર એમના સાથ વગર મારો એક દિવસ પણ ના જાય....એ પપ્પાને જોયા વગર જીંદગી......એ વિચારીને તૂટી ગઈ. પણ નાના ભાઈ અને મમ્મીને હિંમત આપવાની અને એમને સાચવવાના હોવાથી મારે પણ હિંમત રાખવી પડી, પાપા ગયા પછી જીંદગીમાં આવતી દરેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

હું જોબ કરવા લાગી,મમ્મી પણ ઘરે સિલાઈ કામ કરતા અને નાનો ભાઈ ભણતો હતો અને સાથે નોકરી પણ કરતો એમ કરીને અમારું ગજરાન ચાલતું, એ બધી પરિસ્થિતિ વચ્ચે પણ મારી નજર દરેક ક્ષણે મારા પપ્પાને શોધતી હતી, હું દરેક ક્ષણે મારા પપ્પાને શોધતી હતી, હું દરેક ક્ષણે ભગવાનને પ્રાર્થના કરતી કે મારા પપ્પા મને પાછા મળી જાય, કદાચ ભાગ્વાનને પણ મારી પર દયા આવી ગઈ અને પીતાના સ્વરૂપમાં મારા મહેશપપ્પાને મારી પાસે મોકલ્યા, પપ્પા હું તમને પ્રથમ વખત મીટીંગમાં મળીને ત્યારે તમે મારા માથા પર જે વ્હાલ ભર્યો હાથ મુક્યોને ત્યારે એમ લાગ્યુ કે માથા પરથી મારા બધા દુઃખ,ટેન્શન બધું ઉતરી ગયું. તમારા એ વ્હાલ ભર્યા શ્પર્શમાં મેં મારા પિતાના પ્રેમની અનુભૂતિ કરી હતી, પપ્પા મને તમારો પ્રેમાળ અને લાગણીશીલ સ્વભાવ ખુબ જ ગમે છે તમે તમારી આટલી બધી દીકરીઓ હોવા છતાં પણ બધાનું જે રીતે ધ્યાન રાખો છો, દરેકની પસંદ-

નાપસંદ નું પણ ધ્યાન રાખો છો તે ખરેખર કોઈ ના કરી શકે,પપ્પા તમે તો અમારા “super hero” છો.

હું ભગવાનનો આભાર માનું છું કે મારા મહેશપપ્પાને મારી પાસે મોકલ્યા અને ભગવાનને પ્રાર્થના કરીશ કે મારા પપ્પા અને તેમના પરિવાર હંમેશા સુખી,સ્વસ્થ અને તેમના પરિવારને પણ સુખી, સ્વસ્થ અને સમૃદ્ધ રાખે.

પપ્પા તમારી વિષે લખવા માટે મારી પાસે શબ્દો નથી કેમકે તમારી વિશેની મારી લાગણીને હું કદાચ સબ્દો દ્વારા વર્ણવી નહિ શકું,બસ અંતમાં એટલું જ કહીશ કે......

“Thank you so so so..
so much for coming in my life ,
papa.. I love you so much my
sweetest papa.”

**તમારી વ્હાલી દિકા,**
**હિના ગોહિલ.**



## ચાંચડ પૂનમ મગનભાઈ

દીકરીની જન્મતારીખ:- ૨/૮/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:- ૯/૧૦/૨૦૧૭

**જય રામાપીર પપ્પા**

પપ્પા તમે હમેશા મરી સાથે છો તો હું મારી જાતને એકલી નથી માનતી મારી જોડે મારા પપ્પા છે જે ઈશ્વર થી પણ મહાન છે

મારા પપ્પા નું અવસાન ૯/૧૦/૨૦૧૭ ના રોજ એટેક આવવાથી થયેલ ત્યારે અમારા ઘરમાં અંધકાર છવાય ગયો હતો. મારા પપ્પા મારી માટે બધુજ હતા હું બધા કરતા પપ્પાની લડકી હતી અને મારી મમ્મી અને હું બંને મારા પપ્પા જતા રહ્યા પછી હું ઘરકામ કરવા લાગી

પપ્પા તમે અમારી લાઈફમાં આવ્યા પછી અમારી જીંદગી ખુશ ખુશાલ છે મહેશપપ્પા ના સ્વરૂપમાં મારા પપ્પા આવ્યા. હું મહેશપપ્પા માં મારા પપ્પાને મહેસુસ કરું છું પપ્પા અમરી અને તમારી મુલાકાત પહેલી મિટીંગમાં અને શોપિંગ માં થઈ ત્યારે મને લાગ્યું હતું કે મારા પપ્પા મને કેમ બધી જ ખરીદી કરાવતા હોય એવી વ્યક્ત થયું હતું.

આમ મારા પપ્પા ને પણ ભળાવી દેનારા મારા મહેશપપ્પા તરફ હું દિલ થી આભાર લાગણી વ્યક્ત કરું છું

**જય રામાપીર**
**તમારી વ્હાલી દીકરી**
**પૂનમ**



## જાંજમેરા ધારા ખીમજીભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૦૪/૦૮/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૧૧/૦૨/૨૦૧૪



**Dear lovely papa**

**જય રામાપીર**

હું એક પત્ર લખવા જઈ રહી છું પપ્પા તમે ખુશ હશો એવી મને આશા છે, પપ્પા હતા ત્યારે હું તેમની લાડલી હતી, મારી બધી ઈચ્છાઓ પૂરી કરતા, જેણે આંગળી પકડીને ચાલતા શીખવાડ્યું એ જ જિંદગીના સફરમાં એકલા મુકીને જતા રહ્યા, મારા પપ્પા મારે માટે ભગવાન છે, એમણે આપેલા સંસ્કાર પણ આજે મારી સાથે છે.

મારા પિતાનું અવસાન ૧૧/૦૨/૨૦૧૪ ના રોજ થયું હતું, તેને હાર્ટ-એટેક આવવાથી મારા પપ્પા અમને છોડીને ચાલ્યા ગયા, અમે ગામડે રહેતા હતા હું જયારે ૧૧માં ધોરણમાં અભ્યાસ કરતી હતી તેમનું અવસાન થયા પછી મારી જીંદગી પૂરી થઇ ગઈ હોય એવું લાગતું હતું આજ થી જવર્ષ પહેલા મારા પપ્પાનું અવસાન થયું હતું પપ્પા ગયા પછી સાવ ઘર જ વિખાય ગયું હતું, અમે બે જ બહેનો છીએ , હું નાની છું મારે ભાઈ પણ નથી, મારી બહેન સાસરે છે,તે ખુશ છે, ત્યારબાદ મારી સગાઇ કરી પછી અમે પી.પી.સવાણી દ્વારા કરવામાં આવતા લગ્નની જાણ થતા અમે ફોર્મ ભર્યું, થોડો સમય જતા અમારું ફોર્મ સિલેક્ટ થયું ત્યારબાદ પહેલી મિટીંગ માટે મારા પર ફોન આવ્યો, અને મારી મુલાકાત મહેશપપ્પા સાથે થઇ ત્યારે મહેશપપ્પા એ મને “દિકા” કહીને બોલાવી તો હું ખુશ થઇ ગઈ મને લાગ્યું મને મારા પપ્પા મળી ગયા, મહેશપપ્પા એ મારા મમ્મીને હિંમત આપી કે આજ થી તમારી દીકરીની બધી જ જવાબદારી અમારી ત્યારે મારા મમ્મીનું બધું ટેન્શન દુર થઇ ગયું.

મહેશપપ્પા પિતા વગરની બધી દીકરીની જવાબદારી તેના માથે લે છે,અને મારી એવી ઈચ્છા છે કે મને જેવા મહેશપપ્પા મળ્યા છે એવા દુનિયાની બધી જ પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓને મળે, મહેશપપ્પા એ મને ખુબ જ સારી ખરીદી કરાવી અને મને મનગમતું બધું જ અપાવ્યું.

આપણે કોઈ દિવસ ભગવાનને જોયા નથી પણ મહેશપપ્પા ને મળી ને એવું જ



લાગે કે આપણે ભગવાનને સમક્ષ છીએ. THANK YOU SO MUCH PAPA અમારી લાઈફમાં આવ્યા, હું ભાગ્યશાળી છું કે મને મહેશપપ્પા મળ્યા, ભગવાને મારા પપ્પા ને તો મારી પાસે ન રાખ્યા પણ મહેશપપ્પા દ્વાર એ ખોટ ને પૂરી કરી છે. ભગવાન તેની ખુબ લાંબી ઉંમર અને હિંમત આપે શક્તિ આપે. મહેશપપ્પા અમને ખરીદી કરવા લઇ ગયા હતા ત્યાં ઘણી બધી દીદીઓ હતી, અને બધી બહેનો ખુબ જ સારી હતી અને અમારા લોકોની પણ એ દીદી મદદ કરતા હતા, બધી દીદીઓના સ્વભાવ પણ ખુબ જ સારો છે, તેથી બધી દીદીઓને મારા તરફ થી ખુબ ખુબ આભાર, thank you so much didi.

રામાપીર ભગવાન મારા મહેશપપ્પા ને ખુબ લાંબુ આયુષ્ય,સારું આરોગ્ય અને સુખી રાખે અને મહેશપપ્પા સારા કાર્યો કરતા રહે એવી જ ઈશ્વર પાસે પ્રાર્થના કરું છું ને મારી વાત પૂરી કરું છું, જય રામાપીર.

Thank you papa<br>
Love you papa<br>
Miss you papa

**લિ. તમારી વહાલી દિકા**<br>
**ધારા.**



## ટેલર કિંજલ પરેશભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૭/૯/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૧૫/૩/૨૦૧૬



**વ્હાલા પપ્પા**
**જય રામાપીર**

મને પિતાનો પ્રેમ આપનાર પપ્પા મને તમારા પર થાય છે. અમે તમારો જેટલો આભાર માણ્યે  એટલો ઓછો છે મારા પપ્પા ને તો પેરેલીસ થઇ ગયો હતો તે ૨૪ દિવસ પથારીમાં રહ્યા હતા મેં અને મારી મમ્મી એ મારા પપ્પાની ઘણી સેવા કરી હતી જયારે મારા પપ્પા મરણ પથારી માં પડ્યા ત્યારે ખુબ પસ્તાવો થયો હતો તેમને જીંદગીમાં કોઈપણ દિવસ પત્ની અને બાળકોને પ્રેમ કર્યો જ નથી ૨૪ કલાક દેશી ડ્રીંક માં જ ડૂબેલા હતા તે ઘરમાં એકપણ રૂપિયો આપતા ન હતા એમનો દરેક રૂપિયો ડ્રીંક માં જ જતો હતો મારો ભાઈ અને હું ત્યારે ઘણા નાના હતા મારી મમ્મી ને ઘણા લોકો એ મદદ કરી હતી જેવું કે અમારી ફી ભરતા મારા માસી ઓ અનાજ, કઠોર આપતા હતા એમ ગમે તેમ દિવસ પસાર કાર્ય ત્યાર પછી માંરોભાઈ થોડો મોટો થયો પછી મારી મમ્મીએ રસોઈકામ ચાલુ કર્યું. ને બધાના ઘરે રસોઈ બનવા જતા હતા ને અમને જેમ તેમ કરીને મોટા કાર્ય ઘરમાં અમે પાંચ વ્યક્તિ હતા અમને દરેક વસ્તુ માં તકલીફ પડતી હતી અમે લોકોના કપડા પહેરીને મોટા થયા વર્ષમાં અમને એકજ વાર નવા કપડા મળતા હતા એક એક વસ્તુ સારું અમે તરફડતા હતા એમ અમે ગમેતેમ દિવસ પસાર કર્યો પછી મારી મોટી બહેન પણ બોર્ડ પછી જોબ પર લાગી ગઈ અને હજી ભણવું હતું આગળ એના ટકા પણ સારા આવ્યા હતા પણ મારી મમ્મી ત્રણ બાળકને સાથે એકલી કેવીરીતે ભણાવે હું પણ ૧૨ ધોરણ સુધી ભણ્યા પછી જોબ પર લાગી ગઈ એમ અમે ત્રણ લેડીઝ મળીને આજે પણ ઘર ચલાવીએ છીએ મારી મમ્મી તો બાર વર્ષ થી કામ કરે છે કારણકે મારા પપ્પા તો હતા પણ બરાબર અમને પપ્પા નો પ્રેમ મર્યોજ નથી.

અમને મોટા કરવામાં અમારું પૂરું કરવામાં મારી મમ્મીના જુવાનીમાં જ ઘુંટા ઘસાય ગયા હતા મારી મમ્મી બરાબર ચાલી પણ નથી શકાતી એને ચાલવામાં પણ તકલીફ પડે છે

ત્યાર બાદ મારી મોટી બહેનના ૨૧ વર્ષે મેરેજ થયા દરેક વ્યક્તિ એ અમને

સપોર્ટ કર્યો હતો.  મારી મોટી બહેન ના મેરેજના દોઢ વર્ષ પછી મારા પપ્પાનું અવસાન થયું ત્યાર પછી મારું નક્કી થયું ત્યારે મારી મમ્મી એ છોકરાવાળા ને કહ્યું હતું કે મારાથી ધામધૂમ થી લગ્ન ન થશે મારી એવી પરિસ્થિતિ નથી ત્યારે મને ઘણું દુખ થયું કે મારું સપનું ધામધૂમ થી લંગ કરવાનું હતું

ત્યાર પછી અમારા પાડોશી એ મહેશપપ્પા વિષે જાણકારી આપી ને અમે મોબાઈલમાં પણ તમારા વિષે ઘણી જાહેરાત વાંચી પછી હું ખુબ કુશ થઇ ગઈ. અને ત્યાર પછી અમે ફોર્મ ભર્યું. ને ભગવાન ની દયા થી મારું ફોર્મ સિલેક્ટ થઇ ગયું અને હું ખુબ ખુશ છું કે મારું સ્વપ્ન મને પૂરું થતું દેખાયુ મહેશપપ્પા ની એક મિટીંગ પછી હું ઘણી ખુશ થઈ ગઈ મહેશ પપ્પા એ અમને લગ્ન ની ખરીદી કરાવી. અમારી મનપસંદ સાડી, ડ્રેસ, કાપડ અને પાનેતર અપાવ્યું ને અમને કોઈ પણ વસ્તુમાં કમી નથી. આવવા દીધી. મારી ઘરની પરિસ્થિતિ જોઇને મને તો એવું જ લાગતું હતું કે મારા લગ્ન સાદાઈથી જ થશે પણ મહેશપપ્પા ની મુલાકાત બાદ મારી દરેક કમી પૂરી થઇ ગઈ.

મહેશપપ્પા તમારો આભાર આજે તમે અમને ભગવાન ના રૂપ માં મળી ગયા ને બાપ ની ગરજ સારી ને હવે હું ખુબ ખુશ છું સુખદુખની વાત કરવા માટે મને મારા પપ્પ અમલી ગયા તમારો ઉપકાર હું જિંદગી માં પણ ભૂલી શકું એમ નથી

" મહેશપપ્પા તમે અમારા માટે આટલું માટે આટલું બધું કર્યું મારું સ્વપ્ન પૂરું કર્યું એ બદલ આભાર તમારો આભાર "

**લી. તમારી લાડકવાયી પુત્રી**
**કિંજલ ટેલર**



## હેતલ કાંતિભાઈ બાબરીયા

દીકરીની જન્મતારીખ:- ૧૨/૦૯/૧૯૯૫
પિતાની પુણ્યતિથિ:- ૦૭/૦૨/૨૦૦૪



Dear papa, જય રામાપીર
પિતાના વાત્સલ્યને ઝંખતી એક દીકરી,
હેતલના પ્રણામ

તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વહાલને શબ્દોમાં ઉતારવામાટે તો આ કાગળ ઘણો જ નાનો છે. ખરેખર તો પપ્પાએ શબ્દ બહુ જ મોટો છે . કારણકે એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા હોય છે. દીકરી ગમે તેટલી મોટી થઇ જાય તો પણ પપ્પા માટે તે નાની જ હોય છે.

મને મહેશપપ્પા મળ્યા પછી એમના તરફથી મારા પપ્પાનો મને પ્રેમ મળ્યો. હું ખુશ નસીબ છું કે તમે મારી life માં આવ્યા . મહેશપપ્પા મળ્યા પછી એવું લાગ્યું કે જાણે ખુશી ને અમારા ઘરનો રસ્તો મળી ગયો હોય. મારી life માં મહેશપપ્પા આવ્યા ત્યારથી મારી દુનિયા જ જાને બદલાઈ ગઈ . જ્યારે હું પપ્પાને મળી ત્યારે પપ્પાએ માથા પર હાથ મુકીને કહ્યું કે દિકા આજથી તું ટેન્શન ના લેતી આજથી તારી બધી જવાબદારી મારી ત્યારે મને આંનદ ના આંસુ આવી ગયા એવું લાગ્યું કે

**"આશાનો એક સૂરજ ઊગી ગયો મારા જીવનમાં"**

હું મારા પપ્પા માટે કઈક કહીશ કે જ્યારે મારા પપ્પા હતા ત્યારે મારું પરિવાર ખુબ જ ખુશ-ખુશાલ હતું. જાને વનરાવન હોય તેમ લાગતું હતુ. વર્ષ ૨૦૦૪ માં સુરતમાં જ્યારે ડાયમંડના કારખાનામાં સરણ તૂટી હતી. તેમાં મારા પપ્પાનું અવસાન થયું હતું. એ વર્ષ મારા માટે ખુબ દુ:ખ બની જશે. એ મને ખ્યાલ નહોતો. મારા પરિવારમાં અમે ચાર બહેનો એક નાનો ભાઈ અને મારા મમ્મી જ રહ્યા. મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા હતા. એ કુદરતને જાણે મંજુર જ નહી હોય.

પપ્પાની છત્રછાયા અમારા પરથી જતી રહી તો એવું લાગ્યું કે અમારી lifeમાં અંધકાર છવાઈ ગયો. હું ધોરણ-૩ માં હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું. અને મારા ભાઈ-બહેનો પણ મારાથી નાના હોવાથી મમ્મી પર પણ ટેન્શનનાં વાદળ છવાઈ ગયા. છતાં પણ મમ્મીએ હિંમત કરી અને અમને પાંચેય ભાઈ-બહેનોને ભણાવ્યા, તે રાત્રે પાટુડી[ખાંડવી] બનાવવા જતા અને તેમાંથી અમારી સ્કૂલ ફી ભરતા અને

અમારું ઘર ચાલવતા.

મારી સગાઈ થઇ પછી તરત જ અમે ફોર્મ લીધું અને સવાણી પરિવારમાં જોડાયા અને હા પપ્પા હું મિતાલી દીદી ,અંકિતા દીદી અને સવાણી પરિવારના બધા જ ડીડીઓને દિલથી Thank You કહેવા માંગું છું . તેમણે અમને ફોર્મ ભરવાથી લઈને બધી જ તૈયારીઓ કરવામાં ખુબ જ મદદ કરી. તેઓ પણ હંમેશા અમારી સાથે પ્યારથી વાત કરે છે અને જે ન સમજાય તે સમજાવે છે.

પપ્પા હું હવે દિલથી કઈક કહેવા માંગું છું

**"નિકલ કર જિસ્મ સે અપની**
**જાન દે દેતા હૈ, બડા હી મજબુત હૈ**
**વો પિતા જો કન્યાદાન દેતા હૈ."**

Dear papa,
No Matter where I go in life
Whom I get married to
How much time I spend with friends
How much I might Love anyone
You will always be my no. 1 man
You are the first ever man a girl can trust
Sincerely your little girl
Love You Papa...
All the daughters who love their dada...

**જનમો જનમ હું**
**આવું હું અવતાર લઇ**
**પ્રભુ નો પાર મારો**
**દીકરી તમારી થઇ**
**બનું હું કાળજાની કોર**
**મારા પાપા**
**હું તારી લાડકી**

**લી. હેતલ**



# ધોળકિયા ખુશ્બુ રમેશભાઈ

દીકરીની જન્મતારીખ:- ૧૪/૦૧/૧૯૯૪
પિતાની પુણ્યતિથિ:- ૩૦/૧૧/૨૦૦૮



**જય રામાપીર ,**

મહેશપપ્પા, હું ૧૨ વર્ષની હતી ત્યારે પપ્પાનું અવસાન થયું હતું ત્યારે હું અભ્યાસ કરતી હતી . ઘરની પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે હું વધારે અભ્યાસ કરી ના શકી અમે ૬ ભાઈ બહેન છીએ . ૪ બહેન અને ૨ ભાઈ પપ્પા ને ગયા આજે ૧૦ વર્ષ પુરા થયા છે. હું એમ વિચારીને રોતી કે હું પપ્પા કોને કહીશ અને આ મારી કમી મારા મહેશપપ્પા એ પૂરી કરી જ્યારે મેં મહેશપપ્પા ને પહેલીવાર પપ્પા કીધા ત્યારે મને કઈ અલગ જ ખુશી થઇ .પપ્પા જ્યારે દીકરી કઈને બોલાવે છે ત્યારે એક દીકરી માટે પપ્પા શું કહેવાય એની ખુશી મળે છે . હું નાની હતી ત્યારે હું રોજ મારા પપ્પા સાથે જ જમતી હતી મને મારા પપ્પા રોજ એના હાથે મને જમાડતા અને એનો અહેસાસ મને આજે દશ વર્ષ પછી મહેશપપ્પાએ કરાવ્યો હતો. જ્યારે અમે મોહિત ફાર્મ માં ગયા હતા ત્યારે પપ્પા એ મારા હાથેથી ખાધું એ પળ મારા માટે ખુબ જ કિંમતી હતો.

**પપ્પા શબ્દ બોલતાની સાંજે જ**
**જાણે કે ઉરમાં ઉમંગ છવાઈ જાય**
**વસંત ઋતુ જાણે તનમનમાં**
**થનગનાટ કરવા લાગે**

પપ્પા તમે મળ્યા કે જાણે
મારા હૃદયમાં લાગણીઓનો વરસાદ થવા લાગ્યો.

એ પળની કોઈ કિંમત નથી પપ્પા હું લખું તો છું પણ તમારી માટે હું શું લખું તમે મારા પપ્પા બનીને આવ્યા એ માટે હું તમારો આભાર નથી માનતી કારણ કે કોઈ પિતાને દીકરી નો આભાર નો માનવાનો હોય  હે ભગવાન મહેશપપ્પા જેવા પપ્પા બધી જ દીકરીને આપે એ જ પ્રાથના ..I Miss You.. I Love You પપ્પા....

પપ્પા તમે જે કરો છો એ કોઈ પણ ન કરી શકે અમે બધી દીકરીઓ કેટલી નસીબવાળી છીએ કે અમને અમારા પપ્પા પાછા મળી ગયા.



**લિ.**
**આપની લાડકી દિકા, ખુશ્બુ.**



# દિપાલી કાંતિભાઈ વસોયા

દીકરીની જન્મતારીખ:- ૨૮/૧૨/૧૯૯૧

પિતાની પુણ્યતિથિ:- ૨૦/૦૧/૨૦૧૮

Dear papa

જય રામાપીર.

"શબ્દોની નોંધપોથીમાં ના હજારો શબ્દોમાં કોઈક શબ્દ કેટલો મીઠો બની જાય છે, જયારે કોઈક નાજુક હોઠ વડે બોલાય છે, "પપ્પા-પપ્પા".

શું લખું પપ્પા, તમારા વિશે ની લાગણી અને પ્રેમ નું વર્ણન શબ્દોથી ન થઇ શકે, બસ એ તો અનુભવી શકાય છે.

હું મારી લાગણીઓ આજે તમને કહું તો પપ્પા બહું જ મજાની લાઈફ હતી અમારી, અમારા ફેમેલીમાં મમ્મી-પપ્પા, હું અને નાનો ભાઈ અમે ૪ વ્યક્તિ હતા,મારા પપ્પા અમને બહુજ વ્હાલ કરતા હતા, ક્યારેય કોઈ વાતની ખોટ નથી આવવા દીધી,હસતું-રમતું,ખેલતું-કુદતું,મજાક-મસ્તી અને મજાની લાઈફ એવું મારું જીવન,બધું જ શેર કરતી પપ્પા સાથે,પપ્પા મારા જીગરી દોસ્ત હતા, મારે કોઈ બેસ્ટ ફ્રેન્ડ નહોતી,પપ્પા જ મારા બેસ્ટ ફ્રેન્ડ હતાં,પપ્પાને બિંદાસ ગમે તેવી વાત કેમ ના હોય પપ્પા સાથે શેર કરી શકતી, જયારે-જયારે મારા લગ્નની વાત આવતી ત્યારે પપ્પા મને બહુજ ચીડવતા અને મસ્તી કરતા, પપ્પા અને કાકાના આ અમારા નાનકડા ફેમેલીમાં હું એકજ બહેન હોવાથી બધાની ધામધુમથી અને ઉત્સાહથી મારા લગ્ન કરવાની પ્રબળ ઈચ્છા હતી,અને પછી પપ્પા અને કાકાએ મારી સગાઇ નક્કી કરી,સગાઇ પછી ધીમે ધીમે ટાઇમ જતો ગયો એમ મેરેજની તૈયારીઓ ચાલવા લાગી,પણ કદાચ ભગવાનને અમારી આ ખુશી મંજુર નહિ હોય, અચાનક જ પપ્પાને જીભ અને ગળાની વચ્ચે ચાંદી

જેવું લાગવા લાગ્યું, સામાન્ય ડોક્ટર પાસેથી દવા લીધી પણ કાંઈજ ફર્ક પડ્યો નહિ, પછી મેં પપ્પાને કહ્યું પપ્પા ચાલો આપણે સારા ડોક્ટરને બતાવી દઈએ, પછી હું અને પપ્પા દવાખાને ગયાં, ડોકટરે પપ્પાના ગળામાં ચેક કરવા માટે કેમેરો ઉતાર્યો ત્યારે હું પણ screen પર બધું જોતી હતી, જયારે મેં એ બધું અંદર જોયું તો મારી અંદર

એક ધ્રાસકો લાગ્યો એ બધું જોતા જ એવું થયું કે પપ્પાને કોઈ સામાન્ય બીમારી નથી, અને પપ્પાને ખબર ન પડે એમ ઘરે આવીને કાકા પાસે બહું રડી, પછી નિદાન કરાવ્યું અને એનો રીપોર્ટ આવતા જ મને યાદ છે કે મારા પગ નીચે ની ધરતી ખસી ગઈ'તી.-"કેન્સર"

ભારતમાં લગભગ અસાધ્ય જેવા રોગ-કેન્સર. અને પછી આ વાત ની જાણ ઘરે કરતા મારું ફેમિલી તો જાણે તૂટીને ઢેર થઇ ગયેલું, પણ પછી મમ્મી હિંમત ન હારે એના માટે હું અને ભાઈ કઠણ થઇ ગયા, અને મારા કાકા-કાકી અને મારા ત્રણેય ફઈએ પુરે-પુરો સાથ આપ્યો, અને અમારા દુઃખમાં બરાબર ના ભાગીદાર બન્યા અને આજે પણ અમારી સાથે જ છે,મારા મમ્મીને મારા કાકા-કાકી ક્યારેય એકલું આવવા દેતા નથી.

પપ્પાને સાજા કરવાની રાહમાં કેટકેટલીય હોસ્પીટલો ફર્યા પણ પપ્પાને લાસ્ટ સ્ટેપનું કેન્સર હોવાથી બધા જ ડોકટરે ના પાડી દીધેલી,પણ પપ્પાને રાહત મળે એ માટે કાંઈ ને કાંઈ કર્યા જ કરતા, પપ્પાની સારવાર કરવામાં અને કેન્સર સામે લડવાની ઔષધીઓ બનાવવામાં ક્યારે સવારની સાંજ અને સાંજ ની સવાર થઇ જતી એ ખબર જ ના રહેતી, કહેવાય છે કે કેન્સરના દર્દીને દવા કરતા હિંમતની વધારે જરૂર હોઈ છે, પણ એ લોહીની ઉલટીઓ અને કેન્સરની ગાંઠો જોઈને હિંમત હારી ગયેલી હું કેવી રીતે પપ્પાને હિંમત આપું! અને એવામાં લગ્નનું પણ સાથે જ..........

લગ્નમાં જરૂરી હોઈ એવી તૈયારીઓ થવા લાગી, ઘરની પરિસ્થિતિ એવી આવી ગયેલી કે જે બાપ પોતાની દીકરી માટે બધું જ ન્યોછાવર કરવા તૈયાર હોઈ એ બાપની લાચારી મેં મારી આંખોથી જોયેલી,મન તો લગ્ન માટે માનતું નહોતું પણ પછી ઘરના સભ્યો અને પરિસ્થિતિ પ્રમાણે મેં મારા લગ્ન "પટેલ સમાજ " દ્વારા આયોજિત સમૂહ લગ્નમાં કરવાની વાત કરી,આવી લગ્નની ના જેવી હા વચ્ચે પપ્પા મને મારા ફઈએ કહ્યું કે આપણે પી.પી. સવાણી ગૃપમાં ટ્રાય કરીએ, અને મેં અને મારા ફઈએ તમને સંપર્ક કરવાની અને તમને મળવાની બહું જ કોશીશ કરી પણ અમુક કારણોસર તમને ના જ મળી શકાયું અને ત્યાંથી થાકી હારેલી હું પાછી ઘરે આવેલી, મગજની હાલત તો એવી થઇ ગયેલી કે એક વખત તો મેં લગ્નનો વિચાર હંમેશાં માટે માંડી વાળવાનું નક્કી કરેલું.

દિવસો પસાર થતા ગયા એમ પપ્પાની તબિયત વધુ ખરાબ અને મારી લગ્ન ના કરવાની ઈચ્છા વધુ પ્રબળ થતી ગઈ, એવા સમયમાં પપ્પા કુમારે મને ધૈર્ય આપીને મનાવી લીધી અને મારા પપ્પાની છેલ્લી ઈચ્છા કન્યાદાનની પૂરી થઇ જાય એના માટે મારા લગ્નની જરૂરી હોય એવી તૈયારીઓ થવા લાગી, પણ ઈશ્વરને મારા પપ્પાના હાથે કન્યાદાન પણ મંજુર નહિ હોય અને મારા લગ્નના ૮ દિવસ પહેલા જ મારા પપ્પા મને અને મારા પરિવારને એકલા છોડી ચાલ્યા ગયા,હું ખુબ જ રડેલી,દિવસ-રાત બસ એક જ વિચાર આવ્યા કરતો કે મારી સાથે જ આવું કેમ અને ભગવાન પરથી તો મારી શ્રધ્ધા જ ઉઠી ગયેલી



કે આવો કેવો ભગવાન?

મારા પપ્પાની એક છેલ્લી ઈચ્છા કન્યાદાન કરવાની હતી એ પણ ભગવાને છીનવી લીધી, અને ૮ દિવસ પછી મારા લગ્નનો દિવસ આવી ગયો,મારા માંડવામાં મારી આંખો તો મારા પપ્પાને જ શોધ્યા કરે પણ પપ્પા ક્યાંય દેખાયા નય અને ધીમે-ધીમે લગ્નની વિધિઓ ચાલતી હતી ત્યારે પપ્પા તમે મારા પપ્પાના સ્વરૂપમાં જ અચાનક મારા મંડપમાં અમને આશીર્વાદ આપવા આવ્યા અને મને દીકરી તરીકે સ્વીકારી અને મમ્મીને કહ્યું કે બેન આજ થી કાઈ ચિંતા ના કરતા હવેથી આ દીકરી મારી,અને ત્યારે મારા છોડીને ગયેલા પપ્પા મને પાછા મળી ગયા, અને ‘પપ્પા’ નામનો શબ્દ મારા નસીબમાંથી ભુસાય ગયેલો એ મને પાછો મળી ગયો .

સાચું કહું તો પપ્પા ત્યારે મને તમારા માટે એટલી લાગણી નહોતી ,પણ એક સારા માણસ કે જેમણે અનેક દીકરીઓના બાપની જવાબદારી નિભાવી છે, આવું મારા મનમાં......

પપ્પા તમે મને ઓફિસ મળવા આવવાનું કીધેલું અને પહેલીવાર ઓફિસમાં મળવા આવ્યા ત્યારે પગે લાગતા અને પપ્પા કહેતા પણ ખચકાટ અનુભવી હતી ,પણ પછી જયારે તમે મને દિકા કહીને બોલાવી અને મારા માથા પર હાથ મુકયો ત્યારે મને એવું લાગ્યું કે આ બીજું કોઈ નહિ પણ જાણે મારા પપ્પા જ છે,બિલકુલ મારા પપ્પાની જેમ જ વ્હાલ મળ્યો,અને પછી પપ્પા રોજ તમારો મેસેજ આવતો એ જોઈ ને ખુશ-ખુશાલ થઇ જતી,અને જયારે કુમારનું પી.પી.સવાણી પરિવાર મંડળ નું ફોર્મ ભરવા આવ્યા ત્યારે પપ્પા તમારી સાથે ત્રીજી મુલાકાત થઈ અને કુમાર ની જોબ આઉટ કન્ટ્રીમાં હોવાથી એને એક વર્ષ સુધી બહાર રહેવાનું હોવાથી મેં આ ફ્રી સમય માં કઈ કરવાનું વિચાર્યું. હું એટલે તમારી પાસે આવી,અને તમે મને ના તો ખાલી મનગમતું કામ આપ્યું પણ મને જીવન જીવવાની સાચી રીત બતાવી

દિવસે-દિવસે હું તમને વધુ ને વધુ ઓળખતી ગઈ, પપ્પા મને ખરા દિલ થી તમારા માં જ મને મારા પપ્પા દેખાવા લાગ્યા, હવે તો આંખ બંધ કરું તો પણ મારા સ્વર્ગવાસ થઇ ગયેલા પપ્પા નઈ પણ મને મારા લગ્નના દિવસે જ એક અમૂલ્ય ભેટ મારા પપ્પા મને મહેશપપ્પા આપતા ગયા એ જ મહેશપપ્પા એટલે કે પપ્પા તમે જ દેખાવ છો

ધીમે-ધીમે મારી પાનખર જેવી જિંદગી વસંતની કુપળો ફૂટી નીકળતી હોઈ એવું લાગ્યું, અને આજે પપ્પા તમારા અપાર સ્નેહ અને લાગણી થી ખુશખુશાલ લાઈફ જીવું છુ, કાંઈ જ ટેન્શન નથી, અને હવે પપ્પા તમારા આવવાથી મારી પહેલાની લાઈફ મને મળી ગઈ છે. અને મારા ચહેરા પર આટલી ખુશી જોઈને મારા મમ્મી અને મારા પિતા સમાન મારા કાકા ને પણ કાંઈ જ ચિંતા નથી, અને કુમાર આઉટકન્ટ્રી માં રહેતા હોવા છતાં એમને પણ કઈ ટેન્શન જ નથી, કારણ ફક્ત અને ફક્ત પપ્પા તમે જ છો, હવે પપ્પા તમારો દીકો તમારી સાથે બહુ જ ખુશ છે



દરોરોજ તમારી બધી કાબરોનો કલરવ અને તમારી હૂફ ના કારણે મારી લાઈફ સોળે કળાએ ખીલી ઊઠી, પપ્પા.

આજે મારા મનની કોઈ પણ વાત હોય તે હું તમને શેર કરી શકું છું, બિલકુલ મારા પપ્પા ની જેમ જ.

આજે તમારી સામે નાદાની કરી શકું છું, બિલકુલ  મારા પપ્પાની જેમ જ,આજે તમારા થી ડર તો નથી લાગતો પણ તમારી ફરિયાદ પણ તમને કરી શકું છું, બિલકુલ મારા પપ્પાની જેમ જ.

એ મારા પપ્પાને થતી લોહી ની ઉલટીઓ ભુલવાડી ને એ દુઃખ માંથી બહાર કાઢીને ખુશી ની ડૂબકી લગાવનાર પપ્પા તમે જ છો ,તમે જ બધું છો.

પપ્પા વગર નું જીવન  અંધારા જેવું હોઈ છે, અમારી લાઈફમાં પ્રકાશ ફેલાવનાર પપ્પા તમે જ છો, હવે અમને કોઈ જ ચિંતા નથી, કારણકે અમારી માથે પિતાના વાતસલ્ય નો હાથ છે અને એ હાથ ફેલાવનાર પપ્પા તમે જ છો.

કહેવાય છે કે આસુ એ માણસની દુઃખ અને સુખ ની ચરમસીમા હોઈ છે, મારા દુઃખના આસુ લુછવાવાળા પપ્પા તમે જ છો, તમે જ બધું છો.અને આજે તારીખ ૦૫/૦૭/૨૦૧૮ ના દિવસે આ પત્ર લખી રહી છું ત્યારે પપ્પા ફરી આંખ માં આંસુ આવી ગયા કારણકે આજથી એક વર્ષ પહેલા ૦૫/૦૭/૨૦૧૭ તારીખે જ મારા પપ્પાનો રીપોર્ટ આવ્યો હતો અને અમારા સુખી પરીવાર પર દુઃખની વીજળી તૂટી પડી હતી, પણ પપ્પા સમયને જતા ક્યાં વાર લાગે છે, એ સમય પણ જતો રહ્યો અને મારા પપ્પા એમની દિકાની ખુશી માટે મારા મહેશપપ્પા આપતા ગયા અને પપ્પા તમે હવે મારી એ વડલાવાળી પરબ છો, જેની શીતળ-છાયામાં હું રોજ વિસામો ખાવા આવું છું અને પપ્પા તમારો ભરપુર સ્નેહ અને હુંફ મેળવું છું.

પપ્પા તમારા માટે લખી શકાય એવા શબ્દો જ નથી આ વર્લ્ડ ની ડિક્ષનરીમાં.

બસ મારી ભગવાનને એ જ પ્રાર્થના છે કે પપ્પા ભગવાન તમને હંમેશા સજા-નરવા રાખે અને પપ્પા તમે મારા જેવી મારી નાની પિતા વિહોણી બહેનોના માથે હાથ મુકતા રહો, અને રામાપીર ભગવાન પપ્પા તમારા બધા જ કાર્યોમાં હંમેશા ને હંમેશા સફળતા આપે.

love my papa.

**લિ.**
**તમારી વહાલી,ક્યુટ,નોટી અને**
**પગલી દિકા,**
**દિપાલી.**





## અન્સારી શીરીનબાનુ મો.સઈદ

દીકરીની જન્મતારીખ:- ૦૯/૦૬/૨૦૦૦
પિતાની પુણ્યતિથિ:- ૨૦/૦૬/૨૦૧૩

**વિષય-મહેશપપ્પા મારા**

**પ્રતિ,**

**સપ્રેમ,**

**નમસ્કાર, અસ્સ્લામું અલયકુમ ,મહેશ પપ્પા**

સબસે પહેલે તો મેં મહેશ પપ્પા કા દિલ સે શુક્રિયા અદા કરના ચાહુંગી. Thank you “Mahesh papa” for every thing. મહેશ પપ્પા મેરી દિલ સે દુઆ હે કે અલ્લાહ આપકો લંબી ઉમ્ર દે. અલ્લાહ આપ કો ખુબ તરક્કી ઔર તંદુરસ્તી દે. આપ કો હંમેશા ખુશ રખે. કભી ભી આપ કે આંખો મેં એક આંસુ ના આને દે. સહી સલામત રખે તાકે આગે ઔર જીતની ભી લડકિયા બે સહારા હો બેબસ હો મહેશ પપ્પા ઉનકા સાથ દે ઔર ઉસી તરહ ઉનકા હાથ પકડે ઔર સબ ચીઝ મેં ઉનકા સાથ દે.

મહેશ પપ્પા, મહેશ પપ્પા કે બારે મેં તો ક્યાં બોલે મહેશ પપ્પા વો હે વો કહેતે હે ને અલ્લાહ હર જગાહ નહીં આ સકતા,ઈસલિયે વો અપને ખાસ બંદો કે ઈસ ભેજતા હે તકે વો સબકી ભલાઈ કર શકે. હમારે લિયે વો બંદા વો ફરિશ્તા મહેશ પપ્પા હે. મહેશ પપ્પા લડકિયોં કો અમન લડકિયોં કી તરહ નહિ બલ્કે ખુદ અપની તન કી બેટીયો કી તરહ ચીટ કરતે હે. હંમેશા ઉનકી ભલાઈ દેખતે હે . ઉનકી (દીકરા ની) ખુશીયો કે લિયે નહિ સોચતે જીતના મહેશ પપ્પા સોચતે હે  ઈસલીયે મહેશ પપ્પા બહોત-બહોત “થેંક-યૂ”

મહેશ પપ્પા નહિ થે ઉસસે પહેલે હમારે જીવન કુછ નહિ થા. કોઈ  હમેં પુછતાં કરતા નહિ થા. કોઈ યહાં તક કે યું ભી નહિ પૂછતાં થા કે બેટા! તુમને ખાયા-પિયા. તુમ્હારે પાસ ખાને-પીને કે પૈસે હે ,નહિ હે હમ હમારે ઘર મેં કભી-કભી તો એસા હોતા થા કી ચા ભી નહિ પકતી થી હમ સુબહ સે ભૂખે બેઠે રહેતે થે. એક તરહ સે એક દમ બેબસી કી જીંદગી થી મેરી અમ્મી કો હંમે ભૂખ-પ્યાસા દેખતે બહોત તકલીફ હોતી થી પર વો કેહ નહિ પાતે થે ઔર હમ ભી અમ્મી કો પરેશાન કરને કે લિયે કભી કુછ નહિ કહેતે થે. એસા નહિ મેરી ફેમેલી મેં હર કોઈ હે લેકિન કેહતે હે ને બાપ કા સાયાહોના જરૂરી હે. વો થે તો હમારી જીંદગી ખુશીયોં સે ભરી હુઈ થી પર પપ્પા કે off હો જાણે કે

બાદ જૈસે સબ અંજાને હે હંમે કોઈ પહેચાનતા નહિ હે જીસકો મન હો વો બોલ કે ચલા જાતા થા ,કિસીકો કુછ પડી નહિ થી હમારી. મેરી બડી બહેન કી ઇન્ગેજમેંટ હો ને કે બાદ ૧ બરસ કે બાદ મેરે પપ્પા off હો ગયે થે. મેરી બહન કી શાદી તો જિસ તરહ-ઉસ તરહ હો ગઈ થી, સબ ને સબ દિયા થા ઔર જબ ઉનકી લડકિયોં કી શાદી હુઈ થી તો સબ દી હુઈ ચીઝે માંગને લાગે,મેરી અમ્મી કો તને મારને લાગે, ટોર્ચર કરને લગે,ક્યોંકિ મેરી અમ્મી કી કેપીસીટી થી નહિ કિસી કો કુછ દેને કી ઈસલીયે મેરી મમ્મી ને મેરી શાદી કે લિયે કહા કે મુઝે કુછ નહિ કરના હે મેં તેરી શાદી પી.પી. સવાણી મેં કર દુંગી.

ફિર પી.પી.સવાણી કા ફોર્મ ભરના ચાલુ હુઆ તો મેરી મમ્મી ને ફોર્મ મંગવાયા ઔર ઉસે ભર દિયા ઉસકે બાદ ફિર મેરી જીંદગી મેં રંગ આયા,મહેશ પપ્પા મિલે. “એક ફરિશ્તે “ જો મેરી જિંદગી મે આયે ઔર મેરી જીંદગી કો હારી-ભરી ખુશીયો સે ભર દિયા ઉન્હોને એક સગ્ગે પપ્પા કી તરહ હમેં ચીટ કિયા ,હમારી ખુશીયો કે બારે મેં પહેલે સોચા આજ કે જમાને મેં કોઈ કિસી ગેર કે લિયે ઇતના નહિ કરતા,લેકિન મહેશ પપ્પા કિસી ભી તરહ કે ધર્મ,જાતિ,જ્ઞાતિ હર ચીજ કો દુર રખ કે પહેલે હમારા સોચતે હે, કોઈ પૂછે ના પૂછે લેકિન મેરે મહેશ પપ્પા પહેલે પૂછતે દીકરા ઈદ-મુબારક,રમઝાન-મુબારક, કેસે હો કેસ ની,હર ચીઝ ક ખ્યાલ મેરે મહેશ પપ્પા કો હે, ઈસલિયે હમારી ઇતની કેર કરને વાલે મહેશ પપ્પા કો જીતના ભી થેંક યુ  કહે ઉતના કમ હે, તો ભી મહેશ પપ્પા આપકા બહોત-બહોત શુક્રિયા.

“most most most thank you”
“my world best papa”
“I love my Mahesh papa”

**લિ.**
**આપકી લાડકડી દીકરી**
**શીરીન.**





## કાછડીયા દિપાલી કરશનભાઈ

દીકરીની જન્મતારીખ:- ૦૪/૦૭/૧૯૯૧

પિતાની પુણ્યતિથિ:- ૧૪/૦૧/૨૦૧૭

**Dear papa,**

અઢી અક્ષરનો "પાપા" શબ્દ બહુ નાનો છે. પણ જોવા જઈએ તો માતા પછી એક દીકરી માટે જીવનનું અમૂલ્ય ઘરેણું "પપ્પા" જ છે. દુનિયા નું વાત્સલ્યપૂર્ણ કોઈ સંબંધ હોય તો માનું છું ક તે દીકરી અને પિતા જ છે,મારા પપ્પા મને ખુબ જ પ્રેમ કરતા હતા,તેઓ મારી દરેક ઈચ્છાઓ પૂર્ણ કરતા. પરંતુ ઈશ્વર ને મારા papa પ્રત્યે નું વાત્સલ્ય મંજુર ન હતું,મારા પપ્પા નું અવસાન ૧૪/૦૧/૨૦૧૭ ઉતરાયણ ના દિવસે થયું હતું,જયારે મારા પપ્પા ના દુ:ખમય સમાચાર આવ્યા અમારા સંસારરૂપી નવકારનું સુકન છીનવાય ગયું, અને અંધકારમય જીંદગી બની ગઈ.

ક્યારેક હું ભગવાનને કહેતી કે તમે મારા પપ્પાને લઇ લીધા ત્યારે હું ભગવાન પાસે કહેતી કે મને પપ્પા જોઈએ છે ત્યાં ભગવાને પણ મારી વાત સાંભળી લીધી અને મહેશપપ્પા જેવા વ્યક્તિને મારી જીંદગીમાં મોકલી આપ્યા માટે હું ભગવાન અને મહેશપપ્પાની ખુબ જ આભારી છે,

નથી જીવવું બીતા બીતા કેમકે
સાથમાં છે પપ્પા, હામ છે હૈયામાં,
હિંમત આપી છે પપ્પાએ,
ઉત્સાહ છે આનંદમાં તો ઉજળું કરવાની
શક્તિ આપી છે પપ્પાએ..

મારા જેવી અનેક દીકરીઓને વ્હાલ છાયડો પૂરો પાડનાર દીકરીઓને પ્રસંગ સાચવીને નિસ્વાર્થ જવાબદારી સ્વીકારનાર સવાર-સાંજ દરરોજ મેસેજ દ્વારા વ્હાલ પહોંચાડનાર સગા પિતાની ગરજ સારનાર અનુપાન વ્યક્તિને મને આ વાત જણાવતા ખુબજ ધન્યતાની લાગણી અનુભવાય છે કે મને મહેશપપ્પા મળ્યા પછી અમારી જીંદગીમાં નવો સૂર્યોદય થયો છે. જયારે મારી જિંદગીમાં મહેશપપ્પાનું આગમન થયું,ત્યારે મારી આંખ માં આંસુ આવી ગયા અને હું ગદગદિત થઈ ઉઠી,ત્યારે મહેશપપ્પા એ કીધું કે ભગવાન એકનો હાથ છોડાવે ત્યારે બીજાનો હાથ પણ પકડાવે છે અને જયારે મારા પપ્પાએ



મારો હાથ છોડ્યો ત્યાર પછી ભગવાને મારા સસરાનો હાથ પકડાવ્યો,ત્યાર પછી મહેશ પપ્પાનું આગમન થયું અને ત્યારે મેં મહેશપપ્પાનો હાથ પકડીને હું મહેશપપ્પા ની ખુબ જ આભારી છું.

Thank you so much papa

મહેશપપ્પા તમે જે મારા જેવી અનેક દીકરીઓના માટે કર્યું છે,તે શબ્દમાં કહી શકાય તેમ નથી, ક્યારેય પણ મેં આવું વિચાર્યું પણ નોતું કે મહેશપપ્પા ની સાથે મારી મુલાકાત થશે,પપ્પાના અવસાન પછી મારા મેરેજ માટેની બધી આશા છોડી દીધેલ ,મહેશપપ્પા એ અમારા લગ્નની ખરીદી મારી પસંદ ની થઈ એ મેં સપના માં પણ નોતું વિચાર્યું,આથી તે એક દીકરીની મદદ  નથી કરતા પણ મારા જેવી પિતા વગરની અનેક દીકરીઓને મદદરૂપ થાય છે, અને જે દીકરીઓને પપ્પા હોતા નથી, અને તેમની પરિસ્થિતિ સારી ન હોય ત્યાં મહેશપપ્પા પિતા બનીને ગરજ સારે અને પિતાનો પ્રેમ આપનાર એક જ છે જે 'મહેશ પપ્પા' છે,આથી હું મહેશપપ્પાની ખૂબ ખૂબ આભારી છું ,

જેમ સિક્કાની બે બાજુ હોઈ છે તેમ જીંદગી પણ પિતા વગરની અને પિતા વાળી બની ગઈ છે, હવે મારી જીંદગી એક જ બાજુ રહેશે એ છે **"પિતા વળી જીંદગી"**

ક્યારેક ઠોકર લાગે છે તો , આપના મોઢા માંથી "ઓહમાં" એમ જ નીકળે છે,પણ રસ્તો પર કરતા કોઈક ટ્રક આવીને બ્રેક મારે તો આપના મોઢા માંથી "ઓહ બાપરે" નીકળી જાય છે. કેમ કે નાના સંકટો માટે માતા છે પણ મોટા મોટા સંકટો માટે "પિતા" જ યાદ આવે છે. પપ્પાના અવસાન પછી બધી જવાબદારી હું મોટી હોવાથી મારા માથા પર આવી હતી,ભાઈ નાનો ભણતો હતો, મહેશ પપ્પા મળ્યા ત્યારથી મારા મમ્મીની બધી ફિકર દુર થઇ ગઈ. Thank you papa.

મહેશપપ્પા બધી દીકરીઓના લગ્નની ખરીદી દીકરીઓની પસંદગીની કરાવે છે,ત્યાં ઘણી બધી દીદીઓ હતી,અને બધી દીદીઓ ખુબજ સારી હતી અને ઓફીસ ના બધા દીદીઓ અમને ખુબજ મદદ કરતા આથી દીદીઓને અમારા તરફથી ખુબ-ખુબ આભાર.

Thank you so much didi and thank you papa.

પિતા એક ઘટાદાર વૃક્ષ છે જેની શીતળ છાયામાં આખો પરિવાર સુખે થી રહે છે.

તમે મને મંજિલ આપી પપ્પા,

તમે તો અમારા સાસરિયામાં પણ અમારું મન વધાર્યું , " સાગરમાં નીર ઘણું, પણ કાગળ માં સમય નહિ, મારે મનમાં લખવું છે ઘણું ,પણ કાગળમાં સમય નહિ"

Papa thanks for coming in my life and god bless you my dear papa.



**લિ. તમારી વહાલસોયી દિકા**
**કાછડીયા દિપાલી**



# હિરલબેન વિમલકુમાર મોરડિયા


દીકરીની જન્મતારીખ:- ૧૨/૦૨/૧૯૮૭
પિતાની પુણ્યતિથિ:- ૧૮/૦૩/૨૦૧૮

**પરમ પૂજ્ય પાપા.**
**જય રામાપીર , સીતારામ**

ભાગવતમાં કહ્યું છે જેનામાં સત્ય, પ્રેમ, કરુણા, સંતોષ,ભક્તિ,જ્ઞાન,વૈરાગ્ય,દયા ભાવના હોય, પતિ-પત્ની સદાચારી હોય,સતત ભક્તિ કરતા હોય,બીજાના દુઃખે દુઃખી અને બીજા ના સુખે સુખી થાય બીજાનું દુખ જોય જેનું હ્રદય દુઃખી થય તેને મદદ કરવા તત્પર થતું હોય તેને ત્યાં ભગવાન બાળક બનીને આવે છે,બાળક બનીને જન્મ લે છે. ભગવાનના અત્યાર સુધીના દરેક અવતાર ગૃહસ્થના ઘરે જ થયા છે,કોઈ સંત ના આશ્રમમાં પ્રભુએ અવતાર લીધો નથી,આવા દયાળુ અને સદાચારી માતા-પિતા વલ્લભદાદા અને અંજવાળીબા ના ઘરે આપનો જન્મ થયો છે,ભાગવતમાં લખ્યું છે કે કળીયુગમાં જયારે બહુજ પાપ થશે ત્યારે ભગવાન પોતે અવતાર ધારણ કરશે અને પપ્પા હું કહું છું કે ભગવાને અવતાર ધારણ કર્યો છે અને તે ભગવાન કોઈ નહિ પણ પપ્પા તમે જ છો,શંકર ભગવાનનું બીજું નામ મહેશ પણ છે  અને આજે તમે તે નામ થી કળીયુગમાં ભગવાન તરીકે અવતર્યા છો.

આદરણીય પાપા તમને જાણીને આનંદ થશે કે તમારી વહાલી દીકરી બહુજ ખુશ છે જેનું કારણ મારા વહાલા પપ્પા જ છે ,કારણ કે એક દીકરીને તેના પપ્પા બહુજ વહાલા હોઈ છે,મારા પપ્પા ગયા ત્યારે મારી જીંદગીમાં અંધકાર છવાઈ ગયો હતો મારી ડીપ્રેસન જેવી કંડીશન થઇ હતી ત્યારેજ તમે મારા જીવનમાં આવ્યા ,ભલે ભગવાને તમારા ઘરમાં જન્મ ન આપ્યો પરંતુ ભગવાનની ઈચ્છા અને મારા નસીબમાં આપનો પ્રેમ લખ્યો હતો,અને જે મને મળે છે અને હું  ખુબજ ખુશ છું કે ભગવાને મારા પપ્પા સ્વરૂપે તમને મોકલ્યા અને હું એક બાપના પ્રેમ વગર અધુરી ના રહી

પ્રભુની ઈચ્છાની વિરુદ્ધ કોઈ જઈ ના શકે પરંતુ દુઃખ સાથે કહું છું કે મેં મારા ભગવાન સમાન પપ્પાને ખોયા હતા અને એનું મને ખુબ જ દુઃખ છે,પરંતુ ભગવાને આપને મોકલીને મને મારા પપ્પાનો પ્રેમ ફરીથી આપ્યો છે તેથી હું ભગવાનની ખુબ જ આભારી છું. મારા પપ્પાની ખુબજ ઈચ્છા હતી કે મારા સપના ના રાજકુમાર



સાથે પરણાવીને કન્યાદાન કરે પરંતુ તે થઈ ના શક્યું. તમે જે મારા પપ્પા બનીને લગ્નની ફરજ અદા કરી કન્યાદાન કરવાના છો, અને પપ્પા તરીકે નો આપનો પ્રેમ,લાગણી મેળવીને ખુબ જ ખુશ છું તમને જોવ છું ત્યારે તમારા ચહેરામાં મને મારા પપ્પાનો ચહેરો જ દેખાય છે આ બધું જોઈ ને મારા પપ્પાનો આત્મા જ્યાં પણ હશે ત્યાં તેના આત્મા ને શાંતિ થશે.

મારા પપ્પા મારા માટે સર્વસ્વ હતા ભાઈ મમ્મીની નજીક હતો, જયારે હું મારા પપ્પાની લાડલી હતી મારે કોઈ પણ વસ્તુ જોઈતી હોયતો હું પપ્પા પાસે માંગણી કરતી તેની પાસે પૈસા હોઈ ન હોઈ મને ક્યારેય કોઈ પણ વસ્તુ વગર રાખી નથી મારા લગ્ન માટે કેટકેટલા સ્વપ્ન જોયા હતા, મને કહેતા કાબર તને એકટીવા લઇ આપીશ જેથી તારે મને મળવા આવવું હોય તો તરત આવી શકે, તને ઘરની કોઈ વસ્તુની કમી નહિ રહેવાની બધી જ વસ્તુ તને લઇ આપીશ, દરરોજ ઓફિસથી આવે તો મારા માટે કંઈને કઈ નાસ્તો લેતા આવતા ,ક્યારેય ખાલી હાથે નથી આવ્યા.

હું જયારે મિતુલ સ્ક્વેરમાં આવી અને પાપા તમે ‘કાબર’ શબ્દનો ઉલ્લેખ કર્યો ત્યારે મને તમારામાં મારા પપ્પાના દર્શન થયા મને થયું કે મારા પપ્પાનો આત્મા આ મહેશ પપ્પામાં સમય ગયો છે, અને મિતુલ સ્ક્વેરમાં આવ્યા ત્યારે આટલી મોટી ઓફીસ અને આટલો વૈભવ જોઇને પહેલા તમારી પાસે આવતા ડર લાગતો હતો,પરંતુ જયારે તમને જોયા ત્યારે તમારો માયાળુ સ્વભાવ અને સાદગી તથા બધાની સાથે હળી મળી જવાના નિખાલસ પણા ને જોઇને હું અચાનક જ થઈ ગઈ જયારે મને જોઇને તમે કહ્યુકે દિકા તને તો ક્યાંક જોઈ છે જાણીતી લાગે છે ત્યારે મારા આનંદ નો પાર રહ્યો ન હતો.

અત્યારે આટલા પૈસા વાળા તો અમારા જેવા ગરીબ સાથે બોલાવા શું પણ સામે જોવા પણ તૈયાર થતા નથી તો તમે તો ‘કાબર’ અને ‘દિકા’ કહીને અમને તમારા ઋણી બનાવી દીધા,અને અમને સ્વર્ગમાં આવ્યા હોય એવો અનુભવ કરાવ્યો.

૧૩/૦૮/૨૦૧૮ સવારે મારા પપ્પાને એટેક આવ્યો ને પાંચ જ મીનીટમાં સ્વર્ગે સીધાવ્યા, તે દિવસે બપોર પછી અમારા બંને ભાઈ બહેન માટે સગાઇ જોવા જવાના હતા ઈશ્વરને તે મંજુર નહિ હોય એના બદલે અમારો પંખીડાનો માળો વિખાઈ ગયો અને અમે નોધારા થઇ ગયા,હું પપ્પાના વિયોગમાં રડ્યા કરતી,ખાવા પીવાનું છોડી દીધું તેથી માંદી પડી ગઈ અને મારી થોડી ડીપ્રેસન જેવી કંડીશન થઇ ગઈ હતી

થોડા સમય પછી મારા મામા એક છોકરો બતાવવા લઇ ને આવ્યા અને મારા કાકી વિમલ ને બતાવવા લઈને આવ્યા મને વિમલ ગમ્યા. પરંતુ મારે પપ્પા નથી અને કાકી વાત લાવ્યા તે કાકા પણ નથી એટલે વચ્ચે કોઈ મોટા વડીલ પણ ન હતા ,જયારે વિમલના મમ્મી પપ્પાને ખબર પડી કે વડીલના વાંકે આ સંબંધ અટક્યો છે ત્યારે તેમણે કહ્યું કે તમે પી.પી. સવાણી માં જોડાઈ જાવ જ્યાં મહેશભાઈ પપ્પાની દરેક જવાબદારી નિભાવે છે



હિરલના તેના મમ્મી પપ્પાના હાથ માથા પર રહેશે અને બધી જ જવાબદારી લઇ લેશે તમે અત્યારે જે તણાવ અનુભવો છો તે બધું જ ચાલ્યું જશે,અને સાચે જ પપ્પા તમે મારી મારા ભાઈ ની અને મારા મમ્મી ની ચિંતા લઇ લીધી ,મારા મમ્મી ડાયાબીટીસ ના પેશન્ટ છે,પપ્પા ગયા પછી ટેન્શન ને લીધે ૩૦૦ થી સુગર લેવલ ઘટતું ન હતું પરંતુ તમને મળ્યા પછી મમ્મીને સારું છે .

પપ્પા હું તમને એક વચન આપું છું કે જેમ તમારી પાસેથી એક પપ્પા તરીકેનો પ્રેમ મેળવું છું  તેમ એક દીકરી તરીકે હું પણ મારી ફરજ નિભાવીશ.

**“ચાંદ ને પુછા તારો સે,તારો ને પુછા હજારો સે,**
**સબસે પ્યારા કોન હૈ, પાપા મેરે પાપા.”**
**“તુમ જીયો હજારો સાલ,સાલ કે દિન હો પચાસ હાજર.”**

પપ્પા તમારા જેવા ‘ઓલીયાપીર’ ને જન્મ અને સારા સંસ્કાર આપવા બદલ પહેલા “બા તથા દાદા” ને ધન્યવાદ કે તમારા જેવા સંત ને શતશત પ્રણામ.

**તમારી વ્હાલી દિકા ના,**
**જય રામાપીર.**



# કાજલ ધીરુભાઈ બરવાળીયા

દીકરીની જન્મતારીખ:- ૦૨/૦૨/૧૯૯૦

પિતાની પુણ્યતિથિ:- ૨૮/૦૧/૨૦૦૬



પાપા હી હે વો હસ્તી
જો અપની બેટી કે ફેસ પર સ્માઈલ
લાને કે લિયે સબકુછ કર સકતે હે.

જય રામાપીર સાથે જણાવવાનું કે હું મારી દુઃખદ વિતાવેલી પળો વિશે કંઇક થોડુક વ્યક્ત કરું છું.

હું એક મધ્યમ વર્ગ પરિવારમાંથી છું.,મારા પિતાનું અવસાન તા-૨૮/૦૧/૨૦૦૬ ના રોજ થયું ,ત્યારે અમે અમદાવાદ શહેર માં રહેતા હતા. જયારે અવસાન થયું તે સમયે હું ઘરે હાજર પણ ન હતી, હું બાર સિલાઈ-કામ શીખવા જતી હતી ,ત્યારે મને ખબર પણ ન્હોતી કે મારા પપ્પા નું અવસાન થયું છે. ૩૦મિનીટ પછી મને મારી બાજુ માં રેહતા અંકલ લેવા આવ્યા અને ઘરે આવી ને જોયું ત્યાં તો લોકો એકઠા થયા હતા. ત્યારેં મને એમ થયું કે આ બધા કેમ ભેગા થયા છે. મારા ઘરે કેમ જોર-જોર થી રડે છે, પછી મને ખબર પડી કે મારા પપ્પાનું અવસાન થયું છે ,ત્યારે હ પણ રડી પડી,અને જાણે મારા પર આભ તુટી પડ્યું હોઈ એવું લાગ્યું,ત્યાર પછી થોડાક દિવસો વીતી ગયા,મૃત્યુ પછી જે કાર્ય થતું હોઈ તે પૂરું કર્યું ,થોડા દિવસો વીતી ગયા પછી પરિવાર નું કોઈ પણ સદસ્ય ઘરે પણ ન આવતા, અમેં સાવ એકલા જ થઇ ગયા. અમે અમારી જાતે જ ઘરનો સહારો બનીને ઘર ચલાવવા માટે કામ કરવા લાગી ગયા. મારા ઘરમાં અમે ૪ બહેન અને ૧ નાનો ભાઈ એમાં હું બીજા નંબર ની અને મારાથી ૩ નાના બહેન ભાઈ હતા અને એક મોટી બહેન હતી. પછી આખા ઘરની જિમ્મેદારી મમ્મી પર આવી ગઈ,મારા મમ્મી એ હિંમત ન હારી ,એ અમને મમ્મી અને પપ્પા બંને નો પ્રેમ આપતી ,મારા મમ્મી એટલી હિંમતવાળી છે કે એ પોતાની જાત ને એકલી ન માનતી,અને અમને પણ એકલા છીએ એવો અનુભવ પણ ન થવા દેતી,અને ૧ વર્ષ પછી મને અને મારી નાની બહેન ને સુરત મારા ફોઇ લઈને આવ્યા. એમને અમને હીરા ઘસતા શીખવાડી દીધા,પછી અમે હીરામાં કામ કરવા લાગી ગયા. ત્યારબાદ મારા મમ્મી, મોટી બહેન અને ૨ નાના બહેન ભાઈ એ વખતે અમદાવાદ રહેતા અમને પણ સુરત બોલાવી લીધા,થોડા સમય પછી

એમને પણ રૂમ લઇ ને સુરત લાવ્યા. ત્યારબાદ અમે હીરાના ધંધા માંથી સીલાઈકામ શીખી ગયા અને બહાર જવું ન પડે એટલે ઘરે બેસીને જ કામ કરવા લાગ્યા ,જેથી કરી ને ઘરનું ધ્યાન પણ રહે અને કામ પણ થાય. ૩/૪ વર્ષ પછી મારી અને મારા થી નાની બહેન ની સગાઇ થઈ ,ત્યાર પછી અમને કોઈકે જાણ કરી કે મહેશભાઈ સવાણી પપ્પા વગરની દીકરીઓ ને પોતાની દીકરી માનીને લગ્ન કરાવી આપે છે. અને ઘર ની બધી જ વસ્તુ જેવી કે કરિયાવર થી લઇ ને કન્યાદાન જેવું કાર્ય કરે છે,જેથી કરીને મમ્મી ને દીકરીના લગ્ન વિશે કઈ જ વિચારવું ન પડે અને કસ્ટ ન પડે. તમારા આગમન થી અમારા જીવન માં ખુશીના વાવેતર થયા હોઈ એવું અનુભવ થાય છે,અને હું ખુબ જ ખુશ છું કે હું તમારી દીકરી બની છું અને તમે મારા વ્હાલા પપ્પા. હું ખુબખુબ ધન્યવાદ કરું છું ,હું તો શું કહું તમારા માટે શબ્દો જ ઓછા પડે છે,બસ આટલું જ કહીશ તમે આ જન્મ માં તો શું બધા જ જન્મ માં મારા પપ્પા બનો અને હું તમારી દીકરી, ધન્યવાદ છે,મહેશપપ્પા.

હું તમને એ જ કહું છું કે તમે જ એ હસ્તી છો જે અમારી જેવી પપ્પા વગર ની દીકરીઓના પપ્પા બની ને એના ફેસ પર સ્માઈલ લાવવા માટે બધું જ કરી શકો છો.

LOVE YOU,PAPA.

**લિ. તમારી લાડકી દીકરી**
**કાજલ.**



# કિંજલ ધીરુભાઈ બરવાળીયા


દીકરીની જન્મતારીખઃ- ૨૭/૨/૧૯૯૨

પિતાની પુણ્યતિથિઃ- ૨૮/૧/૨૦૦૬



પિતા વિનાનું ઘર શું છે, એનો અનુભવ કરવો હોઈ તો માત્ર એક દિવસ અંગુઠા વિના ખાલી આંગળીઓ ના ઉપયોગ થી આપના દરેક કામ કરી જુઓ પિતાની કિંમત સમજાય જશે....

આ ઉપર લખેલ થોટ્સ પર થી મને મારી પાછળ ની વિતાવેલી પળો વિશે થોડુક કંઈક લખીને જણાવુ છું. શું કહું પપ્પા વિશે એ જ કઈ સમજાતું નથી. હું જયારે નવમાં ધોરણમાં ભણતી હતી ત્યારે તારીખ -૧૮/૦૧/૨૦૦૬ માં મારા પપ્પાનું અવસાન થયું હતું ,એનું કારણ એ હતું કે તેમને હાર્ટ-એટેક આવ્યો,ત્યારે મારા ઘરમાં અમે ચાર બહેન અને એક નાનો ભાઈ અને અમારી મમ્મી અમેં ૬ સભ્યો ખાવા વાળા અને કામ કરવા માટે ફક્ત એક જ વ્યક્તિ હતા એ પણ આ દુનિયા છોડી ને ચાલ્યા ગયા તે વખતે તો જાણે મોટી આફત આવી હોઈ તેવું લાગ્યું. તો પણ મારા મમ્મી ને ભગવાને હિંમત આપી અને એમણે હર ન માની. અમે ૩ બહેનો એ અભ્યાસ મૂકી દીધો અને નાના ૨ બહેન-ભાઈ ને ભણવાની હિંમત આપી, કારણ કે એ હજુ નાના હતા,ભાઈ ધોરણ-૫ માં હતો અને નાની બહેન ધોરણ-૬ માં હતી, તેથી અમે ૩ મોટી બહેન સિલાઈકામ કરવા લાગી ગયા,તેનાથી અમારા ઘરનું ગુજરાન ચાલતું. આ સમયે અમે અમદાવાદ રહેતા, પણ ત્યા ખાસ કરીને પગાર ધોરણ સારું ન હતું તેથી અમને મારા ફઈ એ મને અને મારી મોટી બહેન ને ૨૦૦૭માં સુરત લાવ્યા અને અમને હીરાના ધંધામાં મોકલી દીધા જેના લીધે અમારો પગાર સારો આવવા લાગ્યો, અને અમારા ઘરમાં કઈ પણ ખામી ન આવતી અને બધું જ બરાબર ચાલવા લાગ્યું,ત્યાર પછી મારા મમ્મી મોટી-બહેન અને ૨ નાના ભાઈ-બહેન ને સુરત રૂમ લઇ ને આવવા કહ્યું અને એમને પણ સુરત લાવીને રૂમ ચાલુ કરી દીધી. ત્યાર પછી અમે અમારા ફોઈ ના ઘરેથી અમારા ઘરે રહેવા લાગ્યા,અને ફઈ ને પણ આભાર કહું છું જેના લીધે અમને થોડોક સહારો મળ્યો,અને ત્યાર પછી અમારી પરીક્ષા ચાલુ થઇ ગઈ કે આ કઈ રીતે તમારે ઘર ને જાતે જ ચલાવવાનું છે, બધુજ જાતે જ ઉભું કરવાનું છે ,ત્યારે સમજાયું કે ખરેખર પિતા વિનાનું ઘર શું છે, અને અનુભવ થયો,



ત્યારબાદ થોડા વર્ષો પછી મોટી બહેનના લગ્ન હરેકૃષ્ણ માં થયા તે સમયે મહેશ પપ્પા વિષે કઈ જ જાણકારી ન હતી ,ધીમે ધીમે અમે કરેલી જાત મહેનત રંગ લાવી અને ઘરમાં બધું જ સારું થવા લાગ્યું .૩/૪ વર્ષ પછી મારી અને મારાથી મોટી બહેન ની સગાઇ થઇ તે વર્ષે કોઈકે અમને મહેશ પપ્પા વિશે કહ્યું કે તે પિતા વિનાની દીકરીઓને પોતાની દીકરી માની ને તેને તેના લગ્ન કરાવી આપે છે અને કરિયાવર થી લઈને કન્યાદાન સુધીનું ઉત્તમ કાર્ય કરે છે,અને સુખ દુઃખમાં સાથ આપે છે.

પછી અમને તો એમ જ થયું કે નઈ ખરેખર આ મહેશપપ્પા જેને પપ્પા વગરની દીકરીઓના પપ્પા મળી ગયા અને ફરીવાર અમને પપ્પા કહેવાનો મોકો મળ્યો. અને મને ગર્વ છે કે હું મહેશ પપ્પાની વ્હાલી દીકરી બનું અને એ મારા પપ્પા બને હું ધન્ય છું કે મને મારા પપ્પા મળી ગયા ,હું ખુબ જ ખુશ છું ,તેથી કરીને હું સાચા દિલ થી મહેશ પપ્પાને ધન્યવાદ કરું છું, આટલું કહું એ પણ ઓછું પડે છે, શું કહું એ જ સમાજમાં નથી આવતું. જેથી કરીને હું મારી પેન ને વિરામ આપું છું.

**LOVE YOU PAPA,**
**THANK YOU.**

**લિ. તમારી વ્હાલી દિકરી**
**કિંજલ.**



# શીતલ સાદુરભાઈ મકવાણા

દીકરીની જન્મતારીખઃ- ૧૮/૦૬/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૦૧/૦૯/૧૯૯૯



**'મારા આદરણીય શ્રી મહેશ પપ્પા,**
**જય શ્રી કૃષ્ણ,**

હું અહીંયા મારા વહાલા પપ્પાની વાત કરું છું મારું બાળપણ મારા પપ્પા વિના અધૂરું છે. હું જયારે ચાર વર્ષ ની નાની બાળા હતી ત્યારે મેં મારા પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી, હું મારી મમ્મી અને મારો નાનો ભાઈ અમે મામા સાથે રહેતા હતા, મમ્મી નોકરી કરી ને અમારું ગુજરાન કરતી હતી, જયારે અમે મોટા થયા ત્યારે અમારી મમ્મીને અમે કામમાં મદદ કરતા હતા.

બધા કહે છે કે,
बिना पिता का घर क्या है?
इसका अनुभव करना हो तो
सिर्फ एक दिन अंगूठे के बिना सिर्फ़
उँगलियो से अपने सारे काम करके देखे .....
पिता की किम्मत पता चल जाएगी......

જયારથી મેં મારા પિતાજીની છત્રછાયા ગુમાવી ત્યારથી મને અને મારા મમ્મી ને અતિ ચિંતા રહેતી હતી. લગ્ન બાબતે અને  કન્યાદાન બાબતે કે હવે મારું વડીલ ગણાય તે હવે કોણ? પણ જાણે મારા પિતાજીએ મારું દુઃખ જોયું હોય તેમ મારું કન્યાદાન કરવા તમને મોકલ્યા હોય તેમ તમે અમને મળ્યા. મારા જીવનનું મોટું કાર્ય મને પરણાવવાની અને મારું કન્યાદાન કરવાની જવાબદારી તમે ઉપાડી લીધી એ બદલ અમે સૌ પરિવારજનો તમારો આભાર માનીએ એટલું ઓછું છે, તમે મારા પિતાજીનું કર્તવ્ય,ફરજ બજાવી છે. એ બદલ અમે ખુબજ આનંદ ની લાગણી અનુભવી રહ્યા છીએ,જે હું વ્યક્ત જ નહિ કરી શકીશ.

જયારે તમે મને કન્યાદાન કરીને વિદાય આપશો ત્યારે મને તમારા આશીર્વાદમાં મારા પિતાજીના દર્શન થશે.



**લિ.**
**તમારી પ્રિય શીતલ.**



## ધોળકિયા નીલમ ચીમનભાઈ

દીકરીની જન્મતારીખ:- ૦૯/૦૬/૧૯૯૦
પિતાની પુણ્યતિથિ:- ૧૦/૦૨/૨૦૧૦

**Dear father.**

અમે જેટલીવાર thank you કહું એટલી વાર ઓછું છે તમે અમને બધી જ ખુશી આપી છે. પપ્પા.......

હું મૂળ નામ ભાવનગર ની વતની છું અમે હાલ મારા ભાઈ સાથે સુરતમાં રહીએ છીએ. મારા પિતાનું અવસાન થયું ત્યારે હું ૧૦ માં ધોરણમાં અભ્યાસ કરતી હતી. પત્ર લખતા મને આંસુ આવે છે. હું મારા પપ્પાની સૌથી લાડકી દીકરી હું માંગું એ પહેલા મારી સામે હાજર હોય. મને યાદ છે એ રાત્રી કે મને ભાવતું ભોજન મારા પપ્પા મારા માટે બનાવતા અને સવાર પડતાની સાથે જ મને આપતા.

મારી ખુશીમાં જ ખુશી સમાયેલી હતી. But anyway ભગવાનને પણ મારા પપ્પાની જરૂર હતી. મારા પપ્પાના અવસાન બાદ ઘરની બધી જ જવાબદારી મારા ભાઈ ના અને મમ્મી પર આવી. મને યાદ છે, એ મમ્મીના આંસુ આંખમાંથી સુકાતા ન હતા.પણ ભગવાન એક હાથે લે છે, અને બીજા હાથે આપે છે.

૧૦/૦૨/૨૦૧૦ મારા પપ્પા નું અવસાન થયું ત્યારે અમારી જીંદગીમાં અંધારું છવાય ગયું મારા પપ્પા એટલે કે મહેશ પપ્પા. પહેલીવાર જયારે હું અને મારી મમ્મી મળવા ગયા ત્યારે એમણે ખુબ જ પ્રેમથી કહ્યું કેમ છે. દિકા એ શબ્દ મને હજી યાદ છે. ત્યારે મહેશપપ્પાએ મારી મમ્મી ને કહ્યું કે આજ થી તમારી દીકરીએ મારી દીકરી છે,તમે બેફીકર રહો.

અમને ફોર્મ ન મળ્યું અમે નિરાશ થઇ ગયા, પરંતુ તે જ સમયે સામે અમને મહેશ પપ્પા એ અમને તેમની ઓફિસમાંથી બોલાવ્યા અને ખુબજ શાંતિ થી અમારી આ વતા સાંભળી અને ખાતરી આપી કે મારા લગ્ન સમૂહ લગ્નમાં થાય. તે માટે મારું નામ વેઈટિંગ લીસ્ટ માં લખ્યું હતું. ૧૦ દિવસ પછી મારા પર ફોન આવ્યો હતો કે મારું



ફોર્મ સમૂહ લગ્ન માટે સ્વીકારી લીધું છે,ત્યારબાદ પ્રથમ વખત મીટીંગમાં પપ્પાને ફરીથી મળવાનું થયું. પપ્પાને મળી ને ખુબ જ આનંદ થયો,મારા પપ્પા મળ્યા. જીવનનો એક ખૂણો જે કાયમ માટે ખાલી રહી જશે, તે દીવા સ્વરૂપે મહેશપપ્પા ના આવવાથી, પ્રકાશ થી ભરાઈ ગયો.

મહેશ પપ્પા તમારો મેસેજ રોજ સવારે,સાંજે મળે છે જેથી મને લાગે છે કે ખરેખર મારી પણ ફિકર કરવા માટે મારા પપ્પા છે. હું તમારો આભાર કઈ રીતે વ્યક્ત કરું મારા જીવનમાં પપ્પા શબ્દ ફરી થી લાવવા માટે thank you so much papa

**દિકા**
**તમારી વહાલી દીકરી**
**નીલમ ના જય સ્વામીનારાયણ.**



# દુર્ગા મહેશભાઈ રાઠોડ

દીકરીની જન્મતારીખઃ- ૦૧/૦૬/૧૯૯૯

**જય રામાપીર**

હું પહેલા મહેસાણામાં રહેતી પછી મમ્મી પપ્પાને એચ.આઈ.વી. હતું, પહેલા પપ્પા ઓફ થઇ ગયા પછી મમ્મીને ખબર ન હતી કે મને એચ.આઈ.વી. છે, અમે બંને બહેનો હતા અને અમારી પરિસ્થિતિ ખુબ જ નબળી હતી, ત્યારે અમારી પાસે ખાવા-પીવાના પૈસા ન હતા, ત્યારે મારી નાની બહેન ૯ વર્ષની અને હું ૧૨ વર્ષની હતી. મમ્મી ઓફ થઇ ગયા પછી નાની બહેનને મારી દાદી એમના ઘરે લઇ ગયા હતા. અને હું બીજાના ઘરે રહેતી હતી, પછી મને અહી કેરહોમમાં મુકવામાં આવી કારણ કે મને બંને ને એચ.આઈ.વી. હતું, કેરહોમમાં અમને જગ્યા નાની પડતી હતી પછી દક્ષાદીદી ને મહેશપપ્પા મળ્યા અમને જનનીધામમાં આવ્યા અને મહેશપપ્પાનો સહારો મળ્યો અને અમે અમારા જીવનમાં આગળ વધ્યા. પછી દક્ષાદીદી એ મારા માટે છોકરો શોધ્યો અને પછી પી.પી.સવાણીમાં અમારા મેરેજ નું નક્કી થયું અને હું અત્યારે ખુબ જ ખુશ છું કે મહેશપપ્પા જેવા પપ્પા મળ્યા, અમારા માટે જે છે એ બધું જ મારા મહેશપપ્પા છે.

પપ્પા તમારો અમારી ઉપર કેટલો બધો ઉપકાર છે કે તમારા જેવા પપ્પા મળ્યા અમને મહેશપપ્પા દર રવિવારે મળવા આવે છે અને દક્ષાદીદી નો પણ ખુબ જ પ્રેમ મળે છે

**THANK YOU PAPA**

માછલી ને પાણી વગર
ગમતું નથી, પોપટ ને મેના વગર ગમતું નથી
તેમજ મને મારા વહાલા
પપ્પા વગર ગમતું નથી.


**લિ.તમારી લાડકડી**
**દુર્ગા.**



# ધોડકે દામિની તુષારભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૨૭/૦૨/૧૯૯૮

મારું નામ દામિની તુષારભાઈ ધોડકે છે હું ૧૨ધોરણ ભણી FASHION DESIGNING કર્યું હું ૨૦ વર્ષની છું, મારો જન્મ ૨૭ FEBRUARY ૧૯૯૮ માં મહારાષ્ટ્ર ના પુણે શહેરમાં થયો હતો ત્યારે મારા પપ્પા બીમાર પડવા માંડ્યા અને રીપોર્ટ કરતા ખબર પડી કે તેમને HIV છે અને TB છે મમ્મીએ ઘણી દવાઓ કરી બાદ પણ તેમનું ઈ.સ.૨૦૦૦ માં મૃત્યુ થયું, પછી અમારા ત્રણેય ના રીપોર્ટ કર્યા ત્યારે જાણ થઈ કે હું અને મમ્મી HIV+ છીએ, બહેન નેગેટીવ હતી, મમ્મી,હું અને મારી બહેન સુરતમાં નાની ને ત્યાં રહેવા આવ્યા પહેલા તો ખુબ જ મુશ્કેલીઓ પડી,મમ્મી ને જોબ નહોતી મળતી અને તેમાં અમારા બે દીકરીની જવાબદારી હતી, ધીરે ધીરે કરતા મમ્મી આગળ વધી અને GSNP+ માં જોડાઈ. ત્યાં જોડાયા બાદ અમારું જીવન પહેલા કરતા ખુબ જ સુધરી ગયું અમને એક સારી શાળામાં ભણવા મૂક્યાં, અમારી નાની નાની જરૂરીયાત પણ પૂરી થવા લાગી એમ કરતા ૧૦વર્ષ ક્યારે પૂર્ણ થયા એ ખબર ન પડી, માસીને દીકરી નહોતી એટલે બેનને એ લોકો લઇ ગયા. ૨૦૦૯ માં મમ્મી બીમાર પડવા લાગી અને તેના રીપોર્ટમાં ગર્ભાશયનું કેન્સર આવ્યું, ૧૪ JULY ૨૦૧૦ માં તે મૃત્યુ પામી, ત્યારે મારા ઘરમાં ઘરડા દાદા-દાદી અને હું જ રહેતી, મમ્મીના ગયા પછી મને ઘણી મુશ્કેલીઓ આવી જેમકે HIV ના કારણે આજુ બાજુ વાળા ખરાબ વર્તન કરવા લાગ્યા, મને એકલી સમજીને મારી નાની-નાની બાબતોમાં ઉપયોગ કરવા લાગ્યા, વિસ્તારના છોકરાઓ પણ મારી છેડતી કરવા લાગ્યા. એ સમય તો મારા માટે જીવનનો સૌથી ખરાબ સમય હતો, પછી GSNP+ ના મારફતે કેરહોમમાં આવી. મારા જેવી બીજી દીકરીઓને જોઈ મને ઘણી હિંમત આવી, ત્યાં મને સારી શાળામાં એડમીશન કરાવ્યું અને હું ૯,૧૦ પુણાગામના M.P. LILIYAVALA માં ભણી, કેરહોમમાં તો ઘણું સારું હતું પણ એ પુણાગામ નું ઘર ૩૨દીકરીઓ માટે હતું, તેથી ઘડીએ ઘડીએ છોકરીઓ બીમાર પડતી અને એપાર્ટમેન્ટ વાળાને HIV ની જાણ થતા તેઓનો સ્વભાવ પણ બદલાઈ ગયો,તેઓ નાની નાની બાબતે દીકરીઓ સાથે ભેદભાવ કરતા, દક્ષા આન્ટી થી આ ન જોવાયું તેથી તેમણે બીજા ઘરની શોધ શરૂ કરી. ભગવાનની કૃપાથી મહેશપપ્પા



તેમને મળ્યા અને તેમણે દક્ષાઆન્ટીને બધી તકલીફો કહી, તેઓ તરત જ એક મોટું ઘર આપવા રાજી થઈ ગયા. ૨૦૧૩માં અમે બધા "જનનીધામ" માં રહેવા આવ્યા ત્યારે અમને દક્ષાઆન્ટી અને મહેશપપ્પાના સાથ સહકારથી જીવન એકદમ સરળ જવા લાગ્યું એક વખત ૧ ડીસેમ્બરના ઈનટરવ્યુમાટે પ્રેસવાળા આવેલા. ત્યારે એક સવાલ કર્યો કે આ દીકરીઓને તમે કેટલા વર્ષો સુધી જનનીધામમાં રાખશો તો પ્રિતીદીદી એ તેમને કહ્યું કે અમેં એમને ફક્ત ૧૮ વર્ષ સુધી જ રાખીશું ત્યારે અચાનક જ મને મનમાં એક બીક બેસી ગઈ કે હું ૧૮ વર્ષ પછી ક્યાં જઈશ ક્યાં રહીશ આગળ જીવન કેમ જીવીશ તેથી હું રડવા લાગી તો ત્યાં મહેશપપ્પા અને દક્ષાઆન્ટી એ મને સમજાવી કે ભલે સરકાર અમને ૧૮ વર્ષની જ મંજુરી આપે પણ અમે તો તમને હમેશા માં-બાપની જેમ સાચવીશું તારે જેટલો ટીમે અહી રહેવું હોઈ ત્યાં સુધી રહી શકે છે એ સમયને હું ક્યારેય નહિ ભૂલી શકીશ.

આજે મને એ લોકોએ પગભર કરી છે ૧૨ ભણાવી ફેશન-ડીઝાઈનર નો કોર્ષ કરાવ્યો અને મારા ફ્યુચર પ્લાનીંગ માટે એક સરસ જીવનસાથી ની શોધ કરી.જેમ માં-બાપ પોતાની દીકરીની ચિંતા કરે એવી રીતે એમણે પણ ચિંતાઓ મારા માટે કરે એવી રીતે એમણે પણ ચિંતા કરે એવી રીતે એમણે પણ ચિંતાઓ મારા માટે કરી છે. મમ્મી પપ્પાની ગરજ મને એમને પૂરી કરી છે આજે હું ગર્વ અનુભવું છુ કે હું જનનીધામની દીકરી છું હું એમનું ઋણ સાત જનમો સુધી પણ નહિ ચૂકવી શકું. જેમ કૃષણ જન્મ આપવા વળી માતા દેવકી અને તેનું પાલનપોષણ કરવા વાળી યશોદા હતી. તેમ મને પણે જન્મ આપવા વાળી આશા મમ્મી અને પાલનપોષણ કરવા વાળા મહેશપપ્પા, દક્ષાદીદી અને હીરામણીદીદી છે.

**લિ. તમારી લાડકડી**
**દામિની.**



## નઝમા ગુલામ શેખ

જન્મતારીખઃ- ૦૬/૦૨/૧૯૯૮
પિતાની પુણ્યતિથિ-૧૭/૦૫/૨૦૧૬
માતાની પુણ્યતિથિ-૧૭/૦૮/૨૦૦૯



"પપ્પા એટલે ઈશ્વરે આપેલો ઓસ્કાર એવોર્ડ"
દીકરી સાસરે જતી વખતે રડનારા
મારી દીકરીને સારી રાખજો
બે હાથ જોડીને આવી પ્રાથના કરનારા.....
એ પિતા હોય છે.

હું એક મધ્યમ વર્ગના મુસ્લિમ પરિવારની દીકરી છું. અમે ૪ બહેનો પૈકી હું સૌથી નાની છું, હું ખુબ જ નાની હતી ત્યારે મારા મમ્મી ટી.બી. જેવી ભયંકર બીમારી અમે સાથે સાથ કમળો પણ હોવાથી તારીખ-૧૭/૦૮/૨૦૦૯ ના રોજ અમને છોડી ને ચાલ્યા ગયા. ત્યારબાદ મારી મોટી બહેનો પણ અમુક સમય ગયા પછી પોત-પોતાની રીતે લગ્ન કરી ઘર સંસારમાં પરવડી ગઈ. ત્યારબાદ હું મારા પપ્પા અને દાદી સાથે એકલી રહેતી હતી, મમ્મીના મૃત્યુ પછી પપ્પા પણ ડ્રીંક્સ જેવા કુમાર્ગે ચડી ગયા. દાદી તથા હું ઘરકામ કરી ઘર ચલાવતા હતા,સમય જતા પાપા પણ બીમારીના કરને (૧૭/૦૫/૨૦૧૬) ના રોજ મૃત્યુ પામ્યા.

હું ક્યારે મોટી થવા લાગી મને ખબર જ ન પડી. હું ૯મ ધોરણમાં હતી,ત્યારે મારા દાદી પણ મને એકલી છોડી સ્વર્ગલોક જતા રહ્યા. જેથી કરીને મારે અભ્યાસ છોડવો પડ્યો. દાદીના મૃત્યુ પછી હું મારી નાની ને ત્યાં રહેવા લાગી,મારા નાની પણ ત્યાં ઘરે એકલા જ રહેતા હતા. તેઓ ચાલી ન શકતા હોવાથી ઘરનું બધું કામ કરી હું દિવસો ગુજારવા લાગી.

મારી આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી હું અને મારી નાની ખુબ જ ચિંતિત થવા લાગ્યા. મારા લગ્ન કયારે થશે કેવી રીતે થશે, ત્યારબાદ મેં મારી ફ્રેન્ડનાં ફોનમાં "લાડકડી લગ્ન સમૂહ" પી.પી.સવાણી પરિવાર જે તમામ ધર્મની દીકરીને લગ્ન કરાવી પોતાના પરિવારનો હિસ્સો બનાવે છે. તેવો મેસેજ વાંચતા હું ખુબ જ ખુશ થઇ ગઈ.

ત્યારબાદ હું વરાછા સ્થિત "પી.પી.સવાણી હોસ્પિટલ માનસી બિલ્ડીંગ,ગ્રાઉન્ડ ફ્લોર ખાતે આવેલી ઓફિસે ગઈ,લગ્ન માટેનું લાડકડી લગ્ન સમૂહનું ફોર્મ માંગ્યું. પરંતુ ત્યાં બધા ફોર્મ પુરા થઇ ગયા હતા.જેથી કરી ત્યાં ઓફિસની દીદીઓએ મારું નામ વેઈટીંગ લીસ્ટમાં મારી બધી વિગતો લઇ નોધ્યું,ટૂંક જ સમયમાં મને ફોર્મ લેવા અને મારા ફોર્મ ભર્યા પછી સિલેક્ટ થઇ જવા માટે ફોન પી.પી.સવાણી પરિવારમાંથી



આવ્યા.હું ખુબ જ ખુશ હતી.

આ પછી મને મીટીંગ માટે ફોન આવ્યો. તે મીટીંગ ના દિવસને હું ક્યારેય નહિ ભૂલું. હું અને મહેશ “પપ્પા” એક જ સાથે પ્રવેશદ્વાર પર ભેગા થયા. તેમને મને “કેમ છો દીકરા?” એવું કહ્યું. જે મારા માટે ખુબજ નસીબની વાત છે, કેમ કે આ શબ્દ મેં ઘણા વર્ષો પછી સાંભળ્યો હતો. આ મીટીંગ પછી મને મારું એક પરિવાર મળી ગયું હોય એમ લાગે છે. હું આ પરિવાર નો એક હિસ્સો છું જે મારા જેવી બાપ વિહોણી દીકરીઓને ઘર સંસાર કરાવવામાં મદદરૂપ બને છે. એ મારા માટે ગર્વની વાત છે. મીટીંગ ના બીજા જ દિવસે મને શોપિંગ માટે બોલાવવામાં આવી જે મેં મારી લાઈફમાં ક્યારેય ન કરી હતી, આવી શોપિંગ તથા મજા મેં મારી લાઈફમાં હજુ સુધી ક્યારેય નથી કરી.

“ આપ મેરે સબસે અચ્છે દોસ્ત હૈ મહેશપપ્પા”

“I love you so much papa.”

Thank you so much papa.”

Your ladli

**તમારી લાડલી**

**શેખ નઝમા ગુલામ**



# નાડોદા ચેતના વલ્લભભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૧૯/૦૬/૧૯૯૬

પિતાની પુણ્યતિથિ-૦૬/૦૬/૨૦૧૦



"જય રામાપીર"

**Dear papa**

**I LOVE YOU PAPA**

પાપા તમારા માટે શું કહું તે જ નથી સમજાતું ક્યાંથી શરૂઆત કરું તે જ નથી ખબર પડતી જેટલી વાત કરું એટલી ઓછી છે.

મારા પપ્પા પેલા ગામડે રેહતા હતા ત્યાંથી મુંબઈ કામ માટે ગયા ત્યાં કામ ધંધો પણ ધીમે ધીમે સારો થવા લાગ્યો પછી થોડા સમય માં મારા પપ્પા એ ઘરનું કારખાનું કર્યું કામ પણ થતું પછી થોડાક વર્ષો પછી મારા બાપુજી સુરત આવતા રહ્યા મુંબઈ માં મારા બાપુજી ને મારા પપ્પા બે જ ભાઈ રહેતા હતા અમારું કુટુંબ મુંબઈ કોઈ નહોતું તો મારા પપ્પા કે આપણે પણ સુરત જતા રહીએ તો મુંબઈ થી સુરત આવતા રહ્યા.

સુરત આવી ને મારા પાપા બિમાર જ રહેતા હતા પછી ડોકટરે મારા પપ્પા ને દવા શરુ રાખવા કીધું, દવા ચાલું રાખતા પણ મારા પાપા ને H.I.V. હતો પણ અમને ઘરમાં વાત કરી કોઈએ દવા લઈને આવે અને આપણે પુછીએ તો એમ કહે કે લીવર માં સોજો છે એમ કહેતા, એનાથી કાય કામ ન થતું મુંબઈ થી આવ્યા તો કે હું સુરત માં કારખાનું શરુ કરીશ પણ બીમાર જ રેતા એટલે એ કાય કામ ના કરી શક્યા.

પછી મારા ભાઈ ને હીરામાં કામે લગાવ્યો, તો મારો ભાઈ થોડોક સમય હીરામાં જતો પણ એને હીરામાં નો ફાવ્યું પછી એને મારા પપ્પા ને કીધું કે મોટી બહેન ને મશીન છે એવા મશીન મૂકી દયો, મારા પપ્પા એ થોડાક સમય પછી ઉછીના પૈસા કરીને મશીન મુક્યા પછી ધીમે ધીમે મશીન માં પણ સારું થઈ ગયું પછી એમાં અમારું ઘર ચાલતું. મશીન મુક્યા પછી એક વર્ષ પછી હનુમાન જયંતી ના દિવસે મશીને થી બપોરે પછી ઘરે આવતા રહ્યા જમવા જવાનું હોય ને એટલે અમારે અહીં નજીકમાં મંદિર છે ત્યાં જમવા જવાનું હોય પછી સાંજે મારા પપ્પા એ કીધું હવે મારાથી જમવા નઈ જવાય તમે જમતા આવો અને હું દાલ ભાત લઈ આવી અને મારો ભાઈ દહીં લાવ્યો બસ ત્યાર થી મારા પપ્પા બીમાર પડ્યા અને ત્યાંથી લઈને બે મહિના સુધી બીમાર રહ્યા દવાખાને જતા ને

ત્યાં પણ મારા પપ્પા એ ડોકટર ને કહ્યું કે મારા ઘરના સભ્ય આવી ને કઈ પણ પુછે તો એને કઈ કહેતા નહીં કે એને H.I.V. છે, દવાખાને અમે બે મહિના સુધી લઇ જતા એને એમાંથી ઝાડા, ઉલટી, તાવ થઈ ગયા તો દવાખાને લઇ જઈએ તો ડોકટર પણ કાઈ નો કેતા, ઘણા દિવસ કારખાને લઈ જતા પણ એક પણ વાર એમ ના કીધું કે એને H.I.V. છે એમ પછી થોડા દિવસો પેલા ડોકટરે કહી દીધું હવે તમે સેવા કરો જેટલી થાય એટલી પછી બહુ જ બીમાર પડ્યા ને તો એક બાજુવાળા ભાભી એ ક્યાંક શિબિર માં જવાનું કીધું તો મારા બા એ ના પડી એટલે પાછા દવાખાને લઈ ગયા ત્યારે ડોકટરે કીધું અમને કે તમારા પપ્પા ને H.I.V. છે ત્યારે અમને ખબર પડી, પેલા અમને કીધું જ નય અને પછી એક અઠવાડિયું ઘરે સેવા કરી ત્યારે બહુ બીમાર હતા તો બાજુ વાળાભાભી પછી ભાગવત ગીતા સંભળાવતા અને બે દિવસ સુધી સંભળાવી પછી એક બીજા બાજુ માં માસી રેતા એને એમ કીધું તું ત્યાં શું કામ જાય છે એને એવું છે તો તને પણ થશે એમ કેતા પણ એ ભાભી એ કઈ મન માં લીધું નઈ ત્યાં ત્રીજા દિવસે મારા પપ્પા નું મૃત્યુ થયું. મારા પપ્પા HIV ના કારણે અવસાન પામ્યા હતા. સવાર માં ૧૦:૩૦ ને રવિવારે ૦૬/૦૬/૨૦૧૦ ના રોજ અવસાન પામ્યા હતા.

પછી થોડા દિવસો પછી મારા મમ્મી દવાખાને ગયા તો ડોકટરે મારા મમ્મી ને એમ કહ્યું કે તમારા ઘરના જેટલા સભ્ય છે તેના રીપોર્ટ કરાવા પડશે પછી અમે બધા એ રીપોર્ટ કરાવ્યો અમારા ભાઈ બહેન માં કોઈ ને ન હતું પણ મારા મમ્મી ને છે અત્યારે હાલ માં.

મારા પપ્પાના અવસાન પછી ઘણા બધુ કહી ને જતા મારા મમ્મી ને સંભળાવતા પણ મારા મમ્મી ને H.I.V. છે એટલે અમને આડોશી-પાડોશીએ એમ કહ્યું કે ભેગું ના ખવાય વાટકા ને ડીશ અલગ રખાય પણ અમે એવું કઈ પણ મન માં જ ના રાખ્યું.

પછી મારા પપ્પા ના જવાથી મશીન ચલાવતા એ પણ બંધ થઈ ગયા પછી મારો ભાઈ કઈ પણ કરવા માટે ન જતો થોડાક સમય માં તો બધું બદલાય ગયું પછી બધું કામ મારા પર અને મારી મમ્મી પર આવી ગયું પછી મેં મશીન ચલાવવાનું શરુ કરી દીધું, મશીન પર બેઠી હોવ તો પણ મારા પપ્પા યાદ આવી જતા દિવસ માં કેટલી વાર રડતી હોઈશ કઈ નક્કી જ ના હોય, રડું તોય મારા મમ્મી ની સામે હજી સુધીમાં ક્યારેય એવી રીતે નથી રડતી.....

મારા પપ્પા ના જવા પછી મારા પપ્પા બહું યાદ આવતા, અઠવાડિયા માં ત્રણ વખત મારા પપ્પા સપના માં આવે આવે ને આવે જ

પછી થોડાક સમય પછી મારી સગાઇ કરી મારા પપ્પા નો ફોટો જોવ ને તો પણ રડવું આવી જતું સગાઇ પછી અમને કોઈકે કીધું કે પી.પી.સવાણી માં અત્યારે ફોર્મ ભરે છે તો ફોર્મ ભરી દયો અમે ફોર્મ ભર્યું પછી મારા મમ્મી ને મારા લગ્ન ની ચિંતા થતી કે કેમ હું બધું એકલા કરીશ મારો ભાઈ પણ અલગ રહે છે પછી થોડા સમય માં નંબર લાગી ગયો પછી મારા મમ્મી ને ચિંતા ઓછી થઈ.....



હવે વાત કરું તો મારા મહેશ પપ્પા ની, પપ્પા ની પહેલી મીટીંગ માં ગયા ત્યારે મહેશપપ્પા બધાને દિકા કહીને જ બોલાવતા ત્યારે મને એમ થયું કે આ મારા પપ્પા ના સ્વરૂપ માં મને પાછા મારા મહેશપપ્પા મળી ગયા છે મહેશપપ્પા મળ્યા પછી મારા પપ્પા એક પણ વખત સપના માં નથી આવ્યા.

પછી અમારું લાડકડી ગ્રુપ બન્યુ, એમાં અમે બધી બહેનો દરરોજ વાત કરીયે પછી એક વખત પપ્પા નો મેસેજ મારા માં આવ્યો તો એટલે મેં મહેશપપ્પા ને કહ્યું આજે તો મહેશપપ્પા નો મેસેજ સામે થી આવ્યો તો મહેશપપ્પા કે આજ પછી મારા દિકાને દરરોજ મેસેજ કરીશ તો મારી આંખ માં આંસુ ની ધાર થઈ ગઈ.

હું ગર્વ થી કહું છું કે મને મારા પપ્પા છોડી ને ચાલ્યા ગયા એ પાછા મળી ગયા છે. પપ્પા વગર ની દીકરીઓને પાછા પપ્પા મળ્યા હું બહુ જ ખુશ છું મહેશપપ્પા માટે જેટલું કહું તેટલું ઓછું છે તમારા માટે લખ્યા જ કરું તો પણ મારા શબ્દ પુરા થાય એમ જ નથી મારી પેન પુરી થઈ જશે પણ તમારા શબ્દ લખીશ ઈ ક્યારેય નઈ થાય પુરા.

"સોના ની થાળી માં ચાંદી નો લોટો,
એમની દીકરી ના હાથ માં પપ્પા નો ફોટો"

દીકરી ની જીંદગી પપ્પા વિના અધુરી ગણાય પણ હવે તો મહેશપપ્પા જેવા પપ્પા મળી ગયા એટલે હું ખુશી ખુશી.

મહેશપપ્પા કી પરી હું મેં......

દીકરી એટલે.....પિતા નું હૈયું.
દીકરી એટલે.....તુલસી નો ક્યારો.
દીકરી એટલે.....કોયલ નો ટહુકાર.
દીકરી એટલે.....વિશ્વાસ નું વહાણ.
દીકરી એટલે.....પૃથ્વી નું પાનેતર.

PAPA મેરે..... PAPA.

I LOVE YOU PAPA

"કોઈએ પૂછ્યું કે એવી કઈ જગ્યા છે, જ્યાં દરેક ભૂલ દરેક ગુના માફ થાય છે..?
એક બાળકે હસતા હસતા જવાબ આપ્યો કે મારા પપ્પા નું દિલ.

મારી આવી જ લાગણી મારા મહેશપપ્પા સાથે સંકળાયેલી છે, જયારે હું ભૂલો કરું છું ત્યારે મારા મહેશપપ્પા માફ કરી દે છે...

"મંજીલ દુર છે. અને
સફર ઘણી બધી છે.
નાનકડી આ જીંદગીમાં
ફિકર ઘણી છે.



**આ દુનિયા તો ક્યાર ની મારી નાખત,**
**પણ “પિતા” ના પ્રેમ ની અસર ઘણી બધી છે.”**

આમાં મેં જે પણ કઈ લખ્યું છે સાચા દિલ થી લખ્યું છે, આમા કંઈ પણ ભૂલ હોય તો માફ કરી દેજો. મહેશપપ્પા હંમેશા ખુશ રહો અને તમારી લાડકડીઓને ખુશ રાખો તેવી મારી ઈચ્છા છે.

I MISS YOU PAPA
THANK YOU SO MUCH PAPA
I LOVE YOU PAPA

**જય રામાપીર પપ્પા**
**તમારી દીકરી**
**ચેતના.**



## પરમાર હેતલ જગદીશભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૦૨/૦૯/૧૯૯૬
પિતાની પુણ્યતિથિ-૨૬/૦૮/૨૦૦૫



Dear papa
Jay ramapeer
Jay swaminarayan,
jay chamunda maa.

"કોઈયે પૂછ્યું કે એવી કઈ જગ્યા છે,
જ્યાં દરેક ભૂલ દરેક ગુનાઓ
માફ થઈ જાય છે?
એક દીકરીએ હસતા-હસતા જવાબ આપ્યો કે
"મારા પપ્પા નું દિલ"

પપ્પા શબ્દ એ એક દીકરી માટે ખુબ જ મહત્વ નો શબ્દ છે. એક દીકરી માટે તેના પપ્પા દરેક સુખ-દુઃખ ના પ્રથમ સાથી બને છે. મતલબ કે દીકરીના best -friend હોય તો તેના પપ્પા જ છે. પિતા દરેક મુસીબતો નો સામનો કરીને પણ પોતાની દીકરીના ભવિષ્ય ને ઉજ્જવળ બનાવીને દીકરીને પગભર કરે છે. સાચે જ દુનિયામાં જો ભગવાન કરતા પણ વધારે ઉચ્ચ સ્થાન હોય તો માતા-પિતા નું છે.

જયારે મારા પપ્પાનું મૃત્યુ થયું ત્યારે મારા પર દુઃખો નો પહાડ તૂટી પડ્યો. કારણ કે અમે ત્રણ બહેનો ને ભાઈ પણ ન હતો. એટલે અમારી જવાબદારી મારા મમ્મી પર આવી પડી. ખુબ જ કપરી પરીસ્થિતિ માં દિવસો પસાર કર્યા. પછી મારા લગ્નની વાત આવી ત્યારે અમે વિચારતા કે લગ્ન કઈ રીતે કરીશું?ત્યારે જ અમને સુરતમાં પિતા વગરની દીકરીને લગ્ન કરી આપવામાં આવે છે એ વાત ની જાણ થઈ ને પછી તેમાં લગ્ન નક્કી થતા હું અમે મારો પરિવાર ખુબ જ ખુશ થયા,ખરેખર મહેશ પપ્પા નો અમારા પર આ ખુબ જ મોટો ઉપકાર છે, અને આ ઉપકાર અમે ક્યારેય નહિ ભુલીયે.

પપ્પાએ અમારા લગ્ન માં અમારી બધી જ ઈચ્છાઓ પૂર્ણ કરી છે. અમને મનગમતા દાગીના,સદીઓ,ડ્રેસ વગેરે અપાવી ને અમારી ખુશીમાં વધારો કર્યો છે . ખરેખર આજના જમાનામાં સગા સબંધી પણ એકબીજાને મદદ કરતા નથી તેવામાં મહેશ પપ્પા અજાણી દીકરીઓને પોતાની દીકરી માનીને તેનો એટલો બધો પ્રેમ આપે છે કે

તેની કોઈ સીમા નથી. ખરેખર આવા ઉદાર હૃદય વાળા પિતા ને ભગવાન લાંબુ આયુષ્ય આપે અને દરેક નો પ્રેમ એમને મળતો રહે,ખરીદીના સમયમાં સાડી,ડ્રેસ વગેરે લેવામાં ખુબ જ આનંદ આવ્યો અને ટીમના દરેક સભ્યો ના શાંત સ્વભાવ ના લીધે દરેક કાર્યમાં મજા આવે છે. મારી પાસે હવે મારા મહેશ પપ્પા છે, જે મારા લગ્નનો તમામ ભાર ઉપાડે છે, તેથી મને હવે કઈ જ ચિંતા નથી.

પપ્પા તમારો ખૂબ-ખૂબ આભાર મારી જીંદગી બદલવા માટે. મારી જીંદગીમાં ખુશીના ફુલો ઉગી નીકળ્યા છે.

**Thank you sooo much papa**

લિ.
**તમારી પ્રિય દીકરી,**
**હેતલ.**



## બગથળીયા શીતલ હરેશભાઇ

દીકરીની જન્મતારીખઃ- ૨૬/૦૬/૧૯૯૨

પિતાની પુણ્યતિથિ-૨૯/૦૧/૨૦૦૮



Dear papa

જય રામાપીર

પપ્પા તમારા વિશે શું લખું તે સમજાતું નથી. મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી વાત શરુ કરું ને ક્યાં ખતમ કરું.

મારા પપ્પાનું અવસાન ૨૯-૦૧-૨૦૦૮ ના રોજ થયું હતું અમે ૩બહેનો ૧ભાઇ ત્યારે ૧વર્ષ નો હતો, મારા મમ્મીને મારા લગ્નની ચિંતા હતા પછી તમે અમારી જીંદગીમાં આવ્યા ત્યારે મારા મમ્મીને ચિંતા દુર થઈ મારા પપ્પા મને ખુબ જ પ્રેમ કરતા હતા,તેઓ મારી દરેક ઈચ્છા પૂર્ણ કરતા હતા, હું મારા પપ્પાને વહાલી અને લાડકી હતી, પરંતુ ઈશ્વરને શાની ખોટ પડી તે અમારે ખજાને થી અમારું રત્ન લઈ ગયા હું મારા પપ્પાની છત્રછાયા ગુમાવી બેઠી, મારા જેવી જેવી અનેક દીકરીઓ ને વહાલ,છાંયડો પૂરો પાડનાર દીકરીઓના પ્રસંગ સાચવીને નિસ્વાર્થ જવાબદારી સ્વીકારનાર સવાર સાંજ દરરોજ મેસેજ દ્વારા વહાલ પહોચાડનાર સગા પિતાની ફરજ સારનાર અનુપમ વ્યક્તિને મને આ વાત જણાવતા ખુબ જ ધન્યતાની લાગણી અનુભવાય છે, કે મને મહેશ પપ્પા મળ્યા પછી અમારી જીંદગીમાં નવો સૂર્યોદય થયો છે.

જયારે મારી જીંદગીમાં મહેશ પપ્પાનું આગમન થયું ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયા અને હું ગદગદિત થઇ ઉઠી,ત્યારે મહેશ પપ્પાએ કીધું કે ભગવાન એક નો હાથ છોડાવે ત્યારે બીજાનો હાથ પકડાવે જયારે હું પહેલીવાર મીટીંગમાં મહેશ પપ્પાને જોયા ત્યારે મને એવું લાગ્યું કે મારા પપ્પાની સાથે છું. મહેશ પપ્પાનો સ્વભાવ ખુબ જ દયાળુ છે. જેમનો પ્રેમ તો એક પિતા જ તેની લાડકડી દીકરીને આપી શકે છે, જ્યારથી જ મહેશ પપ્પા મારી જીંદગીમાં આવ્યા છે ત્યારથી મારી લાઈફ બદલાઈ ગઈ છે. મહેશ પપ્પા મળ્યા પછી અવાર-નવાર પ્રોગ્રામ કરે, ત્યારે અમને મળવા બોલાવે તેમજ તેઓ અમારી સાથે એકદમ શાંતિ થી અને સરળતાથી વાતો કરે છે. તદુપરાંત અમને દિકા કહીને જ બોલાવે ત્યારેકેટલું સારું લાગે છે કે એક પિતા તેની દીકરીને દિકાથી બોલવે છે.

પ્રભુ મારા પપ્પાની દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે.

આજે હું ઈશ્વરનો ખુબ આભાર માનું છું અને હું મારા નસીબને ખુબ જ સારું માનું છું. મને મારા જીવનમાં એક નહિ પણ બે પપ્પાનું સુખ પ્રાપ્ત થયું છે.

**Thank you papa**
**I love you papa**

**લિ.**
**તમારી લાડકડી દિકા**



## ભટ્ટ શૈફાલી જયેશભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૨૧-૦૮-૧૯૯૪

પિતાની પુણ્યતિથિ- ૨૫-૦૩-૨૦૦૧



### "અધુરો પત્ર"

સૌ પ્રથમ તો આ પત્રના શીર્ષક વિષે ચર્ચા કરીએ તો મહેશપપ્પા વિષે કે તેમની મારા જીવનમાં રહેલી ભુમિકા વિષે જેટલું લખું એટલું ઓછું જ છે તેથી મેં આ પત્રને "અધુરો પત્ર" શીર્ષક આપ્યું છે.

મને પસંદ છે મારા હાથની દરેક આંગળીઓ કેમકે મને નથી ખબર કે કઈ આંગળી પકડી મારા પિતાએ મને ચાલતા શીખવ્યું છે, આટલી નાની ઉમરમાં મેં મારા પિતા ગુમાવ્યા છે, પિતા વગરનું જીવન એક મુળ વગરના વૃક્ષ સમાન છે. જેનો કોઈ આધાર નથી, પિતાના પ્રેમ થી વંચિત એવા મારા બેરંગ જીવનમાં મહેશપપ્પા એ પિતાના પ્રેમ રૂપી રંગ ભર્યો છે, જ્યારથી મહેશપપ્પા ના સંપર્કમાં આવી ત્યારથી એવું લાગી રહ્યું છે જાણે મારા પિતા જ મહેશપપ્પા નું રૂપ લઈને આવ્યા હોય.

પિતાના અવસાન બાદ મને અને મારી બે બહેનોને મારા મમ્મીએ ખુબ જ તકલીફો સહન કરીને મોટા કર્યા છે. સમાજના પ્રવર્તમાન કુરીવાજો નો ભોગ બનતી અમારી માતાને અમે જોયેલી છે. મારા લગ્નની સતત ચિંતા મારી માતાને થયા કરતી,પરંતુ મહેશપપ્પાના આવ્યા બાદ અમારી દરેક ચિંતાઓ દુર થઇ છે.

મહેશપપ્પા એ મારા માટે એક સગા પિતા એની દીકરી માટે જેટલુ કરે એટલુ કરેલુ છે. દીકરી પિતા પાસે જીદ કરીને માંગે અને પિતા તુરંત માટે લગ્નની બધીજ આશાઓ પુરી કરી છે, એક દીકરી તેના પિતા વિષે લખે ત્યારે માત્ર આ બે પત્તા એ પિતાની ભુમિકાને જરા પણ ન્યાય ન આપી શકે, મહેશપપ્પા વિષે તો લેખ લખવા બેસીએ તોય ઓછા પડે.

હું ભગવાનનો આભાર માનું છું કે એમને મને જીવનમાં બે પિતાની દીકરી બનવાનો અવસર આપ્યો, ભગવાનને હું એક જેવી અસંખ્ય દીકરીઓ સુધી પહોંચવાની તાકાત આપે.

**આપની લાડકડી,**
**ભટ્ટ શૈફાલી જયેશભાઈ**





# મકવાણા માનસી ભરતભાઈ

દીકરીની જન્મતારીખ:- ૨૧/૦૨/૨૦૦૦
પિતાની પુણ્યતિથિ:- ૦૮/૦૮/૨૦૧૨

જય ચામુંડા માં
મંજિલ દુર અને સફર ઘણી લાંબી છે,
નાનકડી આ જિંદગીમાં ફિકર ઘણી બધી છે. આ દુનિયાઓ ક્યારની મારી નાખત પણ “પિતા” ના પ્રેમની અસર ઘણી બધી છે.

કહેવાય છે કે પિતા પરમાત્મા નું બીજું રૂપ છે. તેવી જ રીતે મારા પપ્પા પણ મારા માટે સાક્ષાત પરમાત્મા જ હતા, હું વિચારું છું કે અહી મારા બાળપણને યાદ કરવા માંગું છું. તે વ્યક્ત કરવા માટે આ પત્રમાં શબ્દો પણ ઓછા પડશે. જયારે મારા પિતાનું અવસાન થયું ત્યારે મારી ઉંમર ૧૨ વર્ષની હતી. અને ૮માં ધોરણમાં અભ્યાસ કરતી. ૨૦૦૩માં મારા મમ્મી-પપ્પાના છૂટાછેડા થઇ ગયા, ત્યારબાદ હું મારા પપ્પા સાથે રહેતી હતી, ક્યારેક મારા મમ્મી ને પણ મળવા જતી હતી કેમ કે જયારે મારા મમ્મી-પપ્પાના છૂટાછેડા થયા ત્યારે હું ફક્ત ૩જ વર્ષની હતી, એટલે નાની બાળ હોવાથી માં ની મમતા,માં ના પ્રેમની મારે ખુબ જ જરૂર હતી,મારા પપ્પા મને મમ્મીનો પ્રેમ આપવાની કોશિશ કરતા પણ માં ના પ્રેમની ખોટ કોઈ પુરી ના કરી શકે, તેથી ક્યારેક મમ્મીને મળવા માટે હું ભાવનગર મામાને ઘેર જતી હતી, પણ ૨૦૦૬ માં મમ્મીના બીજે લગ્ન થઇ ગયા એટલે સાવ બંધ થઇ ગયું. પણ મારા મામા-મામી અને નાના-નાની મને ખુબ જ પ્રેમ અને લાડ થી રાખે છે. કોઈ દિવસ મમ્મી-પપ્પા ની યાદ નથી આવવા દેતા. મારી બધી ઈચ્છાઓ, મારો અભ્યાસ બધું મારા મામા જ પૂરો કરે છે. એક પિતા જે રીતે દીકરીને રાખે તેમ જ મારા મામા અને નાના મને રાખે છે.

બાલમંદિરથી ધોરણ-૮ સુધી હું કોબડી મારા પપ્પા સાથે રહી અને ત્યાં જ અભ્યાસ કર્યો. પણ પપ્પાના અવસાન બાદ આગળ અભ્યાસ માટે હું મારા મામાના ઘરે આવતી રહી. ભાવનગરની પ્રખ્યાત શાળામાં મેં ધોરણ ૯ થી F.Y.-B.A નો અભ્યાસ કર્યો છે. મારા મામાની ઈચ્છા હતી કે હું ઉચ્ચ અભ્યાસ કરું તેથી ભાવનગર તેની સાથે જ મને રાખીને અભ્યાસ કરાવે છે.

દુનિયામાં બધા લોકો ખુશ તો નથી હોતા,બધા લોકોને સુખ દુઃખનો સામનો કરવો પડે છે. એમ મારે પણ બાળપણમાં માતા-પિતા વિના જીવન વિતાવું પડ્યું. ૨૦૦૩માં



માતા-પિતાના છૂટાછેડા થયા બાદ પિતા અને દાદીમાં સાથે હું કોબડી રહેતી,પિતા મને ખુબ જ પ્રેમ કરતા લાડ લડાવતા પણ ભગવાનને આ પસંદ નહિ હોય તેથી ૨૦૧૨માં મારા પિતા જીવલેણ બીમારીના કારણે મૃત્યુ પામ્યા, પછી મને થયું કે મારા જીવનમાં હવે અંધારું જ હશે, પણ ના ભગવાને એક પિતા તરીકે મારા મામા અને નાના ને મારી પાસે મોકલ્યા હોય તેમ લાગે છે. કેમ કે મારા મામા અને નાના પિતાની બધી જ જવાબદારી પૂરી પાડતા હતા. ત્યારે મારો ધો.૧૨ નો અભ્યાસ પૂર્ણ થયા બાદ મારા દાદીમાં એ મારી સગાઇ નક્કી કરી. તી મને થયું કે હવે મારે સમૂહમાં જ લગ્ન કરવા પડશે. કેમકે લગ્નમાં મારી બધી જ ઈચ્છા કોણ પૂરી કરશે! ત્યારબાદ મને પી.પી.સવાણી. ગ્રુપ વિશે ખબર પડી ત્યારબાદ મને મહેશપપ્પા ના લાડ-પ્રેમ વિશે જાણ થતા મેં તરત જ સુરત આવી, લગ્ન માટે ફોર્મ ભર્યું, પહેલીવાર મીટીંગમાં મહેશપપ્પા ને મળી તી તેણે મારા માથે હાથ મુકીને કહ્યું “કે દિકા, હવે તારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. હવે હું તારી જીંદગીમાં પિતા તરીકે આવી ગયો છું. મારી સગાઈ થઇ તો મને એક જ ચિંતા હતી કે મારા લગ્ન કેમ થશે? મારા લગનના સપના કોણ પુરા કરશે? પણ મહેશપ્પ્પાને મળ્યા પછી મને લાગ્યું કે મારા લગ્ન કરવાના મેં જોયેલા સપના જરૂર પૂરા થશે.

મારા પપ્પાના અવસાન પછી હું બીજાના મોઢે પપ્પાનું નામ સાંભળતી ત્યારે મારા દિલને ખુબ જ દુઃખ થતું. આજે મને કહેતા પણ ગર્વ થાય છે કે મારા પપ્પા મારી સાથે છે.

**“हर कदम पर सफलता मिले भगवान की कृपा**
**से पापपा के जीवन में खुशी ही खुशी मिले!”**

પપ્પા હંમેશા કહે છે દીકા તમારે હવે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. તમારા પપ્પા તમારી સાથે જ છે. તો હંમેશા ખુશ જ રહેવાનું એટલી બધી દીકરીઓ હોવા છતાં પપ્પા બધી જ દીકરીઓને ખુબ જ સારી રીતે અને આમ સાથે ઓળખી શકે છે. પપ્પા બધાને ખુબ જ સારો એવો પ્રેમ આપે છે. જયારે પપ્પા વ્યક્તિગત સવાર-સાંજ good morning અને good night નો મેસેજ કરે છે અને ગ્રુપમાં બધા સાથે વાત કરે છે,ત્યારે ખરેખર ખુબ જ આનંદ અનુભવાય છે. ખરેખર મહેશ પપ્પા એ પપ્પા નહિ પરંતુ ભગવાન સ્વરૂપે આવેલા પપ્પા છે.

Love you so much papa, I miss you papa.

મને લાગે છે કે આનાથી આગળ હું મારી લાગણી શબ્દોમાં વ્યક્ત નહિ કરી શકું કેમકે મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે, જેનો ઉલ્લેખ કાગળ કે પેનથી નહિ થાય એ તો મારું દિલ જ જાણે પપ્પા વિશેનો પ્રેમ.

**“માં ઘરનું ગૌરવ તો, પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. માં પાસે અશ્રુની ધારા તો, પિતા પાસે સંયમ છે. બે સમયનું ભોજન માં બનાવે અને જીવનભરના ભોજન ની વ્યવસ્થા પિતા કરે.”**



છેલ્લે બસ એટલું જ કહીશ કે "બંગડી અને ઝાંઝરનો રણકાર એના ઘરમાં જ ગુંજે જેના નસીબમાં દીકરી હોય" અને પપ્પા તમે ભાગ્યશાળી છો કે આટલી બધી દીકરીઓના બંગડી અને ઝાંઝરનો રણકાર તમારા ભાગ્યમાં છે. દરેક દીકરીને તમારા જેવા પપ્પા મળે.

Thank you papa...I love you papa.

"લઈને આવી કેટલું પૂછે દુનિયા એટલું, પૂછો તો ખરા કેટલું છોડીને આવી છે,પોતાના છોડ્યા ને છોડી દીધા વતન."

આવી વિદાયને મારા પપ્પા સમજી શકે છે એનો મને બહુ જ આનંદ છે. thenk you so much papa. આજે મને કહેતા ગર્વ થાય છે કે હું મહેશભાઈ સવાણી એટલે કે મહેશ પપ્પાની દીકરી છું. કહેવાય છે કે લોહીના સંબંધ કરતા પણ લાગણીનો સંબંધ ઉચો હોય છે એવો જ સંબંધ આપણો છે પપ્પા.

**"કીસીને પૂછા વો કૌન સી જગહ હૈ,**
**જહાં હર કર્મ,જુર્મ ઔર હર ગુનાહ**
**માફ હો જાતા હૈ?**
**મૈનં મુસ્કુરાતે હુયે કહા, મેરે પાપા ક દિલ......."**

**લિ. તમારી લાડકડી દિકા,**
**માનસી મકવાણા.**



# માળવિયા રિકલ રાવજીભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૦૮/૦૪/૧૯૯૩

પિતાની પુણ્યતિથિ- ૧૫/૦૯/૨૦૧૫



Dear, Daddy, first i tell you thanks for everything, world`s best daddy means maheshpapa `award winning hart winning great father and god father...... maheshpapa.......

"મહેશ" એટલે ભોલાનાથ આ નામનો અર્થ સાર્થક કરી બતાવનાર એટલે મહેશપપ્પા કહેવાય છે કે દીકરી પિતાની મનની વાત જાણનાર પપ્પા તમારી વાત જ નિરાળી છે

મારું નામ રિંકલ છે અને અમે પરિવાર માં ચાર બહેન અને એકભાઈ છે એમાં મારો નંબર ત્રીજો છે મારી બે બહેન ના લગ્ન થઇ ગયા છે અને મારાથી નાની બહેન અને એક ભાઈ નોકારી કરે છે

જયારે મારા પપ્પાનું નિધન થયું ત્યારે મારા નાના ભાઈ બહેન અને હું ભણતા હતા અને મારી બંને મોટી બહેન અમારા ઘરનું ગુજરાન ચલાવતી હતી

મારા પપ્પા લાંબો સમય થયા બીમાર રહેતા હતા એવામાં એક દિવસ એટલો ખરાબ આવ્યો કે મારા પપ્પા ને અચાનક હાર્ટએટેક આવી ગયું અને જાણે અમારા ઘર ની રોશની જ જતી રહી હતી

આમ સમાજ જતા મારા લગ્ન ની ઉંમર થઇ ગઈ અને મારી મમ્મી ને મારા લગ્ન ની ચિંતા થવા લાગી કારણકે પપ્પા ના ગયા પછી ઘરમાં કમાનાર કોઈ ન હતું એવામાં અમારા સબંધી લોકો કહેતા હતા કે પી.પી.સવાણી પરિવાર પિતા વગર ની છોકરીઓના લગ્ન કરાવે છે પણ અમને કઈ ખબર નહોતી કે અમારે શું કરવું ત્યાં કેવી રીતે થયું એવામાં અચાનક મારી મુલાકાત રમીલાદીદી જોડે થઇ અને એને મેં મારા ઘરનો પ્રોબ્લેમ કીધો ત્યારે એને મને મહેશપપ્પા જોડે વાત કરવા માટે લઇ ગયેલા આવી રીતે રમીલાદીદી દ્વારા મહેશપપ્પા ને મળી તેણે મને સગી બહેન માની મારી મદદ કરી તેથી હું તેનો ખુબ આભાર માનું છું

જયારે હું પહેલી વાર મહેશપપ્પા ને મળી ત્યારે મને ડર લાગતો હતો કે હું આટલા મોટા વ્યક્તિ સાથે કેવી રીતે વાત કરીશ પણ મહેશપપ્પા

એ મારી માથે હાથ મૂકી ને જયારે દિકા કીધું ત્યારે આંખ માં આંસુ આવી ગયા અને મને લાગ્યું હું મારા પપ્પા ને જ મળી છું  મહેશપપ્પા મળ્યા પછી અવાર નવાર પ્રોગ્રામ કરે ત્યારે અમને મળવા બોલાવે તેમજ તેઓ અમારી સાથે એકદમ શાંતિથી અને સરળતાથી વાતો કરે છે તદુપરાંત અમને દિકા કહીને બોલાવે ત્યારે બહુ સારું લાગે છે એક પપ્પા તેની દીકરીને દિકા ના નામથી બોલાવે છે મહેશપપ્પા વિષે તો બોલું તેટલું ઓછું છે

Thank you maheshpapa
F: faithful and trust
A: always there to guide you
T: teaches you right things and not to do wrong
E: ever firm in importing his ideals and prnciples
R: really to catch me each time and fall

**LOVE YOU A LOT MAHESHPAPA**

**લી. તમારી વ્હાલી દિકા**
**રિંકલ**



## મેઘાણી નીલમ અશોકભાઈ

દીકરીની જન્મતારીખ:- ૧૦/૦૫/૧૯૯૨

પિતાની પુણ્યતિથિ- ૧૭/૧૨/૨૦૧૭



**HELLO MY DEAR PAPA**
**WORLD`S MOST MOST MOST**
**LOVABLE FATHER**

પપ્પા, તમારા માટે શું લખવું એ જ નથી સમજાતું કેમ કે જેટલું તમારા વિષે લખું તેટલું ઓછુ જ પડવાનું. પપ્પા તમારા માટે એક વાક્યમાં લખું ને તો " મારી દુનિયામાં જાદુગર બનીને આવેલા મારા `જાદુ પપ્પા`, મહેશપપ્પા. મારા પપ્પા ના મૃત્યુ બાદ જાણે બધી ખુશી જતી રહી. મમ્મી પણ ખુબ જ ટેન્શન માં કે હવે એકલા દીકરીના લગ્ન કેમ કરશું અને ભાઈ પણ નાનો ઘરમાં બધા બહુ જ દુ:ખી હતા પણ ત્યારે મારા મહેશપપ્પા આવ્યા મારી લાઈફ માં એકદમ પેલા જાદુગર ની જેમ પણ આ જાદુગર તો મારી બધી ખુશીયો મને દેવા આવ્યા અને એ કહેવા કે હા બેટા હું છું ને આજ થી તારી સાથે આજ થી તું મારી દીકરી ખરેખર ત્યરે એવું લાગ્યું કે મારા પપ્પા મને પાછા મળી ગયા અને હા પપ્પા ડીસેમ્બર ના પેલા સાન્તાક્લોઝ તો ખાલી વર્ષમાં એકવાર જ ખુશી ગીફ્ટ આપે છે પણ તમે મારા લવલી પપ્પા વર્ષના બધ અજ દિવસોમાં ખુશી આપો છો અમારા માટે ગીફ્ટ તો તમે જ છો પપ્પા તમે કાયમ માળો છો ત્યારે તમારી મસ્ત સ્માઈલ સાથે જમાડો છો અને તમારી સાથે વાતો કરવાની ખુબજ મજા આવે છે અમે આટલી બધી દિકાના એકમાત્ર લાડકવાયા પપ્પા અને હા પપ્પા તમે બધી દિકાના ઘરે જઈને પણ તેમની સંભાળ લ્યો છો , તમે તમારા BUSY WORK માંથી થોડો ઘણો ટાઈમ કાઢીને બધી દિકાના ઘરે જઈને તેમને મળીને દિકાને ખુશ કરી દો છો તે ખરેખર અવર્ણનીય છે તમે દિકાની ખુશી જનો છો અને તમે જે અત્યારે અમારા માટે કરી રહ્યા છો તે તો કચાચ મારા પપ્પા પણ ના કરી શક્ય હોત THANK YOU PAPA THANK YOU SO SO SO MUCH FOR COMING IN MY LIFE

મને આટલી બધી ખુશીઓ આપવા માટે તમારો ખુબ ખુબ આભાર બસ થોડું લખવા માંગું છું મારી કવિતામાં તમારા માટે

"મારા પપ્પા-મહેશપપ્પા,
છે અમે બધી દીકાઓના"લાડકવાયા"
મારા પ્યારા પપ્પા



દુ:ખને દુર કરી ખુશી આપી
કહ્યું દિકા તું ચિંતા ના કર
હું છું ને,
ઓ માય ડીયર પપ્પા
મારા સુખ દુ:ખ ના જાણકાર
હંમેશા મારી સાથે રહી
આપી સલાહ ખુશી
લાગણીઓના સબંધો આપી
બનાવી પરિવાર મને સામેલ કરી
બસ પોતાની મસ્ત SMILE થી
સૌ દિકાઓના દિલ જીતનાર
મારા પ્યારા પપ્પા-મહેશપપ્પા
લાઈફ મેં ભલે બીજું કઈ ન હોય
પણ છો જ્યાં સુધી તમે ગામ શાનું
અને દુ:ખ પણ દુર રહે
પણ સુખ તો હંમેશા રહે આસપાસ
બસ માત્ર એક તમારા થાકી
હા, છો તમે મારા "જાદુ" પપ્પા
મારા પ્યારા મહેશપપ્પા"

પપ્પા, એક વાત કઉ... તમે આટલી બધી દિકાઓના સૌથી લાડકવાયા પપ્પા બન્યા છો એ વાત થી તો ઉપરવાળો ભગવાન પણ JEALOUS થતો હશે. સાચું ને પપ્પા.

AND AT LAST I WANT TO SAY THAT A BIG THANK YOU PAPA AND I LOVE YOU MY PAPA

**લી. તમારી દીકરી**
**મેઘાણી નીલમ**



# રાઠોડ આરતી વિનુભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૦૬/૦૭/૧૯૯૬

પિતાની પુણ્યતિથિ- ૦૪/૦૪/૨૦૦૯



જય રામાપીર

My dear papa...

પપ્પા શબ્દ શું છે એ એક દીકરી જ સમજી શકે. મારો પરિવાર નાનો છે મારા પપ્પા -મમ્મી,ભાઈ અને હું, મારા પપ્પા મારી બધી ખ્વાઈશ પૂરી કરતા હતા,મારી આંખમાં કોઈ દિવસ આંસુ આવા દીધા નથી, હું મારા પપ્પા ને સુપર સ્ટાર માનું છું.

મારું પરીવાર ખુબ જ ખુશીથી ભરેલું હતું, ત્યારે મારા પપ્પા બીમાર પડ્યા હતા,તેમને પડખામાં પાણી ભરાવાની બીમારી ચાલુ થઈ હતી,ખુબ જ દવા કરી પણ કઈ સફળતા ના મળી પછી અંતે અમદાવાદ હોસ્પટલમાં લય ગયા હતા પપ્પાનો ઈલાજ ચાલુ હતો અને પછી મારા પપ્પાને દરરોજ પડખામાંથી પાણી ખેચતા તે ખુબ જ સહન કર્યું પણ એક દિવસ પાપા આ બીમારી થી કંટાળી ગયા અને તે રાત્રે કોઈ ને કીધા વગર હોસ્પિટલ થી નીકળી ગયા અને અમને સવારે ખબર પડી કે પપ્પા હોસ્પિટલમાં નથી,અમે પપ્પાને ગોત્યા ૮ દિવસ સુધી પણ પપ્પા ના મળ્યા પછી અમને અમદાવાદ પોલીસ સ્ટેસન થી જાણ થઈ કે મારા પપ્પા પુલ ઉપર થી નીચે પડી ગયા હતા,અને જ તેમનું અવસાન થયું હતું,અને મેં મારા પપ્પાનું મોઢું પણ જોવા ન મળ્યું એ દિવસ મારા માટે ખુબ જ દુઃખ ભર્યો દિવસ હતો,ત્યારથી મારી બધી ખુશી મારા પપ્પા સાથે ચાલી ગઈ અને મેં પપ્પા વગર ૮ થી ૯ વર્ષ પપ્પાની યાદમાં કાઢયા અને મેં મારી ઉમ્મીદ છોડી દીધી હતી,કે હવે મને મારા પપ્પા તો નહીં મળી શકે.

પણ મારી કિસ્મતમાં પપ્પાનો પ્રેમ અધુરો હતો,આપી ને મારી લાઈફ ખુશીયોં થી ભરી દીધી અને મને પાછો પપ્પાનો પ્રેમ મળી ગયો (I am happy)

(Thank you papa)
I love you papa
I miss you papa

**લિ. તમારી લાડકડી દિકરી**
**આરતી......**





## રાઠોડ દિવ્યા ગણપતભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૧૭/૦૬/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૧૧/૨૦૦૭

**અંધકાર માં તમને જોવા માંગું છું**
**સહન શીલતની હદ હતાવવા માંગું છું**
**લાગણીના આ સુર લહેરાવવા માંગું છું**
**નસીબને પણ હરાવવા માંગું છું**
**સપનામાં આવી તમને સતાવવા માંગું છું**
આજે પણ હિંમત નથી પણ કઈ કહેવા માંગું છું

dear papa , તમારી યાદમાં જેટલું લખું એટલું ઓછું છે તમારા વગર જાણે મારી જીંદગી અધુરી છે દરેક દીકરીનું સ્વપ્ન હોય છે કે તેના પપ્પા કન્યાદાન કરે તેને હર્ષ અને ઉલ્લાસ થી એના સાસરીયે વિદાય કરે પણ સારા નસીબમાં આ સુખ ના હતું અને મારા પપ્પા ની અવસાન તા. ૦૭/૧૧/૨૦૦૭ ના ગંભીર બીમારી ના કારણે થઇ ગયું પછી શું ઘરની બધીજ જવાબદારી મમ્મી પર આવી ગઈ હું નાની હતી અને ઘર માં બધા થી મોટી હતી એટલે ભણવાનું છોડી હું ઘરકામ માં મમ્મી ને મદદ કરતી હતી ઘરમાં અમે ત્રણ બહેન અને એક ભાઈ બધા મારાથી નાના હતા અને હું બધા થી મોટી હતી એવામાં એક દિવસ વિચાર આવ્યો કે હું લગ્ન કરીશ કે મારા ભાઈ બહેન ના લગ્ન કરાવીશ એવામાં એક દિવસ મહેશપપ્પા મળી ગયા પછી શું મારી અને મારા કુટુંબનું બધી ટેન્શન દુર થઇ ગયું

you are best papa.......
મારા લખવામાં કૈક ભૂલ હોઈ તો please સુધારી ને વાંચીને માફ કરજો
i love you papa..... i miss you papa.....

**લિ. તમારી વ્હાલી દીકરી**
**રાઠોડ દિવ્યા ગણપતભાઈ**



# રાઠોડ રૂશીકા ગણેશભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૨૫/૦૬/૧૯૯૯

પિતાની પુણ્યતિથિઃ-૧૮/૦૬/૨૦૦૭

માતા ની પુણ્યતિથિઃ-૧૭/૧૦/૨૦૦૯



**જય રામાપીર પપ્પા**

## Thanks for coming in my life

મારા વ્હાલા પપ્પા,

મારા પપ્પા નું અવસાન થયું ત્યારે હું ખુબ નાની હતી એટલે કે હું આઠ વર્ષની હતી. મારા ઘરમાં હું અને મારો નાનોભાઈ છે. મારા પપ્પા નું અવસાન ૧૮/૦૬/૨૦૦૭ ના રોજ થયું હતું. અને એના ૨ વર્ષ પછી મમ્મી નું અવસાન ૧૭/૧૦/૨૦૦૯ ના રોજ થયું હતું. મમ્મી પપ્પા ના અવસાન પછી અમે બે ભાઈ બહેન એકલા પડી ગયા ત્યાર પછી અમે મારા માસી સાથે રહીએ છીએ મારા માસી એ ૮ મુ ધોરણ સુધીનો અભ્યાસ કરાવ્યો. ત્યાર થી હું માસીના કામોમાં મદદ કરું છું લગ્ન ની ઉમર થઇ હોવાથી માસીને ચિંતા થવા લાગી કે હવે લગ્ન કઈ રીતે કરવા માસા પણ નથી અને માસી ને પણ એક છોકરી અને એક છોકરો છે જયારે અમે ટી.વી. માં પારેવડી નો વિડીઓ જોયો ત્યારે ખ્યાલ આવ્યો કે મહેશપપ્પા દીકરીઓને પપ્પા ની જેમ પ્રેમ અને વ્હાલ આપે છે ત્યાર બાદ એક દીદી દ્વારા પપ્પા વિષે જાણવા મળ્યું અને અમે લાડકડી માં ફોર્મ ભર્યું મારું બી સપનું હતું કે મારા લગ્ન પણ મારા મારા મમ્મી પપ્પા વગર આવી જ રીતે ધૂમ ધામ થી થાય જેમ બધી છોકરી ઓના લગ્ન ધામધૂમ થી થાય છે મારું ફોર્મ લાડકડી માં સિલેક્ટ થયા ની જાણ થતા જ હું ખુબ ખુશ થઇ ગઈ મને લાગ્યું કે હવે મારા પણ સપના પુરા થશે. મહેશપપ્પા તમારા માટે જેટલું લખું એટલું ઓછું છે તમે મારા જીવનમાં મમ્મી અને પપ્પા બંને બની ને આવ્યા.

એ મારું ભાગ્ય છે મહેશપપ્પા ની હોય તી મારા સપના અધૂરા રહી જાત. મહેશપપ્પા તમારો મેસેજ રોજ સવારે મળે છે જેથી મને લાગે છે કે ખરેખર મારી ફિકર કરવા માટે મારા પપ્પા છે હું તમારો આભાર કઈ રીતે વ્યક્ત કરું મારા જીવનમાં પપ્પા શબ્દ ફરીથી લાવવા માટે THANK YOU PAPA. મારી ભગવાન ને એટલી પ્રાથના કે પપ્પા તમને લાંબુ આયુષ્ય આપે અને મારા જેવી અનેક દીકરીઓના પિતા બનો.

**આજ હો કલ જૈસા**

**કલ હો ગુલાબ જૈસા**

**મહેક હો તાજ જૈસા**

**ઓર જીંદગી કે હર જન્મ મેં**

**પાપા હોય તો તમારા જેવા**

ફરી એકવાર કહું છું કે પપ્પા તમારો ખુબ ખુબ આભાર રોજ સવારે ભગવાનને યાદ કરીને બીજું તમારું નામ યાદ કરું છું એક માતા પિતા વગર ની દીકરીની જીંદગીમાં આવવા બદલ પપ્પા ને મારી એક જ વિંનતી કે લગ્ન પછી પણ હમેંશા મારી સાથે રહેશે.

**તમારી લાડકડી દીકરી**
**રાઠોડ રૂશીકા**

**I LOVE YOU**
**I MISS YOU MY PAPA**



## રાઠોડ સારિકા નવીનભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૨૦/૦૬/૧૯૯૭

પિતાની પુણ્યતિથિઃ-૧૪/૦૯/૨૦૦૮



**જય શ્રી કૃષ્ણ**

**ડીયર પપ્પા**

પપ્પા તમારા માટે શું લખું જેટલું લખું એટલું ઓછું છે કેમ કે લાગણીઓ ઘણી છે જેને કાગળ પર કઈ રીતે રજુ કરું સમજ નથી પડતી દીકરી અને પિતાનો સંબંધ અનેરો હોય છે કહેવાય છે કે દીકરીનો પહેલો હીરો એના પપ્પા હોય છે પિતાને દીકરીઓ પ્રત્યે કાંઈ અલગ જ લાગણી અને વહાલ હોય છે

હું મારા પપ્પા વિશે કંઈક જણાવવા માગું છું અમારા કુટુંબમાં ૭ સભ્ય હતા. દાદા-દાદી, મમ્મી પપ્પા એક ભાઈ અને બે બહેનો. ૧૭/૦૯/૨૦૦૮ ના રોજ મારા પપ્પા નું અવસાન થયું એ દિવસે જાણે અમારા પરિવાર પર આભ તૂટી પડ્યું હોય. શું કરવું શું નય કઈ સમજ ના પડે એવી પરિસ્થિતિ થઇ ગઈ હતી બધી જ જવાબદારી મારી મમ્મી પર આવી ગઈ હતી પપ્પા ગયા પછી અમને મમ્મી સાથે ત્રણ વર્ષ રહેવા મળ્યું હતું. કેમ કે પપ્પાના ગયા પછી મમ્મી એ બીજા લગ્ન કર્યા પરંતુ અમે મમ્મી સાથે નઈ જવાનું વિચાર્યું દાદા દાદી એ અમને ૧૨ ધોરણ સુધી ભણતર પૂરું કરાવ્યું આ બધા દિવસો મમ્મી પપ્પા વગર કેમ ગયા એ ઘણું મુશ્કેલ છે શું કહેવું મમ્મી પપ્પા વગર ની લાઈફ કઈ રીતે જીવવી એ જ ખબર નો પડે કોઈ જીવનમાં સાચું માર્ગદર્શન નહોતું કોઈ કહેવાવાળું નહોતું કોઈ શીખવવા વાળું નહોતું કોની સાથે પોતાના મન ની વાત શેર કરવી કોને પોતાની લાગણી ઈચ્છા કેવી બધું મન માં રાખવા પડતું હતું બધી જ જગ્યાએ મમ્મી પપ્પા ની કમી મહેસુસ કરી છે સ્કુલ થી લઈને બર્થ ડે, રજા કોઈ પણ ફંકશન કે ફેસ્ટીવલ માં એમની કમી મહેસુસ કરતા હતા અમને પણ એમ થતું કે અમને પણ બીજાના મમ્મી પપ્પા વહાલ પ્રેમ કરે એમ.

હું મારા પપ્પાને દરરોજ યાદ કરું છું જયારે મારા લગ્ન નક્કી થયા ત્યારે મને ચિંતા હતી કે મારા લગ્ન એ રીતે નઈ થાય જેમ મેં વિચાર્યા હતા. પણ જયારે અમે મહેશપપ્પા ને મળવા ગયા ત્યારે મારી બધી ચિંતા મહેશપપ્પા એ દુર કરી નાખી થોડીક વાર એમ જ લાગ્યું કે સ્વર્ગરૂપી પપ્પા અને ભગવાનની કૃપા થી મહેશપપ્પાના રૂપમાં નવા પપ્પા મળી ગયા હોય. મહેશપપ્પા બધી દીકરીઓનું ધ્યાન રાખે ભલે બીજા કોઈ યાદ કરે કે

નો કરે મહેશપપ્પા યાદ કરે, દરરોજ ગુડ મોર્નિંગ ના મેસેજ આવે બધી દીકરીઓ સાથે વાત કરે મહેશપપ્પા ના લીધે અમે બધી દીદીઓ એક ફેમીલી જેમ બની ગયું કોઈએ વાત કર્યા વગર નો ચાલે, ગ્રૂપ માં બધી જ દીદીઓ સાથે વાત કરીને ખુશી મળે મહેશપપ્પા એ અમને બધી દીકરીઓના મનપસંદ શોપિંગ કરાવી એવું તો આપણા પોતાના પણ ના કરતા હોય જેવું મહેશપપ્પા કરે છે પપ્પા તમારા વિશે શું લખું જેટલું લખું એટલું ઓછું પડે તમારા જેવું કોઈ નથી પપ્પા તમે મારી લાઈફમાં આવ્યા હું બોવ જ ખુશ છું .યુ આર ધ વર્લ્ડ બેસ્ટ પાપા એન્ડ પરસન.

છેલ્લે એટલું જ કહીશ કે પત્ર લખવામાં કઈ પણ ભલુચૂક થઈ હોય તો તમારી વહાલી દિકાને માફ કરી દેજો.

**I LOVE YOU SO MUCH PAPA**
**I REALLY REALLY THANK YOU PAPA**

**લી. તમારી વ્હાલી દિકા**
**રાઠોડ સારિકા**

# રાણા પ્રીતિ કંચનલાલ

દીકરીની જન્મતારીખઃ- ૦૪/૦૯/૧૯૮૯

પિતાની પુણ્યતિથિઃ- ૦૧/૦૯/૨૦૧૩



**જય રામાપીર**

આજે તમારી દીકરી તમને મનથી લાગણીમય પત્ર લખી રહી છે. પિતા વગરની છત્રછાયા ત્યારપછી પિતા વાળી છત્રછાયા.

**જય શ્રી કૃષ્ણ**

હું સુરતમાં રહુ છું, પરિવારમાં પાંચ બહેન અને એક ભાઈ છે. હું સૌથી નાની છું પપ્પા હતા ત્યારે અમે બહુ જ ખુશ રહેતા હતા ,પપ્પા ના ગયા પછી અમે બધી જ પપ્પાની વાતો મીસ કરતા હતા, તમારા આવ્યા પછી અમને અમારા પપ્પા જેવો જ પ્રેમ મળ્યો, આજે હું ઈશ્વરનો આભાર માનું છું કે મહેશ પપ્પા નો પ્રેમ મળ્યો, મારા પપ્પા જેવા અમારા સપના પુરા કરે છે.

**પપ્પા તમે ખુબ ખુશ રહો.**
**લિ. તમારી લાડકડી**
**પ્રીતિ.**





## વસંતસ્વામી સંગીતા સીતારામભાઇ

દીકરીની જન્મતારીખઃ- ૨૩/૦૫/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૧૭/૦૮/૨૦૧૫

આદરણીય પપ્પા,
જય રામાપીર.

મારા પપ્પા વિશે હું જેટલું કવ એટલું ઓછું છે,મારા પપ્પા દયાળુ પ્રેમાળ અને લાગણીશીલ સ્વભાવના હતા.

મારા પરિવારમાં મમ્મી પપ્પા ને અમે ૩ બહેન અને ૧ભાઈ રહેતા હતા, અમે અમારા પરિવારમાં ખુબજ ખુશ હતા, અમે આવું ક્યારેય સપનામાં પણ નહોતું વિચાર્યું કે અમને અમારા પપ્પા મુકીને કાયમ માટે જતા રહેશે.

તારીખ ૧૭/૦૮/૨૦૧૫ ના રોજ પવિત્ર શ્રાવણ માસમાં તેમનું હાર્ટ-એટેક આવતા અમે તેમની છત્રછાયા ગુમાવી ત્યારે મારી નાની બહેન ખુબ જ નાની હતી, જયારે પણ એને જોવ ને તો મારા પપ્પા ની યાદ આવી જતી કે શું થશે,મારા પરિવારમાં હું બધા કરતા મોટી છું, તો બધી જવાબદારી મારા ને મારા મમ્મી પર આવી ગઈ, પણ ક્યારેય મારા મમ્મીએ મારા પપ્પાની કમી હોઈ તેવું નથી લાગવા દીધું મારા મમ્મી એ અમને મમ્મી અને પપ્પા બંને નો પ્રેમ આપ્યો છે.

**આઈ લવ યુ, પાપા**
**મિસ યુ, પાપા.**
**માકે બિના પુરા ઘર બીખર જતા હૈ,**
**પપ્પા કે બીના તો પુરી દુનિયા હી બિખર જતી હૈ.**

મેં મારા જીવનમાં વિચાર્યું પણ ન હતું કે હું ફરીવાર મારા મોઢે થી પપ્પા શબ્દ બોલીશ, મારી બધી ઈચ્છાઓ પૂરી થશે, પણ લોકો કહે છે ને કે જેનું કોઈ કોઈ હોતું નથી તેનો ભગવાન હોય છે.

પપ્પાના અવસાન બાદ અમારા સગા-વહાલા બધા સાથ છોડીને ચાલ્યા ગયા,
કહેવાય છે કે માં જાય તો મોસાળ છૂટે ને
પપ્પા જાય તો કુટુંબ છુટે છે .



એવું જ કઈ થયું છે અમારી સાથે....

મહેશપપ્પા તમારા માટે શું લખું તે મને નથી સમજાતું પરંતુ મહેશપપ્પા દિલ થી તમારો ને તમારા પરિવારનો ખુબ જ આભાર માનું છું.

મારી જિંદગીમાં મારા પપ્પાનું બીજું રૂપ લય ને આવા માટે thank you,papa.

I love you,pappa.
**લિ. તમારી વહાલી દિકા**
**સંગીતા.**





## વસાવા કાજલકુમારી રવીચાભાઈ


દીકરીની જન્મતારીખઃ- ૦૭/૦૫/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૨૦/૦૮/૨૦૧૦

**મારા પ્રિય પપ્પા**
**જાય રામાપીર**
**મિસ યુ પપ્પા.....**

**" રસ્તામાંથી મળેલી વસ્તુ પણ એના**
**સાચા માલિકને દેવા જીવનથી ચાલતો**
**તો દીકરી તો સાહેબ એક બાપનો**
**કાળજાનો કટકો હોય છે. એ કઈ**
**રીતે કોઈ અજણ્યાને દઈ શકતો હશે.."**

સહ વિનય સાથે જણાવવાનું કે અમારો આખો પરિવાર તમારો આજીવન આભારી રહેશે અને દિલ થી દુઆ માંગીએ છીએ કે તમે ઘણું જીવો અને મારા જેવી દીકરીઓના પપ્પા રહો

હું વસાવા કાજલકુમારી દિલ થી ખુબજ ખુશ અને આનંદ ની લાગણી અનુભવી રહી છી કારણકે જયારે મારી સગાઇ થઇ ત્યારે મને ખબર ન હતી મારા લગ્ન પણ પી.પી. સવાણી પરિવાર માં થશે અને મેં સપનામાં પણ વિચાર્યું કે મહેશપપ્પા જેવા પપ્પા મળશે અને પી.પી.સવાણી પરિવાર વિશે મેં મારા માસી પાસે થી સાંભળ્યું કે મહેશપપ્પા મારા જેવી પિતાજી વગર ની દીકરીના પપ્પા બની તેના લગ્ન કરાવી આપે છે ત્યારે મને પણ એવો વિચાર આવ્યો છે મહેશપપ્પા મારા લગ્ન કરાવી આપે છે. ત્યારે મને પણ એવો વિચાર આવ્યો કે મહેશપપ્પા મારા પિતા બની મારું કન્યાદાન કરે ત્યારે મને પણ એવો વિચાર આવ્યો કે મહેશપપ્પા મારા પપ્પા બને મારા પપ્પા વિશે ઘણું સાંભળ્યું અને તેના ઘણા વિડીયો જોયા ત્યારે એવું લાગ્યું કે હું ખુબજ નસીબદાર છું કે પપ્પાની છત્રછાયા નીચે મારા લગ્ન થશે વિડીઓ માં જોયું કે પપ્પા બધી દીદીઓના કેવા પોતાની દીકરીઓની જેમજ વ્હાલથી લગ્ન કરવી એક સગા પિતાની જેમ દેતા હતા ત્યારે મને પણ એચું થયું કે પપ્પા મને પણ એવી



રીતે વિદાય કરશે.ત્યારે મારા દિલમાં એક એવી અનુભવી હશે કે મારા સ્વર્ગમાં ગયેલા પિતા પાછા નીચે મારી વિદાય કરી રહ્યા હોય. પપ્પા એ મારા જીવનમાં મારા પિતાની જે ખોટ હતી તે પૂરી કરી છે મારી સગાઇ થઇ ગઈ પછી જો પી.પી. સવાણી પરિવાર આયોજિત લાડકડી સમૂહ લગ્ન માં ફોર્મ ભર્યું હતું પણ પહેલી વાર ફોર્મ કેન્સલ કરવામાં આવ્યું ત્યારે બહુ જ દુ:ખ લાગ્યું હતું પણ જયારે ૨-૩ દિવસ પછી પી.પી. સવાણી ઓફીસ થી ફોન આવ્યો અને દીદી એ કહ્યું કે તમારું ફોર્મ સિલેક્ટ થઇ ગયું છે ત્યારે હું એટલી ખુશ થઇ ગાય કે મારા જીવન ની સૌથી અમૂલ્ય ઘડી હતી. જયારે પપ્પા એ મને દિકા કહ્યું ત્યારે મને એવું લાગ્યું મારા પપ્પા ક્યાય નથી ગયા મારી પાસે જ છે. પપ્પાએ મારા માથા પર હાથ મારી પાસે જ છે પપ્પાને મારા પલ મારા જીવન નો સૌથી કીમતી પલ છે

પી.પ.સવાણી દ્વારા કરવામાં આવતા તમામ પ્રોગ્રામ માં પપ્પા હાજર રહેતા અને બધીજ દીદીઓના એક સગા પિતાની જેમ સમજાવતા હતા અને અમારા લગ્નની બધીજ તૈયારી પોતે ઉપર ઉભા રહીને કરાવે છે સમજાવતા અને અમારી તમામ ખરીદીમાં સાથે રહી પોતાની દીકરીના લગ્નની તૈયારી કરતા હોય તેવી રીતે પપ્પા તૈયારી કરાવે છે જ્યારથી પી.પી.સવાણી પરિવારથી તમામ દીદીઓ પણ અમને પપ્પાની યાદ બહુ આવી નથી પીપી. સવાણી પરિવાર તમામ દીકરી પણ અમને પોતાની બહેન તરીકે રાખે છે કોઈ દિવસ એવું નથી લાગ્યું કે અમે કોઈ બીજા પરિવાર માંથી છીએ પપ્પાના આવવાથી અમારું આખું જીવન બદલાઈ ગયું છે

હું કર્ણ જેવા દાની અને દીકરીઓ પ્રત્યે પ્રેમ રાખનાર પપ્પા વિશે જેટલું લખું તેટલું ઓછું છે એક પિતાની દરેક ફરજ તમે પૂરી કરી છે જે મારા પિતા હોત તો તે પણ મારા માટે આટલું ન કરી શકતા હોત જેટલું પપ્પાએ મારા માટે કર્યું છે

પપ્પા તમે મારા જીવનમાં આવ્યા અને મને તમારા માટે કર્યું છે પરિવારમાં સામેલ કરી તે બદલ તમારો આભાર માનીએ એટલો ઓછો છે તમે મારા જીવનમાં મને પપ્પા તરીકે મળ્યા તે બદલ ભગવાનનો અને પપ્પા નો હું મારા દિલ થી આભાર માનું છે

Thank you so much
i miss you papa
i love you papa

**લી. તમારી લાડકડી દીકરી**
**વસાવા કાજલ આર.**
**જય રામાપીર**





## વાઘેલા પુજા પરેશભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૦૧/૦૮/૧૯૯૯
પિતાની પુણ્યતિથિઃ- ૧૦/૦૪/૨૦૧૮

**જય રામાપીર પપ્પા**
**My dear papa**

મારે આજે પિતા વિશે તમને કઈક જણાવવાનું છે.

મારા પપ્પા અને મમ્મી ખેતીવાડીમાં મજુરી કરતા અને ઘરનું ગુજરાન ચલાવતા હતા. અને અમને ભણાવતા હતા. એમાં અમે બધા ખુશ રહેતા હતા.

પપ્પાએ અમને વાર-તહેવારે અમને ફરવા લઇ જતા અને ખુશ કરતા હતા.

મારા પપ્પાને કેન્સર હતું તો પણ અમને ખબર પાડવા દીધી નથી અમારા થી છુપાવીને રાખ્યું. અને રોજ દવા લઇ આવતા ને અમે પૂછતાં તો કહેતા કે મને ચાંદી પડી છે, એટલે દવા લઇ આવ્યો છું.


મારા પપ્પાએ અમારી માટે કેન્સર હતું તો પણ અમારા ભણતર અને ઘરનો ખર્ચો માટે કારખાનામાં કામ કરતા મારા પપ્પાને કેન્સર હતું તો પણ હિંમત ક્યારેય હારી નથી.

મારે પપ્પાને જયારે ગાલમાં કાણું પડ્યું ત્યારે અમને ખબર પડી કે પપ્પાને કેન્સર છે. ત્યારે અમે અમારા કાકાને ફોને કર્યો કે પપ્પાને ગાલમાં કાણું પડ્યું છે તો કાકાએ અમને કહ્યું કે સુરત આવતા રહો ને અહીં પપ્પાની દવા કરીશું.

ત્યારે મારા કાકા-કાકી એ અમને આશરો આપ્યો અને પપ્પાની દવામાં હેલ્પ કરી.

પછી અમે કાકાની ઘરે આવ્યા ત્યાં અમને બધા એ કહ્યું કે તમે અમદાવાદની મોટી સિવિલ હોસ્પીટલમાં લઇ જાઓ પછી અમે પપ્પાને લઈને સિવિલ હોસ્પીટલમાં લઇ ગયા ત્યાં પપ્પાની દવા ચાલુ કરી પછી દવાથી થોડોક ફર્ક હતો પણ પપ્પાને ગાલમાં કાણું પડ્યું એટલે પપ્પાનું જમવાનું ,બોલવાનું બંધ થઇ ગયું, પણ પપ્પાની હાલત દિવસે ને દિવસે બગડી ગઈ.

પછી પપ્પાને ડોકટરે ઓપરેશન ની તારીખ પણ આપી હતી, ડોકટરે જે તારીખ આપી હતી તે તારીખે ગયા તો ડોકટરે ના પડી કે આમનું ઓપરેશન નહિ થાય ને ઘરે બેઠા જે સેવા થાય તે કરો. આ સાંભળીને મારા ભાઈ બહેન અને કાકા કાકીને બહુ દુખ થયું અને અમે બધા પાછા દવાખાને ગયા તો કહ્યું કે પપ્પાને કેન્સર વધી ગયું છે એટલે ઓપરેશન નહિ થાય અને પછી મારા ભાઈ ને એમ થયું કે હવે મારા ઘરની જવાબદારી મારી



છે, એટલે મારો ભાઈ માત્ર ૧૫ વર્ષની ઉમર માં કામે લાગી ગયો.

મારા પપ્પાની આખરી ઈચ્છા હતી કે મારી સગાઇ જોતા જાય એટલે પછી મારા કાકાને બોલાવીને બધી વાત કરી એટલે મારા ફોઈ એ તેના સગામાં છોકરો હતો તે ને લઈને મને જોવા આવ્યા ને પછી અમારા ઘરમાં બધાને છોકરો પસંદ આવ્યો ને મને પણ પસંદ આવ્યો એટલે પછી મારી સગાઇ તેની સાથે નક્કી કરી.

મારા પપ્પા હતા ત્યારે જ મારી સગાઇ કરી નાખી હતી, ને મારી સગાઇ પછી મારા પપ્પા અમારી સાથે ૩ મહિના રહ્યા ને પછી એક દિવસે રાત ના ૮ વાગ્યે મારા પપ્પાનું અવસાન થયું. પપ્પાના અવસાન પછી અમને એમ થયું કે હવે અમારું શું થશે પણ મારા કાકાએ અમને મારા પપ્પાની આવવા નથી દીધી.

પણ જયારે એક દીકરીને એમ થાય કે ભગવાને છીનવ્યા તો પપ્પા ને જ છીનવ્યા પણ એક દીકરીને મમ્મી અને પપ્પાની બંને ની જરૂર હોય છે. અમારી પાસે બધું હતું પણ એક પપ્પાની કમી રહી ગઈ છે, જે હવે ક્યારેય નહિ પુરી થાય પણ જયારે બધી છોકરીઓ તેમના પપ્પાને પપ્પા કહીને બોલાવે ત્યારે મને મારા પપ્પાની બહુ યાદ આવે અને મનમાં બહુ દુઃખ પણ થાય પણ એ ભગવાનને અમારી ખુશી મંજુર નહોતી પણ મારા મમ્મી એ અમને પપ્પાની યાદ આવવા દીધી નથી અને પપ્પાની જેમ જ અમને પ્રેમ કરે છે.

મારા પપ્પાના અવસાન પછી મેં એમ નથી વિચાર્યું કે મને પપ્પા બોલવાનો મોકો પાછો મળશે, જયારે મારા સસરા અમારી ઘરે આવે ત્યારે મને એમ થાય કે મારા પપ્પા અમારી પાસે પાછા આવી ગયા છે, ત્યારે હું મનમાં ને મનમાં એટલી ખુશ થાવ કે મારા પપ્પા હવે અમારી સાથે રહેશે.

મહેશ પપ્પા હું જયારે તમારા ઓફિસમાં આવી ત્યારે તમારા ચહેરામાં મને મારા પપ્પાનો ચહેરો દેખાયો ને મને એમ થયું કે અમે જે દુઃખ ના દિવસો પસાર કાર્ય એ હવે સુખમાં બદલાઈ ગયા ને જયારે હું તમારા ઓફિસમાં થી બહાર નીકળીને ઘરે આવીને તે જ રાતે મને મારા પપ્પા મારા સ્વપ્નમાં આવ્યા ને એમ કહ્યું બેટા હવે તું મારી નહિ તારા મહેશ પપ્પાની દીકરી છે, ને હવે તારું કન્યાદાન તારા મહેશ પપ્પા કરશે.

મારે પપ્પા નથી તો શું થયું મારા મમ્મી અને મારા કાકા-કાકી મારું કન્યાદાન કરશે.

**લિ. તમારી વહાલી દિકા**

**I love you so much ,**

**પુજા.**

**Thank you,papa.**



# વાડેકર રેશ્મા સુભાષભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૨૯/૦૫/૧૯૯૮

નમસ્તે મારું નામ વાડેકર રેશ્મા સુભાષભાઈ છે. હું મારા મમ્મી-પપ્પા પાસે રહેતી હતી ,ત્યારે ખુબજ સારું જીવન હતું. મારા પપ્પાને HIV ની બીમારી હતી, ત્યારે દવા નહોતી એટલે મારા પપ્પા બહુજ બીમાર હતા. પછી મારા પપ્પા ઓફ થઇ ગયા,એ પછી મારા મમ્મી મને સાચવતા હતા ,મારા મમ્મી ટેઈલર કામ કરતા હતા, અને એમાંથી મારો ખર્ચો ઉપાડતા હતા, ઘરમાં કામ કરવા માટે કોઈ જ નોતું અને હું તો નાની હતી,અને ટેઈલર નું કામ કરીને મને સાચવતા હતા.

મમ્મી પણ બહુજ બીમાર પડ્યા એમને પણ HIV હતું. મમ્મી દવા નોતા પીતા એટલે ઓફ થઇ ગયા ,જયારે મમ્મી-પપ્પા હતા ત્યારે મેં મારા મમ્મી-પપ્પાની લાડકી દીકરી એક જ હતી. એ પછી મને આવું લાગતુ હતું કે મને કોણ લઈ જશે. મારા મોટા પપ્પા આવ્યા હતા. પણ મને મોટા પપ્પા લઈ જવા નોતા માંગતા. એ પછી મને પાડોશીવાળા એ મને સાચવી હતી. પણ હું એમના પાસે ત્રણ જ વર્ષ રહી પણ મમ્મી-પપ્પા જેવો પ્રેમ નહિ મળ્યો. એ પછી મેં બોવાજ બીમાર પડી ગઈ હતી. મારા પાડોશી મને હોસ્પિટલમાં લઈ જઈ હોસ્પિટલમાં મારો રિપોર્ટ કરાવ્યો હતો. તો HIV પોઝીટીવ આવ્યો. ત્યારથી મારી દવા ચાલુ થઈ ગઈ. એ પછી મેં જનનીધામમાં આવી બે-ત્રણ દિવસ મને ગમતું નોતું પછી અઠવાડીયામાં ગમવા લાગ્યું.

જયારે જીંદગી મળે છે ત્યારે તેની સાથે ઘણા ખરા પલ પણ મળે છે ,અને તેમાં સારો સમય પણ હોય છે અને ખરાબ પણ હોય છે. પપ્પા તમે અમને રહેવા માટે આટલી મોટી જગ્યા તો આપી એ પણ કુદરતી વાતાવરણ વાળી અને એની સાથે-સાથે અમને ઘટતો હતો તે હતો માતા-પિતા અને પરિવારનો પ્રેમ તે પ્રેમ તમે અમને આપ્યો છે. હાલમાં ડીસેમ્બર માં અમારા લાડકડીમાં લગ્ન છે તેના માટે તમે અમને ખરીદી કરાવી, તમે અમને પપ્પાથી પણ વધારે કહેવાય ને કે સ્વર્ગ માંથી ભગવાન ઉતરી આવ્યા એ રીતના છો, અને તમે અમારા માટે આટલું બધું કર્યું તેના માટે હું તમને THANK YOU કહેવા માંગું છું.

**લિ. તમારી લાડકડી**

**રેશ્મા**



# મંગળા વલ્લભભાઈ વાવડીયા

દીકરીની જન્મતારીખ:- ૦૮/૦૨/૧૯૯૪

પિતાની પુણ્યતિથિ:- ૨૩/૧૨/૨૦૧૧



જય રામાપીર પપ્પા,

મહેશપપ્પા તમારા માટે શું લખવું તે ખબર નથી. લખવા માટે ઘણું બધું છે પણ શબ્દ ઓછા પડે છે એમાં પણ શરૂઆત ક્યાંથી કરું એજ ખબર નથી.

મારી બહેન ના લગ્ન( લાગણી ના વાવેતર) માં થયા હતા એટલે તેને અમારા વિષે ઘણું બધું લખી નાખ્યું છે એટલે મારે શું લખવું . તો પણ એટલું કહેવા માંગું છું કે મહેશપપ્પા ને હંમેશા ખુશ અને તેનું પરિવાર ખુશાલ રહે એ જ ભગવાન ને મારી પ્રાથના છે હું મારા પપ્પા ને બહુ જ પ્રેમ કરતી હતી અને કરું પણ છું જયારે બધી છોકરીઓ તેના પપ્પા એમ કહેતી હોય કે ,અર પપ્પા હમણા આવશે પપ્પા-પપ્પા કહેતી હોય ત્યારે મને બહુ જ દુ:ખ લાગે ત્યારે હું ઘર માં ચુપ ચાપ એકલી બેસી ને રડી લાવ. ત્યારે મને એમ થાય કે મારા પપ્પા નથી. હું કોને પપ્પા કહું.

પણ જયારે મહેશપપ્પા માળિયા ત્યારે હું બધા ને કહું મારા પણ પપ્પા છે તેમને મને ખરીદી મન પસંદ ની કરાવી જેમ આપના પપ્પા કરાવતા હોય.

બસ હું એટલું જ લખી શકાય કેમ કે હવે મારાથી લખાય તેમ નથી કેમ કે મને પપ્પા બહુ જ યાદ આવે છે મારાથી રડાય પણ જાય છે

**લી. મંગળા**
**જય રામાપીર પપ્પા**





## વાળંદ દિપ્તી મહેશભાઈ

દીકરીની જન્મતારીખ:- ૧૦/૧૧/૧૯૮૯
પિતાની પુણ્યતિથિ:- ૨૭/૦૬/૧૯૯૮

**જય રામાપીર,**

મારું નામ દિપ્તી મહેશભાઈ વાળંદ છે. હું નાની હતી ત્યારે જ મારા પિતાનું અવસાન થયું હતું. ઘરમાં શોક છવાઈ ગયો હતો, અમે ખુબ જ આઘાતમાં હતા, પપ્પાના ગયા પછી અમારે ખુબજ તકલીફો નો સામનો કરવો પડ્યો. ખરાબ પરિસ્થિતિ આવી ગઈ. પણ પપ્પાના અવસાન બાદ મમ્મી એ અમને ખુબ જ તકલીફો વેઠી ને ઉછેર્યા. એક પરિવાર માંથી પિતાનો સાથ છૂટી જાય તે પરિવાર તુટી જાય છે. દરેક પ્રસંગે-તહેવારે પપ્પાની ખુબ જ યાદ આવતી.

નાનપણથી પપ્પાના પ્રેમથી વંચિત હતી, મને પપ્પાનો સ્નેહ, વહાલ, લાડ ન મળ્યો એમ રડી રડીને હું ભગવાનને કોસતી કે કેમ મારા માથા પર થી તે પિતાનો પ્રેમ છીનવી લીધો?

પણ મમ્મી એ ખુબ જ તકલીફો વેઠી ને મને માં-બાપ બંને બનીને ઉછેરી ને મોટી કરી. હું મમ્મીની આભારી છું. કે એણે મને ક્યારેય પપ્પાની ખોટ લાગવા નથી દીધી. સમય જતા મારી સગાઇ થઇ. એ દિવસ હું પપ્પાને યાદ કરીને ખુબ રડતી હતી કે આજ આ પ્રસંગે પપ્પા જોડે હોત તો પણ મારા નસીબમાં તે સુખ ન હતું.

સગાઇ થઇ ગયા બાદ લગ્નની વાત થવા લાગી, હું ચિંતામાં હતી લગ્નનો ખર્ચ અમારાથી થાય તેમ નહોતો, એટલે અમે સમૂહ લગ્નનું વિચાર્યું.

એક દિવસ મને મારી બહેનપણી મળી અને તેને મને પી.પી. સવાણી ગ્રુપ સંસ્થા મહેશ પપ્પા વિશે જણાવ્યું કે મહેશ પપ્પા પિતા વગરની દીકરીઓને પોતાની દીકરી જેટલો પ્રેમ વહાલ આપીને તેમના લગ્ન કરાવે છે. અને લગ્ન પછી પણ દીકરીઓને પપ્પાની જેમ જ એમનું ધ્યાન રાખે છે.

મને મનોમન થવા લાગ્યું કે હું નાનપણથી જ પપ્પાના વહાલથી વંચિત છું, અને મને પણ પપ્પાના સ્નેહની જરૂર છે. હું ખુબ જ ખુશ થઈ ગઈ કે મને પણ પપ્પાનો પ્રેમ મળશે. એટલે મેં જલ્દી ત્યાં ફોર્મ ભરી દીધું. થોડા જ દિવસમાં મારું સિલેકશન થઇ ગયું. હું ખુબ જ ખુશ થઇ ગઇ ત્યાર પછી અમને મીટીંગમાં બોલવામાં આવ્યા, મને મહેશ પપ્પા ને મળવું હતું, અને જયારે મીટીંગમાં મેં તેમને જોયા તેમની સાથે વાત કરી સાચે જ હું અજાણી હોય

એવું લાગ્યું જ નહી.

એ મારા પપ્પા જ હોય તેવી રીતે મારી સાથે વાત કરી,કેમ છે દિકા? મને ખુબ જ ખુશી મળી કે મને મહેશ પપ્પા મળ્યા, બસ મને પપ્પા નો સ્નેહ મળી ગયો.

પપ્પા એ કીધું કે હું તમારો પિતા જ છું, તમે બધી મારી દીકરીઓ છો. લગ્ન પછી પણ હંમેશા હું તમારા સાથે કોન્ટેક્ટ માં જ રહીશ. તમારું ધ્યાન રાખતો રહીશ,તમે મારી જ દીકરીઓ છો.

મહેશ પપ્પાનો આવો સ્નેહ જોઈને મારી આંખ માંથી આંસુ આવી ગયા.

આજના યુગમાં પણ બધા જયારે દીકરીઓને બોજ ગણતા હોય, દીકરીનો જન્મ થતા શરમ અનુભવતા હોય અને માં ના પેટમાં જ ભ્રુણ હત્યા કરાવી દેતા હોય, દીકરીઓને કમજોર માનીને તેમને ભણતર થી વંચિત પણ રાખતા હોય છે, આવા લોકોને દીકરીની કોઈ જ કિંમત હોતી નથી.

**દીકરી શું છે?**

આવા યુગમાં મહેશ પપ્પાએ દીકરીઓને ખુબ જ મન-સન્માન સ્નેહ, આકાંશાઓ, પ્રેરણા, હિંમત આપી છે. કોટી કોટી વંદન છે. મહેશ પપ્પાને કે જયારે લોકો દીકરીઓથી શરમ અને ધ્રુણા અનુભવે છે. ત્યાં તો મહેશ પપ્પાએ એક નહિ પણ હજારો દીકરીઓના પપ્પા છે. અને નાત જાતના કે કોઈ પણ ધર્મના ભેદભાવ વગર દરેક દીકરીઓને સમાન સ્નેહ કરે છે.

હું ભગવાનની આભારી છું કે મને મહેશ પપ્પાની દીકરી બનવાનો અવસર મળ્યો. મહેશ પપ્પા તમારા પ્રત્યે જેટલું પણ લખો એટલું ઓછું પડે.

તમે પ્રેરણારૂપી સૌને સારા માર્ગે દોરો છો. હું ખુબ જ ખુશ છું કે મારા જીવનમાં મહેશ પપ્પા આવ્યા.

**Thank you Mahesh papa**
**Thank you so much...**

**લિ. તમારી લાડકડી દીકરી**
**દિપ્તી મહેશભાઈ વાળંદ.**





## વેગડ રાજેશ્રી અશોકભાઈ

દીકરીની જન્મતારીખ:- ૧૦/૧૦/૧૯૯૯
પિતાની પુણ્યતિથિ:- ૦૭/૦૫/૨૦૦૪

MY DEAR PAPA
MY BEST PAPA

જય રામાપીર પાપા કેમ છે..? પાપા હું તમારા ના શબ્દો માટે આ કાગળ ઘણો નાનો છે ઘણા બધા કાગળ લખ્યો છે પણ તામ્ર વ્હાલા ના શબ્દો માટે ઘણા બધા પત્ર ઓછા પડે છે.

હું ને મારી નાની બહેન ભાવિકા દરરોજ તમને યાદ કરીએ છીએ તમે આવ્યા પછી અમને ઘણું બધું મળ્યું છે મારા ૫ માં હાર્ટ એટેક ના કારણે મૃત્યુ પામ્યા હતા હું ત્યારે પાંચ વર્ષની હતી. હું મારા પિતા વિના નોતી રહી શક્તિ પણ તે દિવસ સાવ અલગ જ હતો તે દિવસ મારા પપ્પા મને સ્કુલ પર વેળા લેવા આવાના હતા કારણકે મારે બહાર ગામ જવાનું હતું પણ પપ્પા મને શાળા લેવા ના આવ્યા બાદ ૨ દિવસ પછી જાણ થઈ કે પપ્પા ભગવાન પાસે જતા રહ્યા છે ૨ દિવસ સુધી મને અને મમ્મી તમે કહેતા બધા પપ્પા ને સારું છે તે જલદી ઘરે આવતા રેહશે ૨ દિવસ પછી ઘરે ગાડી આવી મને થયું કે પપ્પા આવિયા પણ પપ્પા ની ડેડ બોડી ઘરે આવી પપ્પા અમને મુકીને વયા ગયા ભગવાન પાસે.

ત્યાર બાદ મેં નાની બહેન મમ્મી ત્રણ નાના સાથે અમે વેરાવળ આવી ગયા. મારા મમ્મી ઘણા દુ:ખ વેઠીને અમને મોટા કરીય જયારે પાપા ન હોતા ત્યારે ઘણા બધા લોકો અમે ખરાબ બોલતા અમને ઘણું બધું સંભળાવતા પપ્પા વિના દીકરીનું કાય સમાજ ના હોય. તે સાંભળી ને અમને દુ:ખ થયું કારણકે હું મારા પાપા ની પરી હતી એટલે સૌથી વધુ આઘાત મને લાગ્યો હતો પાપા એટલે શું..? જે બાળક માં સમજદારી શીખવે, ચાલતા, બોલતા દુનિયા માં આગળ વધતા પાપા શીખવાડે છે હું “પાપા” દરરોજ યાદ કરીને રડતી પપ્પા નહોતા ત્યારે મને થયું દુનિયા માં ભગવાન નથી.

આ સમય ને પંદર વર્ષ થાય ગયો. મારા મમ્મી મહેનત કરતા અને અમને આગળ વધ્યા. પણ જયારે તમે અમારા માટે ઘણું બધું કર્યું છે.

તમે મારી અને અમરી બહેન ના જીવન માં એક ભગવાન ના રૂપ માં આવ્યા છો પપ્પા અમને જે વસ્તુ જોઈએ છે તે અપાવો છો અમને જેવા જોઈએ તેવા કપડા આપવો છો અમારી બધી જ જરૂરિયાત પૂરી કરો છો પપ્પા તમે દરરોજ અમારી ખબર પૂછો છો પપ્પા તમે

અમને ઘણું બધું શીખવો છો હવે હું પણ બધાને કવ છું કે મારે પણ પપ્પા છે જે મારા માટે ઘણું બધું કર્યું છે હું બોવજ ખુશ છું કે પંદર વર્ષ થી એક શબ્દ ભૂલી ગઈ હતી તે શબ્દ છે પપ્પા પણ તમારા આવ્યા પછી મને એ શાબ્દ મળી ગયો પપ્પા કે તમને દરરોજ જય રામાપીર કહી ને જ મારા સારા કામ ની શરૂઆત કરું છું તમે અમને ઘણું બધું આપ્યું છે અને મારી નાની બહેન પણ તમને પપ્પા કહીને બોલાવે છે તે દરરોજ કહે છે પપ્પા ને કેમ છો પપ્પા આપણા માટે ઘણું બધું કર્યું છે thank you papa

જય રામાપીર પપ્પા છે છો? હું રાજેશ્રી ની નાની બહેન ભાવિકા બોલું છું હું પણ તમને રોજ યાદ કરું છું પપ્પા ક્યારે આવશો તમે હું પણ તમારી રાહ જોવ છું તમારા આવ્યા પછી મને પણ પપ્પા મળી ગયા આજ સુધી મને અને બહેન પપ્પા ની કમી મહેસુસ થતી પણ હવે તમે આવી ગયા બાદ અમને પપ્પા ની કમી મહેસુસ થતી નથી ભગવાન નું બીજું નામ એટલે પપ્પા છે પપ્પા વિનાનો સંસાર અધુરો લાગે છે મને અને મારી બહેન અમે થયું કે હવે પપ્પા ક્યારે મળશે નહિ પપ્પા નો પ્રેમ ક્યારે પણ મળશે નહિ પણ તમારા જેવા પપ્પા જીંદગીમાં આવી જવાથી પપ્પા ની ખામી ઓ લગતી જ નથી અમે દર જન્મ માં તમારા જેવા પાપા મળે તેની ભગવાન પાસે પ્રાથના કરીશું. પપ્પા અમારા ઘરે પધારવા તમને નિમંત્રણ આપું છું એકવાર અમને પણ પપ્પા પ્રેમ મળે એવી આશા તમારા થી રાખું છું

પપ્પા તમે વિશ્વ ના સૌથી વ્હાલા પપ્પા છો અને આપણું પરિવાર વિશ્વ નો મોટો પરિવાર છે જેમાં અમે કુલ ૨૫૦૦ બહેનો છીએ જે અમે ઘણું બધું શીખવે છે પપ્પા thank you my best papa પાપા મારા મમ્મી ને અમારી યાદી આપજો.

PAPA BHALE HI MUJHE MERA
" PRINCE CHARMING" MIL JAYE
PER MERE ASALI "KING"
HAMESHA AAP HI RAHENGE PAPP

ચાંદ ને પૂછા તારો સે,
તારો ને પૂછા સિતારો સે,
સબ સે પ્યારા કોણ હે,
પાપા..... હો મેરે પાપા......
I LOVE YOU PAPA
GOD BLESS YOU PAPA
MISS YOU PAPA

**જય રામાપીર પાપા**

**આપની વ્હાલી પુત્રી**
**વેગડ રાજેશ્રી**





# શિયાળ દયા બાલાભાઈ

દીકરીની જન્મતારીખ:- ૦૧/૦૪/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:- ૨૯/૦૪/૨૦૦૯

**પુજનીય પાપા**

તમને ચરણ સ્પર્શ કોટી કોટી વંદન.

મારા શુભ સ્થાને મારા પરમ પૂજ્ય વહાલા મહેશ પપ્પાના ચરણોમાં લાખ લાખ વંદન.

પપ્પા એટલે કઈ જ બોલાવાની જરૂર ન પડે,પપ્પા શબ્દ જ એટલો મહત્વપૂર્ણ પ્યારો અને વહાલસોયો છે, પપ્પા તમારા માટે લખવા બેસું તો slolen કલમ અને શબ્દ ઓછા પડે,પપ્પા તમે મને એટલી ખુશી આપી કે કઈ લેવાનું બાકી ન રહે તમે મારી લાઇફમાં ભગવાન બનીને આવ્યા છો.

બધા ભગવાનને શોધે છે દીકરીના જન્મ ને પિતા ખુબ જ ગર્વની વતા મને છે કેમ કે દીકરી એ પિતાના માટે વહાલનો દરિયો છે, દીકરી બે પરિવારને સ્નેહ થી જોડતી કડી છે, હું જયારે અગિયાર વર્ષની હતી,ત્યારે મારા પપ્પાને એટેક આવ્યો અને તે અવસાન પામ્યા , અમે ૬ બહેનો અને ૧ નાનો ભાઈ છીએ, હાલ મારી બે મોટી બહેનના લગ્ન થઇ ગયા છે.

અને અત્યારે મહેશ પપ્પાની લાડકડી લગ્નમાં અમે બે બહેનોના લગ્નમાં જોડાયા છીએ, બસ ભગવાનનું મારી ઉપર મારા જ મહેશ પપ્પાને આપીય છે. જયારે મહેશ પપ્પાને યાદ કરતી ત્યારે મને એમ થતું કે આવડા મોટા માનસ સાથે કેમ ઉભી રહીશ પણ જયારે અમે લાડકડી મીટીંગમાં ગયા ત્યારે મને મહેશ પપ્પા એ દિકા કહ્યું એમ થયું કે મારા રીયલ પાપા નો અવાજ સાંભળીયો અને મને આંખમાંથી આંસુ વહેવા લાગ્યા, કહેવાય છે કે માં વગર નું મોસાળ અને બાપ વગરનું ઘર નકામું. આ કહેવત એકદમ સાચી છે કે જયારે પપ્પા નથી હોતા ત્યારે આપના રીલેશન વાળા જ આપણને હેરાન કરતા હોય છે.

હું ભગવાનને પ્રાથના કરું છું કે મને આવતા સાતે-સાત જન્મોમાં મહેશ પપ્પા મળે આ પત્ર લખતી વખતે હું મારા મહેશ પપ્પાને મારી સાથે હોય એવી લાગણી વ્યક્ત કરું છું, નથી જરૂર હવે પૈસા ની,નથી જરૂર હવે બંગલાની, નથી જરૂર હવે શ્વાસની, નથી જરૂર હવે ભગવાનની, જરૂર છે માત્ર હવે મારા મહેશ પપ્પા.....કભી જગડા,કભી મસ્તી,કભી આંસુ, કભી હસી,છોટા સા પલ, છોટી સી ખુશી.....પાપા કી પ્યારી પરી.

ઔએ પાપા બસ ઈસી કે નામ દોસ્તી, મહેશ પપ્પા. thank you, love you, miss you. પપ્પા તમારે પ્રતાપે મારી લાઇફમાં ખુબ જ ખુશી



છવાઈ ગઈ છે ક્યારેક મને વિચાર આવે છે કે હું ખુબ જ નસીબદાર છું, મને પપ્પા મળ્યા. Papa thank you so much પાપા મને આશા છે કે ભવિષ્યમાં પણ તમે મારી સાથે રહેશો.

હે ભગવાન તમારી અદાલતમાં મારી અનામત રાખજો હું રહું કે ના રહું મારા મમ્મી અને મહેશ પપ્પા સલામત રાખજો. મારા પપ્પાના અવસાન બાદ આસ બંધન થી પત્ર લખ્યો, એ હજુ સ્વપ્ન લાગે છે, આ લોક થી પરલોક સુધીનો અંતિમ શ્વાસ તમારો હાથ પકડીને કરુ લોકો કહે છે કે હાથો ની લકીર અધુરી હોય તો કિસ્મત પાપા ન હોય પણ હાથમાં અગર પાપાનો હાથ હોય તો લકીરની જરૂર નથી પડતી.

**ભૂલો ભલે બીજું બધું માં-બાપને ભૂલશો નહિ,**
**અગણિત છે ઉપકાર એના એ કદી વિસરશો નહિ.**

**Thank you p.p. savani gruap**
**Wish you all the best papa**

**તમારી આશાંકિત દિકા,**
**દયા.**
**Thank you papa**





## શિયાળ મમતા બાલાભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૦૩/૦૧/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૨૯/૦૪/૨૦૦૯

**ફૂલ કી શરૂઆત કલી સે હોતી હૈ,**
**જીંદગી કી શરૂઆત પ્યાર સે હોતી હૈ,**
**પ્યાર કી શરૂઆત અપનો સે હોતી હૈ,**
**ઔર અપનો કો શરૂઆત મેરે મહેશ પપ્પા સે હોતી હૈ......**

પિતાની વાત્સલ્યની જંખતી એક દીકરી મમતામાં પ્રણામ, dear papa.

તમારી દીકરી તમને સાચા મનથી આજ પત્ર લખી રહી છે “પપ્પા” શબ્દ બહુ જ મોટો શબ્દ છે એને નિભાવવો બહુ જ મુશ્કેલ છે કેમ કે દીકરી માટે તેના પિતા જ એમની દુનિયા છે તે પોતે કષ્ટ વેઠી ને પોતાની દીકરીને મુશ્કેલી માંથી બહાર કાઢે છે......

જોકે મારા પપ્પા સાવ અલગ જ હતા હું જયારે ૧૨ વર્ષ ની હતી ત્યારે ગણેશ ચતુર્થીની રાત હતી અને રાત્રે અગિયાર વાગ્યે મારા પપ્પા ચોળાફળી ખાતા હતા ને અચાનક તેમને એટેક આવી ગયો અને તેમનું અવસાન થઇ ગયું.

અને ૬ બહેનો અને ૧ ભાઈ છે, મારા પપ્પાના વસન બાદ મારી ૨ મોટી બહેનો ના લગ્ન કાર્ય પછી મારી ઘરની પરિસ્થિતિ નબળી હતી એટલે મને હીરામાં કામે બેસાડી દીધી અને પછી થોડા વર્ષો પછી મારી પણ સગાઇ નક્કી કરવામાં આવી અને મારા મમ્મી ને ચિંતા થવા લાગી કે હું મારી દીકરીને કેમ લગ્ન કરીશ આવામાં અમારા રાણપરડા(ખારા) ગામના એક વ્યક્તિ પ્રવીણભાઈ ઓઘાભાઈ સવાણી એ મારા મમ્મીને સવાણી ગ્રુપ ના લગ્ન વિશે જણાવ્યું અને અમે તેમના હસ્તક ફોર્મ ભરી જમા કરાવ્યા અને મારા

મમ્મીની ચિંતા મુક્ત થઇ.

ત્યારપછી મહેશ પપ્પાના પ્રેમથી એમ થયું કે ખરેખર મારા પપ્પા મને પાછા મળી ગયા મેં જેવા લગ્ન કરવાનો વિચાર પણ નોતો એવા મારા અને બીજી દીદીઓના લગ્ન કરતા ધૂમધામ થી લગ્ન કર્યા જયારે એક દીકરીના લગ્ન કરતા હોય તો પણ મહેશ પપ્પા જેવા લગ્ન તો કરી જ ના શકે.

મહેશ પપ્પા મળ્યા પછી લગ્નનો બોજ માથા ઉપરથી ઉતરી ગયો thanks a lot dear papa for coming in my life તમે જયારે મને કન્યાદાન કરીને વિદાય આપશો ત્યારે મને મારા રીયલ પપ્પાના દર્શન થશે, કહેવાય છે કે લોહીના સંબંધ કરતા લાગણીના સંબંધ ઉંચા હોય છે , આવો જ  સંબંધ મહેશ પપ્પા અને દીકરીનો છે.

અને આવો જ સંબંધ રહે એવું જ ભગવાન પાસે માંગું છું પપ્પા તમારે આટલી બધી દીકરી હોવા છતાં તમે બધાને સરખો પ્રેમ આપો છો, કોય ને ભૂલતા નથી તમારા જેવા પપ્પા નસીબ વાળાને જ મળે તેથી જ હું તમારો આભાર વ્યક્ત કરું છું કે તમે મને તમારી દીકરી સ્વરૂપે સ્વીકારી thanks Mahesh papa.

છેલ્લે બસ આટલું જ કહીશ..... I love you papa મેં દિખતી હું માં જૈસી સબ કહેતે હૈ સચ કહેતે હૈ FROM  લેકિન હું મેં અપને પાપા કી બેટી...... your dika ઔર આજ મેં હું અપને મહેશ પપ્પા કી બેટી mamta.

**જય રામાપીર**
**જય સ્વામીનારાયણ**
**તમારી લાડકડી**
**કાબર.**



## શિલ્પા રમેશભાઈ ચૌહાણ

દીકરીની જન્મતારીખઃ- ૦૬/૦૭/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૨૧/૦૪/૨૦૧૪

પ્રિય પપ્પા-

મહેશ પપ્પા તમારા વિશે તો હું લખું તો પુરી બુક ઓછી પડે તમે મારી જીંદગી માં ભગવાન અને મારા પપ્પાનું બીજું રૂપ છો. બધા કહે છે કે ભગવાન કોઈ ને દેખાતા નથી. પણ મેં તો ભગવાન મારા મહેશ પપ્પા માં જ જોઈ લીધા.

મારા પિતાજી નું અવસાન તારીખ ૨૧/૦૪/૨૦૧૪ માં થઇ ગયું હતું જયારે મારા પિતા અવસાન પામ્યા. ત્યારે હું ૧૪ વરસની હતી, મારો ભાઈ ૧૦ વરસ નો હતો,મારા પિતાના અવસાન થયા પછી અમને બધા એ ખુબ જ હેરાન કર્યા,ત્યારે હું વિચારતી કે મારા લગ્ન થશે ત્યારે હું શું કરીશ મારા પપ્પા નથી તો મારા સાસરે મને દુઃખ થશે ત્યારે હું પપ્પા વિના હું કોને કહીશ, મારા સુખ દુઃખ ની વાતો કોને કહીશ આવું વિચારી વિચારીને રડ્યા કરતી અને પપ્પા હું હવે પપ્પા કોને કહીશ. પણ ૬ વર્ષ પછી અમને ખબર પડી કે મહેશ પપ્પા આવા લગ્ન કરાવે છે, અને દીકરીના પપ્પા બને છે.

પછી મહેશ પપ્પા મારી જીંદગીમાં આવી ગયા, હું જયારે મીટીંગમાં પપ્પા ને મળી ત્યારે મારી ખુશીનો કોઈ પાર ના રહ્યો. કે મને પપ્પા મળી ગયા પપ્પા એ મારા માથા પર હાથ મુક્યો ત્યારે મને એવો અનુભવ થઇ ગયો કે મારા પપ્પા મને મળી ગયા,બસ પછી થી લઇ ને મારું બધું દુઃખ જતું રહ્યું હવે મને ક્યારેય પણ નથી લાગતું કે હું એકલી છું મારા પાસે મારા મહેશ પપ્પા છે, હવે મને ક્યારેય પણ નથી લાગતું કે હું એકલી છું મારા પાસે મારા મહેશપપ્પા છે. હવે મને કોઈ દુઃખ નથી, મારા માથા પર તો મારા પપ્પાનો હાથ છે, હવે ખાસ કરીને રોતી નથી.

MY PAPA IS BEST IN THE WORLD
LOVE YOU PAPA
LOVE YOU TOO.
PAPA
MY BEST PAPA
MARA MAHESH PAPA

**લિ. તમારી લાડકડી દીકરી**
**શિલ્પા.**
**જય રામાપીર PAPA.**





## સાંખટ કાજલ જગદીશભાઈ

દીકરીની જન્મતારીખ:- ૨૬/૦૬/૧૯૯૮
પિતાની પુણ્યતિથિ:- ૨૮/૧૦/૨૦૧૭

**જય રામાપીર પપ્પા**

આજે હું જે કઈ વાત કહેવા જઈ રહી છું. તો માત્ર લેખ નહી પરંતુ મારી જીંદગી છે. હું એકલી નથી પણ મારી સાથે ઈશ્વરથી મહાન પપ્પા છે, મહેશ પપ્પા તમારા વિશે તો લખું એટલું ઓછું છે, પપ્પા તમારું સ્થાન મારા જીવનમાં સૌથી ઉપર છે, માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી પરંતુ મને કુદરતના આ નિયમની વિરુદ્ધ જઈને પપ્પાના સ્વરૂપમાં મને મહેશ પપ્પા આપ્યા, કઈ સમજાતું નથી કે હું શું લખું ? ક્યાં શબ્દમાં લખું?

મારા પપ્પાનું અવસાન તા-૨૮/૧૦/૨૦૧૭ ના રોજ થયું હતું મારા પપ્પાને કોઈ પણ બીમારી નહિ અરંતુ તેને સ્વાઈનફ્લુ તાવ આવતા અચાનક જ તેમને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે મને થયું કે મારા પપ્પાને સારું થઇ જશે પણ અચાનક જ ૩ દિવસના તાવમાં તેઓનું અવસાન થયું આમ ૩દિવસના તાવમાં મારા પપ્પા મૃત્યુ ના કારણે તેઓને હોસ્પીટલમાં થી જ રાત્રે અગ્નિ સંસ્કાર આપી દેવામાં આવ્યો આમ અચાનક જ ભગવાને મારા પપ્પાને મારાથી અલગ જ કરી દીધા.

“આજે લખવા બેઠી છું, પિતાની લાગણી પણ લખી શકતી નથી કેમ કે પિતા-પુત્રીની લાગણીઓ આજે શબ્દોમાં અભિવ્યક્ત કરી શકાતી નથી” સાંભળ્યું છે કે “પિતા” શબ્દ કોઈના મુખમાંથી તો આંખભીની થઇ જાય છે, પણ બીજી જ ક્ષણે મહેશ પપ્પાનો ચહેરો નજર સમક્ષ આવતા જીવનની બધી તકલીફો ભૂલી જવાય છે.

મહેશ પપ્પા માટે લખાયેલું “પ્રેરણા મૂર્તિ” પુસ્તક જયારે મેં પહેલીવાર વાચ્યું ત્યારે હું થર થર કાંપી ઉઠી હતી અને મને ખરેખરો અહેસાસ થયો હતો કે કોણ કહે છે કે આ કલિયુગ માં ભગવાન સાક્ષાત નથી! કોણ કહે છે આ યુગમાં બ્રહ્મા,વિષ્ણુ,મહેશ નથી , મહેશ પપ્પા જેવા સમાજ અગ્રણી ભગવાનનું બીજું સ્વરૂપ નથી તો શું છે?

આજે મારી તથા મારા જેવી ૧૦૦૦ થી વધુ દીકરીઓની લગ્નની



તથા લગ્ન પછીની બધી જવાબદારી મહેશ પપ્પાએ લીધી છે અને એ જવાબદારી એટલી સહજતાથી નિભાવે છે કે દુનિયામાં કોઈ પણ વ્યક્તિ કે કોઈ પણ બાપ એમની જીવન શૈલી જાણી લે છે ખાલી સાંભળી લે ને તો સમાજની કોઈ દીકરી દુઃખી ના થાય.

આ બે શબ્દ મહેશ પપ્પા માટે લખું તો " કદી પિતાના રૂપે તો કડી મિત્રના સ્વરૂપે તમારો હાથ અમારી ઉપર છે, આશીર્વાદ સ્વરૂપે, નાની છીએ અમે અને ઓછી છે સમાજ તો પણ અમારા પ્રેમ અને લાગણીઓ નું સિંચન કર્યું તમે.

**હ્રદય જેનું છે વિશાળ એને ભેટ સ્વરૂપે**
**શું આપીશ?"**
**બસ પ્રભુને એટલી જ પ્રાર્થના**
**હર જન્મમાં પિતા તમે જ......**

મંજિલ દુર અને સફર ઘણી લાંબી છે. નાનકડી આ જીંદગીમાં ફિકર ઘણી બધી કે આ દુનિયા તો ક્યારની મારી નાખત.

એક દીકરીની આશાઓ અને સપનાઓને પણ મહેશ પપ્પા જેવા પિતાના પ્રેમની અસર ઘણી લીધી છે.

આજે આ પત્ર તો લખું જ છું પણ કદાચ હવે મને કોઈ પૂછશે કે તારે પપ્પા છે, જે દુનિયાના દરેક પપ્પા કંઈક અલગ જ છે, અંતે હું એટલું જ કહીશ કે

**ચંદાને પૂછા તારો સે, તારો ને પૂછા હજારો સે,**
**સબસે પ્યારા કોણ હૈ? પાપા મેરે પાપા........**

લખવામાં કઈ ભૂલ થઇ હોય તો દિલથી માફી માંગું છું.

**લિ. આપની લાડલી**
**કાજલ.**
**જય રામાપીર**





## સાંખટ પાયલ જગદિશભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૨૪/૦૬/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૨૯/૧૦/૨૦૧૭

જય રામાપીર સાથે જણાવવાનું કે હું મારા દિલની વાત કહું છું, આજે મારે પણ મારા પાપા વિશે કઈક કહેવું છે કે મારા પપ્પા સહનશીલ,લાગણીશીલ અને પ્રેમાળ હતા, મારા પિતાજી મને છોડીને ગયા ત્યારે હું ૧૯વર્ષની હતી એ વખતે મારા પર દુઃખનો કારમો ઘા પડ્યો, હું પપ્પાની લાડકડી હતી, મારા પપ્પા સ્વાઈનફ્લુ ના રોગે ૨૯/૧૦/૨૦૧૭ ના રિજે મૃત્યુ પામ્યા હતા, પપ્પા હતા ત્યારે લાડકોડ થી મોટા થયા હતા પણ પછી અમારા ઘરની પરિસ્થિતિ નબળી આવી હતી કારણ કે જીંદગીમાં આપણે બીજું કઈ નહિ મળે તો કઈ નહિ પણ પિતા વગરની જીંદગી આપણી નકામી છે એમ લાગે છે કે અમારા પર કોય નો આશરો જ નથી એટલા માટે માં-બાપ હશે તો આપણે ઘરમાં બધું છે એવું લાગે છે,ખરેખર ઘણી છોકરીઓ એવી હશે કે જેને એક પાપનું સુખ જ નથી મળતું પણ હું નસીબદાર છું મને બે પિતાનું સુખ મળ્યું એક મારા પપ અને બીજા મારા મહેશ પપ્પા મળ્યા હતા ત્યારે તેમને કહ્યું કે હવે તું એવું ક્યારેય નય માનતી કે તારે પપ્પા નથી, આજ થી હું તારા પપ્પા જીવનમાં કડી પણ મુશ્કેલી પડે ત્યારે મને યાદ કરજે હું તારી સાથે છું, એ સમયે મારી આંખમાં આંસુ આવી ગયા અને હું ગદગદીત થઈ ઉઠી હતી કે મારી જીંદગીમાં પપ્પાનું આગમન થયું, જેમ સિક્કાની બે બાજુ હોય છે તેમ મારી જીંદગી પણ પિતા વગરની જીંદગી અને હવે પિતા વાળી જીંદગી બની ગઈ.

**"પપ્પા હતા અમારા મનના મોતી**
**ગગન માંથી લાવો કોઈ ગોતી**
**આંખલડી અમારી હિબકે રોતી**
**પપ્પાને મળવાની વાટલડી જોતી"**

મહેશ પપ્પા તમારા વિશે ગમે તેટલું લખું ઓછું જ છે કેમકે મારા પપ્પા વર્લ્ડના બેસ્ટ પાપા છે જેનો ઉલ્લેખ કાગળ કે પેન થી નહિ થાય એતો મારું દિલ



જ જાણે મારા પપ્પા વિશે નો પ્રેમ.

I love you my papa

**લિ. તમારી લાડકડી વહાલી દીકરી**

**પાયલ.**

**જય રામાપીર.**



## સુરતી અમીષા મનોજભાઈ

દીકરીની જન્મતારીખ:- ૨૫-૧૧-૧૯૯૫
પિતાની પુણ્યતિથિ:- ૨૩-૦૩-૨૦૦૭

Dear papa

**જય રામાપીર....**

**પ્યારા પપ્પા માટે હું શું લખું તે સમજાતું નથી,**
**મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી**
**શરૂઆત કરું ?**

**કહેવાય છે કે દીકરી કુળનું ગૌરવ છે,**
**કારણ કે દીકરી કુળને તારવે છે...**

પપ્પા તમને તો ખબર જ હશે ને કે મમ્મી-પપ્પાના અવસાન પછી અમે ત્રણેય બેન બહુજ એકલા પડી ગયા હતા મારી મોટી બેન શીતલ ઉપર આખી જિમ્મેદારી આવી ગઈ હતી ,શીતલબેન એ શાળા છોડીને જોબ પર જવા લાગ્યા અને અમને બે બેન ને ભણાવીયા પણ બેન ક્યારેય ખીજાયા હોય એવું મને યાદ નથી,પણ અમારી નાની-મોટી જરૂરીયાતો વગર માંગે અને વગર કીધે પૂરી થતી હતી....અમને મમ્મી-પપ્પા નો પ્યાર આપ્યો........અમે બહુજ કિસ્મત વાલા છીએ કે અમારી પાસે શીતલ બેન જેવા બેન છે......

મને એ વાતનો ગર્વ થાય છે કે મહેશ પપ્પા જેવા પપ્પા અમને મળ્યા અને અમે બહુ જ ખુશ છીએ કે મારી મોટીબેન શીતલ ના લગ્ન તમે કરાવ્યા અને તમે મારા લગ્ન પણ તમે કરો છો...મમ્મી-પપ્પા નો સાથ છૂટી જાય ગયો, અમને બધા જ દેખાતા.....પણ અમને અમારા માં-બાપ ન દેખાતા.....એમની કમી ખુબ જ મહેસુસ થતી જયારે અમને કોઈ કહેતું મારા મમ્મી-પપ્પા અમારા માટે કંઈક લઇ આવ્યા ત્યારે અમારું હૈયું ભરાઈ જતું...અને બંને આંખોમાંથી દરિયાનો આંસુ વહેવા લાગતા ...જયારે કઈ પણ



સંજોગ હોય, તહેવાર હોય ત્યારે મમ્મી-પપ્પાની યાદ આવતી...હવે જ્યારથી અમારા જીવનમાં મહેશપપ્પા આવ્યા છે ત્યારથી અમારા જીવનમાં પપ્પાની કમી મહેસુસ થતી નથી...

મહેશપપ્પા અમારા માટે જે પણ કઈ કરે છે, તે આ જન્મમાં કોઈ ન કરે...મારા મહેશ પપ્પા વર્લ્ડના બેસ્ટ પપ્પા છે, બસ હવે પપ્પા છે હવે પછી મહેશ પપ્પા દુ:ખ નહિ આવવા દે. દુનિયામાં એવી કેટલીય દીકરીઓ હશે જેના માં-બાપ નથી પણ જ્યારથી મહેશપપ્પા મળ્યા ત્યારથી મને મમ્મી-પપ્પા ની કમી મહેસુસ થશે નહિ....મહેશપપ્પા માટે જેટલું પણ લખીએ એટલું ઓછું.....મહેશપપ્પા એ છે કે એમના માટે શબ્દ ઓછા પડે.....મહેશપપ્પા વર્લ્ડના બેસ્ટ પપ્પા છે.....

બસ પપ્પા, અમારે બીજું કઈ જોતું નથી હું તમારો પ્રેમ ઈચ્છું છું.....પપ્પા તમે અમારી જોડે રોજ રહેતા નથી પણ અમારા દિલમાં રહો છો....આંખો ખોલતા પહેલા તમારા ગુડ મોર્નિંગના મેસેજ મળે અને આંખો બંધ કરતા પહેલા ગુડ-નાઈટના મેસેજ મળે હું કેટલી ભાગ્યશાળી છું કે મને આટલો પ્રેમ કરવા વાળા પપ્પા મળ્યા.....

LOVE YOU PAPA

મારા પપ્પા ના બીજા સ્વરૂપે તમે મળ્યા છો અને તેમના અધૂરા સપના પણ તમે પુરા કરો છો......હું ખુશ છું......

THANK YOU PAPPA

I LOVE YOU PAPPA

I MISS YOU EVERY MOMENT

PAPPA....

**જય રામાપીર પપ્પા...**

**તમારી દિકા અભિષા .......**



# સ્નેહલ જસુભાઇ સોલંકી

દીકરીની જન્મતારીખઃ- ૨૫/૧૧/૧૯૯૨

પિતાની પુણ્યતિથિઃ- ૨૮/૧૨/૨૦૦૯

## My dear papa

**"જય રામાપીર"**

પપ્પા ક્યાંથી શરૂઆત કરું તે કાંઈ સમજાતું નથી. પપ્પા શબ્દ જ એટલો મહત્વપૂર્ણ પ્યારો અને વહાલભર્યો શબ્દ છે. દરેક દીકરીની લાઇફમાં પપ્પાનું સ્થાન સૌથી ઉપર જ હોય છે અને તેમના માટે તે ગૌરવની લાગણી અનુભવે છે. દીકરી ગતે તેટલી મોટી થઇ જાય પણ પિતા માટે તો તેની દીકરી નાની લાડકડી જ રહે છે.

મારું નામ સ્નેહલ છે, અમે બે ભાઈ-બહેન છે. એક મારા થી નાનો ભાઈ છે. અમે કપડવંજ (તા-કપડવંજ,જી-ખેડા) ના રહેવાસી છીએ. આમ તો અમે બધા શાંતિ ની લાઈફ જીવતા હતા, મારા પપ્પા આર્મીમાં જોબ કરતા હતા તે અમારા ઘરની સાથે બીજાના ઘરોની પણ રક્ષા કરતા હતા,મને મારા પપ્પા પર ગર્વ હતો તે છુટ્ટી માં જયારે ઘરે આવતા ત્યારે અમારી સાથે ખુબ મસ્તી કરતા. સવારે અમે બંને દોડવા જતા હતા પણ જાણે અમારી ખુશીઓને કોઈકની નજર લાગી ગઈ હોય તેમ એક દિવસ અમે રોજ ની જેમ દોડતા હતા ત્યારે અચાનક પપ્પાનો પગ મચકોડાય ગયો. તેને પગનું ઓપરેશન આવ્યું અને પ્લાસ્ટર નો પાટો આવ્યો, ત્યારથી અમારા દુઃખ ના દિવસો ચાલુ થઈ ગયા હું જયારે ૧૨માં ધોરણમાં હતી ત્યારે મારા પપ્પાને હાર્ટ-એટેક આવ્યો અને તેઓ અમને છોડીને જતા રહ્યા. હું બહુ દુઃખી હતી,વાર-તહેવારે મને મારા પપ્પા બહુ યાદ આવતા હતા, કોઈકવાર તો મારાથી રડાય પણ જતું હતું. અત્યારે મારા પપ્પા મારી સાથે હોત તો લાઈફ કેવી હોત એવા વિચારો આવતા, પપ્પા વગર મારી લાઈફ અધૂરી હતી હું પપ્પાને ઘણા miss કરું છું, મારા પપ્પા મારા માટે વર્લ્ડના બેસ્ટ પપ્પા હતા,આમ તો ઘણું બધું દુખ છે પણ એ હું શબ્દોમાં કહી સકતી નથી.

આજે હું ઈશ્વરનો આભાર માનું છું કે તેને મારી લાઈફમાં મારા પપ્પાના અવતારમાં મહેશ પપ્પાને મોકલ્યા. મહેશ પપ્પા વિશે તો શું કહું કે શું લખું. તેના વિશે જેટલું લખું એટલું ઓછું છે. બાપ-દીકરીના સંબંધ વિશે કઈ કહેવાનું ના હોય બસ

સમજવાનું હોય. મારા પપ્પા ના ગયા પછી હું નિરાશ થઇ ગઈ હતી કે હવે મારું શું થાશે, પણ જયારે મહેશ પપ્પા મારી લાઈફમાં આવ્યા છે,ત્યારથી મને પપ્પાની કમી મહેસુસ થતી નથી. મારા પપ્પા દેશની સરહદે રહીને બધાની રક્ષા કરતા હતા તેમ મહેશ પપ્પા દેશમાં રહીને મારા જેવી લાડકડીઓની રક્ષા કરે છે. મારા તો ભગવાન ગણો તો પણ એ મહેશ પપ્પા જ છે. મહેશ પપ્પા વિશે તો ઘણું બધું કહેવું છે,તેના માટે આ કાગળ-પેન પણ ટુંકા પડે છે લખવા માટે. એ તો મારું મન જ સમજે છે કે મહેશ પપ્પા મારા માટે શ્હું છે.

(પપ્પા લખવામાં ક્યાય ભૂલ થઇ ગઈ હોય તો લાડકડી સમજીને માફ કરી દેજો)

I love you my best papa

પપ્પા I miss you. તમે મારી ઘરે મળવા ક્યારે આવશો. હું તમારી રાહ જોઈ રહી છું કે ક્યારે મારા પપ્પા આવે.

**તમારી લાડકડી,**
**સ્નેહલ.**



## ચંદ્રિકા ઉનાગર

દીકરીની જન્મતારીખઃ- ૧/૧૧/૧૯૯૬

પિતાની પુણ્યતિથિઃ- ૨૬/૧૨/૨૦૧૭

"જય રામાપીર"

My dear papa
Only for you my loving
best father

" મહેશપાપા" આ શબ્દ જેટલીવાર મારા મુખે થી બોલું છું. એટલીવાર આંખમાંથી હરખના આંસુ સારી આવે છે. સમજાતું નથી કેવી રીતે તમારો આભાર વ્યક્ત કરું. મારા અંધકાર  જીવનમાં અચાનક આટલું અજવાળું આવી ગયું એ બધું જ તમે કરી આપ્યું આજ સુધી કોઈ ના કરી આપ્યું મારી મદદમાં આટલી બધી ખુશી આપવા માટે ખુબ ખુબ ખુબજ ધન્યવાદ પાપા. મારા લગ્નઆટલી સરસ રીતે થશે એવું મેં ફક્ત સ્વપ્ન માં જ જોયું હતું એ મારું સપનું આજે મારી સામે મારી હકીકત બનીને ઉભું છે . આજે હું કેટલી ખુશ છું પપ્પા એ હું શબ્દ માં વર્ણવા બેસું તો શબ્દ પણ ઓછા પડે THANK U પાપા . મારા જીવનમાં આટલી ખુશી લાવવા માટે અને મારી લાઈફ સરસ બનાવવા માટે.

આ વાત કરતા મને ખુબ જ આનંદ થાય છે. મારા પ્રિય મહેશપાપા મળ્યા પછી જાણે અમારી જીંદગીમાં નવો સૂર્યોદય થયો. આજે એક પિતા તરીકે તમારી ફરજ તમે નિભાવો છો. દરરોજ સવારમાં પપ્પા તમારો મેસેજ વાંચી હું ખુબજ રાજી થઇ જાવ છુંમને એક પપ્પા તારીખે નો પ્યાર આજે મળ્યો . પપ્પા મારા પપ્પા પણ મને ખુબ જ પ્યાર કરતા હતા. પણ તેમાં ગયા પછી કહેવા માટે સૌ પોતાના જ છે. પણ એ કહેવત છે. ને પાપા

**માં જાય તો મોસાળ જાય**
**બાપ જાય તો કુટુંબ જાય**

આ કહેવત ખોટી નથી. એકદમ સાચી જ છે. કહેવાય બધા પોતાના જ પણ આખિર માં બાપ ની હારમાં બીજું કોઈ ના આવી શકે  પણ પપ્પા જ્યારથી તમે મારી લાઈફ આવ્યા ત્યારથી મને એક પિતા તરીકેની લાગણી પ્યાર બધું જ મળી

ગયું. પપ્પા જ્યારે તમે મને દિકા કહીને બોલાવી ત્યારે મારી ખુશીના કોઈ ઠેકાણા જ ન હતા હું એટલી ખુશ થઇ ગઈ કેમકે પપ્પા આજ સુધી " દિકા " શબ્દ સાંભળ્યો જ ન હતો. દિકા શબ્દ સમ્ભલતા જ મારા મનને એવો અહેસાસ જાગ્યો . મારા એક પપ્પા ચાલ્યા ગયા તો શું થયું. ભગવાને મને પપ્પાના સ્વરૂપ માં બીજા પપ્પા આપ્યા છે.

મેરે પ્યારે પાપા તમારા વિષે હું જેટલું કહું એટલું ઓછું પડે કારણ કે પપ્પા ને ખાલી મારી જીંદગી માં વિચાર્યું જ હતું કે મારા લગ્ન ખુબ જ ધામધૂમ થાય . મારા લગ્નમાં હું આવી રીતે કરીશ તેવી રીતે કરીશ આવા ફક્ત મેં વિચારો જ કાર્ય હતા પણ મારા આ વિચારોને આજે તમે હકીકત કરી બતાવ્યા.

આજ સુધી મને મારા જીવનમાં એકલતા પણું લ્લાગતું હતું પણ જ્યારથી તમે મારી લાઈફમાં આવ્યા છો. એ પછી મને એક પણ વાતતો અહેસાસ બાકી રહ્યો નથી અને હવે મારા મનમાં ઈમ જ થાય છે. મારા સપનાની ઉડાન હવે પૂરી જશે. હવે કોઈપણ વાતનું દુઃખ નથી કેમકે તમે જે મારા પપ્પા મારા ભગવાન સમાન ભાગવાનું જ એક સ્વરૂપ બન્નીને આવ્યા છો. આજ પપ્પા તમે જ મારું સર્વસ્વ છો. I Love You Papa . Thank You So Much

પપ્પા સંતમાં હું એટલું જ કહેવા માંગું છું. અમારી બધી જ લાડકડી દીકરીના સ્પેયીઅલ બેસ્ટ પપ્પા તમારી લાઈફ સદા ખુશીયોથી ભરી રહે છે. તમારું જીવન સદાય ને માટે " મહેકતું" રહે

I Love My Papa
એક છોટી સી લાઈન પપ્પા તમારા માટે
"ચંદા ને પૂછા તારો શે તારો ને પૂછા હજારો સે
સબસે પ્યારા કોન હૈ ?" પાપા મેરે મહેશપાપા

**લી.**
**આપની લાડકી**
**ચંદ્રિકા ના જય રામાપીર**





# મકવાણા સરિતા માવજીભાઈ

દીકરીની જન્મતારીખઃ- ૨૦|૦૬|૧૯૯૮

પિતાની પુણ્યતિથિઃ- ૧૬|૧૨|૨૦૧૬

Dear pappa

જય રામાપીર

મારું નામ મકવાણા સરિતા છે . અમારા પરિવારમાં ચાર બેહનો અને મારા મમ્મી છે હું મારા દુખ ની વાત કેહવા માંગુ છું. મારા પપ્પા ખુબ જ દયાળુ અને સારા હતા. મારા પપ્પા ને દીકરી પ્રત્યે ખુબ જ ભાવ અને પ્રેમ હતો. મારા પપ્પા અમને દીકરા ની જેમ રાખતા હતા.મારા પપ્પા ને મને ભણવાની ઈચ્છા હતી.પણ અમારી પરિસ્થિતિ સારી નોતી. પપ્પાએ મને કીધું ટુ ક હું લેણું કરીને પણ તને ભણાવીસ. પણ મેં ના પાડી.હું દસમું પાસ થઈ એ સમયે મારી બહેનનો જન્મ થયો.મારા મમ્મી કામ કરી સકે તેમ નોતા. એટલે હું કામે લાગી ગઈ.મારી બહેનનો જન્મ થયો ત્યારે મારા મમ્મી ખુબ રડતા હતા. મારે ભાઈ નથી એટલે પપ્પા મારી મમ્મી ને કેહતા કે આપણી ચાર દીકરી છે એ આપણા દીકરા જ છે.

મારો ૧૯ મો જન્મ દિવસ હતો. તે દિવસે મારા પપ્પા ને પેલી જ વાર લોહી ની ઉલ્ટી થઈ.મારો ખુશી નો દિવસ ગમમાં ફરી ગયો. પપ્પા ને પાંચ દિવસ દવાખાને રાખ્યા. મારા પપ્પા ની દવામાં અમે ૪૫ હજાર નો ખર્ચો કર્યો.ત્યારે તેને સારું થઈ ગયું.૧૬|૧૨|૨૦૧૬ ના દિવસે પછી ઉલ્ટી થઈ. ત્યારે તેની હાલત ખુબ જ ખરાબ હતી.દવાખાને લઈ ગયા ત્યારે હું ખુબ જ રડતી હતી. ભગવાનને એટલું જ કેહતી હતી કે મારા પપ્પા ને જલ્દી સારું થઈ જાય. ભગવાનને અમારી ઉપર જરા પણ દયા ના આવીં. બપોર ના સમય માં પપ્પા નું અવસાન થયું.ત્યારે મને ખુબ જ દુખ થયું. મારા પપ્પા નું અવસાન થયું ત્યારે મારી નાની બહેન ૩ વર્ષની હતી. તે મને રોજ પૂછતી કે પપ્પા દવાખાને થી ક્યારે પાછા આવશે? ત્યારે મને ખુબ જ રડવું આવતું.તેને તો પપ્પા દવાખાને છે એવું જ લાગતું હતું.મેં સપના માં પણ નોતું વિચાર્યું કે મારે પપ્પા વગર ની ઝીંદગી જીવવી પડશે. પપ્પાનું અવસાન થયું ત્યારે અમારા ઘર માં ૨૦૦૦ રૂપિયા પણ નોતા. પપ્પા ના પાણીધોળ નો ખર્ચો કાકા એ કર્યો હતો.

પિતા એટલે ઘટાદાર વૃક્ષ.જેમના છાયડા માં આખો પરિવાર સુખે થી રહે.

પિતા વગરનું ઘર ચલાવવું એટલે એનો અનુભવ કરવો હોય તો અંગુઠા વગર આંગળી થી દરેક કામ કરી જુઓ. પિતાની કિંમત સમજાય જશે.

મારા પપ્પા ના ગયા પછી અમને કોઈએ સાથ નથી આપ્યો.ઘરની બધી જ જવાબદારી મારા પર આવી. મારા પપ્પા ની ઈચ્છા હતી કે મારા લગ્ન મારા ફુઈ ના છોકરા ભાવેશ જોડે થાય.મારી સગાઇ ની વાત શરૂ થઇ પણ મારા કાકા કાકી ને મારી સગાઇ ત્યાં નોતી થવા દેવી છતાં અમે સગાઇ નક્કી કરી. એટલે મારા કાકા કાકી અમને હેરાન કરતા હતા.મારા પપ્પા ના પાણીધોળ ના ૧૫૦૦૦ રૂપિયા આપ્યા તા તે પણ અમારી પાસેથી લઈ લીધા. છતાય અમને હેરાન કર્યા કરતા.મને પપ્પાની ખુબ જ યાદ આવતી.પપ્પાના પપ્પા ના ગયે હજી ૬ મહિના પણ નોત્તા થયા ત્યાં મારા નાના નું પણ અવસાન થયુ.ભગવાને અમને ખુબ દુખ આપ્યું.ભાવેશ સાથે સગાઇ નક્કી થયા પછી એ મારા ઘર ની જવાબદારી પોતાના પર લઈ લેતા. ભાવેશ ના મળ્યા પછી મારું દુખ હળવું થઇ ગયું. ૧ વર્ષ થયું પછી મને ભાવેશે પી.પી.સવાણી સમૂહ લગ્ન વિશે વાત કરી અને અમે ફોર્મ ભર્યું.મહિના પછી ફોન આવ્યો કે અમારું ફોર્મ સિલેક્ટ થઇ ગયુ.

જયારે મારી પાસે બધું હતું ત્યારે હું બાળ સ્વરૂપ હતી. જયારે કુદરતે બધું છીનવી લીધું ત્યારે કુદરત ને મારા પર વિશ્વાસ હતો પણ જયારે કુદરતે આજે ફરી બધું આપ્યું છે.ત્યારે મને કુદરત પર વિશ્વાસ છે. કે ઈશ્વર ૧ હાથે છીનવી લે છે. ત્યારે હજાર હાથે પાછુ આપે છે.

હું પેહલીવાર સુરતમાં મહેશપપ્પા ને મળી ત્યારે મને એહસાસ થયો કે હું મારા પપ્પા ની સામે જ છું. મને પપ્પા પાછા મળી ગયા જયારે હું પપ્પા ને પગે લાગી.ત્યારે તેણે મારા માથા પર હાથ ફેરવ્યો. મને ખુબ ખુશી થઇ મારા મમ્મી ની પણ બધી ચિંતા દુર થઇ ગઈ.

હું ભગવાનનો ક્યાં શબ્દમાં આભાર માનું. હું ખુબ જ નસીબદાર છું કે મને મહેશપપ્પાનો પ્રેમ મળ્યો. અને તેની દીકરી થવાનો મોકો મળ્યો.તમે મારા પપ્પા ની ખોટ પુરી કરી.જે પ્રેમ હું મારા પપ્પા ના ગયા પછી કાકા -દાદા પાસેથી પામવા માંગતી હતી.એ પ્રેમ મને મહેશપપ્પા એ આપ્યો. Thank you પપ્પા. ભગવાન તમને લાંબી ઉમર આપે.

**"જબ ચલ બસે થે પાપા મેરે , તૂટ કે બિખર ગયા મેરા પરિવાર ,**
**જૈસે ભી થે આધાર થે હમારે પર ફિર તો ના રહ કોઈ સાથ,**
**ના કોઈ સંગાથ ઓર ના કિસીકા ઈન્તજાર ,**
**પર મિલ ગયા જીને કા સહારા મિલ ગયા**
**પાપા કા પ્યાર ઓર ભગવાનને ભેજા હમારે પાસ એક ફરિશ્તા**

**" મહેશપપ્પા કે રૂપ મેં "**

**My papa is best in the world.**

**તમારી દિકા મકવાણા સરિતા**

**Love you pappa**



## ગં.સ્વ.હીરામણીબેન
## જનનીધામ

જન્મતારીખઃ- ૨૩|૦૧|૧૯૭૮

પિતાની પુણ્યતિથિઃ- ૨૪|૦૮|૨૦૧૦

**જય બાબા સ્વામી**

મારું નામ હીરામણી મારો જન્મ વેરાવળ સોમનાથ માં થયેલ અમે ત્રણ બહેનો અને બે ભાઈ મમ્મી ઘરમાં ૬ સભ્યો ધરાવતી ફેમીલી મારા પિતા જયારે અવસાન પામ્યા ત્યારે ૩ ૧૦ વર્ષની હતી અને મારો નાનો ભાઈ ૬ માસ નો હતો.

હવે હું જે લખી રહી છું તે મારા જીવનનું  સત્ય જે મેં કોઈની સાથે શેર કર્યું નથી.

મારા પિતા હતા ત્યારે મને ક્યારેય આભાસ ન થતો હતો કે આ મારા પિતા છે. અને આને પપ્પા કહેવાય કેમ કે પપ્પા ઘરમાં આવતા એટલે અમે ભાઈ બહેન બધા સંતાઈ જતા અને બીક લાગતી કે ક્યાં અમને મારે તો અને છુપાઈ ને જોતા ઘરમાં આવતા જ દારૂના નસામાં ધુત મારી મમ્મીને મારઝુડ શરૂ કરી દેતા અને તે સિલાઈ કામ કરી અમારૂ  ભારણ પોષણ કરતા તે પૈસા પણ મારી મમ્મી પાસેથી લઇ જતા અને આઠ દસ દિવસ પછી આવતા જ નહિ ઘરમાં અને એક દિવસ એવો આવ્યો કે અમારા અને મમ્મી ના ૧૪ વર્ષ વનવાસ ના પૂર્ણ થયા હશે કે મારા પિતા મૃત્યુ પામ્યા.

ત્યાર બાદ મારા મમ્મી બ્યુટી પાર્લર કોર્સ શિખવા બોમ્બે ગયા મારા મામા લોકોએ તેમને મોકલ્યા અને ૪ ભાઈ - બહેન ની જવાબદારી મને શોપી ગયા મારો નાનો ભાઈ ફક્ત છ માસ નો હતો મને મારી કાકી પર જરાય વિશ્વાસ ન હોવાથી હું સ્કુલે ભણવા જતી તો સાથે ભાઈ અને બહેનો ને લઇ ને જતી. શરૂઆતમાં શિક્ષકો ઘણા ખીઝાતા પછી તે પણ મારી તકલીફ સમજી ગયા એટલે મને બધા સ્કુલમાં સાથ આપતા હતા મારો નાનો ભાઈ છ માસનો હતો તેને સ્કુલમાં સાથે લઇ જતી તો સરમ પણ આવતી હતી પણ કોઈ બીજો રસ્તો હતો જ નહિ મારી પાસે.

ત્યાર બાદ મમ્મી બ્યુટી પાર્લર શીખીને આવ્યાં અને ભાડાનું મકાન રાખી અમે પાર્લર શરૂ કર્યું અને ૩ પણ સાથે શિખવા લાગી પાર્લર અને મમ્મીને સહયોગ થાય તે માટે આમને આમ મારી ઉંમર ૨૮ વર્ષ થઇ ગઈ જવાબદારીમાં ખબર ના પડી અને

સગા સબંધી મારી મમ્મીને પૂછતાં તમે દિકરીના લગ્ન ક્યારે કરશો ત્યારે એવો વિચાર આવ્યો કે મારા કારણે મારી પાછળ બે બહેનોના પણ લગ્ન નહિ થાય એટલે લગ્ન તો કરવા પડશે. એવો વિચાર કરી મમ્મીને કહ્યું  મમ્મી મારા લગ્ન કરાવી દો હવે અને મમ્મીને સમાજમાંથી સામાન્ય ઘરનો છોકરો બતાવવામાં આવ્યો અને મમ્મીએ હા પડી દીધી. કેમ કે અમારા સમાજમાં દહેજ પ્રથા હોવાથી જેવું દહેજ આપો એવો છોકરો મળે. મારી  મમ્મી પાસે  દહેજ આપવા માટે તો પૈસા હતા નહિ. એટલે ગરીબ ઘરમાં મારા લગ્ન કરાવ્યા ભાડાના મકાનમાં રહેતા હતા અને મારો ઘરવાળો દુકાનમાં નોકરી પર જતો અને અભણ બિલકુલ આ વાત ન હતી કરી મારા મમ્મી કે તે બિલકુલ અભણ છે. અને મારા મમ્મી ને ખબર પડી ત્યારે એમને એવું લાગ્યું કે મારી દીકરીને જો નરક માં મોકલી દીધી બધા જ ઘરમાં અભણ હતા. અને હું મારા ઘરવાળા ત્રણ માસ સાથે રહ્યા ત્યારબાદ મારા સાસુ અમારી સાથે સુરત આવી ગયા અને સુરતમાં મારા પતિ નોકરી કરવા જતાં પણ વારંવાર માંદા પડતાં જે કમાતા તે પૈસા દવાખાનમાં જતાં આવું શ કારણે થતું તે ખબર પડતી નહીં અચાનક એક દિવસ તેને માથું દુખાવા લાગ્યું અને ગાંડપણ એવું મગજ પર ચડી ગયું કે ઘરમાં આગ લગાવી દીધી મારા ભણતર ના સર્ટિફિકેટ બધુ જ સળગી ગયું તો પણ ખબર પડી નહીં કે આ શાણા કારણે આવું કરે છે તે દરમ્યાન મે દીકરી ને જન્મ આપ્યો જેને જોઈ મને એવું લાગ્યું ભગવાને મને કશુતો સારું જીવનમાં આપ્યું જુલાઇ 2010 માં અચાનક વધુ માંદા પાડવા લાગ્યા અને તેમણે સારા ડોકટર ને બતાવવા લઈ ગયા ત્યાં તેમણે જોઈને કહ્યું કે એચઆઈવી નો રિપોર્ટ કરાવવો પડશે અને એચઆઈવી  નો રિપોર્ટ કરાવ્યો તે +ve આવ્યો આ વાતની ખબર મને ન હતી મારા ભાઈ અને મમ્મી ને ખબર હતી તેમણે હિંમત થતી ન હતી કે અને હીરૂ ને આ વાત કઈ રીતે કરીએ પણ ડોકટર ના પ્રેશર થી તેમને મને કહેવું પડ્યું અને જેવી મને જાણ થઈ  કે મારા પગ નીચે થી જમીન ખસી ગઈ આશુ કેવી રીતે હોય ત્રણ દિવસ તો હું બેભાન અવસ્થા માં હતી કાશી ખબર ન હતી તે દરમ્યાન મારા પતિને રિલાયન્સ હોસ્પિટલ માં લઈ જવામાં આવેલા અને ત્યારબાદ મારા પણ એચઆઈવી નો રિપોર્ટ કરવામાં આવેલ સાથે સાથે મારી ત્રણ વર્ષ ની દીકરી નો પણ એચઆઈવી નો રિપોર્ટ થયો જેમાં મારો રીપોર્ટ +HIV આવેલ અને મારી દીકરી નો રીપોર્ટ -HIV આવેલ અને મારી દીકરીનો રીપોર્ટ -VE આવ્યો ત્યારે એક જ વાત ની ખુશી મહેસુસ થઈ ભગવાને મને ભલે તકલીફ આપી પણ મારી દીકરી તો સારી છે અને ૧૫દિવસ પછી એટલે ૨૫-૮-૨૦૧૧ના રોજ રક્ષાબંધન ના દિવસે મારા પતીનું મૃત્યુ થયું.

ત્યારબાદ મારા જીવનમાં સૌથી મોટો પડકાર HIV અને મારી પાસે

મારા પતિની કોઈ પણ મિલકત ન હોવાથી જીવન કેમ જીવવું ત્રણ વર્ષની દીકરી સાથે ત્યારે મારા મમ્મીએ મારો સાથ આપ્યો તેમણે વતનમાં મકાન વેચી સુરતમાં મકાન લીધું પછી બધા ભાઈ બહેન સાથે રહેવા લાગ્યા મારા પછીની બહેનને મકાન વેચી મમ્મીએ દહેજ આપ્યું એટલે તેના સારા ઘરમાં લગ્ન થઈ ગયા, સૌથી નાની બહેન બાબાના આશ્રમમાં સાધિકા બનીને આજીવન સેવામાં જતી રહી,નાનો ભાઈ એન્જીનીયરીંગ પૂરું કર્યું અને તે પણ બાબાના આશ્રમમાં સાધક બનીને આજીવન સેવામાં જતો રહ્યો. ઘરમાં હું અને મમ્મી,ભાઈ અને મારી દીકરી.મેં શરૂઆતમાં પાર્લર નું કામ સુરતમાં શરૂ કર્યું પણ મારું મન તે કામમાં લાગતું ન હતું કેમકે મને એવું લાગતું હતું કે હું ભલે પોઝીટીવ થઇ ગઈ પણ મારાથી હવે પછી કોઈ નવો HIV પોઝીટીવ તૈયાર નઈ થવો જોઈએ તેની જવાબદારી મારી પોતાની છે . અને એટ્લે પછી HIV ક્ષેત્રમાં કામ કરવાનું વિચાર્યું શરૂઆત માં ORW હતી ત્યારબાદ કાઉનસેલર અને ત્યારબાદ માસ્ટર કાઉનસેલર અને પછી અચાનક એક દિવસ રસિકભાઈ અને દક્ષાબેને મને બોલાવી અને કહ્યું કે તું જનનીધામ મા કોર્ડિનેટર તરીકે ની પોસ્ટ પર કામ કરીશ મે કહ્યું કે મને બાળકી નો કોઈ અનુભવ નથી હું કઈ રીતે કરીશ ત્યારે એવું કહેવામા આવ્યું કે બધુ જ તું શીખી જઇશ અમને વિશ્વાસ છે ત્યારબાદ જનનીધામ આવી શરૂઆત ના સમયમાં ઘણો સંઘર્ષ કરવો પડ્યો ત્યારબાદ બધુ સારું થઈ ગયું.

ત્યારબાદ પહેલી વાર જનનીધામ માં મહેશભાઇ સવાણી ને જોયા અને મન માં થયું કે આવા પણ પુરુષો હોય છે અને જ્યારે જ્યારે તે અમને બધા ને મળવા આવતા ત્યારે મન માં એવો આભાષ થતો કે કોઈ સમ્સયા અને કોઈ હવે ભય નથી ભગવાન આવી જ્ઞ છે તેમની સાથે જ્યારે જ્યારે મુલાકાત થતી ત્યારે ત્યારે એવું લાગતું કે જ્ઞ જનમ ના કોઈ સારા કર્મ કર્યા હસે જો મહેશભાઇ સવાણી જેવા માણસ અમારા જીવન માં આવ્યા

જ્યારે મારો HIV નો રિપોર્ટ આવ્યો હતો ત્યારે હું ઘણી દુખી હતી અને ભગવાન ને કેહતી કે આવું મારી સાથે જ કેમ થયું મને HIV કેમ થયું પણ હવે સમજાયું ભગવાને મને HIV આપ્યું તો જ મહેશભાઇ મળ્યા અને જીવન માં એવું લાગ્યું કે હજુ ઘણું જીવવું છે અને દીકરીઓ ની સેવા કરવી અને મહેશભાઇ જેવા ભગવાન ના સાનિધ્ય માં છીએ એ જ મારૂ નસીબ.

**એક વાત અંતમાં કહીશ**

મહેશભાઇ તમે આવી સારી ઓફિસ બનાવશો તેની કલ્પના પણ મે નતી કરી અને જ્યારે ઓફિસ નું ઉધ્ધાટન હતું ત્યારે તમે મને કહ્યું બેન તમે બેશો તે સમયે હું બિલકુલ શૂન્ય ની અવસ્થામાં જતી હતી અને મને એવું બોલવાની પણ હીમત ના



થઈ કે ભાઈ પહેલો તમે બેસો પછી ભાન આવ્યો ત્યારે મે પુનમ ને કીધું પપ્પાને કે બેસે અહિયાં

બીજી ઘટના જીવનની દક્ષા બેન ઓફિસ માં આવ્યા તો તરત મને કીધું કે હીરા તને એક વાત કરું ખરાબ તો નહીં લાગે ને મે કીધું ના મને આ ઓફિસ આપણી નથી લાગતી જ્યાં આપણે બેસીને વાત કરી શકીએ એવી જગ્યા મને નથી લાગતી ત્યારે મે તમને કહ્યું દક્ષાબેન મને તો આ ઓફિસ મારી હોય એવું જ લાગે છે ખબર નહીં તમને કેમ એવું લાગે છે.

આભાર તમારો જેટલો વ્યક્ત કરું તેટલો મહેશભાઇ ઓછો પડશે કેમ કે તમે જ્યાં મને બેસાડી ત્યાં બેસવાની કલ્પના પણ નથી કરીએ અને કદાજ બધાજ પોઝિટિવ મને જોઈને થઈ જશે કે આવું સારું સ્થાન અને તે પણ મહેશભાઇ ની બાજુમાં

હું રોજ સવારે ધ્યાન મારા રૂમમાં કરતી હતી પણ હવે ઓફિસમાં કરું છુ અને ધાયનમાં ગુરુજી અને ભાઈ તમે મને આભા ચા વિરાજમાન દેખાવ છો હતો તેમણે રોજ આત્માથી જોઈ લઈ છુ હવે અંતમાં મહેશભાઇ એટલું જ કહીશ ભગવાન તમને જીવનમાં કોઈપણ દૂ:ખ ન આપે અને આવશે પણ નહીં કોઈ તમારા ઉપર દૂ:ખ અમારા દુવા છે અને પરમાત્મા હજી પણ ઘણા સારા કર્યો તમારા હાથે કરાવે અને કરાવશે એવી મારી આભા થી દુવા છે. મારા ભાઈ તમને.